છેલ્લા ૩૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ (૦૭૯ - ૨૬૭૬૦૨૬૬)

**લેખકોને નમ્ર વિનંતી**

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* *પાના નં.*

- તંત્રી લેખ : નૂતન વર્ષે વિચાર વલોણું ........ અશોક મહેતા ........ ૭

*લેખ વિભાગ :*

## વિચાર મંથન

- તક્તીનું આયુષ્ય કેટલું? ........ પન્નાલાલ ખીમજી છેડા ...... ૧૫
- સત્યની શોધ અને સ્વીકાર–૫ : ધર્મોની વૈજ્ઞાનિકતા ........ મુરજી ગડા ...... ૧૮
- ઘર ઘરની વાતો ........ ચૌલા કુરુવા ...... ૨૦

## વિચાર-વિમર્શ

- કોનો વિકાસ? ........ શાંતિલાલ સંઘવી ...... ૨૧
- આમ સુપરપાવર ન બનાય! ........ દીપક સોલિયા ...... ૨૩
- પરિસ્થિતિ ........ નવીન જે. લાલકા ...... ૨૫
- "ફુલ કેરા સ્પર્શથી પણ દિલ હવે હરખાય છે" ........ શરદચંદ્ર હરિલાલ શાહ 'સહસા' ...... ૨૬

## પર્યાવરણ

- આપણું ઘર – પૃથ્વી ........ સંકલન : હેમચંદ ખીંયશી ગડા ...... ૨૭

## તંદુરસ્તી

- કેન્સર મટી શકે છે ........ પ્રવાસી ...... ૩૧

## ઇતિહાસ

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ
  પ્રકરણ-૧ : કચ્છી પરિવારોનું આગમન ........ સંકલન : પ્રતાપ નારાણજી દંડ ...... ૩૫

## પ્રવાસ

- કચ્છ કાર્નિવલ અને રણોત્સવની ખૂટતી કડીઓ ........ પ્રા. સૂર્યકાંત ભટ્ટ ...... ૩૯

## વાર્તા

- એક અદશ્ય પાત્ર ........ હરેશ ધોળકિયા ...... ૪૧
- ન્યાય તમે આપી શકશો? ........ પદ્મા ફડિયા ...... ૪૭

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## હળવાશની ક્ષણોમાં

● બાલુડેં જયું ગાલિયું ...... સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૫૧

## સંસ્થા

● દ્વિતીય વર્ષમાં શુભ પ્રવેશ – શ્રી જલારામ અન્નક્ષેત્ર ......પ્રતાપ નારાણજી દંડ ...... ૫૩

## નિયમિત વિભાગો

● આંજો કાગર ...... ૫૫
● અન્ય સંસ્થાઓના સમાચાર ...... ૫૭
● મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ...... સંકલન : ચંદ્રા મહેન્દ્ર શાહ ...... ૫૯
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ...... ૬૦
● 'મંગલ મંદિર'ના માસ ડિસેમ્બર-૨૦૧૧ના પરત આવેલ અંકોની યાદી ...... ૬૦
● નવેમ્બર-૨૦૧૧ તથા ડિસેમ્બર-૨૦૧૧માં પૂરા થઈ ગયેલ તથા જાન્યુઆરી-૨૦૧૨ દરમ્યાન પૂરા થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી ...... ૬૧
● સાર સમાચાર ...... સંકલન : શાંતિલાલ સંઘવી ...... ૬૩
● જાણવા જેવું ...... સંકલન : સૂરજલાલ મહેતા ...... ૬૪
● શબ્દ રમત-૬૬ ...... સંકલન : સૂરજલાલ મહેતા ...... ૬૫
● સુડોકુ – ૧૦૨૩ ...... રજનીકાંત ધરમશી પારેખ ...... ૬૭
● વલોવતન ...... સંકલન : રજનીકાંત ધરમશી પારેખ, દિનેશ આર. મહેતા ...... ૬૯
● લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી ...... ૭૨
● સમાજ દર્પણ ...... ૭૯
● સંસ્થા સમાચાર ...... ૮૦
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ...... ૮૩

*મશીનમાં તેલ ખૂટે તો કીચુડ કીચુડ થાય*
*જીવનમાં સ્નેહ ખૂટે તો કચ કચ થાય....*

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## નૂતન વર્ષે વિચાર વલોણું

***– અશોક મહેતા***

૨૦૧૧ના વર્ષે વિદાયગી લીધેલ છે. ૨૦૧૨નો શુભારંભ થયેલ છે. આપણે તેનું સ્વાગત કરીએ છીએ. 'શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ' અને તેની સાથે સાથે તેનું મુખપત્ર 'મંગલ મંદિર' આપ સહુને નૂતન વર્ષના અભિનંદન પાઠવે છે. નૂતન વર્ષ આપ સહુને દરેક ક્ષેત્રે યશસ્વી બની રહે તેવી શુભેચ્છા પાઠવે છે.

વીતેલા વર્ષ દરમ્યાનની શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સવિશેષ પ્રવૃત્તિઓની નોંધ લઇએ તો તેણે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે, ત્યાં પધારતા જરૂરિયાતવાળા દર્દીઓ માટે સંપૂર્ણપણે વિના મૂલ્યે જમાડવા માટે **'જલારામ અન્નક્ષેત્ર'** શરૂ કરેલ છે. સમાજની વયસ્ક સમિતિએ સમાજના ઇતિહાસમાં પ્રથમ વખત જ ૨૦ જેટલા વયસ્કોને ૪ દિવસ માટે **– દુબઇનો વિદેશ પ્રવાસ** કરાવેલ. પરિચય મિલન સમિતિએ સમાજનો **ચતુર્થ પરિચય મિલન સમારંભ** યોજીને ૫ જેટલા જોડલાઓનું નિર્માણ કરાવવામાં યશભાગી થયેલ છે. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે **'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ'**ના નિર્માણનો આરંભ કરી, તેને લગભગ પૂર્ણતાને આરે લાવી દીધેલ છે. ગાંધીનગર ખાતે વયસ્કો માટે એક **સેનેટોરિયમ** પ્રકારનું અને સાથે સાથે કાયમી રીતે રહી શકાય તે પ્રકારનું 'આનંદધામ' બનાવવાની વિચાર-પ્રક્રિયા લગભગ પૂર્ણ થવા આવેલ છે. અન્ય તરફ સમાજના મુખપત્ર 'મંગલ મંદિર'ની વાત કરીએ તો તેનો ઓગસ્ટ-૨૦૧૧નો અંક ૪૦૦મા અંક તરીકે પ્રકાશિત કરવામાં આવેલ કે જેની વિચાર પ્રક્રિયાનું લક્ષ 'કચ્છ : ગઇકાલ, આજ અને આવતીકાલ' આધારિત હતું. ઓક્ટોબર-નવેમ્બર - ૨૦૧૧નો દીપોત્સવી અંક 'સંભારણાં વિશેષાંક' તરીકે પ્રકાશિત કરવામાં આવેલ કે જેમાં ૧૯૭૫થી ૨૦૦૪ સુધીના 'મંગલ મંદિર'માં પ્રકાશિત થયેલ વાનગીઓમાંથી ઉત્તમ કક્ષાની વાનગીઓ પસંદ કરી સમાજ સમક્ષ સંભારણાં સ્વરૂપે રજૂ કરવામાં આવેલ. બંને વિશેષાંકોએ તેના વાચક વર્ગની ખૂબજ ચાહના મેળવેલ.

સમગ્ર ભારતના કચ્છી જૈનોની વાત કરીએ તો મુંબઇ ખાતે શ્રી કચ્છી વીસા ઓસવાળ સમાજના દૂરંદેશી અને પ્રગતિશીલતા ધરાવતા પાંચ ઉદ્યોગપતિશ્રીઓએ એક નવી સંસ્થા - **'કચ્છ એંજલ નેટવર્ક'**નું નિર્માણ કરી, પ્રત્યેક વર્ષે રૂા. ૨૫ કરોડનું મૂડી રોકાણ કરી, નવા ઉદ્યોગ સ્થાપનાર સાહસિકને પ્રારંભિક મૂડી તરીકે રૂા. ૫૦ લાખથી રૂા. ૫ કરોડ સુધીનું ધિરાણ આપવાની જે જાહેરાત કરી તે હકીકત કાબિલેદાદ ગણી શકાય. **આ પ્રકારના પગલાંથી સમગ્ર સમાજને ઊર્ધ્વતા તરફ લઇ જવાનું આ મંગલાચરણ ગણી શકાય.**

ઉપરોક્ત હકીકતની સાથે સાથે ભારતની કે સમગ્ર દુનિયાની વાત કરીએ તો છેલ્લા ૬૦-૭૦ વર્ષથી તે ખૂબ જ ઝડપે અને વૈજ્ઞાનિક ઢબે પરિવર્તન તરફ આગળ વધી રહેલ હોય તેવું દેખાય છે. કોઇ પણ ક્ષેત્ર એવું બાકી રહેવા પામેલ નહીં હોય કે તે ક્ષેત્ર આધુનિકતા તરફ આગળ વધેલ ના હોય. સુખદ કે દુઃખદ સમાચાર મોકલવા એક સમયે પોસ્ટકાર્ડ ખૂબ જ અનિવાર્ય અંગ બની રહેલ હતું, તે પોસ્ટ કાર્ડને લખે કેટલો સમય થયો તે આપશ્રીને યાદ હશે ખરું? પોસ્ટકાર્ડ બિલકુલ વિસરાઇ ગયેલ છે અને તેની જગ્યા આજે ટેલિફોન, સેલફોન (મોબાઈલ), એસ.એમ.એસ. કે ઇ-મેઇલે લઇ લીધેલ છે. થોડા સમય અગાઉ કોઇ પણ ઓફિસમાં પત્ર વ્યવહાર માટે ટાઇપરાઇટર એક ખૂબજ જરૂરી સાધન હતું, તે આજે ગાયબ થઇ ગયેલ છે અને તેની જગ્યા કોમ્પ્યુટરે લઇ લીધેલ છે. દર બુધવારે રાત્રે રેડિયો સિલોન પરથી બીનાકા ગીતમાલાની રજૂઆત કરતા અમીન સયાનીનો અવાજ આજે અનેક વયસ્કોને યાદ હશે. રેડિયો એ સમયે ખૂબજ પ્રચલિત હતું. દુનિયા સાથે નાતો જોડી રાખવા રેડીયો એ મીડિયાનું મુખ્ય અંગ હતું. હાલે તે મોટાભાગે ગાયબ થઇ ગયેલ છે અને તેની જગ્યાએ ટીવી પ્રસ્થાપિત થઇ ચૂકેલ છે, ચકરડાવાળા ફોનના સ્થાને પુશ બટનવાળા ફોન આવી ગયેલ છે. ૧૯૯૦ના મધ્ય દાયકામાં જે પેજરનો વપરાશ મોટા પ્રમાણમાં હતો એ પેજર ક્યાં ગાયબ થઇ ગયેલ છે તેનો ખ્યાલ જ નથી રહ્યો. તેની જગ્યા સેલફોને લઇ લીધેલ છે. વોકમેનની જગ્યા એમ.પી.- થ્રી વાળા મોબાઇલ ફોન (સ્માર્ટ ફોન) અને આઇપૉડે લીધેલ છે. કોમ્પ્યુટરની ફ્લોપી ડિસ્ક ભૂતકાળ બની ગયેલ છે અને તેની જગ્યા સી.ડી.-ડી.વી.ડી. અથવા પેન-ડ્રાઇવે લઇ લીધેલ છે. રોલવાળા કેમેરાની જગ્યાએ ડિજિટલ કેમેરા આવી ગયેલ છે. કોઇ પણ પ્રકારની નૂતન ટેકનોલોજી ૨૫-૩૦ વર્ષ કે તેથી ઓછા સમયમાં જૂનવાણી થઇ જાય છે. દુનિયામાં ઝડપી

*દીવા પાસે એકલા બેઠા હોઇએ ને પાસે પુસ્તક હોય તેના જેવો આનંદ દુનિયામાં એકેય નથી.*

પરિવર્તનનો માહોલ છવાઇ ગયેલ છે.

આવતા દિવસોમાં આપણે નવા ગેજેટસ - સાધનોનો ઉપયોગ કરતા હોઇશું.

(૧) સેલ ફોન અથવા સ્માર્ટ ફોનના બદલે 'પેપર ફોન' આવી ગયેલ હશે કે જેનો સમાવેશ તમે ખીસ્સાના પાકીટમાં કરી શકશો. આ પેપર ફોન કોમ્પ્યુટરનું કામ પણ કરતો હશે.

(૨) એક્સેલોમીટર સહિતના આઇફોન-૪થી કોઇપણ વ્યક્તિનો અવાજ રેકોર્ડ કરી શકશો. આ સાધનનો ઉપયોગ જાસુસીમાં સારી રીતે કરી શકાશે.

(૩) સાદા વોશિંગ મશીનની જગ્યાએ એમ્યુઝમેન્ટ વોશિંગ મશીનનો વપરાશ વધી ગયેલ હશે. તેના નીચેના હિસ્સામાં બાથ ટબ હશે અને તેમાં ચાલુ રહેલ વોશિંગ દરમ્યાનના સમયનો ઉપયોગ ઉપરના હિસ્સામાં રહેલ વીડિયો ગેઇમ દ્વારા કરી શકાશે.

(૪) કંટ્રોલ પેડ નામના સાધનનો ઉપયોગ કરી હાથ-હથેળીને હાઇજેક કરી, તેની પાસે ધાર્યા કામ કરાવી શકશું. એ સમય દરમ્યાન હાથ-હથેળી માનવ શરીરના મગજ કે હૃદયના કાબૂમાં ના રહેતા કંટ્રોલ પેડના કાબૂમાં રહેશે.

(૫) 'લાઇટ લાઇટ' નામની બત્તીનો બલ્બ મેગ્નેટિક ઇફેક્ટના કારણે હવામાં અદ્ધર તરતો હશે કે જેથી બલ્બ ખૂબજ સારી લાઇટ આપી શકશે.

(૬) ટહુકા કરતું ફ્રીઝ આપણા ઘરમાં આવી જશે કે જેની સાથે કોમ્પ્યુટર, ઇન્ટરનેટ અને ટ્વીટર જોડાયેલ હશે.

(૭) ઇ-વોલ્વો નામનું સાધન આપણે વાપરતા થઇ જશું કે જેને ઉડનખટોલા કહી શકાય. ૮૦ કિલો વજનના આ સાધનમાં ૧૬ પ્રોપેલર હશે અને તેના દ્વારા વ્યક્તિ હવામાં સફર કરી શકશે. ૩૦ મિનિટ સુધી ચાલતી બેટરીથી તે હવામાં અદ્ધર રહી શકશે અને આપને હવાઇ મુસાફરી કરાવી શકશે.

(૮) કારની છત પર ફોટો વોલ્ટિક પૅનલ બેસાડેલ હશે કે જેના સોલાર પાવરથી ગાડી બંધ થઇ ગયા પછી પણ ગાડીનું એ.સી. અમુક સમય સુધી ચાલુ રહી શકશે અને તેનાથી પેટ્રોલનો બચાવ થઇ શકશે.

દુનિયામાં જે ઝડપે વિજ્ઞાન નવી નવી શોધખોળ તરફ આગળ વધતું રહે છે તે ઝડપે આપણને નવા નવા ઉપકરણો મળતા રહે છે અને તેના પ્રતાપે સારાયે સમાજમાં પરિવર્તન ચાલતું રહે છે. પરંતુ આ પરિવર્તન જીવન જીવવા માટે અનિવાર્ય તો નથી જ.

**ત્યારે જીવન જીવવા માટે અનિવાર્ય શું છે? આ હકીકતની પણ આપણે નૂતન વર્ષના શુભારંભે વિચારણા કરી લઇએ.**

આપશ્રીમાંથી અનેક લોકોએ તાજેતરના વર્તમાન પત્રોમાં વાંચેલ હશે કે પંજાબ રાજ્ય અને ગુજરાતના ડીસા વિસ્તારના ખેડૂતો, બટાકાના પોષણક્ષમ ભાવ ઉપજતા ના હોવાના કારણે આ બટાકાને રસ્તા પર ફેંકી દે છે. અન્ય તરફ દક્ષિણ ભારતમાં બટાકા ૨૦ રૂપિયે કિલો અને ગુજરાતમાં અન્યત્ર ૧૦ થી ૧૨ રૂપિયે કિલો મળે છે. ઉત્તર પ્રદેશમાં ખેડૂતો પોષણક્ષમ ભાવના અભાવે શેરડીના પાકને બાળી મૂકે છે અથવા તો નદીમાં ફેંકી દે છે. અન્ય તરફ કેટલીક સુગર ફેક્ટરીઓ બંધ છે અને કેટલીક વખત ખાંડ આયાત પણ કરવી પડે છે. મગફળી ખૂબજ સસ્તામાં વેચાય છે અને પછીથી સીંગતેલના ભાવ ભડકે બળે છે. આજ પ્રકારની પરિસ્થિતિ પાક વેચવાના સમયે ડુંગળી અને ડાંગરની પણ હોય છે. ઉત્પાદિત ખેત પેદાશો પોષણક્ષમ ભાવના અભાવે ફેંકી દેવી પડે છે. વીજળી, પાણી, બિયારણ અને ખાતરના ભાવ અનેકગણા વધી ગયા હોવાના કારણે ખેડૂતોને ખેતીનો ઉત્પાદન ખર્ચ સતત વધતો જાય છે. આંધ્ર પ્રદેશના કેટલાક ભાગમાં ગત વર્ષ દરમ્યાન ખેતીનું ઉત્પાદન વધી જવાથી, પોષણક્ષમ ભાવો ના મળતા, ખેડૂતોએ આ વર્ષ દરમ્યાન ખેતી ન કરવાનો નિર્ણય લીધેલ છે. દેશમાં દર મહિને ૨૭ ખેડૂતો કરજના કારણે જીવન ટૂંકાવે છે. છેલ્લા પંદર વર્ષમાં દેશમાં દોઢ લાખ ખેડૂતોએ આત્મહત્યા કરેલ છે. આઝાદીના ૬૦ વર્ષ પછી પણ ખેત પેદાશોના સંગ્રહ માટે પૂરતા ગોદામોની વ્યવસ્થા ઊભી થઇ શકેલ ન હોવાથી, હજારો ટન ખેત પેદાશ સડી જાય છે. એકતરફ ખેડૂતોનો માલ સસ્તામાં બજારમાં વેચાઇ ગયા પછી, દરેક ખેત ઉત્પાદનના બજાર ભાવ સતતપણે વધતા રહે છે ત્યારે અન્ય તરફ સરકારને પેટ્રોલિયમ કંપનીઓ કે એરલાઇન્સ કંપનીઓની કે ઉદ્યોગગૃહોની જેટલી ચિંતા રહે છે, તેટલી ખેતીની અને ખેડૂતોની

*બીમારી આવ્યા વિના સ્વાસ્થ્યની કિંમત સમજાતી નથી.*

ચિંતા હોય તેવો અહેસાસ થતો નથી. ઉત્પાદિત ખેત પેદાશો માટે પૂરતા ગોડાઉનોની કે સસ્તા વાહન વ્યવહારની જો સગવડતા હોય તો પણ ખેડૂતોની બરબાદી અટકી શકે.

**આઝાદીના ૬૦ વર્ષ પછી પણ ક્યાંક કંઇક અજુગતા ટ્રેક પર ભારત દેશની ગાડી દોડી રહી હોય તેવું દેખાય છે.** દેશની, રાજ્યની કે જિલ્લાની જવાબદારી જે રાજકીય સેવકો અથવા તો જવાબદાર રાજ્યતંત્ર પર હોય તેઓનું જ્ઞાન અને મહેચ્છા, આ દેશની જનતાની પ્રગતિને પાછળ પાડી રહેલ હોય તેવું સ્પષ્ટપણે દેખાય છે. તેઓના ઇરાદા નેક સ્વરૂપે સાબિત થઇ શકેલ નથી અને તેથીજ અણ્ણા જેવા કાર્યકરે બગાવતનો ઝંડો ફરકાવેલ છે. સત્તા પર બેઠેલ બુદ્ધિશાળી વર્ગે દેશને છેલ્લા ૬૦ વર્ષમાં અધોગતિની ખીણમાં ધકેલી દીધેલ છે કે જેના કારણે આ દેશની ૮૦ ટકા વસતિ ગરીબી કે ગરીબી રેખા હેઠળ જીવી રહેલ છે. બુદ્ધિ અને વાણીના વ્યભિચારીઓ સત્તાનો દંડો હાથમાં લઇને બેસી ગયા છે અને તેઓના અપરિપક્વતા ભર્યા નિર્ણયો અને ભ્રષ્ટાચારના કારણે આ દેશની જનતા સતતપણે ગરીબી તરફ ધકેલાઇ રહેલ છે.

**ગૂંચવણતાઓ હલ કરવા જનતાએ રાજ્યતંત્ર તથા રાજકીય સેવકોને એકતરફ રાખી, પોતાની સૂઝબૂઝતાથી સક્રિયતાપૂર્વકનું વર્તન કરવું જરૂરી બની રહેલ છે.** બટાકા રસ્તામાં ફેંકવાના બદલે થોડા ખેડૂતોએ એકત્રિત થઇ, તેને ટ્રાન્સપોર્ટ કરી, જ્યાં ૧૦ થી ૧૨ રૂપિયે વેચાય છે ત્યાં થોડા સસ્તામાં વેચવાના આયોજનો કરવા જોઇએ. બટાકાની વેફર બનાવીને પણ વેચી શકાય. કચ્છના ખેડૂતોએ ચીકુની વેફર બનાવી, ચાઇના જેવા દેશમાં નિકાસ કર્યાની શરૂઆત તો કરીજ દીધેલ છે. આંધ્રમાં શેરડીની ખેતી કરતા એક ખેડૂતે પોતાના ખેતરમાં જ ગોળ બનાવવાનું શરૂ કરેલ છે. ટામેટા વેચવાના બદલે સોસ બનાવીને વેચી શકાય. ઇસબગુલ કે લીંબુનો પાવડર બનાવીને વેચી શકાય. કેટલાક ખેડૂતોએ કપાસના બદલે ટી શર્ટ બનાવીને વેચવાનું શરૂ કરેલ છે. જે ખેડૂતો ખેત પેદાશો ઉત્પન્ન કરે છે તેઓ માટે હવે માર્કેટિંગનું જ્ઞાન જરૂરી થઇ ગયેલ છે. ગુજરાતમાં દૂધ અને બેન્કિંગ ક્ષેત્રે જે રીતે સહકારી પ્રવૃત્તિઓ વિકસાવાયેલ છે, તે જ રીતે ખેત પેદાશો માટે પણ સહકારી પ્રવૃત્તિનો વિકાસ કરવો જરૂરી દેખાય છે. સહકારી કાર્યકરો અથવા તો સેવા-ભાવના વાળી એન.જી.ઓ. એ આગળ આવી ખેતીને ઉત્તમ કક્ષાએ પહોંચાડવાના પ્રયાસ કરવા જોઇએ. **'ઉત્તમ ખેતી, મધ્યમ વ્યાપાર અને કનિષ્ઠ નોકરી'ના સૂત્રને ફરી સજીવન કરવા પ્રયાસ કરવો જોઇએ,** કેમકે દેશની મોટાભાગની જનતાની રોજી-રોટીનો આધાર ખેતી પર છે.

ઇસુ ખ્રિસ્તના નૂતન વર્ષે આપ પણ એક હકારાત્મક અભિગમ અપનાવી, નિર્ણય લઇ શકો છો કે આપશ્રીનું દાયિત્વ પણ આ પ્રશ્ને સર્જનાત્મક રહેશે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## ખબર પત્રિકા

મુંબઇના કચ્છી વીસા ઓસવાળ સમાજમાં વર્ષોથી દૈનિક ધોરણે એક "ખબર પત્રિકા" બહાર પાડવામાં આવે છે કે જે સારાયે સમાજમાં ખૂબજ લોકપ્રિય બની રહેલ છે. અને એક અનિવાર્ય જરૂરિયાતરૂપ સાબિત થયેલ છે. દૈનિક વર્તમાનપત્રની જેમ આ ખબર પત્રિકા દરરોજ જે-તે સભ્યને ત્યાં સવારમાં જ પહોંચતી કરવામાં આવે છે. વેબસાઇટ પર મૂકાયા પછી તે ભારતભરના કચ્છી ઓસવાળ સમાજના અનેક ઘરોમાં નિયમિતપણે વંચાય છે.

એક વિચારસરણી એવી ચાલે છે કે અમદાવાદ-ગાંધીનગર વિસ્તારના સમગ્ર કચ્છી સમાજના ૫૦૦૦ ઘરની ગણના કરવામાં આવે અને તેઓને અનુલક્ષીને દૈનિક ધોરણે આ પ્રકારની "ખબર પત્રિકા" બહાર પાડવામાં આવે તો સમગ્ર કચ્છી સમાજને ખૂબ જ ઉપયોગી સાબિત થઇ શકે. **તેટલું જ નહીં પરંતુ તે અમદાવાદ-ગાંધીનગર સ્થિત દરેક કચ્છીના ઘરને એક તાંતણે બાંધી શકે.**

આ બાબતે આપશ્રીના મંતવ્ય મંગાવવામાં આવે છે. આપશ્રી આપના મંતવ્ય નીચેના સરનામે મોકલી શકો છો.

માનદ્ મંત્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ
શ્રી કચ્છી જૈન ભવન, ૪૩/૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ**

*સિદ્ધિ હેઠળ અનેક ભૂલો ઢંકાયેલી હોય છે.*

# ઊડતી નજરે....

**નવેમ્બર-૨૦૧૧ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | **૫,૬૧૪** |
| | | કે જેમાંથી – | |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ.......... **૩૫૩** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... **૫૦** | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન .......... **૨૩** | |
| | (ગ) | સોનોગ્રાફી .......... **૬૯૪** | |
| | (ઘ) | ટી.એમ.ટી. .......... **૧૫** | |
| | (ચ) | બોડી ચેક-અપ .......... **૩૧૦** | |
| | (છ) | અન્ય .......... **૪,૧૬૯** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૨,૬૩૬**<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર અન્ય વ્યક્તિઓ... **૫,૪૩૨**<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ .......... **૨,૩૯૮** | **૧૦,૪૬૬** |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૧,૦૫૮**<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ.......... **૨,૮૩૭** | **૩,૮૯૫** |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | **૭૨૩** |
| | | નવેમ્બર - ૨૦૧૧ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .......... | **૨૦,૬૯૮** |

## કેન્ટીન ચલાવવા કોન્ટ્રાક્ટ સંબંધી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદ હેઠળનાં શ્રી કચ્છી જૈન ભવન, પાલડી અને શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતેની કેન્ટીનનો કોન્ટ્રાક્ટ તા. ૧-૪-૨૦૧૨થી ત્રણ વર્ષ માટે આપવાનો છે. રસ ધરાવતી અનુભવી પાર્ટીઓએ તે અંગેના નિયમો અને અન્ય માહિતી માટે મેનેજરશ્રી પરાશર વ્યાસનો, શ્રી કચ્છી જૈન સેવા સમાજ-પાલડી ખાતે સંપર્ક સાધવા વિનંતી છે.

*મણિલાલ ગોસર, કન્વીનર - કેન્ટીન સમિતિ*

*જે વ્યક્તિ આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે તેને પછી કશું ગુમાવવાનું રહેતું નથી.*

# પ્રોમિનન્ટ કચ્છી વ્યક્તિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ, છેલ્લા ૫૦ વર્ષથી સામાજિક ક્ષેત્રે અમદાવાદની આજુબાજુના વિસ્તારમાં તથા અન્યત્ર કાર્યરત છે. હાલે આ સમાજ હયાત નામાંકિત કચ્છી વ્યક્તિઓનું એક લિસ્ટ તૈયાર કરવાની ઈચ્છા ધરાવે છે. તેઓ ભારતમાં અથવા ભારત બહાર પણ વસવાટ કરતા હોઈ શકે છે.

જે કચ્છીઓએ ભારતભરમાં અથવા તો સારાએ વિશ્વમાં વિવિધ ક્ષેત્રે રહી અગ્રીમ હરોળમાં કહી શકાય તેવા લેવલે પહોંચેલ હોય તે પ્રકારનાં કચ્છીઓની નામાવલિ તૈયાર કરવાની નેમ રાખવામાં આવેલ છે.

**ઉદ્યોગક્ષેત્રે, વ્યાપાર ક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે, સેવાકીય ક્ષેત્રે, વિવિધ કલા ક્ષેત્રે કે અન્ય કોઇ ક્ષેત્રે, તેમની એક વિશિષ્ટ વ્યક્તિ તરીકે જન-સામાન્યમાં ગણના થતી હોવી જોઇએ.**

ઉપરોક્ત પ્રકારના નામોની વિગત જેઓ પાસે હોય તેઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ ઉપરોક્ત નામો- શક્ય હોય તો તે પ્રકારની વ્યક્તિની સંપૂર્ણ ઓળખ સાથે, વહેલામાં વહેલી તકે નીચેનાં સરનામે મોકલી આપે. શક્ય હોય તો તે વિશિષ્ટ વ્યક્તિના સરનામા અને ફોન નંબર પણ મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

મેનેજરશ્રી,
શ્રી કચ્છી જૈન સેવા સમાજ
શ્રી કચ્છી જૈન ભવન, ૪૩/૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

***આ પ્રકારની નામાવલિ મોકલાવી આપવા અને દરેક જાણકાર વ્યક્તિને આ બાબતમાં સહકાર આપવા અપીલ કરવામાં આવે છે.***

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્‌મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ**

## આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • | રવિવાર, તા. ૮-૧-૨૦૧૨ સવારના ૯.૩૦ | શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન. | વર્ષ ૨૦૧૧ દરમ્યાન સમાજના અવસાન પામેલા આપ્તજનોને શ્રદ્ધાંજલિ સ્વરૂપે સમૂહ પ્રાર્થના. |
| • | ગુરુવાર, તા. ૧૨-૧-૨૦૧૨ સાંજે ૪.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | વયસ્ક સમિતિ આયોજિત સંગીત હાઉઝી - અંતાક્ષરીનો કાર્યક્રમ. |
| • | રવિવાર, તા. ૨૨-૧-૨૦૧૨ સવારના ૯.૦૦થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | તબીબી સેવા સમિતિ આયોજિત ગાયનેક તથા પીડિયાટ્રિક કેમ્પ. |
| • | રવિવાર, તા. ૨૨-૧-૨૦૧૨ બપોરે ૨.૫૦થી ૫.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ આયોજિત પેરેન્ટલ કેર વર્કશોપ. |
| • | રવિવાર, તા. ૨૯-૧-૨૦૧૨ સવારના ૯.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | યુવા વિકાસ સમિતિ આયોજિત જનરલ નોલેજ હરીફાઈ (ક્વીઝ કોન્ટેસ્ટ) |
| • | બુધવાર, તા. ૨૨-૨-૨૦૧૨થી શનિવાર, તા. ૨૬-૨-૨૦૧૨ રાત્રિના ૧૦.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | વયસ્ક સમિતિ આયોજિત શ્રી બલસાણા તીર્થ યાત્રા પ્રવાસ. |

*ખુશી બજારમાં તૈયાર મળતી નથી એ તો આપણી અંદરથી આવે છે.*

# સિનિયર સિટીઝન્સ (વયોવૃદ્ધ) માટે સેનેટોરિયમ

ગુજરાતના પાટનગર ગાંધીનગરના રમણીય વિસ્તારમાં અને મંત્રીઓના બંગલાથી એકાદ કિ.મી.ના અંતરે **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ એક એવું વસવાટ કેન્દ્ર સ્થાપવા માંગે છે કે જ્યાં શ્રી કચ્છી જૈન સમાજની કોઇ પણ વયોવૃદ્ધ વ્યક્તિ આવીને પોતાનો વસવાટ હંગામી ધોરણે (૧, ૨, ૩ કે ૬ મહિના માટે) અથવા તો કાયમી ધોરણે કરી શકે.**

આ વસવાટ કેન્દ્રમાં નીચેની કેટેગરીમાંની કોઇ પણ વ્યક્તિ આવીને પોતાની જરૂરિયાત મુજબના સમય સુધી રહી શકે છે.

(૧) જેઓના દીકરાઓ અને અન્ય કુટુંબીજનો વિદેશમાં રહેતા હોય અને અહીંના ઘરમાં તેઓ પોતે એકલા અથવા તો તેઓ બંને (પતિ-પત્ની) એકલતા અનુભવતા હોય અને પોતાનું ગુજરાન ચલાવવા અને વ્યવહાર જાળવવા સ્વસ્થ ન રહી શકતા હોય.

(૨) પોતાના કુટુંબીઓ અન્યત્ર હોય અને પોતે ઘરમાં એકલતા અનુભવતા હોય.

(૩) વયસ્ક વ્યક્તિની દેખભાળ કરનાર કોઇ ના હોય.

(૪) દીકરા-દીકરી તેમને ઘરમાં રાખવા સંતુષ્ટ ના હોય.

(૫) જેઓને સમૂહ વચ્ચે રહેવાની ઇચ્છા હોય.

ઉપરોક્ત અથવા તો તે સિવાયની કેટેગરીની કોઇ પણ કચ્છી જૈન વ્યક્તિને આ કેન્દ્રમાં વસવાટ કરવા પરમિશન આપવામાં આવશે. તેઓએ આ કેન્દ્રના નીતિ-નિયમો પ્રમાણે રહેવું જરૂરી બની રહેશે. દરેક પાસેથી નક્કી થયા મુજબનો માસિક ચાર્જ લેવામાં આવશે.

સેવાકીય ભાવનાથી પ્રેરાઇને સમાજ આ કેન્દ્ર શરૂ કરવાનું આયોજન વિચારી રહેલ છે.

**આ કેન્દ્રમાં વધુમાં વધુ ૨૫ વ્યક્તિ (પુરુષ કે સ્ત્રી)ઓનો સમાવેશ કરવામાં આવશે.**

અહીં દાખલ થનારની સંપૂર્ણ કાળજી રાખવામાં આવશે.

જેઓ આ કેન્દ્રમાં દાખલ થવાની ઇચ્છા ધરાવતા હોય તેઓને અથવા તો તેમના સગાં-સંબંધીઓને નીચે મુજબનાં સરનામે જાણ કરવા અપીલ કરવામાં આવે છે.

માનદ્ મંત્રીશ્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ,
શ્રી કચ્છી જૈન ભવન ૪૩/૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી, નવચેતન હાઇસ્કૂલ સામે, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

અન્ય જરૂરી વિગતો જાણવા પણ ઉપરોક્ત સરનામે પત્રવ્યવહાર થઇ શકશે. ભારતભરનાં કચ્છી જૈનોમાંથી કોઇ પણ વયસ્ક વ્યક્તિ અહીં વસવાટ કરી શકશે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ**

## લોગો અને સ્લોગન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું સુવર્ણ જયંતી વર્ષ નજદીકના ભવિષ્યમાં આવી રહેલ છે અને તેની ઉજવણીના અનુસંધાને (તા. ૧૪-૪-૨૦૧૨થી તા. ૧૩-૪-૨૦૧૩) અનેકવિધ કાર્યક્રમોનું આયોજન થઇ રહેલ છે.

**સમાજ તેનાં સુવર્ણજયંતી વર્ષ નિમિત્તે એક લોગો અને સ્લોગન નક્કી કરવા માંગે છે.**

સમાજના સભ્યો તથા મંગલ મંદિરના અન્ય વાચક વર્ગને અપીલ કરવામાં આવે છે કે સમાજના સુવર્ણ જયંતી વર્ષના મહોત્સવને અનુરૂપ બંને વસ્તુની ડિઝાઇન કરીને શ્રી કચ્છી જૈન ભવનના સરનામે, વહેલાસર મોકલાવી આપે, જેથી સમાજ તેની મૂલવણી કરી યોગ્ય નિર્ણય કરી શકે.

પસંદગી પામનાર લોગો તથા સ્લોગનના ડિઝાઇનરને યોગ્ય પુરસ્કારથી નવાજવામાં આવશે.

આશા છે કે આ બાબતે રસ દાખવનાર વ્યક્તિઓનો અમને સહકાર મળી રહેશે.

***પ્રતાપ નારાણજી દંડ***
***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*જો તમે મગજને શાંત રાખી શકતા હશો તો તમે જગને જીતી શકશો.*

# સામૂહિક પ્રાર્થના — ભક્તિ સંગીતનો કાર્યક્રમ

અગાઉના વર્ષોની પ્રણાલી મુજબ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેનાં સભ્ય પરિવારોને ત્યાં તા. ૧-૧-૨૦૧૧થી તા. ૩૧-૧૨-૨૦૧૧ દરમ્યાન મૃત્યુ પામેલ સ્વજનોને સામૂહિક રીતે શ્રદ્ધાંજલિ અર્પવા, એક ભક્તિ સંગીતનો કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન ખાતે રવિવાર, તા. ૮-૧-૨૦૧૨ના સવારે ૯.૩૦ કલાકે યોજવામાં આવેલ છે.

સમાજના દરેક સભ્ય પરિવારને વિનંતી કે આ "સ્મરણાંજલિ સભા"માં આપણા સમાજ પરિવારના વર્ષ દરમ્યાન અવસાન પામેલા આત્મીયજનોને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરવા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે.

## કાર્યક્રમની વિગત

★ **કાર્યક્રમ : સામૂહિક પ્રાર્થના, ભક્તિ સંગીતના સ્વરૂપે**

★ **તારીખ : રવિવાર, તા. ૮-૧-૨૦૧૨**

★ **સમય : સવારના ૯.૩૦થી ૧૧.૩૦**

★ **સ્થળ : શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.**

## વર્ષ દરમ્યાન અવસાન પામેલ આપ્તજનોની યાદી

| ક્રમ | અવસાન તારીખ | | નામ | કચ્છમાં ગામ | ઉં.વર્ષ |
|---|---|---|---|---|---|
| ૧. | બુધવાર, | તા. ૯-૨-૨૦૧૧ | કનકલાલ સાકરચંદ દેવશી મહેતા | ભુજપુર | ૮૨ |
| ૨. | રવિવાર, | તા. ૧૩-૩-૨૦૧૧ | રમાબહેન મોહનલાલ શાહ | ભુજ | ૭૯ |
| ૩. | સોમવાર, | તા. ૧૪-૩-૨૦૧૧ | ચુનીલાલ દેવચંદ સંઘવી | મુંદ્રા | ૮૮ |
| ૪. | બુધવાર, | તા. ૨૩-૩-૨૦૧૧ | માણેકજી જેઠાભાઈ દંડ | વરાડિયા (અબડાસા) | ૮૬ |
| ૫. | શુક્રવાર, | તા. ૧-૪-૨૦૧૧ | રજનીકાંત લક્ષ્મીચંદ રાજપાલ શાહ | માંડવી | ૬૨ |
| ૬. | રવિવાર, | તા. ૩-૪-૨૦૧૧ | ચેતના મુકેશ મુળજી ચાંપશી સાવલા | નાની તુંબડી | ૪૯ |
| ૭. | શનિવાર, | તા. ૧૬-૪-૨૦૧૧ | રામજી લખમશી ગોગરી | ગુંદાલા | ૭૮ |
| ૮. | બુધવાર, | તા. ૪-૫-૨૦૧૧ | અનિલ હેમરાજ શાહ (મોતા) | સુથરી | ૫૮ |
| ૯. | ગુરુવાર, | તા. ૫-૫-૨૦૧૧ | તારાબહેન રમણલાલ લધાભાઈ લોડાયા | મંજલ | ૭૩ |
| ૧૦. | મંગળવાર, | તા. ૨૪-૫-૨૦૧૧ | ખમાવંતીબહેન વર્ધમાન દેવશી છેડા | સુજાપુર (અબડાસા) | ૬૫ |
| ૧૧. | બુધવાર, | તા. ૧૫-૬-૨૦૧૧ | કંચનબહેન કાંતિલાલ અચલજી વોરા | ભુવડ | ૮૯ |
| ૧૨. | શુક્રવાર, | તા. ૧૭-૬-૨૦૧૧ | ચંચળબહેન ઉગરચંદ પોપટલાલ ગઢેચા | ફતેહગઢ | ૬૭ |
| ૧૩. | મંગળવાર, | તા. ૧૭-૭-૨૦૧૧ | જયંતીલાલ વેલજી બેચર મહેતા | દુધઈ | ૭૬ |
| ૧૪. | શનિવાર, | તા. ૬-૮-૨૦૧૧ | હીરજી અબજી વોરા | કીડિયાનગર | ૮૪ |
| ૧૫. | બુધવાર, | તા. ૨-૧૧-૨૦૧૧ | વિમળાબહેન કલ્યાણજી રવજી છેડા | નાની ખાખર | ૭૭ |
| ૧૬. | મંગળવાર, | તા. ૮-૧૧-૨૦૧૧ | નાનબાઈ મોરારજી સાવલા | તુંબડી | ૮૪ |
| ૧૭. | સોમવાર, | તા. ૧૪-૧૧-૨૦૧૧ | રવિલાલ પ્રાગજી મહેતા | લલિયાણા (વાગડ) | ૭૯ |
| ૧૮. | બુધવાર, | તા. ૧૪-૧૨-૨૦૧૧ | મણિલાલ નેણશી મૈશેરી | લાલા (અબડાસા) | ૭૫ |
| ૧૯. | સોમવાર, | તા. ૧૯-૧૨-૨૦૧૧ | હિતેશ બાબુલાલ ગોપાલજી ત્રેવડિયા | સણવા (રાપર) | ૩૯ |

★ **નોંધ : (૧)** ઉપરોક્ત લિસ્ટમાં કોઈ નામોનો સમાવેશ કરવાનો બાકી રહી ગયેલ હોય તો સત્વરે સમાજમાં જાણ કરવા વિનંતી. **(૨)** દરેક સ્વર્ગસ્થના પરિવારે અવસાન પામેલ વ્યક્તિની મોટી સાઈઝનો એક ફોટો શનિવાર, તા. ૭-૧-૨૦૧૨ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવનમાં પહોંચાડવાનો રહેશે અને કાર્યક્રમ બાદ તે ફોટો પરત લઈ જવાનો રહેશે. **(૩)** સમાજના સર્વે સભ્ય પરિવારજનો તથા સ્વર્ગસ્થના આત્મીયજનોએ કાર્યક્રમના દિવસે સવારના ૯.૧૫ કલાક સુધીમાં પોતાનું સ્થાન ગ્રહણ કરવાનું રહેશે. કાર્યક્રમ બરાબર ૯.૩૦ કલાકે શરૂ કરી દેવામાં આવશે. ત્યારબાદ કાર્યક્રમમાં ખલેલ ન થાય, તે જોવા આગ્રહભરી વિનંતી છે. **(૪)** શક્ય હોય તો નાના બાળકોને સાથે નહીં રાખવા વિનંતી. **(૫)** કાર્યક્રમનું સૌજન્ય રૂા. ૧૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. સૌજન્યદાતા એકથી વધારે લઈ શકાશે. સમગ્ર કાર્યક્રમનું સૌજન્ય પણ આવકાર્ય છે. **(૬)** શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મહિલા ઉત્કર્ષ સમિતિ, શ્રી કચ્છી મહિલા સમાજ તથા અન્ય ઘટક મહિલા મંડળની બહેનોને શક્ય હોય તો સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**પ્રતાપ નારાણજી દંડ**

**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# કચ્છ મ્યુઝિયમ

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ ખાતે ''કચ્છ મ્યુઝિયમ''નું કામ ખૂબજ સારી રીતે ચાલી રહેલ છે અને ખૂબજ નજદીકના ભવિષ્યમાં તેને પ્રજા માટે લોકાર્પણની ગણતરી રાખવામાં આવેલ છે.

આ મ્યુઝિયમમાં કચ્છના પાષાણયુગથી રાજાશાહી યુગ અને રાજાશાહી યુગથી અત્યાર સુધીના અનેક પ્રકારના કલેક્શન દ્વાર વિવિધ પ્રકારની ઝલક દાખવવામાં આવનાર છે.

આ મ્યુઝિયમમાં કચ્છની સંસ્કૃતિ સમાન ભરતકામ, રોગાન કામ, છાપકામ, હુન્નર ઉદ્યોગ, નકશીકામ વગેરેની માહિતી મળી શકશે.

કચ્છી કલા, સંસ્કૃતિ, પહેરવેશ, વગેરે વિષયે પણ માહિતી મળી શકશે.

કચ્છની વિવિધ જ્ઞાતિઓના રહેઠાણ, પહેરવેશ વગેરે પ્રકારના દશ્યોની માહિતી પણ આ મ્યુઝિયમમાં જોવા મળશે.

કચ્છ પ્રદેશની સ્થાનિકે મુલાકાત લેવા આ મ્યુઝિયમ ખૂબજ માહિતીપ્રદ બની રહેશે.

આ પ્રકારના ભાતીગળ કચ્છ મ્યુઝિયમમાં વિવિધ વિભાગોમાં પોતાના નામની તકતી મૂકાવવા, એક નકરાની યોજના વિચારવામાં આવેલ છે. **દીર્ઘદષ્ટિ ધરાવનાર તેમજ આ પ્રકારના કાર્યક્ષેત્રમાં રસ દાખવનાર કોઇપણ વ્યક્તિને આ યોજનાનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.** નકરાની વિગત નીચે મુજબ રહેશે.

- ★ **મુખ્ય નામની તકતી સામે ........ રૂા. ૨૧.૦૦ લાખ**
- ★ **ડોરેમો પર નામની તકતી લગાવવા સામે (૬ નંગ) દરેકના ........ રૂા. ૨.૫૧ લાખ**
- ★ **વહાણવટા કોર્નર પર નામની તક્તી લગાવવા સામે ........ રૂા. ૨.૫૧ લાખ**
- ★ **વાઇલ્ડ લાઇફ કોર્નર પર નામની તક્તી લગાવવા સામે ........ રૂા. ૨.૫૧ લાખ**
- ★ **વિંગ (ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ) દરેકના ........ રૂા. ૨.૫૧ લાખ**

વહેલા તે પહેલાના ધોરણે ઑફરો સ્વીકારવામાં આવશે.

નિયમાનુસાર જ તકતી મૂકી શકાશે.

વિકાસોન્મુખ દરેકને ઉપરની યોજનાનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

(૧) વરસો પહેલાં ખંભાત તરફના વિહારમાં રસ્તામાં કેટલાંય ખેતરો એવા જોવા મળ્યા કે જે ખેતરોને કોઇ વાડ જ નહોતી. આશ્ચર્ય થયું. એક ખેડૂતને મહારાજ સાહેબે પૂછ્યું, વાડ કેમ નથી કરી? ખેડૂતે હસતાં હસતાં જવાબ આપ્યો, ''મહારાજ સાહેબ, આ તો તમાકુનાં ખેતરો છે, એને વાડની જરૂર ન હોય કારણ કે ગધેડાઓ પણ તમાકુ ખાતા નથી!''

(૨) સૂર્યને 'દાદા'ની ઉપમા જરૂર મળી છે પણ ચંદ્રને તો લોકોએ 'મામા'નું બિરુદ આપ્યું છે. કારણ? સૂરજ પ્રકાશ જરૂર આપે છે પણ સાથે ઉષ્ણતા પણ આપે છે જ્યારે ચંદ્ર પ્રકાશ તો આપે જ છે પણ સાથે શીતળતા જ આપે છે. મેં ચંદ્ર બનવાનું નક્કી કર્યું છે. બે વાર 'મા' બન્યા પહેલાં 'મામા' ક્યાં બની શકાય છે?

*સંકલન : મણિલાલ કે. છેડા - મુંબઇ*

*સારી કે ખોટી આદતો અને વૃત્તિઓના ગુલામ ન બનો.*

વિચાર મંથન

# તક્તીનું આયુષ્ય કેટલું?

• પન્નાલાલ ખીમજી છેડા •

દર શનિવારે 'મુંબઇ સમાચાર'માં પ્રસિદ્ધ થતી શ્રી ધીરજભાઇ રાંભિયા લિખિત 'જન જાગે તો જ સવાર' કોલમમાં તા. ૩૦-૭-૧૧ ના પ્રસિદ્ધ થયેલ ઘટના પરથી મારા મનમાં ઉદ્‌ભવેલ પ્રશ્નને અહીં વાચા આપવાનો પ્રયત્ન કરું છું. આશા રાખું છું કે, વાચકો આ પ્રશ્ન પર તેમનું મંતવ્ય દર્શાવશે.

સ્પષ્ટતા કરું છું કે, શ્રી ધીરજભાઇના લેખમાં ભોરારાના શ્રી ચુનીલાલ ભીમશી છેડાએ માંગેલા તેમના અધિકાર સંબંધે લખવાનો મારો હેતુ નથી. એ પરિવાર મારા સ્નેહીજનો છે.

ભોરારા ગામની શાળા પરથી રંગકામ થતી વખતે તેમના વડીલોનું ભૂંસાઇ ગયેલ નામ અને ધરતીકંપ પછી જર્જરિત થઇ ગયેલ શાળા નવી બનાવવામાં આવી ત્યારે મજકૂર શાળા પર મૂળ દાતાના નામની તકતી લગાડવામાં ન આવી એ માટે માહિતી અધિકાર કાયદા, ૨૦૦૫ અન્વયે તેમણે ચલાવેલી લડત પરથી **દાનની તકતીનું આયુષ્ય કેટલું હોવું જોઇએ? કેટલું હોઇ શકે?** દાતા કે સમાજને કેટલું સ્વીકાર્ય હોઇ શકે તે વિશે આજની પરિસ્થિતિ અને સમયના સંદર્ભમાં ઉદ્‌ભવેલ વિચારો અહીં દર્શાવું છું.

ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક, તબીબી વગેરે અનેક ક્ષેત્રોમાં ઉદારચિત્ત દાતાઓ પોતાનું દ્રવ્ય અર્પણ કરી, કીર્તિદાનની ઇચ્છાએ સ્વજનોના નામને ચિરંજીવ બનાવવાનો સંતોષ મેળવે છે. સામાજિક દૃષ્ટિએ આ વિચાર અયોગ્ય ન ગણાય. એવી જ રીતે સંસ્થાઓએ નક્કી કરેલ રકમનું દાન આપી ઇચ્છિત તિથિઓ લખાવે છે.

આ બન્ને પ્રકારોમાં દાનનું સ્વરૂપ સરખું છે. ભારતમાં હજારો વર્ષ જૂનાં મંદિરો અસ્તિત્વમાં છે. આ મંદિરોનું નિર્માણ કરનારાઓના નામ ઇતિહાસમાં કંડારાયેલા હોઇ આજ દિવસ સુધી એ મંદિરો તેના નિર્માણ દાતાઓના નામથી ઓળખાય છે. જેમકે, વસ્તુપાળ-તેજપાળના દે'રા, વિમળશાના દે'રા વગેરે. બીજી બાજુ સ્થળ કે તીર્થંકર ભગવંતોના નામથી પ્રસિદ્ધ થતાં દેરાસરો જેમકે રાણકપુર, પાવાપુરી, શંખેશ્વર પાર્શ્વનાથ, અંતરિક્ષ પાર્શ્વનાથ, ગોડીજી પાર્શ્વનાથ વગેરે વગેરે.

સદીઓ જૂનાં આ મંદિરોને જ્યારે કાળની થપાટ પડે છે અને આ મંદિરોના જીર્ણોદ્ધારની જરૂર પડે છે ત્યારે દેરાસરોમાં સંચિત થયેલું દેવદ્રવ્ય વહારે આવે છે. ભાવિકોની શ્રદ્ધા અને પૂજ્યભાવને કારણે મળતું દાન ઉપયોગી બને છે અને જીર્ણોદ્ધાર પામેલું મંદિર જૂનાં નામે ઓળખાતું રહે છે.

અહીં દેવદ્રવ્ય અને શ્રદ્ધાભાવ ઉપયોગી બન્યાં. હવે શાળા, કોલેજ, હોસ્પિટલ, અતિથિગૃહો, ઉપાશ્રયો, જ્ઞાન મંદિર, ચબૂતરા, પરબ અને તેવા સ્થળ કે સંતોના નામ ધરાવતી સામાજિક કે ધાર્મિક સંસ્થાઓના પુનઃ નિર્માણનું શું?

જે સંસ્થાઓના નામ સાથે સ્થળ, સંત કે કોઇ વિચારધારાનું નામ જોડાયેલું હશે તેનું પુનઃનિર્માણ તો લોકશક્તિ દ્વારા શક્ય બનશે પણ જે સ્થળની સાથે કોઇ દાતાનું નામ જોડાયેલું હશે તે સંસ્થાની પુનઃસ્થાપના હવે કોણ કરશે? કોઇ પણ નવા દાતા માતબર દાન આપશે તો એ પોતાનું નામ રાખવાનો આગ્રહ રાખશે, એ આગ્રહ પણ ઉચિત હશે. આવા સમયે જીર્ણતા પામેલા સ્થળ કે તે સંસ્થાની ઉપયોગિતા અને જરૂરિયાતના ધોરણે મેળવાતાં દાન સિવાય એનો કોઇ ઉપાય નહિ હોય.

આવું જ બને છે તિથિઓ વિશે. જૈન સમાજમાં વિવિધ સ્થળોએ દરરોજની, આઠમ-ચૌદસ કે પક્ષની જિનાલયોમાં વિવિધ પૂજાઓની કે ભોજનાલયોમાં ભોજનની કાયમી તિથિઓની રકમ નક્કી થાય છે. જે જે સમયે આવા દાનની રકમ નક્કી થતી હોય તે તે સમયે એ રકમ યોગ્ય ગણાય છે પરંતુ, સમય જતાં રૂપિયાનું મૂલ્ય ઘટી જાય, મોંઘવારી વધી જાય ત્યારે જૂના સમયનો રૂપિયો નાનો બનતો જાય છે.

જે વિસ્તારમાં ધર્મની પ્રભાવના વધી જાય ત્યારે તે સમયે લખાવેલા નાણાંનું-રકમનું મહત્ત્વ અત્યંત નજીવું બની જતાં તે તે પ્રવૃત્તિઓ માટે સહાયક દાતાઓ શોધવા પડે છે અથવા તો મૂળ દાતા કે તેમના પરિવારજનોને અગાઉ આપેલી રકમમાં વધારો કરવા વિનંતી કરવી પડે છે.

શક્ય છે કે, એ સમયે દાતાના પરિવારજનોની સ્થિતિ કે સંજોગો મૂળ રકમમાં વધારો કરી શકે તેવી ન હોય, દાતાના પરિવારજનોનું તે પરિસરમાં અસ્તિત્વ જ ન હોય કે પછી બરોબર હોવા છતાં મૂળ રકમના દાનમાં વધારો કરવા ડાંડાઇ કરતા હોય તો શું કરવું? એકાદ કિસ્સામાં કોઇ ધાર્મિક સંસ્થાએ મૂળ દાતાને જણાવ્યા વિના સહાયક દાતાનું નામ લખતાં, મૂળ દાતાએ સંસ્થાને ન્યાયાલય ભણી ઘસડી ગયાનો દાખલો પણ સાંભળવા મળ્યો છે.

અનેક વિદ્યાલયો, શાળા કે મહાશાળામાં પ્રથમ કક્ષાએ પાસ થતાં વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક કે રજતચંદ્રક માટે વર્ષો પૂર્વે દાતાઓએ કાયમી દાન આપ્યું છે. મેં કોઇક અહેવાલમાં વાંચ્યું હતું કે આપણી એક સુપ્રસિદ્ધ વિદ્યાલયમાં લગભગ સોએક વર્ષ

*મૂર્ખાઇથી ગુસ્સાનો આરંભ થાય છે અને એનો અંત પશ્ચાતાપથી આવે છે.*

પહેલાં મેટ્રિકમાં પ્રથમ આવનાર છાત્રને એક તોલાનો સુવર્ણચંદ્રક આપવા માટે તે સમય પ્રમાણે એક દાતાએ કાયમી દાન આપેલ. એ સમયે સોનાનો ભાવ કદાચ દસ રૂપિયે તોલાનો હશે. વર્ષો સુધી કાયમી રકમના વ્યાજમાંથી સુવર્ણ ચંદ્રક જરૂર અપાયું હશે. સ્વાભાવિક છે કે, આજે એ વ્યાજની રકમમાંથી ઝવેરી બજાર સુધી પહોંચવાનું બસ ભાડું પણ નીકળતું નહિ હોય.

લગભગ સાત-આઠ વર્ષ પહેલાં આપણાં મૂર્ધન્ય ધર્મચિંતક, મારા ગુરુવર્ય ડૉ. રમણલાલ સી. શાહે મહાવીર જૈન વિદ્યાલયની વિવિધ શાખાઓમાં પ્રથમ ક્રમાંકે આવનાર છાત્રોને પાંચ રજતચંદ્રકો માટે કાયમી દાનની રકમ જાહેર કરેલ. આ ચંદ્રકો બનાવવા માટે તેમણે મને કહેલ ત્યારે સ્વાભાવિક રીતે મારી સાથે તેમની ચર્ચા થતાં એમણે દાનની રકમ મને જણાવી હતી. વર્ષો પછી આ રકમ પર્યાપ્ત થશે કે કેમ તેવી શંકા વ્યક્ત કરી, આ વિષયમાં સાહેબ સાથે ઉપરોક્ત વિષયોની ચર્ચા પણ કરી હતી. ફળસ્વરૂપે બીજે જ દિવસે મને ફોન કરી તેમણે જાહેર કરેલી રકમમાં બીજા એક લાખ રૂપિયા ઉમેર્યાની મને જાણ કરી હતી.

આજે પૂ. રમણભાઇ તો હયાત નથી પણ, હું માનું છું તેમ કૂદકે ને ભૂસકે વધતાં જતાં ચાંદીના ભાવ તેમણે આપેલી કાયમી રકમના વ્યાજમાંથી નિશ્ચિત કરેલા વજનના ચંદ્રકો તો નહિ જ બનાવી શકાય. જેમ મોંઘવારી વધે તેમ હરીફાઇને કારણે હોટલવાળા જૂના ભાવમાં ઇડલી તો બનાવી આપે પણ તેનું કદ અને વજન તો ઘટી જ ગયું હોય. તેમ સંસ્થાઓએ પણ નછૂટકે આવા અખતરા કરવાની જરૂર પડશે.

ઉપરોક્ત દૃષ્ટાંતો દ્વારા સુનામી, વાવાઝોડું કે ધરતીકંપ વગેરે આસમાની સુલતાની થતાં વર્ષો સુધી ટકેલું બાંધકામ ધરાશાયી થઇ જાય કે સમય જતાં અત્યંત જીર્ણ થઇ જાય કે પછી મોંઘવારી વગેરેને કારણે નાણાંનું કદ ઘટી જાય ત્યારે સંસ્થાઓએ દાતા દ્વારા અર્પણ થયેલાં દાન વિશે અરસપરસ યોગ્ય લખાણ કરવું જોઇએ. સમાજે પણ દાન લેતી વખતે આવનારા સમયનો ખૂબ લાંબો વિચાર કરવો જોઇએ.

જ્યારે દાતા દાન જાહેર કરે છે ત્યારે સંસ્થા માટે તો તે સમયનું વરદાન બની રહે છે, બન્નેની પ્રતિષ્ઠામાં વધારો કરનારું બની રહે છે. આવા સમયે વર્ષો પછી બદલાનારા સંજોગોમાં સંસ્થાના અનુગામીઓ કે વપરાશકારો માટે તે દાન ફળીભૂત રહેશે કે કેમ તેનો વિચાર કરવો જોઇએ.

આ પ્રશ્ન કઇ રીતે હલ થઇ શકે તેનો વિચાર કરીએ,

પ્રવૃત્તિ સાથે ઇમારત પર નામ આપવા માટે જ્યારે દાતા વચન આપે ત્યારે તેમાંથી નિર્માણ થનારી ઇમારતનું અસ્તિત્વ જ્યાં સુધી રહે ત્યાં સુધી જ દાતાના નામની તકતી મજકૂર જગ્યા પર રહે. અલબત્ત, સમયોચિત સમારકામ વગેરે સંસ્થા કરે પણ અંતે તો એક દિવસ જર્જરિત બની ખંડેર બની જાય ત્યારે ઇમારત કે પ્રવૃત્તિની તકતીનો અધિકાર પૂરો થયેલો ગણાય.

અહીં કવિ "તેજ"ની કચ્છી બોલીમાં લખેલી બે પંક્તિ યાદ આવે છે,

***"ગજધરે ચ્યાં અસીં મકાન નેઢુ બંધીબો,***
***એ સૉણી ખંઢેર ખૅલી પ્યા"***

*અર્થાત્*

"સ્થપતિઓએ કહ્યું કે અમે ઇમારત મજબૂત બાંધશું. એ સાંભળીને ખંડેરો હસી પડ્યાં."

હજી ઉદ્ઘાટનની શાહી પણ ન સૂકાઇ હોય અને કુદરતના કોપને કારણે નવી નક્કોર ઇમારત ભાંગીને ભૂકો થઇ જાય એવા સમયે પણ દાતાની તકતીનો અધિકાર ત્યાં પૂરો થઇ જાય.

ઉપર મુજબ કોઇપણ ઘટના સર્જાય અથવા પ્રવૃત્તિઓ માટે નવી ઇમારતનું નિર્માણ થાય એ સમયે મૂળ દાતાનું દાન, હેતુ વગેરેનો લોકોને ખ્યાલ આવે તે માટે નવી ઇમારતમાં જૂના દાતાના નામની તકતી, પ્રવૃત્તિના ઇતિહાસ સાથે યોગ્ય સ્થળે પ્રદર્શિત થાય તેવો સમજૂતી કરાર (MOU) સંસ્થા અને દાતા વચ્ચે થવો જોઇએ.

મજકૂર કરારમાં દાનની અપીલ, હેતુ, શરતો, સંસ્થાકીય માન્યતાઓ ઉપરાંત તેમાંથી ફલિત થતા મુદ્દાઓ વગેરે વિષયોનો તેમજ ઉપર દર્શાવેલ સંજોગોમાં મૂળ દાતાના દાનનો ગૌરવપૂર્ણ ઉલ્લેખનો સમાવેશ થઇ જવો જોઇએ. જેથી ભવિષ્યમાં કોઇપણ સમયે મડાગાંઠ ઊભી થાય ત્યારે પ્રશ્નનો નિવેડો હાથવગો અને સરળ બની રહે.

દાતા પોતાના દ્રવ્ય વડે મકાન વગેરેનું નિર્માણ જાતે કરી આપે ને સંસ્થાને અર્પણ કરે, એવી જ રીતે એમાં રાચરચીલું, ઉપકરણો વગેરેના દાતા જુદાં જુદાં હોય ત્યારે દાનની જાહેર અપીલમાં અને સમજૂતી કરારમાં આ મુદ્દાઓનો ઉલ્લેખ થવો જોઇએ.

અતિથિગૃહો, શાળા-કોલેજમાં રાચરચીલું કે ઉપકરણોના દાતાઓની તકતીઓ જુદી આપવામાં આવે છે. અતિથિગૃહમાં પલંગ, ખુરશી કે કબાટ જેવી ચીજોનું આયુષ્ય કેટલું? બહુ બહુ તો દસ વર્ષ. જ્યારે એ રાચરચીલું ભંગારમાં વેચાવા જેવું થાય ત્યારે નવા રાચરચીલાં માટે બીજા દાતાની તકતી લગાડી શકાય. આવા સંજોગોના કારણે જૂના દાતાનું નામ યોગ્ય જગ્યાએ ખસેડાઇ જાય તેનો વાંધો મૂળ દાતાને હોવો ન જોઇએ. વિકલ્પે, જો તેજ દાતા ફરી બધું રાચરચીલું વસાવી આપે તો તકતી ઠેરની ઠેર રહે એ યોગ્ય ગણાય.

તિથિઓના દાતા માટે નિશ્ચિત કરેલી રકમના વ્યાજમાંથી જ્યારે પૂરું ન થાય ત્યારે સંસ્થા ફરી તે તિથિ માટે નવી રકમ જાહેર કરે. મૂળદાતા જો પોતે આપેલી રકમમાં ઘટતી રકમનો ઉમેરો કરી આપે તો તે તિથિ ફરી તેમની જ ગણાય પણ જો તેમ થવું શક્ય ન હોય તો 'સહાયક દાતા' લેવાનો અબાધિત અધિકાર સંસ્થાને રહે તેવી સ્પષ્ટ વાત દાનની અપીલમાં થઇ જવી જરૂરી છે. આશા રાખીએ કે, આજનો ભણેલ ગણેલ દાતા આ વાતનો વિરોધ નહિ કરે.

ઉપરની બન્ને કલમોમાં મૂળ દાતાએ અર્પણ કરેલા દાનનો કૃતજ્ઞતાપૂર્વક સ્વીકાર થયેલો હોય અને સંજોગવસાત નવા દાતાની તકતી લાગવાની હોય ત્યારે જૂની તકતીઓ યોગ્ય જગ્યાએ પ્રદર્શિત થાય તેવી રીતે

***સપનાં સાચાં પાડવા માટે ખરા સમયે જાગી જવું પણ બહુ જરૂરી છે***

લગાડવી જોઇએ જેથી મૂળ દાતાના હૃદયમાં કે તેમના વારસોમાં સંસ્થાનું સ્થાન જળવાઇ રહે.

**દરેક કાળા વાદળોને રૂપેરી કોર હોય છે તેમ હજારો દાતાઓમાંથી એકાદ દાતા મુઠ્ઠી ઊંચેરા પણ મળી આવે છે. તેનું દૃષ્ટાંત આપીશ. શ્રી કચ્છી વીસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઇએ પાલિતાણા બજાર સ્થિત તેમની માતુશ્રી પુરબાઇ ધર્મશાળા અનિવાર્ય સંજોગોને કારણે વેંચી. ભરબજારમાં આવેલી ધર્મશાળા કોઇ ધર્મશીલ વ્યક્તિ સારા હેતુઓ માટે લે એવી ટ્રસ્ટીઓની ઇચ્છા બર આવે તેવી ઘટના બની.**

**કચ્છના સુથરી ગામના વતની અને હાલે વરલી રહેતા શ્રી રાયચંદભાઇ ધરમશીએ આ ધર્મશાળા સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ માટે ખરીદી, તેના પર પુષ્કળ ખર્ચો કરી અનેક સુવિધાઓ વધારી. સાધ્વીજી ભગવંતોની વૈયાવૃત્ત્યમાં ક્યાંય ખામી ન રહે તેની પૂરેપૂરી કાળજી લીધી.**

**આશ્ચર્યની વાત તો એ હતી કે મબલખ રકમનો ખર્ચ કરી ઉત્તમ હેતુ માટે લીધેલી માતુશ્રી પુરબાઇ ધર્મશાળાનું તેમણે નામ ન બદલ્યું. માતુશ્રી પુરબાઇની મોટા કદની તસવીર નવી બનાવીને મૂળ સ્થાને રાખી. એટલું જ નહિ, ધર્મશાળાના તમામ ઓરડાઓની બહાર મૂકેલી, અત્યારે મામૂલી ગણાય તેવી રકમોના દાનની તકતીઓ ત્યાં જ રહેવા દીધી. આમ એક સાચા દાતા અને શ્રાવક ધર્મનું તેમણે નિષ્ઠાપૂર્વક પાલન કર્યું. કદાચ આવા મહાન દાતાઓને કારણે જ જૈન ધર્મની અદ્‌ભુત અને વિશિષ્ટ પ્રભાવના થતી રહી છે.**

વાત કરીએ પ્રવૃત્તિના દાનની. અનેક સંસ્થાઓમાં ધાર્મિક, શૈક્ષણિક, તબીબી, જીવદયા વગેરેની પ્રવૃત્તિઓ થતી હોય છે. જો સારું દાન મળે તો નિર્ધારિત પ્રવૃત્તિનો વિકાસ થાય, સંસ્થા અને દાતા યશસ્વી બની રહે તે દૃષ્ટિએ તેમના દ્વારા થતી ચોક્કસ પ્રવૃત્તિને કાયમી દાન આપનારા દાતાનું યાવચ્ચંદ્ર દિવાકરૌ પર્યંત પ્રવૃત્તિ સાથે જોડાયેલું રહે તેવું દાન મેળવે.

આ દાનની તકતીમાં એક વિશિષ્ટતા છે. સતત ચાલતી પ્રવૃત્તિઓનું ઊર્ધ્વારોહણ થતું હોય છે. લોકજીભે તે પ્રવૃત્તિના નામ સાથે દાતાનું નામ જોડાઇ જાય છે, અહીં સ્થળ, સમય કે સંજોગોનું મહત્ત્વ નથી તેમ છતાં સમજૂતી કરાર (MOU)માં દાતાનું યોગ્ય પ્રતિનિધિત્વ કે એકમેકને માન્ય રહે તેવી શરતો જરૂર હોઇ શકે છે. તેમ કરવું ઉચિત પણ છે.

પ્રતિનિધિત્વની વાત કરીએ છીએ ત્યારે લાંબો વિચાર કરવો પડે છે. વ્યક્તિ શાશ્વત નથી હોતી, જયારે સંસ્થાઓ દીર્ઘજીવી હોય છે. સંસ્થા દ્વારા થતી પ્રવૃત્તિઓમાં દાતાનું પ્રતિનિધિત્વ સંસ્થાના કદ અને પ્રવૃત્તિના પ્રમાણમાં કદાચ ઓછું અસરકારક હોય તેમ છતાં મૂળ દાતા તેની સાથેના સમજૂતી કરારમાં સંસ્થાનું હિત જાળવી સમય અને સંજોગો પ્રમાણે તેનું ઉત્તરદાયિત્વ પોતાના પરિવારની યોગ્ય વ્યક્તિને સોંપે તે જરૂરી છે. જો કે આ પ્રશ્નનો ઉકેલ કાળબળ પ્રમાણે અનિશ્ચિત જ રહેવાનો.

દૂરંદેશી દાતા કર્મ સંજોગોની ગતિને ખ્યાલમાં રાખી આવા સમયે સમાજમાંથી તે પ્રવૃત્તિની યોગ્ય પ્રતિભા ધરાવતાં વ્યક્તિત્વની પસંદગી થાય તેવું વલણ ધરાવે તો સંસ્થા અને સમાજને ઉપકારક બને.

સમગ્ર લેખમાં દાન અને દાતાને સ્પર્શીને જુદાં જુદાં સવાલ અહીં ઉપસ્થિત કર્યા છે. આપણી નાની મોટી સંસ્થાઓ, ટ્રસ્ટસ, ગામના મહાજનો, સંઘો બધાંને આમાંથી પોતાને ચિંતવતા પ્રશ્નો મળશે. એમને મૂંઝવતાં પ્રશ્નોનો નિવેડો લાવવા દાતા પરિવારો સાથે બેસી, ચર્ચા કરી નિર્ણય કરશો તો સમજૂતીના યોગ્ય કરારો તેમને નિશ્ચિત રાહે જવા માર્ગદર્શન આપશે. જેના ફળસ્વરૂપે દાતા કે સંસ્થાઓને ન્યાયાલયના માર્ગે જવું નહિ પડે.

બાળપણમાં કોઇક ધર્મના પુસ્તકમાં વાંચેલું કે વટેમાર્ગુઓને રસ્તામાં પીવાનું પાણી મળે અને તરસ છીપાય તે માટે કોઇ એક શ્રેષ્ઠીએ બંધાવેલી વાવનું મીઠું જળ દાયકાઓ પછી તેના એક વારસે કૂવા કાંઠે બેસી વેંચવાનું શરૂ કર્યું. આવો ઇતિહાસ આપણાં સમાજે ક્યારેય આલેખવો ન પડે તે માટે આજે મળતાં મબલખ દાનનો સ્વીકાર કરતાં પહેલાં આવનારા ભવિષ્યને નજરમાં રાખી તેની યોગ્ય રૂપરેખા આંકી રાખવી જોઇએ. જેથી સંસ્થા અને દાતા બન્નેનું ગૌરવ જળવાઇ રહે.

આ પ્રમાણે સ્વીકૃત દાન ધીરે ધીરે સમાજની પ્રણાલિકા બની જાય ત્યારે અન્ય જ્ઞાતિ કે સમાજો માટે આપણો સમાજ પથદર્શક બની રહે. તકતીનું આયુષ્ય ભલે સ્થૂળ રહ્યું પણ દાતા ધારે તો તેની ઔદાર્યપૂર્ણ સમજ દ્વારા સંસ્થા અને સમાજના હિતમાં નવો અભિગમ અપનાવી તકતીના આયુષ્યને ચિરંતન બનાવી શકશે.

ધર્મ, તત્ત્વજ્ઞાન, ચિંતન, સાહિત્ય, સંશોધન, પ્રવાસ વગેરે વિષયક લગભગ સવા સો જેટલાં પુસ્તકોના સર્જક ડૉ. રમણલાલ ચી. શાહે ૧૯૯૨માં પોતાના લખેલાં પુસ્તકોના કોપીરાઇટનું વિસર્જન કરતાં લખ્યું હતું કે, "મારા પ્રગટ થયેલાં સર્વ ગ્રંથો અને અન્ય લખાણોના અનુવાદ, સંક્ષેપ, સંપાદન કે પુનઃ પ્રકાશન ઇત્યાદિ માટે કોઇપણ પ્રકારનો કોપીરાઇટ હવેથી રહેશે નહિ."

સર્જકની ઉદારતાના સંદર્ભમાં આજના યુગમાં આ અજોડ દૃષ્ટાંત છે. આપણાં દાતા, સમજૂતીના કરારમાં આવી ઉદારતા દાખવશે ત્યારે સમાજમાં દાનની દિશા અવશ્ય બદલી જશે અને સાથે સંપત્તિને બદલે ગુણગ્રાહી દૃષ્ટિનો વિકાસ થશે. ■

સત્યની શોધ અને સ્વીકાર-૫

# ધર્મોની વૈજ્ઞાનિકતા

• મુરજી ગડા •

અવારનવાર વાંચવા અને સાંભળવા મળે છે કે જૈન ધર્મ પૂરો વૈજ્ઞાનિક છે. આવું કહેનાર કશું વિચાર્યા વગર ક્યાંકથી સાંભળેલું આગળ ચલાવે રાખે છે. આવો ખ્યાલ ધરાવનારને અને ફેલાવનારને વિજ્ઞાન શું છે એની ખાસ સમજ નથી.

જૈન કે બીજો કોઇપણ ધર્મ વૈજ્ઞાનિક નથી. હોઇ પણ ન શકે. બન્નેનું ધ્યેય ભલે માનવજાતનું ભલું કરવાનું હોય, પણ બન્નેની વિચારપ્રક્રિયા અને કાર્યપદ્ધતિ સાવ અલગ છે. અન્ય ધર્મોની સરખામણીએ બે-ચાર વધુ બાબતો વૈજ્ઞાનિક નિયમોને મળતી આવે એનાથી કોઇ ધર્મ વૈજ્ઞાનિક નથી બની જતો.

બીજા ધર્મોની આલોચના કરવી વાજબી નથી. પોતાના ધર્મની આલોચના સાધર્મિક સાથે કરી શકાય, કારણ એમાં દ્વેષભાવ નથી હોતો બલકે એમાં રહેલી વિસંગતતાઓ તેમજ ક્ષતિઓ વગેરે સમજી, સ્વીકારી એ સુધારવાની વૃત્તિ હોય છે.

સૌથી પહેલાં વિજ્ઞાન શું છે તે સમજવું જરૂરી બને છે. કુદરત કે પ્રકૃતિ કઇ રીતે વર્તે છે તે સમજવાનો તર્કબદ્ધ અભ્યાસ એ વિજ્ઞાન છે. શોધાયેલા વૈજ્ઞાનિક સિદ્ધાંતને અમલમાં મુકવાનો, માણસના ઉપયોગમાં લાવવાનો પ્રયાસ એ ટેકનોલોજી કે એન્જિનિયરીંગ છે. એ દિશામાં બુદ્ધિને કેળવવી એ વૈજ્ઞાનિક અભિગમ છે.

વૈજ્ઞાનિક શોધોની શરૂઆત અનુભવ કે અવલોકનથી થાય છે. એની ઉપર વિચાર-વિમર્શ અને ચર્ચા થાય છે. એમાંથી જે પણ નિષ્કર્ષ નીકળે ત્યાં એનો અંત નથી આવતો. શક્ય હોય એવા દરેક પ્રયોગ કરી એને સાબિત કરાય છે. વૈજ્ઞાનિક સમાજ દ્વારા સ્વીકારાયા પછી તે જાહેર જનતા સમક્ષ આવે છે. એ વિષય પર વધુ માહિતી મળે તો એમાં સુધારાનો અવકાશ હોય છે.

**વિજ્ઞાનનો સંબંધ ક્રિયા અને પરિણામ સાથે છે, એના હેતુ સાથે નથી.** વૈજ્ઞાનિક સિદ્ધાંતો વસ્તુલક્ષી અને વિષયલક્ષી હોય છે, વ્યક્તિલક્ષી નથી હોતા. ચોક્કસ વસ્તુને કે ક્રિયાને લગતા નિયમ ગમે ત્યાં, ગમે ત્યારે અને ગમે તે વ્યક્તિ દ્વારા અજમાવાતા સાચા ઠરે છે. કોઇ એક વ્યક્તિને માત્ર ચિંતન દ્વારા લાધેલા "સત્યો" વૈજ્ઞાનિક અભિગમમાં સ્વીકાર્ય નથી, કારણકે તે વ્યક્તિલક્ષી હોવાથી સ્વતંત્ર અને જાહેર રીતે એની ચકાસણી થઇ શકતી નથી.

વિજ્ઞાન માણસના આચરણને પાપ-પુણ્યમાં મૂલવતું નથી. એ બધા નીતિ અને ધર્મના ક્ષેત્રો છે. વિજ્ઞાન આ બાબતોથી અલિપ્ત છે. જ્યારે બધાજ ધર્મોએ વિજ્ઞાનના નામે કેટલાયે ગપગોળા વહેતા મુક્યા છે. ધર્મ અને વિજ્ઞાનને એકબીજા સાથે સરખાવવું યોગ્ય નથી અને જરૂરી પણ નથી કારણકે બન્નેનું કાર્યક્ષેત્ર અને કાર્યપદ્ધતિ સાવ અલગ છે. છતાં ધર્મના નામે, કુદરતી નિયમો વિરુદ્ધની, જાહેર અનુભવ વિરુદ્ધની અગણિત વાતો ફેલાવવામાં આવે છે અને અંધશ્રદ્ધાળુઓ શ્રદ્ધાથી એને સ્વીકારે છે.

**જૈન ધર્મની વૈજ્ઞાનિકતાની તરફેણમાં ખાસ સંભળાતો એક દાખલો છે — વનસ્પતિમાં જીવ હોવાની શોધ જૈન તીર્થંકરોએ કરી છે. વિજ્ઞાને તો હમણાં એ કબૂલ્યું છે.**

અન્ય સજીવોની જેમ વનસ્પતિ પણ જન્મે છે (ઊગે છે), વૃદ્ધિ પામે છે અને મૃત્યુ પામે છે. એને પણ વધવા માટે હવા, પાણી, ખોરાક અને સૂર્યપ્રકાશ જોઇએ છે. વનસ્પતિને રોગ પણ થાય છે. એ પોતાનો વંશવેલો આગળ વધારે છે. જો કે અન્ય સજીવોની જેમ તે જોઇ કે સાંભળી શકતી નથી, હલનચલન કરી શકતી નથી કે પોતાના વંશજોની સંભાળ રાખી શકતી નથી. આ એની મર્યાદા પણ છે.

બધા આટલું જાણે છે અને જોઇ શકે છે. આ જાહેર અનુભવ એટલો સ્પષ્ટ છે કે એને સામાન્ય શોધ પણ ન કહેવાય. અન્ય પ્રાચીન સંસ્કૃતિઓના સાહિત્યમાં પણ એનો ઉલ્લેખ છે. જો વનસ્પતિના સજીવપણાને શોધ કહીએ તો બીજી ઘણી સામાન્ય કુદરતી ઘટનાઓને પણ શોધ કહેનારા મળી આવે. દા.ત. રોજ બે વખત દરિયામાં ભરતી-ઓટ આવે છે, માત્ર પક્ષીઓ ઉડી શકે છે, પ્રાણીઓ નહીં વગેરેને શોધ કહેવી પડે. શોધ એને કહેવાય જે વાતની અન્ય કોઇને ખબર ન હોય અને એ વાતની સાબિતી સાથે કોઇ વ્યક્તિ રજૂઆત કરે.

વનસ્પતિના સજીવપણાની વાત આટલેથી અટકતી નથી. ઘણા લોકો આ શોધનું શ્રેય ભારતના આગવા વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બોઝને આપે છે. એક સદી પહેલાં થયેલા બોઝ (૧૮૫૮-૧૯૩૭) ભારતમાં થયેલ થોડા શ્રેષ્ઠ વૈજ્ઞાનિકોમાંના એક છે. એમણે વનસ્પતિશાસ્ત્ર ઉપરાંત રેડિયો અને માઇક્રોવેવ ઓપ્ટીકસમાં પણ ઘણું કામ કર્યું છે. એમણે પ્રાણીઓ અને વનસ્પતિના કોશોમાં રહેલી સમાનતા શોધી હતી તેમજ વનસ્પતિમાં પણ પ્રાણીઓની જેમ સંવેદનાઓ છે અને આસપાસના વાતાવરણથી પ્રભાવિત થાય છે એવું પ્રયોગો દ્વારા સાબિત કર્યું હતું. **આ શોધો અને "વનસ્પતિ સજીવ છે"ની કહેવાતી શોધ વચ્ચે ઘણો ફરક**

*જેની ભાષામાં સભ્યતા હોય, એના જીવનમાં ભવ્યતા આવે.*

**છે.** વનસ્પતિનું સજીવપણું એ કોઇની પણ શોધ નથી, એ જાહેર અવલોકન છે. ઉતાવળિયા અણઘડ લોકો દ્વારા ફેલાવાતી આવી બીજી "વાંદરામાંથી માણસ થયો" જેવી અધૂરી સમજની છણાવટ મારા આગલા એક લેખમાં કરી છે.

આવી સામાન્ય બાબતોના થોડા વધુ દાખલાઓ ઉમેરીયે તોય કોઇપણ ધર્મ વૈજ્ઞાનિક નથી બની જતો. આની સામે ધર્મગ્રંથોમાં વર્ણવાયેલ બાબતોના એના દસ ગણા દાખલાઓ આપી શકાય જે અવૈજ્ઞાનિક હોય અથવા સત્યથી વેગળા હોય.

અવારનવાર સંભળાતી બીજી વાત છે, "વિજ્ઞાન આજે જે પણ શોધી રહ્યું છે તે બધું હિંદુ અને જૈન શાસ્ત્રોમાં પહેલેથી જ હતું. પશ્ચિમના દેશો આપણા શાસ્ત્રોમાંથી ઉઠાંતરી કરી ગયા છે, વગેરે વગેરે". ભણેલી ગણેલી વ્યક્તિઓની નાદાનિયત ક્યારેક નવાઇ પમાડે છે. આપણી પાસે પહેલાં બધું હતું તો આજે કેમ કંઇ દેખાતું નથી? આપણા શાસ્ત્રોમાંથી બીજાઓ પ્રેરણા મેળવે છે કે માહિતી મેળવે છે તો એવું કરતાં આપણને કોણ રોકે છે? આપણે કેમ નવી શોધોમાં આટલા પાછળ છીએ?

પક્ષીઓને ઊડતા જોઇને માણસને ઊડવાની ઇચ્છા આદિકાળથી થતી હતી. એ કલ્પનાને આધારે કોઇ દંતકથામાં માણસને અથવા રથને હવામાં ઊડતો વર્ણવવામાં આવે એટલે તે સમયે વિમાન હતા એમ માની ન લેવાય.

પ્રાચીન કાળનું પરિવહન જાનવરો અને એમના વડે ખેંચાતા પૈડાવાળા વાહનો પૂરતું મર્યાદિત હતું. મધ્ય યુગ સુધી એજ ચાલતું રહ્યું. અર્વાચીન યુગ શરૂ થતાં પહેલાં સાઇકલ, પછી વરાળ વડે ચાલતી ટ્રેન, પછી પેટ્રોલ-ડીઝલ વડે ચાલતી ગાડીઓ અને પછી વિમાન શોધાયા છે. જો પ્રાચીન કાળમાં પણ વિમાનો હોત તો ક્યાંક સાઇકલ, ટ્રેન કે કારનો ઉલ્લેખ અવશ્ય હોત. કારણકે એ બધાને બનાવવા પ્રમાણમાં સહેલા હતા. એમનો ઉલ્લેખ ક્યાંય નથી તેમજ એમના અવશેષ પણ ક્યાંયથી મળ્યા નથી. સાવ સ્પષ્ટ વાત છે કે જટિલ યંત્રો ત્યારે શોધાયા જ નહોતા. આ ઉપરાંત યાંત્રિક વાહનો ચલાવવા માટે ઇંધણ પણ જોઇએ. આવા કોઇ ઇંધણનો ઉલ્લેખ ક્યાંક તો હોવો જોઇએ!

યંત્ર નહીં પણ મંત્ર-તંત્રથી ઊડી શકાય કે અદશ્ય થઇ શકાય એવી વિદ્યાઓ હોવાની પણ એક માન્યતા છે. ફરી એજ સવાલ. જો એવી વિદ્યાઓ હતી તો આજે કેમ નથી? સમય સાથે તે વધુ વિક્સિત થવી જોઇતી હતી. યોગ, આયુર્વેદ જેવું જે વાસ્તવિક હતું તે આજે પણ જળવાયેલું છે. જે આજે નથી તે હતું જ નહીં એમ સ્વીકારવું વધુ વાજબી છે.

**પ્રાચીન કાળથી આજ સુધી ભારતની સંસ્કૃતિ અતૂટ એકધારી રહી છે.** રામાયણ મહાભારતના લાખો શ્લોક કંઠસ્થ રખાયા હતા તેમજ લખાયા પણ હતા. તો આવા મનુષ્ય ઉપયોગી મંત્ર-તંત્ર જો સાચેજ હોત તો અવશ્ય કંઠસ્થ કર્યા હોત કે લખાયા હોત. વાસ્તવિકતા એ છે કે ભારતના પ્રાચીન સાહિત્યમાં ધાર્મિક આધ્યાત્મિક વાતો વધુ છે, વૈજ્ઞાનિક વાતો નહિવત છે. ત્યારે ગણિત અને ખગોળ હતું કારણકે એમાં પ્રયોગો કરવાના નથી હોતા. રસાયણશાસ્ત્રની શરૂઆત હતી પણ યંત્રશાસ્ત્રને નામે કશું નહોતું, સિવાય કે પૈડા જેવી સામાન્ય વસ્તુઓ. વિમાન બનાવવું દૂર રહ્યું, સાદા યંત્રો બનાવવામાં પણ યંત્ર-શાસ્ત્રનું ઊંડું જ્ઞાન હોવું જરૂરી છે. વિજ્ઞાનના છૂટા છવાયા નિયમોની જાણકારી માત્રથી યંત્ર નથી બનાવી શકાતા.

આજે "સ્ટાર વૉર્સ", "સ્ટાર ટ્રેક" જેવી ફિલ્મોમાં પ્રકાશની ગતિએ ઊડતા અવકાશયાનોમાં તારાઓની દુનિયામાં ફરતા માનવો અને યંત્ર માનવો બતાવવામાં આવે છે. "ટાઇમ મશીન" અને "બૅક ટૂ ધ ફ્યુચર" જેવી ફિલ્મોમાં જોઇએ એટલા ભૂતકાળમાં કે ભવિષ્યમાં પહોંચાડી દેતા યંત્રો બતાવે છે. સુપરમેન કે સ્પાઇડરમેન જેવા અલૌકિક તેમજ અવાસ્તવિક શક્તિ ધરાવતા પાત્રોવાળી ફિલ્મો બને છે. લખાણ કરતાં દશ્યો વધારે અસરકારક અને સાચા લાગે એવા હોય છે.

આ બધી આજના માનવીની કલ્પનાઓ છે. આપણે એમને માત્ર મનોરંજન તરીકે માણીએ છીયે. પાંચસો કે હજાર વરસ પછીના લોકો આ બધી વાર્તાઓને જો આજની વાસ્તવિકતા માનવા લાગે, આવા પાત્રોની મૂર્તિ બનાવી એને પૂજવા લાગે તો તે સાચા કે શાણા નહીં ગણાય. જ્યારે ત્રણ ચાર હજાર વરસ પુરાણી વાતોને આપણે આસાનીથી અને શ્રદ્ધાથી ત્યારની વાસ્તવિકતા તરીકે સ્વીકારી લઇ પોતાને જ્ઞાની સમજીએ છીએ.

આજના જેવી કલ્પનાઓ તો માણસ પહેલેથી કરતો આવ્યો છે. **કલ્પનાઓ કરવી એ માનવવંશને મળેલી ખૂબ અગત્યની ભેટ છે. કલ્પના નવા વિચારોની જનેતા છે.** પૌરાણિક પાત્રો સાચેજ થઇ ગયા છે કે માત્ર કવિ કલ્પના છે એની ચર્ચામાં આપણે નથી પડવું. છતાં પણ એમના વિશે સંભળાતી દરેકે દરેક વાત અક્ષરશઃ માની લેવી એ આસ્તિકતાનો માપદંડ નથી. કુદરતી નિયમ વિરુદ્ધની વાતો ન માનનારા નાસ્તિક નથી થઇ જતા. ખરી રીતે જોઇએ તો તેઓ શક્ય-અશક્ય પારખનાર વાસ્તવવાદી છે.

છેલ્લા બસો વરસમાં પ્રકૃતિ વિશેની આપણી સમજમાં કેટલાયે ગણો વધારો થયો છે. જેમ વધુ જાણીએ છીએ તેમ કેટલું બધું જાણવાનું હજી બાકી છે તેનો ખ્યાલ આવતો જાય છે. બધુંજ જાણતા હોવાનો દાવો કોઇપણ સાચો વૈજ્ઞાનિક નહીં કરે. જ્યારે માત્ર ચિંતન કે સ્ફુરણા દ્વારા બધું જાણી લેવાનો દાવો ઘણા કરતા આવ્યા છે.

પ્રાચીન સાહિત્યની અસલ પ્રતો ભાગ્યેજ કોઇ વાંચતો હશે એટલે એમાં શું લખેલ છે તે જાણવું લગભગ અશક્ય જેવું છે. છતાં પ્રાચીન ગ્રંથોના નામે ગેરસમજ ઊભી કરતા, અતિશયોક્તિ કરતા કે સરાસર જૂઠાણું ફેલાવતા બીજા ઘણા દષ્ટાંતો આપી શકાય. માત્ર કુદરતી નિયમોની વિરુદ્ધની નહીં પણ ઇતિહાસ અને ભૂગોળ જેવા વિષયો સાથે પણ અસંગત હોય એવી ઘણી વાતો ફેલાવાય છે. કમનસીબે ભોળા લોકો એને સાચી માને છે. એની છણાવટ માટે અલગ લેખ જોઇશે.

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*

*શેઠની આગળ અને ગધેડાની પાછળ ભૂલેચૂકેય ન ચાલવું.*

# ઘર ઘરની વાતો

• ચૌલા કુરુવા •

આપણે અહીંયા આજના સમાજની અને ઘર ઘરની વાતો કરવી છે. ઘર કોણ ચલાવે છે? ઘર કોણ ચલાવશે? પુરુષ કે સ્ત્રી? પતિ કે પત્ની?

સમયે કરવટ લીધી છે. હાલ વેસ્ટર્ન કલ્ચરનો વાવડ છે. ન્યુક્લિયર ફેમિલી વધતાં જાય છે. સંયુક્ત પરિવારો ઘટી રહ્યા છે. પરિવારોમાં બનતાં બનાવો બધા સભ્યો પર અસર કરે છે. પરિવારમાં એકાદ વ્યક્તિની માંદગી આખા ઘર અને બધા સભ્યોને હેરાન પરેશાન કરી નાંખે છે.

આજે સ્ત્રી બહાર કામ કરી રહી છે, કમાવવા જાય છે, અભ્યાસ કરે છે અને જુદાં જુદાં ક્ષેત્રોમાં વિશિષ્ટ પ્રદાન કરી રહી છે. આમ છતાં પણ ઘરમાં તેને કામ કરવાનું રહે છે અને કરે છે. જ્યારે બીજી તરફ પુરુષ પણ ઘરકામ કરી શકે અને ઘણા સંજોગોમાં કરતા હોય છે. આમ માત્ર સ્ત્રી ઘરમાં કામ કરે અને પુરુષ બહાર કામ કરે તે પરિસ્થિતિ હવે રહી નથી. સ્ત્રી અને પુરુષ બંને બહાર કામ કરતા હોય એટલે ઘરમાં પણ તેમણે એકબીજાને મદદ કરવી જોઇએ.

તે જ રીતે દીકરો અને દીકરી બંને અભ્યાસ કરતા હોય કે નોકરી કરતા હોય તો પણ દીકરા અને દીકરી બંનેએ ઘરકામ કરવું પડે. હજી પણ ઘરકામ છોકરીની ઉપર છે અને દીકરો વધારે ઘરકામ કરતો નથી અથવા તો આવડતું નથી.

જો પુરુષો પણ ઘરકામ શીખે અને કરે તો તેમાં ફાયદો એમને જ છે. દીકરો અને દીકરી બંને રસોઇ શીખે અને ઘરકામ કરે તો માતાને મદદરૂપ થાય અને ભવિષ્યમાં પોતાના પરિવારમાં ઉપયોગી થઇ શકે છે. પુરુષોએ રસોઇ કરવામાં કશું ખોટું નથી અને કોઇ નાનમ નથી. હવે જમાનો એ આવી રહ્યો છે કે ઘરકામ અને રસોઇ કામ સ્ત્રી અને પુરુષ બંનેને માટે ફરજિયાત કર્તવ્ય છે. જો પુરુષ પણ રસોઇના કામમાં અને ઘરકામમાં સ્ત્રીને મદદ કરે તો ઘરમાં સ્વર્ગ ઊભું થાય. વળી, સ્ત્રીની માંદગી હોય કે કોઇકવાર બહાર ગઇ હોય તો આનાથી પુરુષને કોઇ તકલીફ પડતી નથી. કારણ કે તે ઘરકામ અને રસોઇકામ જાણે છે. ટૂંકમાં ઘરકામ કે રસોઇકામ શીખવું તે પુરુષોના લાભમાં વિશેષ છે. પરિવારના હિતમાં જ છે. પુરુષને જો રસોઇકામ આવડે તો તેને ઘરમાં સ્ત્રીની ગેરહાજરીમાં બહાર જમવાની જરૂરત રહેતી નથી અને ઘરમાં સ્ત્રીની ગેરહાજરીમાં પણ ચલાવી શકે છે.

રસોઇકામ અને ઘરકામ જાણતાં પુરુષો અને દીકરાઓ સ્ત્રીની માંદગીમાં પરિવારને ઉપયોગી થાય છે. જ્યાં જે પરિવારોમાં સ્ત્રી બીમાર રહેતી હોય ત્યાં પુરુષો ઘરકામ કરતા અને રસોઇ કરતા જોવા મળે છે તેમજ બાળકોને ઉછેરતાં હોય તેમ જોવા મળે છે.

અમેરિકા અને વિદેશ જતા યુવાનો માટે ઘરકામની અને રસોઇની આવડત બહુ મોટા આશીર્વાદરૂપ છે. અમેરિકા અને વિદેશમાં પુરુષે બધાં જ કામો કરવાની ટેવ પાડવી પડે છે. તો આજથી જ ઘરકામ અને રસોઇકામ શીખવા માંડો એ પરિવારના હિતમાં અને સૌના હિતમાં છે.

મોટી ઉંમરે નસીબજોગે એકલા પડી જતા પુરુષો માટે ઘરકામ અને રસોઇકામની આવડત બહુ મોટી રાહત સમાન બને છે.

ઘરમાં સ્વર્ગ ઊભુ કરવું હોય તો ઘરના બધા સભ્યોએ બહારના કામની સાથે સાથે ઘરકામ અને રસોઇકામની આવડત અને ટેવ પાડવી જરૂરી છે. તો પરિવાર સુખી બનશે. પ્રયત્ન કરો અને આ પ્રયોગના ફાયદા અમને લખી જણાવો. પરિવારમાં ડિવિઝન ઓફ લેબર ખૂબ જરૂરી છે.

*અમદાવાદ.*
*મો. ૯૯૧૩૦ ૧૨૧૨૦*
*ઇ-મેઇલ : chaulakuruwa@gmail.com*

## વિકાસયુગ!

***ગામડામાં યોજાતા લગ્નના જમણવારમાં માણસ જમીને બહાર નીકળે છે ત્યારે એને મળનાર એક પ્રશ્ન પૂછે છે. 'જમવામાં શું હતું?' શહેરમાં યોજાતા લગ્નના જમણવારમાં જમીને માણસ બહાર નીકળે છે ત્યારે એને પહેલો પ્રશ્ન આ પુછાય છે, 'ડિશ કેટલાની હતી?' આને કહેવાય વિકાસયુગ!***

***સંકલન : મણિલાલ કે. છેડા - મુંબઇ***

વિચાર વિમર્શ

# કોનો વિકાસ?

• શાંતિલાલ સંઘવી •

'વિકાસ' શબ્દનો ભારે વિકાસ થઇ ચૂક્યો છે. માત્ર આપણા દેશમાં જ નહીં પરંતુ જગત આખામાં વિકાસ શબ્દ ભારે લોકપ્રિય બની ચૂક્યો છે. વિકાસ માટે બધાજ ઝંખે છે. સૌને વિકાસ કરવો છે. આ આખીયે બાબતને વ્યવહારૂ દૃષ્ટિએ અને ઐતિહાસિક દૃષ્ટિએ તપાસવાની જરૂર છે. અનિવાર્યપણે વાત જરા લાંબી થશે.

આપણો દેશ એક અતિ સમૃદ્ધ દેશ હતો. એટલા માટે કે અગ્નિ એશિયાના દેશોમાંથી પુષ્કળ માલ આવતો અને તે માલ મધ્યપૂર્વ (આપણા માટે મધ્ય પશ્ચિમ) ના તથા યુરોપના દેશો તરફ નિકાસ થતો અને અફઘાનિસ્તાન - ઇરાન - ઇરાક વગેરે દેશોમાંથી પુષ્કળ માલ આવતો તે દક્ષિણ પૂર્વના દેશોમાં નિકાસ થતો. આ વ્યવસાયમાં વળતરનું પ્રમાણ ઘણું સારું રહેતું. આ ઉપરાંત આપણા દેશના કારીગરો જે માલ બનાવતા તેની ક્વોલિટી એવી ઉત્તમ રહેતી કે દુનિયામાં એ માલની ભારે માંગ રહેતી. તેરમી સદીમાં ભારતની તલવાર બ્રિટનમાં જતી. એ પ્રકારની તલવાર ભારત (ખાસ કરીને શિહોર) સિવાય ક્યાંય બની શકતી ન હતી. આપણો માલ ઠેઠ રોમ સુધી જતો. (રોમનો ઉલ્લેખ તો શ્રીમદ્ ભાગવતમાં પણ છે.) આપણા પૂર્વજો ઠેઠ મેક્સિકો સુધી પહોંચી ચૂક્યા હતા. વર્તમાનમાં મેક્સિકોના પાઠ્યપુસ્તકોમાં સત્તાવાર રીતે બાળકોને ભણાવવામાં આવે છે કે આપણી ધરતી પર પ્રથમ પગ મૂકનાર વિદેશી ભારતીયો જ હતા. આફ્રિકાના કેટલાક ભાગો ઉપર પણ આપણા સાહસિકો પહોંચી ચૂક્યા હતા. આ બધા સાથેના આદાન પ્રદાનના વ્યવસાયિક સંબંધોના કારણે આપણા દેશમાં ભરપૂર સમૃદ્ધિ હતી. આવા સમયે પણ યુરોપના લોકો એશિયા ખંડના ઘણા મોટાભાગથી બિનમાહિતગાર હતા અને આફ્રિકા વિશે તો સાવ અંધારામાં હતા. શરૂઆત પંદરમી સદીમાં કદાચ પોર્ટુગલ અને સ્પેનથી થઇ. પછી ડચ લોકો નીકળ્યા. આ દેશોના સાહસિકો જગત ખૂંદવા-ધન સંપત્તિ એકઠી કરવાના ઇરાદાથી નીકળી પડ્યા. જ્યાં જ્યાં તેઓ પહોંચ્યા ત્યાં ત્યાં તબાહી મચાવી. હજારો-લાખો લોકોની કતલ કરી. આફ્રિકા પહોંચ્યા તો ત્યાં અને અમેરિકા પહોંચ્યા તો ત્યાં, દરેક દેશના મૂળ રહેવાસીઓની ભયંકર કતલ કરી.

તેમની જમીન, માલ મિલકત, કિંમતી ધાતુઓ વગેરે જે જે મળ્યું તે છીનવીને ઘરભેગું કરતા ગયા. એટલું જ નહીં પણ ત્યાંના લાખો લોકોને પકડીને ગુલામ બનાવીને પોતાના દેશમાં લઇ ગયા અને તે સૌના પર અસાધારણ ત્રાસ ગુજારીને વેઠિયા મજૂરી કરાવીને પોતાને સમૃદ્ધ કરતા ગયા. પછી તો વાઘ લોહી ચાખી ગયો. યુરોપના લોકો પાસે લશ્કરી શિસ્ત અને તાલીમ ઉપરાંત સંપત્તિ માટેનો અસામાન્ય લોભ હોવાથી સ્થાનિક લોકોને લૂંટતા અને સંપત્તિ લઇ જતા. જે જરાપણ સામનો કરે અથવા વિરોધ કરે તેને મોતને ઘાટ ઉતારી દેતા.

દુનિયાના અનેક દેશોને લૂંટીને - મારીને - શોષણ કરીને પોતાના દેશના લોકોને સમૃદ્ધ કરતા ગયા. એ રીતે તેમણે 'વિકાસ' કર્યો. બ્રિટન આ મેદાનમાં જરા પાછળથી પ્રવેશ્યું. દરિયા પર વર્ચસ્વ, લશ્કરી તાલીમ, મુત્સદ્દીગીરી, ક્રૂરતા, ચાલાકી, બદમાશી વગેરે અનેક પરિબળોના કારણે તેનું સામ્રાજ્ય જગતના વિશાળ ક્ષેત્ર પર સ્થપાતું ગયું. લૂંટવા માટે અને શોષણ કરવા માટે બ્રિટન પાસે ખૂબ મોટા પ્રમાણમાં વિવિધ દેશોની ધરતી, લોકો અને એ લોકોની સંપત્તિ એમની સન્મુખ હતી. આ બધાનો તેમણે ભરપૂર ફાયદો ઉઠાવ્યો. એશિયા અને આફ્રિકાના પ્રમાણમાં આપણે ભોળા, સરળ, દીર્ઘદૃષ્ટિ વિનાના, ઉતરતી કક્ષાની તાલીમવાળા, જૂની શૈલીની જીવન પદ્ધતિવાળા, આપસ આપસમાં લડનારા, સંપ અને સંગઠન વિનાના, પોતાનો અંગત ફાયદો જોનારા, સમગ્ર દેશના હિતનો વિચાર ન કરનારા, યુરોપના લોકોની લુચ્ચાઇને ન સમજી શકનારા લોકો પરાજિત થતા રહ્યા, સંપત્તિ ગુમાવતા રહ્યા અને ગુલામ બનતા રહ્યા. પ્રારબ્ધવાદી હોવાના કારણે પ્રતિકાર કરી શક્યા નહીં. (આ તમામ નબળાઇઓ આજે પણ આપણામાં મોજૂદ છે)

પરંતુ કુદરત તો કુદરતનું કામ કરે જ છે. અસાધારણ લિમિટ બહારની લોભવૃત્તિમાંથી જગતમાં એક નહીં પણ બબ્બે વિશ્વયુદ્ધો ફાટી નીકળ્યા. જે હાર્યા, તે તો હાર્યા જ; પણ જે જીત્યા તે પણ બરબાદ થયા. જગતનો પ્રવાહ-દિશા-બદલાઇ ગઇ. શોષણ અને લૂંટ માટેના વિસ્તારો હાથમાંથી નીકળી ગયા. સવાલ એ આવ્યો કે હવે કોનું શોષણ કરવું? કેવી રીતે કરવું? અગાઉ જે તાગડધિન્ના કરતા હતા તે કેવી રીતે જાળવી રાખવા? સૌ જાણે છે કે એક જગાએ ઢગલો કરવો હોય તો બીજી જગાએ ખાડો કરવો જ પડે. ઢગલો કદી એમને એમ આકાશમાંથી ટપકે નહીં. કોઇકનું ને કોઇકનું, કોઇકને કોઇક રીતે જો શોષણ કરવામાં ન આવે તો વિકાસ અટકી જાય. વિકાસની અત્રે વ્યાખ્યા એક જ કે ધનસંપત્તિમાં વધારો.

હવે તેમણે બળની જગ્યાએ કળનો ઉપયોગ શરૂ કર્યો. લૂંટવા માટેના જે જે વિસ્તારો તેમને છોડવા પડેલા તે બધા પર

*સંત પાસે જઇ સંત ન થાવ, પણ શાંત તો થાવ.*

પ્રલોભન, લાલચ, છેતરપિંડી, અસત્ય, ચતુરાઇ, ધમકી વગેરેનો ઉપયોગ શરૂ કર્યો.

ખાસ આપણા દેશની જ જો વાત કરીએ તો સ્વાર્થ, ઓછી અક્કલ, પૂરતી દેશભક્તિનો અભાવ, જૂથબંધી, અદેખાઇ, ચરિત્રહીનતા, હિંમત અને સાહસનો અભાવ, આળસ, કામચોરી, ભોળપણ (એટલે કે મૂર્ખતા) વગેરે વગેરે કારણોસર દુનિયાના લોકો દ્વારા આપણી પ્રજાનું શોષણ ચાલુ જ રહ્યું. જે આજ સુધી ચાલુ છે.

મૂળ મુદ્દો હવે આવે છે.

જો આપણે અન્ય - બીજા કોઇનું શોષણ કરી શકીએ નહીં તો લોભી અને સ્વાર્થી લોકો વિકાસ કેવી રીતે કરી શકે? આપણી અત્યારની પરિસ્થિતિ એવી છે કે આપણે હાલે દુનિયાના કોઇપણ દેશની કોઇપણ પ્રજાનું શોષણ કરી શકીએ એમ નથી. ક્યાંયથી પણ આપણા દેશમાં બહારની ધનસંપત્તિ આવી શકે એમ નથી.

જ્યારે આવી પરિસ્થિતિ પેદા થાય ત્યારે-જ્યારે પારકાનું શોષણ અશક્ય બની જાય ત્યારે-આપણા જે જે લોકોને વિકાસ કરવો છે તેમણે યા તો ઉધાર પૈસા લાવવા પડે અથવા પોતાના જ લોકોનું શોષણ કરવું પડે. ઉધાર પૈસા દયા દાન રૂપે મળે નહીં જ. એ તો આડકતરી રીતે એકના ચાર ચૂકવવા પડે અને ઉધારના પૈસે પોતાનો વિકાસ કરી લીધા પછી ત્રણ-ચાર ગણા ચૂકવવા માટે પોતાના લોકોનું શોષણ કરવું જ પડે - બીજો રસ્તો જ નથી. ભાવવધારો, કરવેરા વધારો, લોકોને જેટલા લૂંટાય તેટલા લૂંટો, કાયદાનો ઉપયોગ કરો, પોલીસનો ઉપયોગ કરો, પ્રજાને પાયમાલ કરો, પ્રજાની જમીન-મકાન વગેરે વિકાસના નામે પડાવી લો. પ્રજાને ઘરબાર અને વ્યવસાય વગરની કરી નાખો. લાખો ખેડૂતો આત્મહત્યા કરે તેને કરવા દો પણ કહેવાતા (અમારા) વિકાસને અટકાવી શકાય નહીં. ૧૦ જણનો વિકાસ થાય તેની સામે ૯૦ જણ બરબાદ થાય તો ભલે થાય. જેને જોવાનું મન હોય તેને માત્ર ઢગલો જ બતાવવાનો. ખાડો કોઇને બતાવવાનો નહીં. ટીવી તથા અન્ય મીડિયામાં વિકાસનો ઢોલ એટલા જોરથી વગાડવાનો કે બીજો અવાજ જરાપણ સાંભળી શકાય નહીં. ખાડાને આકર્ષક ઢાંકણથી ઢાંકી રાખવાનો જેથી કોઇને દેખાય નહીં. મોટા મોટા મૉલ, મોટી મોટી કાર, મોટી મોટી હોટેલો, મોટા મોટા મલ્ટીપ્લેક્ષ સિનેમાગૃહો, ભવ્ય સમારંભો, કરોડો અને અબજોથી ઓછી કોઇ વાત કરવાની જ નહીં. સહેજ પણ ચૂં કે ચાં કરે તેને કિંમત ચૂકવીને ખરીદી લો, ન માને તેને કાઢી મૂકો. બહુ બડબડ કરે તો પતાવી નાખો. દેશની અને પરદેશની મોટી મોટી કંપનીઓ માટે ગમે તેમ કરીને પણ - જે કરવું પડે તે કરીને પણ - વધુને વધુ નફો કરો. આઇ.આઇ.એમ.ના કુશળ વિદ્યાર્થીને ૫૦ લાખ પગાર આપો પણ ગમે તેમ કરીને નફો કરો. પ્રજાનું જે થવાનું હોય તે થાય. દેશનું જે થવાનું હોય તે થાય. અર્ધી પ્રજા ભૂખે મરે તેનો વાંધો નહીં. બાળકો કુપોષણથી મરે તેનો વાંધો નહીં. પર્યાવરણનો નાશ થાય તેનો વાંધો નહીં. દૂધના ભાવે પાણી મળે તેનો પણ વાંધો નહીં. સારવાર મોંઘી થાય અને સારવારના અભાવે લોકો મરે તો તેનો પણ વાંધો નહીં. દેશમાં કેટલા અબજોપતિ અને કરોડપતિઓ છે એના આંકડા વાંચીને રાજી થવું ફરજિયાત. એમની મિલ્કત કેટલા લાખ કરોડ થઇ, એ જાણીને ખુશ થવાનું, એનું જ નામ વિકાસ!

ગાંધી બાપુને એકવાર તો ગોળી મારી જ હતી અને હવે એના નામને પણ મારો ગોળી. કરકસર અને સાદગીની વાત કરનારને દેશનિકાલ કરો. ગરીબ? એ વળી કોણ? ગરીબી તો ક્યારની હટી ગઇ. દેખાય છે ક્યાંય ગરીબી? ટી.વી. જુઓ - બધું જ ભવ્ય અને ભવ્ય. એક એક બહેનના શરીર પર દસ પંદર હજાર વાળી સાડી, આને જ કહેવાય વિકાસ!

જો કે આપણાથી બોલાય નહીં, પણ આપણા દેશના પ્રધાનો, સંસદ સભ્યો, વિધાન સભ્યો, નગર સેવકો, મોટા મોટા સરકારી અધિકારીઓ મોટા મોટા ઉદ્યોગપતિઓ વગેરે લોકો જે વિકાસ કરે એને જ સાચો વિકાસ કહેવાય. પ્રજાને અને વિકાસને લાગે કે વળગે? પ્રજાને વળી વિકાસ સાથે શી લેવાદેવા?

જગતમાં બીજા કોઇ તો હવે છેતરાશે નહિ માટે પોતાની જ પ્રજાને છેતરો. બીજા કોઇને તો લાઠી-ગોલી મારી શકાશે નહિ તો પોતાની પ્રજાને જ મારો. વિકાસ કરવા માટે આમ કરવું અતિ જરૂરી ગણાય. એક જમાનામાં એવું સાંભળેલું કે બહાર કોઇને મારી શકાય એમ ન હોય તો પોતાની બૈરીને જ ધીબેડી નાખવાની, એને જ શૂરાતન કહેવામાં આવતું.

શું વિકાસની પણ આજ વ્યાખ્યા? અંબાણીએ પોતાની જ પત્નીને ૨૪૨ કરોડનું વિમાન ભેટ આપ્યું એટલે કે ઘરનો માલ ઘરમાં જ રહ્યો. બચ્ચે લોગ બજાવ તાલી! જેની પાસે પૈસા વધારે હોય તે વિકસિત અને જેની પાસે પૈસા ઓછા હોય એ અવિકસિત એ વ્યાખ્યા જ મૂર્ખાઇ ભરેલી છે. એ દૃષ્ટિએ તો જગતના તમામ સંતો-તીર્થંકરો-મહાપુરુષો અવિકસિત ગણાય. આધુનિક અર્થશાસ્ત્ર એ અર્થનું શાસ્ત્ર નથી, પણ વિનાશ શાસ્ત્ર છે.

લાખથી પણ વધારે ખેડૂતોએ આત્મહત્યા કરવી પડે, ગરીબ દિવસા દિવસ વધુને વધુ ગરીબ થતો જાય, શ્રીમંત દિવસા દિવસ વધુને વધુ શ્રીમંત થતો જાય હવા-પાણી-ખોરાક વગેરે વધુને વધુ પ્રદૂષિત બનીને માણસ માટે જોખમકારક બનતા જાય એને જ જો વિકાસ કહેવામાં આવતો હોય તો તેવા વિકાસને દીવાસળી મેલીને નષ્ટ કરવો જોઇએ. પૃથ્વી જ રહેવા લાયક ન રહે એવી પરિસ્થિતિને વિકાસ કહેવામાં આવતો હોય તો તેવા લોકોની અક્કલથી ભગવાન સૌને બચાવે.

જેને આજકાલ ગ્લોબલાઇઝેશન-ઉદારીકરણ સમજવામાં આવે છે તેના મૂળ પશ્ચિમના અર્થશાસ્ત્રના પિતા ગણાતા ઍડમ સ્મિથમાં મળે છે. પણ ઍડમ સ્મિથ ખોટો હતો ને ખોટો છે. (આ મારી સમજણ છે) કારણ કે આપણે ત્યાં જે લે છે તે મહાન નથી ગણાતો પણ જે આપે છે તે મહાન ગણાય છે. અને જે મહાન છે તે જ મહાવિકસિત છે. બાકીના ભલે સોનાની પાટ ઉપર સૂનારા હોય તો પણ અવિકસિત છે - દયાને પાત્ર છે.

*આરએચ/ર, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,*
*કાશીરામ અગ્રવાલ હૉલ પાસે,*
*ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ-૧૫.*

***સફળ થવાના બે રસ્તા છે : ગમતું કામ કરો અથવા તો કામને ગમતું કરો.***

# આમ સુપરપાવર ન બનાય!

• દીપક સોલિયા •

*આ દેશના અનેક લોકો પોતાના જીવન નિભાવાર્થે નાના પાયે ધંધાની શરૂઆત કરવાની ઇચ્છા ધરાવતા હોય છે પરંતુ તે માટે યોગ્ય વાતાવરણ ક્યાં છે? સ્પષ્ટ છે કે તેને પ્રોત્સાહન આપવા માટે સરકારના પ્રયાસો ખૂબજ મંદ ગતિના છે અને જે છે તે બધા ખૂબજ આંટીઘૂંટીભર્યા છે. બીજી તરફ વિકાસના નામે ખેતી અને ઘાસચારાની જમીન કરોડોના આસામી એવા ઉદ્યોગપતિઓને પાણીના ભાવે આપીને તમામ પ્રકારની સગવડોની લાલ કારપેટ સરકાર દ્વારા બિછાવી આપવામાં આવે છે. તેમાં પર્યાવરણનો પણ નાશ કરવામાં આવે છે. જ્યારે* ***નાના લોકોને સ્વનિર્ભર થવા માટે કાયદા-કાનૂન, લાઇસન્સ અને પેપરવર્કની તુમારશાહી સિવાય શું છે?***

*ઉપરોક્ત સ્થિતિમાં, બિનજરૂરી કાયદાની જોગવાઇ સામે શું થઇ શકે અને તે પરત્વે* ***જાગૃતિ લાવવાના ઉદ્દેશથી*** *તાજેતરમાં વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલ એક લેખ અત્રે ફરીથી પ્રસ્તુત કરેલ છે.*

*- મુખ્ય તંત્રી*

**એવું માનવામાં તો આવે છે કે આપણે ત્યાં લાઈસન્સ રાજ દૂર થયું છે, ઉદારીકરણ આવ્યું છે. પણ વાસ્તવમાં ભારતમાં ધંધો કરવો એ લોઢાના ચણા ચાવવા જેવું કામ છે.**

કરિયાણાની દુકાન ધરાવતી એક વ્યક્તિ સાથે હમણાં વાત થઇ. એની દુકાન હવે પહેલાં જેવી નથી ચાલતી. એણે ધંધો બદલવાનું વિચાર્યું છે. પણ એનું કહેવું છે કે નવો ધંધો શરૂ કરવામાં મુશ્કેલીઓ એટલી બધી છે કે નફો ઘટી રહ્યો હોવા છતાં એ પોતાની કરિયાણાની દુકાન છોડી નથી શકતો.

ધંધો કરવાની સગવડ વિશ્વના કયા દેશમાં કેવી છે એ વિશે હાલમાં 'ડુઇંગ બિઝનેસ ૨૦૧૨' નામનો એક અહેવાલ બહાર પડ્યો. આ અહેવાલ રસપ્રદ છે. ધંધો શરૂ કરવામાં વીજળીનું જોડાણ મેળવવામાં, બાંધકામની પરવાનગી મેળવવામાં, લોન લેવામાં, કોન્ટ્રાક્ટનો અમલ કરાવવામાં વિવિધ દેશોમાં હાલત કેવી છે તેનો અભ્યાસ કરીને તૈયાર કરાયેલી આ યાદીમાં કુલ ૧૮૩ દેશમાંથી ભારતનો નંબર આવ્યો ૧૩૨મો. મતલબ, ધંધો કરવા માટે ભારત કરતાં વિશ્વના ૧૩૧ દેશોમાં વધુ સારું વાતાવરણ છે. આ તો ધંધો કરવાની વાત થઇ. ધંધો શરૂ કરવામાં તો ભારતમાં મુશ્કેલીઓ એટલી બધી છે કે એનો નંબર ૧૮૩માં છેક ૧૬૬મો છે.

એક તરફ વાતો તો મોટી મોટી થાય છે કે લાઇસન્સ રાજના દિવસો ગયા, હવે ઉદારીકરણ આવી ગયું છે. માત્ર આપણે જ નહીં, આખી દુનિયા એવી વાતો કરી રહી છે કે ભારત સુપર પાવર બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. પણ આ માન્યતા સાચી છે ખરી ?

સાદો દાખલો લઇએ. નવો ધંધો કરવા, નાનકડી ફેક્ટરી નાખવા માટે થોડું બાંધકામ કરવું પડે. બાંધકામ માટે પરવાનગી મેળવવા માટે કેટલા રૂપિયા જોઇએ? ભારતમાં માથાદીઠ આવકના ૧૬૩૧ ટકા, ચીનમાં ૪૪૪ ટકા અને અમેરિકામાં? ફક્ત ૧૨.૮ ટકા. સાદી ભાષામાં કહીએ તો, બાંધકામ માટે મંજૂરી મેળવવા માટે ભારતમાં ચિક્કાર પૈસા ખર્ચવા પડે. વીજળીનું જોડાણ મેળવવા જેવું સાદું કામ પણ ભારત કરતાં વિશ્વના અન્ય ૯૭ દેશોમાં વધુ સહેલું છે, ભારતનો નંબર ૯૮મો છે.

અને કોન્ટ્રેક્ટનો અમલ કરાવવામાં તો ભારતનો નંબર ૧૮૩ દેશમાં છેક ૧૮૨મો છે, છેલ્લેથી બીજો. કોન્ટ્રેક્ટનો અમલ કરાવવો એટલે શું? અગાઉ નક્કી થયા મુજબ ચુકવણી થવી, ટર્મ્સ એન્ડ કન્ડિશન્સનું પાલન

થવું. ભારતમાં હાલત એવી છે કે કોન્ટ્રેક્ટનું કોઇ ચુસ્ત પાલન ન કરે તો છેતરપિંડી કરનાર, હાથ ઊંચા કરી દેનાર આસાનીથી છટકી શકે છે. ભારતની ન્યાયપ્રક્રિયા અને વહીવટીતંત્ર એટલા ઢીલાં છે કે આપણે ત્યાં કોન્ટ્રેક્ટનો અમલ કરાવવામાં સરેરાશ ૧૪૨૦ દિવસ લાગે છે જ્યારે આ જ કામ માટે ચીનમાં ફક્ત ૧૧૪ દિવસ લાગે છે. પછી ચીન આગળ નીકળે જ ને!

કોન્ટ્રેક્ટના અમલનું સાદું ગણિત એ જ છે કે આપણે ત્યાં સીધા રસ્તે કામ કઢાવવા જાવ તો લાંબા થઇ જાવ. જો તમારી પાસે મનીપાવર અને મસલ પાવર હોય તો કાયદાની ઝંઝટમાં પડ્યા વિના વસૂલી કરાવી શકો, બાકી સીધા રસ્તે ચાલીને વસૂલી કરાવવા મથો તો વર્ષોનાં વર્ષો લાગે...

ટેક્સનું માળખું પણ આપણે ત્યાં એટલું પેચીદું છે, ટેક્સના પ્રકાર એટલા બધા છે કે ભારતમાં ધંધાર્થીએ વર્ષમાં સરેરાશ ૩૩ વાર ટેક્સ ભરવો પડે છે, જ્યારે ચીનમાં ફક્ત સાત વાર. આપણે ત્યાં કોઇનો ધંધો ન ચાલે તો એને સમેટવામાં, નાદારીની પ્રક્રિયામાં સરેરાશ સાત વર્ષ લાગે છે, જ્યારે ચીનમાં ફક્ત ૧.૭ વર્ષ.

રિટેલ ક્ષેત્રે વિદેશી રોકાણ આકર્ષવા બાબતે ભારત સરકારે ભારે ઉત્સાહ દાખવ્યો. પણ બીજી તરફ, દેશના લાખો લોકો પોતાનો નાનકડો ધંધો શરૂ કરવા માંગે છે એમના માટે સારું વાતાવરણ પૂરું પાડવા બાબતે, એમને નડતી અપરંપાર અડચણો દૂર કરવા બાબતે સરકાર અત્યંત ઢીલી છે. આપણે ત્યાં સબસિડી-રાહત-સહાયની બોલબાલા ઠીક ઠીક છે (ઓકે, ગરીબોને ટેકો આપવામાં કશું ખોટું નથી, પરંતુ એમાં પણ ખાયકીનું પ્રમાણ ઊંચું હોય છે. નેતા-અમલદારો ગરીબોના રોટલામાં ભાગ પડાવવામાં પણ લાજે એવા નથી). અહીં સવાલ એ થાય કે લાચાર માણસને ટેકો આપવા બાબતે સરકાર જેટલી યોજના ઘડે છે અને જુસ્સો દાખવે છે એનાથી અડધો જુસ્સો પણ, ધંધો શરૂ કરીને પગભર થવા માગનાર ધંધાર્થી માટે દાખવવામાં આવે છે ખરો? ના.

જે દેશ પોતાના ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન નથી આપતો એ દેશ પાસે અપાર કુદરતી સંપત્તિ અને માનવ સંસાધન હોવા છતાં એ 'ગરીબડો' જ રહેવાનો. બ્રિટનના 'ન્યુ સ્ટેટ્સમેન' અખબારે ભારત વિશે એક કવર સ્ટોરી કરીને મથાળું બાંધ્યું : 'શું આ નવા સુપરપાવર (ભારત)થી ડરવાની જરૂર છે ખરી?' 'ડુઇંગ બિઝનેસ ૨૦૧૨'નો રિપોર્ટ જોશો તો તમને પણ ભારત વિશે સવાલ થશે : શું આ લક્ષણ છે સુપરપાવર બનવાના?

*સૌજન્ય : દિવ્ય ભાસ્કર, ૧૦ ડિસેમ્બર, ૨૦૧૧*

## લેટ અસ બી પોઝિટિવ

વર્તમાન સમયમાં સમગ્ર જગતમાં હમણાં હમણાંથી જે કાંઇ સારું બની રહ્યું છે... સારી વાત બની રહી છે તેમાંની એક છે વિધાયક અભિગમ... Positive attitude. આજકાલ વિધાયક અભિગમની બોલબાલા વધી રહી છે. જ્યાં ત્યાં વિધાયક અભિગમ કેળવવા માટેના સેમિનાર યોજાય છે.

ઘણાં બધા શારીરિક રોગો પર તો વૈજ્ઞાનિકોએ, ડોક્ટરોએ નવા નવા સંશોધનો કરી કાબૂ મેળવ્યો છે અને મેળવી રહ્યાના સમાચાર પણ આવી રહ્યા છે. પણ સાથે સાથે માનસિક રોગોના વા વધી રહ્યો છે. વર્તમન સમયની જીવનશૈલીથી માણસ તાણ બેચેની અનુભવી રહ્યો છે. આની સામે માનસશાસ્ત્રીઓ-મનોચિકિત્સકો વિધાયક અભિગમનો ઉપચાર સૂચવી રહ્યા છે. માણસ જો નકારાત્મક વલણો ત્યાગી વિધાયક ભૂમિકા અપનાવે તો તેનાથી મન હળવુંફૂલ બની જાય છે એ સત્ય હવે સ્વીકારાઇ રહ્યું છે.

ધૂમ્રપાનની સખત મનાઇના બોર્ડની નીચે જ ગોટેગોટા ધૂમાડાઓ ઉડાડનારા ઊભા હોય છે આની સામે ઘણાં બધાને રોષ હોઇ શકે પણ વિધાયક અભિગમથી વિચારતા જે લોકો આવી પ્રવૃત્તિમાં સહકાર ન આપતા હોય તેમને 'થેન્ક્યુ ફોર નોટ સ્મોકિંગ' - 'ધૂમ્રપાન ન કરવા બદલ આભાર' એવી અભિવ્યક્તિ અસરકારક બની શકે. આવી બધી વાતો સાવ નાનકડી હોય છે, પરંતુ આપણાં જીવન વ્યવહાર પર તેની લાંબા સમયની ઊંડી અસર રહી જાય તેવું બની શકે.

માણસ સામા માણસની નજરે- દૃષ્ટિથી વિચારતો થાય તો અડધું જગત શાંત થઇ જાય. આપણે સૌ પણ અભિવ્યક્તિ ટાણે પ્રત્યાઘાત રૂપે ગતાનુગતિક વર્તન છોડીને વિધાયક અભિગમનો સહજ સ્વીકાર કરતા થઈશું તો જીવન સાચા અને સારા અર્થમાં બદલાઇ જવાની ભરપૂર શક્યતાઓ પડેલી છે.

અંતે તો આશા અને પ્રભુને પ્રાર્થના આ દુન્યવી જીવનને વિધાયક અભિગમનો પારસમણિનો કાયમી સ્પર્શ લાગે અને આપણા જીવન થકી-આપણા જીવન વ્યવહાર થકી અન્યના જીવન પણ અદકેરા સાર્થક બને.

*ગુલાબચંદ ધારશી રાંભિયા*

*કેટલાક પુસ્તકો ચાખવાનાં હોય છે, કેટલાક ગળી જવાના હોય છે અને કેટલાકને ચાવીને પચાવવાનાં હોય છે.*

# પરિસ્થિતિ

• નવીન જે. લાલકા •

જિંદગી અને મનુષ્ય, મનુષ્ય અને જિંદગી. મનુષ્ય જીવે છે જિંદગીને, અને જિંદગી મનુષ્યને વિવિધ પરિસ્થિતિ મુજબ જીવતા શીખવાડે છે. પરિસ્થિતિ સારી પણ હોય, ખરાબ પણ હોય. સમય-સંજોગ મુજબ મનુષ્ય પોતાની, પોતાનાની જિંદગીના નિર્ણયો લેતો હોય છે. મહત્ત્વનું એ નથી કે મનુષ્ય કેવો નિર્ણય લે છે, મહત્ત્વનું એ હોય છે કે મનુષ્ય કેવા સંજોગોમાં કેવી Situationમાં નિર્ણય લે છે. સારી પરિસ્થિતિમાં, સુખદ ક્ષણોમાં, શાંત ચિતે વિચારીને લીધેલા નિર્ણયો મોટા ભાગે સારા (સાચા કે ઉપયોગી) સાબિત થતા હોય છે.

તમારી ખરી કસોટી, તમારી સાચી માનસિકતાની પરીક્ષા થાય છે તમારા કપરા સંજોગોમાં આપત્તિકાળમાં કે કટોકટીની ક્ષણોમાં! જ્યારે મગજ ચકરાવે ચડ્યું હોય, શું કરવું ને શું ન કરવું - શું સાચું ને શું ખોટું એ તમે નક્કી ન કરી શકતા હો, મનમાં મૂંઝવણ હોય ને દિલમાં દુવિધા, તન સાથ ન આપતું હોય તેવા સંજોગોમાં, તેવી પરિસ્થિતિમાં તમે તમારી સચોટ નિર્ણય શક્તિ દ્વારા કોઇપણ નિર્ણય લો છો અને પરિસ્થિતિ, સંજોગ, situation ઉપર વિજયી બનો છો, કસોટીમાંથી પાર ઊતરો છો, હારની બાજી જીતમાં પલટાવી નાખો છો ત્યારે તમને ચારેબાજુથી શુભેચ્છાઓ, અભિનંદન મળે છે. પણ જો તમે સફળ ન થયા હોત તો..... તો તમે લોકોમાં મજાક, ટીકાનું પાત્ર બનત ને તમને પોતાને પણ પોતાની જાત ઉપર, પોતાની ટીમ કે પોતાના પરિવારજનો ઉપર રોષ આવત, શરમ આવત.

બાબુ મોશાય, જિંદગી છે. જિંદગી મનુષ્યને જીવન જીવાડે છે પોતાની રીતે. જીતી ગયા - ખુશી મનાઓ, પણ નાની-મોટી જીતમાં છકી ન જાઓ, અભિમાની ન બનો. હારી ગયા- નિરાશ ન થાઓ, હતાશ ન થાઓ, ફરીથી પ્રયત્ન કરો. તમારા સંજોગો, પરિસ્થિતિ જરૂર બદલાશે. તમારે તેને બદલવી જ પડશે અને તમે લાવેલ એ બદલાવ જ તમને જીત અપાવશે, જરૂર અપાવશે.

*માટે જ કોઇએ કહ્યું છે કે......*

*"ઈસ તરહ તય હમને કી હૈ મંઝીલે, ગિર ગયે......*
*ગિરકર ઉઠે, ઉઠકર ચલે..... મંઝીલ કી ઓર"*

*અને*

*"બહોત કુછ શીખા જાતી હૈ જિંદગી*
*હંસકર રૂલા જાતી હૈ જિંદગી,*
*જી શકો ઈતના જી લો દોસ્તો,*
*ક્યોંકી બહોત કુછ બાકી રહ જાતા હૈ ઔર*
*ખતમ કો જાતી હૈ જિંદગી."*

જો તમે નિર્માણ થયેલ પરિસ્થિતિને સમજો છો તો તમે તમારી જિંદગીને સમજો છો. જો તમે તમારી સામે આવેલ સંજોગને ઓળખો છો તો જિંદગીને ઓળખો છો જો તમે ઊભી થયેલ situation ઉપર વિજય મેળવો છો તો તમે જિંદગીમાં પણ વિજયી બનો છો.

જિંદગીની દરેક પરિસ્થિતિ સંજોગ situationમાં તમને પોતાનો, તમારા પરિવારનો, તમારા મિત્રો કે તમારી ટીમનો સાથ સહકાર જોઇશે અને તેમને તમારે સહકાર પણ આપવો પડશે. એક નાનકડી પણ સમજવા જેવી વાત......... આપણા હાથની બધી આંગળીઓ લંબાઇમાં સરખી નથી હોતી, પણ જ્યારે આપણે કોળિયો ભરીએ છીએ ત્યારે બધી આંગળીઓ વળીને એક સરખી થઇ જાય છે. તેવી જ રીતે જીવનની દરેક પરિસ્થિતિ, સંજોગ, situationને સરળ બનાવી શકાય, પરિસ્થિતિ પ્રમાણે વળીને, પરિસ્થિતિને અનુકૂળ બનીને.

***પરિસ્થિતિથી પરિચય કેળવો***
***સંજોગો સાથે સંબંધ વિકસાવો***
***situationને સાથીદાર બનાવો***
***ને પછી માણો જીવનની, જિંદગીની મજા.***

*અમદાવાદ. (મો. ૯૩૭૭૭ ૪૨૪૨૧)*

- ★ આ જમાનાની સાચી વિદ્યાપીઠ છે પુસ્તકોનો એક સંગ્રહ.
- ★ તમામ સારાં પુસ્તકોનું વાંચન તે વીતેલી સદીઓના સર્વોત્તમ નરનારીઓ સાથે વાર્તાલાપ છે.
- ★ માતા પિતા પાસેથી આપણે પ્રેમ અને ઉલ્લાસ પામીએ છીએ, એક પછી એક પગલું માંડતાં શીખીએ છીએ, પણ પુસ્તકો ખોલીએ ત્યારે ખબર પડે કે આપણને પાંખો ફૂટી છે.
- ★ પુસ્તકો માટે પ્રભુનો પાડ માનીએ અને છતાં સત્યનું મહાન સામ્રાજ્ય હજુ પણ પુસ્તકોની બહાર વિસ્તરેલું છે તે માટે પણ પ્રભુનો પાડ માનીએ.
- ★ અનુભવ સે જ્ઞાન પરિપક્વ હોતા હૈ, લેકિન અધ્યયન સે જ્ઞાન પૂર્ણ હોતા હૈ

*સંકલન : કનૈયાલાલ ઠક્કર - ઇંદોર*

*સુંદર દેખાવા માટે પુરુષ અસ્ત્રો ઉપયોગમાં લે છે, જ્યારે સ્ત્રી વસ્ત્રો.*

# "ફુલ કેરા સ્પર્શથી પણ દિલ હવે હરખાય છે"

• શરદચંદ્ર હરિલાલ શાહ 'સહસા' •

જ્યારે આપણે ૨૦મી સદી ઓળંગી અને ૨૧મી સદીમાં પ્રવેશ્યા ત્યારે સહુએ આશા સેવેલી કે ૨૧મી સદી બધા માટે મંગળદાયક કલ્યાણકારક નીવડશે. પણ એ આશા ઠગારી નીકળી. ધારણા કરતાં બધું જ ઊંધું થતું ચાલ્યું. શરૂઆત કચ્છના ભીષણ ભૂકંપથી થઇ ત્યારબાદ તો સુનામી, કેટરીના, રીના જેવા પ્રાકૃતિક કોપો આવ્યા. આ બધામાંથી બેઠા થઇ આપણે શ્વાસ લઇએ ત્યાં તો ડગલેને પગલે કૌભાંડોનો રાફડો ફાટ્યો. ચોમેર કૌભાંડ, કૌભાંડ અને કૌભાંડ.

૨૧મી સદી એટલે કૌભાંડ યુગ. આંખે છાજલી કરી દૂર દૂર સુધી મીટ માંડીએ તો નર્યા કૌભાંડો સિવાય બીજું કંઇ જ નજરે ના પડે. શિષ્ટાચાર વિરુદ્ધ ભ્રષ્ટાચાર, સદાચાર વિરુદ્ધ દુરાચાર, કૌભાંડો ઉપર કૌભાંડો. એક ભ્રષ્ટાચારની હજી ચર્ચા થાય ત્યાં તો બીજો છાપરે ચડીને દેખા દે.

આપણે આઝાદી પછી રજવાડાઓ બંધ કરાવ્યા અને હજારો પ્રધાનો ઊભા કર્યા. આ પ્રધાનોમાં જાણે કે હોડ લાગી કે કોણ કેટલા અલ્પ સમયમાં કેટલું હડપ કરવા સમર્થ છે. પહેલાં રાજાઓ પ્રજા અને રૈયત માટે જવાબદાર હતા. હવે તો પ્રધાનો પોતાના જ ઘરો ભરતા ગયા અને પ્રજાની અવગણના કરતા ગયા. શરમ જેવું કાંઇ રહ્યું નથી. કોને ખબર હતી કે આઝાદી આવા દિવસો પણ બતાવશે? પહેલાં ક્યારેક જે નાના પાયે થતું હતું તે હવે નિત્ય કરોડો અબજોમાં થવા લાગ્યું છે. ભ્રષ્ટાચારીઓ અને રાજકારણીઓની બોલબાલા છે અને આમ પ્રજા બેહાલ છે. દરેક સ્થળે બેઇમાનીના દર્શન થાય છે.

"ના ઇજ્જતકી ચિંતા, ન ફિકર કોઇ અપમાનકી,
જય બોલો બેઇમાન કી, જય બોલો."

ઠેકઠેકાણે 'બેઇમાનોની જય હો'ના નારા ગુંજતા થયા છે. જાણે કે ઇશ્વર પશ્ચાદભૂમાં સંતાઇ ગયા હોય તેમ લાગે છે. પ્રધાનોની વણઝાર બેઇમાનીથી કરોડોનાં કૌભાંડો કરી હસતે મુખડે કોઇપણ જાતની લાજ-શરમ વિના જેલ જવા લાગ્યા છે. પહેલાં આઝાદી માટે જેલો ભરાતી હતી હવે કૌભાંડો માટે! આ બધું ક્યાંય અટકશે ખરું? ભાઇ ભાઇનો નથી રહ્યો, દીકરો બાપનો નથી રહ્યો. "આપણું" "અમારું"ની ભાવના લુપ્ત થઇ અને "મારું"ની ભાવનાએ ભરડો લીધો છે. પોતાના સ્વાર્થ માટે કોઇને પણ મારી નાખવા સુધીની ભાવનાએ જન્મ લીધો હોય તેવી પ્રતીતિ થઇ રહી છે.

"દોસ્ત દોસ્ત ના રહા, પ્યાર પ્યાર ના રહા" સમય એવો આવી ગયો કે "ફૂલ કેરા સ્પર્શથી પણ દિલ હવે ગભરાય છે" એકબીજા તરફ અવિશ્વાસની હવે પરાકાષ્ઠા આવી ગઇ હોય તેમ જણાય છે.

હવે એવા રાજકારણી-વીરલાની જરૂર છે.... કે જે આ ઊંડી ગર્તામાંથી બહાર લાવીને સામાન્ય પ્રજાને સુખેથી જીવન જીવવા માટે નક્કર કામગીરી કરે.

આ કાળા ડિબાંગ અંધારામાં પણ આશાની એક વીજળી ઝબકતી દેખાય છે ખરી!!

અણ્ણા હઝારે જેવા વીરલાઓ હવે કમર કસી મેદાને પડ્યા છે. રાજકારણીઓ, કૌભાંડકારોને હવે ચેતી જવાનો સમય આવી ગયો છે અન્યથા ભુંડા હાલ થવાના દિવસો હવે દૂર નથી. આ સ્થિતિમાં આપણી કલ્પનાનું ભારત આકાર લેતું દેખાશે ત્યારે ગવાશે કે "ફુલ કેરા સ્પર્શથી પણ દિલ હવે હરખાય છે"

માનવ મનમાં હવે ચેતના પ્રગટી છે અને તે બોલી ઊઠે છે કે.... "વસુંધરાનું વહાલું વસુ. હું માનવી માનવ થાઉં તોય ઘણું."

*૨૯, શારદા કોલોની, થર્ડ સ્ટેજ,*
*૭મો મેઇન રોડ, બસવેશ્વર નગર,*
*બેંગ્લોર-૫૬૦ ૦૭૯.*
*મો. ૯૩૪૨૪૨૪૦૬૩*

## પ્રતિબિંબ

એક ગામની બહારના ઉપવનમાં એક વૃદ્ધ માણસ બેઠો હતો. બહારગામથી આવતા એક મુસાફરે એને પૂછ્યું : 'આ ગામના લોકો કેવા છે?'

'તમે ક્યાંથી આવો છો? એના લોકો કેવા હતા?' વૃદ્ધે સામો પ્રશ્ન પૂછ્યો.

'ત્યાંના લોકો તો સારા હતા. ખરેખર હું ત્યાં ખૂબ સુખી હતો.'

'આ ગામના લોકો પણ ખૂબ સારા છે.' વૃદ્ધે કહ્યું.

થોડીવાર પછી બીજા એક મુસાફરે આવીને વૃદ્ધને એ જ પ્રશ્ન પૂછ્યો : 'આ ગામના લોકો કેવા છે?'

વૃદ્ધે પણ સામે તેને એવો જ પ્રશ્ન પૂછ્યો, 'તમે છેલ્લે જે ગામમાં હતા તેના લોકો કેવા હતા?'

'ત્યાંના માણસો - ઓહ! ત્યાંના માણસો હલકટ, સ્વાર્થી અને દયા વગરના, ક્યારેય કોઈને મદદરૂપ ન થાય એવા.'

'મને લાગે છે કે આ ગામમાં પણ તમને એવા જ માણસો મળશે.' વૃદ્ધે જવાબ આપ્યો.

*સદ્‌ગુણ શીખવી શકાતો નથી એને એકત્રિત કરી શકાય.*

પર્યાવરણ

# આપણું ઘર – પૃથ્વી

• "સ્વાતિ" •

આ પૃથ્વી, આ સૃષ્ટિ એક અદ્‌ભુત ચમત્કારિક જગ્યા છે. એની એક આગવી વ્યવસ્થા છે, લયબદ્ધતા (rthythm) છે. આ સૃષ્ટિ ખૂબ જ વૈવિધ્યપૂર્ણ તેમજ પ્રાકૃતિક સંપદાના વૈભવથી ભરી ભરી છે. તેની વ્યવસ્થામાં સંતુલિત સંયમ છે તો સાથે સૌની જરૂરિયાતોની પૂર્તિ પણ તેમાં નિહિત છે. આ પૃથ્વી પરનો દરેક જીવ પોતાનું ચોક્કસ કામ (role) લઇને આવ્યો છે. આ જીવો વચ્ચેના આંતરસંબંધ એવા નજાકતભર્યા છતાં મજબૂત છે કે કોઇના વગર એકબીજાને ચાલે તેમ નથી. આ આખીયે વ્યવસ્થાની વિશેષતા એ છે કે કોઇ પણ જીવ નકામો કે નુકસાનકારક નથી. આ વ્યવસ્થા એટલા માટે ચમત્કારિક અને અદ્‌ભુત છે કે તેમાં જરૂરિયાતોની પૂર્તિ એટલે કે ઉપયોગિતા-વાદની સાથોસાથ તેટલી જ સુંદરતા, ગૂઢતા અને વૈભવ પણ સમાયેલાં છે.

મનુષ્ય પણ આ વ્યવસ્થાનો એક ભાગ, એક અંગ છે. અને આમ જોવા જઇએ તો પૃથ્વી પર આવેલો સૌથી છેલ્લો જીવ. આજથી ૨ લાખ વર્ષ પૂર્વે આજનો માણસ (homo sapien) પૃથ્વી પર આવ્યો, ત્યારે પૃથ્વીની ઉંમર લગભગ ચાર અબજ વર્ષ થઇ ચૂકી હતી. એટલે કે માનવીને આ બધા વર્ષોના વારસાનો લાભ પણ ભરપૂર મળ્યો. પૃથ્વીને વૃક્ષો બનાવતા ૪૦ લાખ વર્ષ થયેલા. આ ઉપરાંત પૃથ્વી પર અનેક પક્ષી, જીવ-જંતુ, વનસ્પતિ, ખનીજ, મીઠું પાણી, વેટલેન્ડસ (જળ-પ્લાવિત વિસ્તારો), વિવિધ આબોહવા, પર્વતો, જંગલો, નદીઓ અને તેના ખીણપ્રદેશો, બરફાચ્છાદિત પ્રદેશો, રણો વગેરેની વિવિધતાપૂર્ણ રચના થયેલી હતી. જ્યારે માણસે આ ધરતી પર આકાર લીધો ત્યારે, આપણે આગળ જોયું તેમ જમીન, પાણી અને જીવસૃષ્ટિ વચ્ચે ન બદલાઇ શકે તેવા આંતરસંબંધો વિકસેલા હતા. શરૂઆતના વર્ષો બાદ કરીએ તો ખેતીની શોધ એ માનવજાતના ઇતિહાસમાં મોટી ક્રાંતિ હતી. હજી આજે પણ અડધી માનવ વસતિ જમીન ખેડે છે. ખેતી એટલે ધૈર્ય, સમર્પણ, ત્યાગ અને કઠોર પરિશ્રમ-પેઢીઓ સુધી આ સંસ્કૃતિ વિકસતી રહી અને પ્રમાણમાં બધું બરાબર ચાલ્યું.

પરંતુ, માણસે જેવી કોલસો, ગેસ અને તેલની શોધ કરી તેવી જ વાત બદલાવા માંડી. ધરખમ ફેરફારો થયા. જે બધી વસ્તુઓ હાથથી થતી હતી તેને બદલે સમય, શક્તિનાં પરિમાણો બદલાઇ ગયા. ન સમયનું બંધન રહ્યું, ન સુવિધાઓનું. અને તે પછીના પચાસ વર્ષમાં તો દુનિયા એવી બદલાઇ ગઇ, જેવી અગાઉ ક્યારેય ન હતી. માનવજાતની દરેક પ્રવૃત્તિની ઝડપ વધતી ગઇ ને વધતી જ રહી. સૌથી મોડા આવેલા માણસે પૃથ્વી પરના દરેક સ્થળ અને ક્ષેત્ર પર પોતાનો કબજો જમાવી લીધો.

છેલ્લા ૬૦ વર્ષમાં દુનિયાની વસતિ ત્રણ ગણી થઇ ગઇ. સાથે જ શહેરીકરણ વધ્યું. તેની સાથે જ ઊર્જાની જરૂરિયાત પણ અમાપપણે વધતી જ ગઇ. વિકાસનું માપદંડ પણ એ જ ગણાવા માંડ્યું. જે દેશ વધુ ઊર્જા વાપરે તે વધુ વિકસિત! દુનિયા 'અમેરિકન ડ્રીમ'ની પાછળ દીવાની થઇ. શું છે આ અમેરિકન ડ્રીમ? લોસ એન્જલસ એ ઉ. અમેરિકાના પશ્ચિમ કિનારે આવેલું ૧૦૦ કિ.મી. લાંબું શહેર છે, જેમાં તે શહેરની વસતિ જેટલી જ મોટરકારો છે! આજે મોટરકાર - વાહન હોવું એ સુવિધા, પ્રગતિ અને પ્રતિષ્ઠાનું પ્રતીક માનવામાં આવે છે. જરા કલ્પના કરો કે દુનિયાના બધા દેશો જો આ મોડેલ અપનાવે તો શું થાય? દુનિયામાં નહીં નહીં તોય પાંચ અબજ વાહનોની જરૂર પડે! એટલી કારો બનાવવામાં ને પછી તેને ચલાવવામાં કેટલા કુદરતી સંસાધનો ખતમ થાય?

લાખો વર્ષોથી સંગ્રહ થયેલી ખનીજ સંપત્તિનો પણ ખૂબ જ ઝડપથી ઉપયોગ થઇ રહ્યો છે. એક અંદાજ પ્રમાણે આ સદી પૂરી થાય ત્યાં સુધીમાં આપણે કુદરતી સંસાધનોના મોટા ભાગના ભંડારો પૂરા કરી દીધા હશે! માનવજાત 'પ્રગતિ' અને વિકાસની ભ્રમજાળમાં જાણે એ ભૂલી જ ગઇ કે કુદરતી સંસાધનો આખરે તો સીમિત છે. આ બધા સંસાધનોનો મોટો ભાગ ઉદ્યોગો માટે વપરાય છે. એક બહુ મોટો પ્રશ્ન પરિવહન (transport)નો છે. આજે મોટાભાગની જીવન જરૂરિયાતની વસ્તુઓને તેના ઉત્પાદન કેન્દ્રથી તેના વપરાશના સ્થળે પહોંચવા માટે ૧૦૦૦ કિ.મી.નું અંતર કાપવું પડે છે. દર વર્ષે સમુદ્ર દ્વારા જુદા જુદા માલસામાનના ૫૦ કરોડ કન્ટેઇનર્સની હેરફેર કરવામાં આવે છે. વિશ્વના મુખ્ય કેન્દ્રોને ધમધમતા રાખવા માટે આ જરૂરી મનાય છે. દુબઇ વિશ્વનું આવું એક કેન્દ્ર છે - જ્યાં અશક્યને શક્ય બનાવાય છે! અહીં જાતજાતના કૃત્રિમ ટાપુઓ પર સિમેન્ટ કોંક્રિટની મોંઘામાં મોંઘી ઇમારતો ખડી કરવામાં આવી છે. દુબઇ પાસે અન્ય કુદરતી સંસાધનો ખૂબ જ ઓછા પ્રમાણમાં છે. પરંતુ, ત્યાં તેલના ભંડોરાના ભંડારો છે તેથી તે તેલના પૈસા વડે વિશ્વની ઇચ્છે તે ચીજ ખરીદી શકે છે. પછી તે માણસ હોય કે ટેકનોલોજી દુબઇમાં ખેતી થતી જ નથી, પરંતુ અહીં વિશ્વભરની કોઇ પણ વાનગી કે ફળ મળી

*ક્રોધ ખરાબ છે, કારણ કે પહેલાં પરેશાની, પછી પરસેવો અને અંતે પસ્તાવો.*

શકે છે! દુબઇને વિપુલ પ્રમાણમાં સૂર્ય ઊર્જા પ્રાપ્ય હોવા છતાં તેના ઉપયોગની ન કોઇ વ્યવસ્થા છે ન કોઇ આયોજન. હા, એટલું ખરું કે અહીંની આધુનિકતા દુનિયાને આશ્ચર્યચકિત કરતા ક્યારેય થાકતી નથી! દુબઇ હવે દુનિયાભરના ધનિકોનું અંતિમ લક્ષ્ય (સ્વર્ગ?) છે. પરંતુ હકીકત તો એ છે કે આ દુનિયામાં દુબઇ જેટલી બીજી કોઇ જગ્યા કુદરતથી દૂર નહીં હોય! અને છતાં કુદરત પર આધારિત! આવા કેન્દ્રો બીજું કાંઇ નહીં પણ ઊર્જાનું ભક્ષણ કરનાર રાક્ષસો છે! ક્યારે જાગીશું આપણે?

અમેરિકાના ખેડૂતો જે અનાજ પકવે છે તેમાંનું મોટાભાગનું લોકો માટે નહીં પરંતુ પશુઓ માટે વપરાય છે. તેમનો એક મોટો પ્રશ્ન વધારાના અનાજનો ઉપયોગ કેવી રીતે કરવો તે છે. આધુનિક ખેતીની પદ્ધતિઓએ અમર્યાદ માત્રામાં રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓ વાપરી, તેને કારણે જે નુકસાનો થયા છે તેને વિશે તો એક જુદો લેખ લખવો પડે. ટૂંકમાં, હવા-પાણી અને જમીનના પ્રદૂષણના પરિમાણો બદલાઇ ગયા. ભૂગર્ભજળ સુદ્ધાં પ્રદૂષિત થઇ ગયા.

નીચે જંતુનાશકો અને ઉપર પ્લાસ્ટિક એ છે આજના યુરોપના શાકભાજીના ખેતરોનું દશ્ય! અને આવી રીતે પકવેલી વસ્તુઓ પહોંચે છે સુપર માર્કેટમાં. જેમ વધુ વિકાસ તેમ તે દેશની પ્રજા વધુ માંસાહાર કરે. અને આ માંગને પહોંચી વળવા માટે ઠેર ઠેર (Concentration Camp) જેવા પશુઘરો, જેમાં હજારો એકર સુધી ઘાસનું એક તણખલું પણ નજરમાં ન આવે પરંતુ, અહીં મોટી સંખ્યામાં એક સાથે રાખવામાં આવતા પશુઓને ખવડાવવા એકબાજુથી આવતી ટ્રકો સોયાબીન, પ્રોટીન વગેરેની દાણ લેતી આવે છે તથા બીજી તરફથી રવાના થતી હજારો ટ્રકો આ પશુઓનું માંસ સુપર માર્કેટમાં વેચવા લઇ જાય છે. આ પણ એક કારખાનું જ છે. જીવતા જાગતા પશુઓનું માંસ મેળવવા માટેનું કારખાનું. બસ એક જ લક્ષ્ય છે. ગતિ... ગતિ... ગતિ...

આજની કૃષિ જૈવ વિવિધતા ખતમ કરી રહી છે. (ખેડૂતોએ વિકસાવેલા અનેક પાકોમાંથી ૩/૪ જાતો આજની ખેતીએ ખતમ કરી દીધી છે) અગાઉ કરતા ઘણી વધુ સુવિધાઓ ઊભી થઇ ખરી, પરંતુ પરિણામ એ આવ્યું કે આપણે સંપૂર્ણપણે ખનીજતેલ પર આધારિત થઇ ગયા. આ નવી દુનિયા છે. ૧ કિલો બટાકાના ઉત્પાદન માટે = ૧૦૦ લીટર પાણીની જરૂર પડે છે. ૧ કિલો ચોખાના ઉત્પાદન માટે = ૪૦૦૦ લીટર પાણીની જરૂર પડે છે. ૧ કિલો માંસના ઉત્પાદન માટે = ૧૩,૦૦૦ લીટર પાણીની જરૂર પડે છે. (આ ગણતરીમાં ફક્ત ઉત્પાદનને લક્ષ્યમાં રાખ્યું છે. - પરિવહનને નહીં) આમ, આજની કૃષિ પણ સંપૂર્ણપણે ખનિજતેલ આધારિત થઇ ચૂકી છે.

એક જમાનાની જોર્ડન નદી આજે ઝરણા જેવી બની ગઇ છે. એનું પાણી શાકભાજી અને ફળોના સ્વરૂપે દુનિયાભરનાં સુપર માર્કેટ્સમાં પહોંચી ચૂક્યું છે. અને જોર્ડન કંઇ અપવાદ નથી, દુનિયામાં આજે દર ૧૦ નદીએ ૧ નદી હવે વર્ષના ઘણા મહિનાઓ સુકાયેલી જોવા મળે છે. એક જમાનાની કોલરાડો જેવી મોટી નદી પણ આજે દરિયા સુધી પહોંચતી નથી. જે ઘણા શહેરોને પાણી પૂરું પાડતી હતી.

આપણો દેશ તો પાણીની ગંભીર સમસ્યાનો સામનો કરી જ રહ્યો છે. સિંચાઇ માટે મોટા પ્રમાણમાં ભૂગર્ભજળ ઉલેચાઇ રહ્યું છે. છેલ્લા ૫૦ વર્ષમાં ૨ કરોડ કૂવાઓ ખોદવામાં આવ્યા છે. આ કૂવાઓ પણ પ્રતિવર્ષ ઊંડાં જ થતા જાય છે. પશ્ચિમ ભારતના રાજ્યોમાં આજે ૩૦% કૂવાઓ તો સુકાઇ જવાને લીધે નકામા પડ્યા છે. એક અંદાજ પ્રમાણે ૨૦૨૫ની સાલ સુધી પાણીની તંગી ૨ અબજ લોકોને અસર કરશે તેવી શક્યતા છે.

ક્યાં સુધી આ બધું ચાલ્યા કરશે?

પૃથ્વી હવે આનાથી વધુ સહન કરી શકે તેમ નથી.

છેલ્લા ૪૦ વર્ષમાં વિશ્વના સૌથી વિશાળ એવા વર્ષા વનો (rain forests) - Amazon Forests ૨૦% જેટલા કાપી નાંખવામાં આવ્યા છે. આ ખાલી પડેલી જમીનોમાં પ્રાણીઓ તેમજ સોયાબીનના ખેતરો બનાવવામાં આવ્યા છે. જેનો ઉપયોગ પ્રાણીઓને ખવડાવવામાં થાય છે. ટૂંકમાં સદીઓ જૂના એમેઝોનના જંગલોનું રૂપાંતર માંસમાં થઇ રહ્યું છે!

આફ્રિકા ખંડમાં નાઇજીરિયા ખનીજતેલની સૌથી વધુ નિકાસ કરનારો દેશ હોવા છતાં તેના ૭૦% નાગરિકો ગરીબી રેખા નીચે જીવે છે. ધન છે પણ તે દેશના નાગરિકો માટે નહીં. આ તો એક દાખલો છે. પરંતુ, દુનિયાભરમાં આ જ પરિસ્થિતિ છે. દુનિયામાં ૫૦% ગરીબો કુદરતી-સંસાધનો જ્યાં મોટા પ્રમાણમાં મળી આવે છે તેવા દેશોમાં વસતા હોવા છતાં તેમને ગરીબીનો સામનો કરવો પડે છે અને પ્રાથમિક સુવિધાઓના અભાવમાં જ જિંદગી કાઢવી પડે છે. આજે દુનિયાના ૨% લોકોના હાથમાં દુનિયાનું ૫૦% ધન છે. ગરીબી અને અમીરી વચ્ચે આટલી મોટી ખાઇ અગાઉ ક્યારેય ન હતી. ફરી એકવાર ભૂખમરો મોટા પાયે ફેલાઇ રહ્યો છે. આજે આશરે એક અબજ લોકોને પૂરતું ખાવાનું મળતું નથી.

આજે માનવજાત જે પ્રકારનો વિકાસ કરી રહી છે અને જે રીતે સંસાધનોનો ઉપયોગ કરી રહી છે તે બેકાબૂ બની ચૂક્યું છે, પરંતુ આનું માપ કેવી રીતે કાઢવું? આ પ્રશ્નનો જવાબ શોધવા માટે “ecological footprint”ની ગણતરી કરવાનું શરૂ થયું છે. આપણે આખા વર્ષ દરમ્યાન આપણી બધી જ જરૂરિયાતો સંતોષવા માટે કુદરતમાંથી જે કંઇ વાપરીએ છીએ તેનું માપ આજની ગણતરી પ્રમાણે માનવજાત દર વર્ષે ૧.૫ પૃથ્વીમાંથી જેટલા સંસાધનો મળી શકે તેટલું વાપરે છે. એટલે કે આજની તારીખમાં માનવજાતને ટકાવી રાખવા દર વર્ષે દોઢ પૃથ્વીની જરૂર પડે છે. જો આપણે આજ પ્રમાણે ઉપભોગ કરતા રહીશું તો ૨૦૩૦ની સાલ સુધીમાં આપણને ૨ પૃથ્વીની જરૂર પડશે. પરંતુ આપણી પાસે તો એક જ પૃથ્વી છે. ભારત જે પ્રમાણે સંસાધનો વાપરે છે તે પ્રમાણે તેની ecological footprint ૧ થી ઓછી છે જ્યારે ઉ. અમેરિકાની ૮ અને ઇંગ્લેંડની ૫ છે.

આમ, માણસે વારસામાં મળેલી અદ્‌ભુત વ્યવસ્થાવાળી પૃથ્વીને પોતાના ઉપયોગ માટે જ નહીં પરંતુ સુખ-સુવિધા-ઉપભોગ અને

*હંમેશાં હસતા રહેવાથી અને ખુશનૂમા રહેવાથી પ્રાર્થના કરતાં પણ વધારે જલદી ઈશ્વરની નજીક પહોંચાય છે.*

બેમર્યાદ બગાડ કરવા માટેનું સાધન જાણે કે માની લીધું. સંસાધનો એવી રીતે વાપર્યા જાણે 'આવતીકાલ આવવાની જ ન હોય!' એટલું જ નહીં, પોતે જાણે પૃથ્વીનો સ્વામી હોય અને અન્ય જીવો તથા બધા જ સંસાધનો તેની સેવા માટે નિર્માયા હોય તેવા તોરમાં તેણે આખી ecological વ્યવસ્થા (પર્યાવરણીય તંત્ર) તહેસનહેસ કરી નાંખી. પરિણામે, આજે સંસાધનોની અછતની સાથોસાથ આવીને ઊભી છે જલવાયુ પરિવર્તન (Climate Change) ની વિકરાળ સમસ્યા. આપણે જોયું તેમ સૃષ્ટિમાં નજાકતભર્યું સંતુલન છે, દરેક જીવનો એક ચોક્કસ રોલ છે. આ સંતુલન ખોરવાતા આજે ૨૫% સજીવસૃષ્ટિ પર માઠી અસરો થવાનો ખતરો તોળાઇ રહ્યો છે. જલવાયુ પરિવર્તનને કારણે ગ્રીનલેન્ડનો બરફ પીગળતા સમુદ્રનું સ્તર ૭ મીટર સુધી વધવાની શક્યતા છે. ગ્રીનલેન્ડમાં હવે બરફની જગ્યાએ તળાવો દેખાવા માંડ્યા છે. દુનિયાના મીઠા પાણીના ૨૦% ભંડારો ગ્રીનલેન્ડમાં સચવાયેલા છે. બરફ ઓગળતા આ મીઠું પાણી દરિયાના પાણીમાં ઠલવાઈ રહ્યું છે. અસંતુલનને કારણે પવનની દિશા પણ બદલાઇ રહી છે. અરે આખી ભૂગોળ જ બદલાઇ રહી છે. જલસ્તર વધવાથી દરિયાકિનારે આવેલા નીચાણવાળા ભાગો ડૂબી જવાનું જોખમ ઊભું થયેલું છે. માલદીવ આખો ડૂબી જાય તેવો અંદાજ છે. વિચાર કરો, ટોકિયો જેવા શહેરનું શું થાય? પીવાના પાણીની ખેંચ પણ વધવાની અને સ્થળાંતર અવશ્યમેવ થવાનું. અનિશ્ચિતતાઓ ખૂબ વધવાની. પ્રતિ વર્ષ, વૈજ્ઞાનિકો એવા તારણ પર આવે છે કે પરિસ્થિતિ વધુ ને વધુ વકરતી જાય છે.

હિમાલયના ગ્લેસિયર્સ ખૂબ ઝડપથી ઓગળી રહ્યા છે. આપણે જાણીએ છીએ કે આ ગ્લેસિયર્સ ઉત્તર ભારતની મોટાભાગની નદીઓમાં પ્રતિ વર્ષ તેનું પાણી ઠાલવે છે. ઉત્તર અને પૂર્વ ભારતના બે અબજ લોકો પીવાના પાણી તેમજ ખેતી માટે આ નદીઓ પર આધારિત છે. બાંગ્લાદેશની પરિસ્થિતિ તો અત્યંત કપરી છે. એક તરફ દરિયાનું સ્તર ઊંચું જવાથી તેની જમીનો જઇ રહી છે. તો, બીજી તરફ ગ્લેસિયર્સના પાણી ઝડપથી ઓગળવાથી નદીઓમાં પૂર આવતા સર્વનાશ ફેલાય છે. બાંગ્લાદેશ પહેલેથી જ ગરીબી અને ભૂખમરાનો સામનો કરતો આવ્યો છે. તેમાં આ હોનારતોને લીધે તેની ત્રીજા ભાગની જમીન ખતમ થઇ જાય તેવું જોખમ તોળાઇ રહ્યું છે.

સમૃદ્ધ દેશો જલવાયુ પરિવર્તનની અસરમાંથી બચી જશે એવું માનવાનું કોઈ કારણ નથી. દુષ્કાળ બધે જ ફેલાઇ રહ્યો છે. ઓસ્ટ્રેલિયામાં ખેતીની અડધોઅડધ જમીનને માઠી અસર થઇ ચૂકી છે. આટલા વર્ષોથી જે વાતાવરણે આપણને જીવાડ્યા-પોષ્યા-સમૃદ્ધ કર્યા તેનો જ આપણે નાશ કરી રહ્યા છીએ! વધુ ને વધુ શહેરો જંગલમાં લાગતી આગને કારણે નુકસાન ભોગવે છે. તેમજ જોખમ હેઠળ છે. તાપમાન વધતા આગ લાગે છે, પરિણામે, વધુ ને વધુ અંગારવાયુ હવામાં ભળે છે - જે જલવાયુ પરિવર્તન માટે જવાબદાર છે. અતિસુંદર એવા સાયબેરિયામાં એટલી ઠંડી છે કે ત્યાંની જમીન હંમેશા બરફાચ્છાદિત (થીજેલી) જ રહે છે જેને permafrost કહે છે. આ પર્માફ્રોસ્ટની નીચે મીથેન નામનો વાયુ સંગ્રહાયેલો રહે છે. આ મીથેન વાયુ એટલે બરફની સપાટી નીચે બેઠેલો ક્લાયમેટીક ટાઇમબોમ્બ છે. મીથેન એ એવો ગ્રીનહાઉસ વાયુ છે જે અંગારવાયુ કરતાં ૨૦% વધુ શક્તિશાળી છે. તેથી જ, જો આ પર્માફ્રોસ્ટ ઓગળે અને મીથેન વાયુ છૂટો પડીને હવામાં ભળશે તો ગ્રીનહાઉસ અસર એટલા મોટા પ્રમાણમાં થશે કે તેને નિયંત્રણમાં રાખી નહીં શકાય. આના પરિણામો અંગે અનુમાનો કરવા પણ અશક્ય છે. પરંતુ, વૈજ્ઞાનિકો એટલું જરૂર કહે છે કે આમ જ ચાલ્યા કરશે તો આપણી પૃથ્વીનું અસ્તિત્વ જ રહેશે નહીં. માનવજાત પાસે પાછા વળવા માટે, 'બગડેલું સુધારવા' માટે માત્ર દસ જ વર્ષ બચ્યા છે. હમણાં નહીં જાગ્યા તો જાગવા માટે આપણે બચવાના નથી.

તેથી જ, હવે 'રૂક જાવ' કહેવાની વેળા આવી ગઇ છે. હવે બધા જ ભેદભાવ-સીમાઓ છોડીને માનવજાતે ભેગાં મળીને પોતાનો માળો-પૃથ્વી બચાવવાના કામમાં લાગી જવું પડશે. જુદા જુદા દેશોમાં તેમજ આંતરરાષ્ટ્રીય ધોરણે સમુદ્રો, તળાવો, જંગલો બચાવવાના પ્રયત્નો મોટા પાયે શરૂ થઇ ગયા છે જે આવકારદાયક છે. આપણને હજી પણ જો કોઈ બચાવી શકે તેમ હોય તો તે એક જ વસ્તુ છે માણસ અને કુદરત વચ્ચેની સુસંવાદિતા.

દક્ષિણ કોરિયામાં ૭૫% કાગળને ફરીથી બનાવવામાં આવે છે. (Recycle કરાય છે).

કોસ્ટારીકાએ પોતાનું સૈન્ય (Army) કાઢી નાંખ્યું છે. તેણે ઠરાવ્યું છે કે સેના પાછળ જે ખર્ચ થતો હતો તેમાંથી હવે તે જંગલ બચાવવાનું તેમજ શિક્ષણનું કાર્ય કરશે.

જર્મનીમાં એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે. અહીં ફાયબર્ગને ecofriendly જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. અહીં ૫૦૦૦ લોકોના એક સમૂહે પોતે જેટલી ઊર્જાનું ઉત્પાદન કરી શકશે તેટલી જ ઊર્જા વાપરવાનું ઠરાવ્યું છે. આ પ્રયોગની વાત દુનિયાભરમાં ફેલાઇ રહી છે. આવો પ્રયોગ ૧૦૦૦ શહેરો કરશે જેમાં મુંબઇનો પણ સમાવેશ થાય છે.

આઇસલેન્ડ, ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રીયા અને સ્વીડને ઠરાવ્યું છે કે વૈકલ્પિક ઊર્જાસ્રોતોના વિકાસને તેઓ પ્રાથમિકતા આપશે.

ડેનમાર્કે કોલસાથી વીજળીનું ઉત્પાદન કરતા વીજમથકની ડિઝાઇનમાં એક મહત્ત્વનો ફેરફાર શોધી કાઢ્યો છે. હમણાં જે ડિઝાઇન પ્રચલિત છે તેમાં આવા વીજમથકો હવામાં કાર્બન છોડે છે, તેને બદલે આ નવું શોધાયેલ વીજમથક જમીનમાં કાર્બન મુક્ત કરશે - જેથી હવાનું પ્રદૂષણ રોકી શકાશે.

આઇસલેન્ડમાં Geothermal વીજમથક શોધાયું છે. પૃથ્વીની ગરમીથી ચાલતું વીજમથક.

Sea Snake નામનું સાધન-દરિયામાં પડી રહેતી જાણે રેલવે ટ્રેન હોય છે - દરિયાના મોજાંથી તે ઊંચું-નીચું, આમ-તેમ ફેંકાતું રહે છે-તેમાંથી મળતી ગતિને કારણે વીજળીનું ઉત્પાદન થાય છે.

અમેરિકા, ચીન અને ભારત મોટા પ્રમાણમાં પવન ઊર્જા મેળવવા માટેના પ્રયત્નો કરી રહ્યા છે, અને પૃથ્વીનું કોઇ એવું સ્થળ નહીં હોય જ્યાં પવન ન હોય!

આપણા સૂરજદાદા એક કલાકમાં એટલી

*આપણે શું સમયને માપવાના હતા? સમય જ આપણને સમયાંતરે માપતો રહે છે.*

ઊર્જા આપે છે, જેટલી માનવજાત એક વર્ષમાં વાપરે છે. સવાલ, માત્ર તેનો ઉપયોગ કરવાનો છે.

આ બધા જ પ્રયોગો છે - પણ કરવા જેવા. આ પ્રયોગો નવી જાગૃતિના પ્રતીક છે- નવા જમાનાના માણસના સાહસ, બુદ્ધિ તેમજ પ્રગતિના દ્યોતક છે. આ જમાનો વહેંચીને વાપરવાનો જમાનો છે. એ મહત્ત્વનું નથી કે આપણી પાસે કેટલી સંપત્તિ છે, જોવાનું એ છે કે શું બચી શકશે. આપણી પાસે હજી પણ અડધોઅડધ જંગલો, હજારો નદીઓ, ગ્લેસીયર્સ અને જીવસૃષ્ટિ પણ છે જ. આપણે જાણીએ છીએ કે ઉપાયો પણ છે જ.

ચાલો શરૂઆત કરીએ જવાબદાર બનવાની. શું ખરીદીએ છીએ, શું ખાઇએ છીએ, શું વાપરીએ છીએ, કેવું વર્તન કરીએ છીએ તેનો વિચાર કરીએ. આપણે બધા જ, હા બધા જ આ દુનિયાને બદલવાની શક્તિ ધરાવીએ છીએ. તો રાહ શાની છે, મિત્રો? આવો, આગળનું ભવિષ્ય આપણા હાથમાં છે.

*(આ લેખમાંના આંકડા Yann Arths Bertandની ૨૦૦૯માં બનાવેલ ફિલ્મ Home માંથી લીધા છે.)*

***સંકલન : હેમચંદ ખીંયશી ગડા***
***એ-૭૦૪, સતગુરૂ શરણ-૨, ચાફેકર બંધુ માર્ગ, મુલુંડ (ઇસ્ટ),***
***મુંબઈ-૪૦૦ ૦૮૧. મો. ૯૮૧૯૮ ૨૩૭૨૩***

## નૂતન વર્ષ (૨૦૧૨)નો સંદેશ

૧ જાન્યુઆરી, ૨૦૧૨થી નવું વર્ષ શરૂ થશે. ગત વર્ષના સવાર-બપોર-સાંજ પસાર થઈ ગયા. દિવસો વિત્યા... મહિનાઓ વિત્યા... પૂરું વર્ષ વિતી ગયું - સમયની આ ઘટમાળ ચાલુ છે અને ચાલુ રહેવાની છે. સમય સમયનું કામ કરે જ જાય છે. ભવિષ્યની કોઇને ખબર નથી. ગયેલો સમય ફરી પાછો આવવાનો નથી.

દેવોને પણ દુર્લભ એવો આ મનુષ્ય જન્મ આપણને મળ્યો છે, તે આપણું સદ્‌ભાગ્ય છે.

તો હવે આપણે શું કરવાનું છે, તે વિચારવાનું છે. યંત્રવાદ, ભૌતિકવાદમાં આપણે ભૂલા પડ્યા છીએ. ખૂબ નિમ્નકક્ષાએ આપણે પહોંચી ગયા છીએ. સ્વ અને પરનું કલ્યાણ થઇ શકે તેવો માર્ગ મહાપુરુષોએ આપણને બતાવ્યો છે, પરંતુ તે માર્ગે આપણને જવું નથી! ભારતીય સંસ્કૃતિ જેવી સંસ્કૃતિ વિશ્વભરમાં ક્યાંય નથી... દુઃખની વાત એ છે કે હવે આપણે ભારતીય સંસ્કૃતિથી વિમુખ થઇ રહ્યા છીએ!!!

ભારતીય સંસ્કૃતિમાંથી આધ્યાત્મિક-તત્ત્વો શોધીને અમેરિકનો માનસિક શાંતિ મેળવી રહ્યા છે! જ્યારે આપણે તેને તિલાંજલિ આપી દુઃખી થઇ રહ્યા છીએ!

ખરેખર ખૂબ વિચારવાની જરૂર છે-

અંગ્રેજીમાં એક કહેવત છે : 'Time and Tide wait for none.'

સમય અને દરિયાની ભરતી કોઇની રાહ જોતાં નથી.

વર્ષ ૨૦૧૨ના મંગળ-પ્રભાતથી જ કલ્યાણકારી કાર્ય શરૂ કરી દઇએ... આપણે સૌ...

"સ્વ અને પર"ના કલ્યાણ કાર્યમાં લાગી જઇએ.

***સાભાર : જીવન શિલ્પ***

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)***

તંદુરસ્તી

# કેન્સર મટી શકે છે

• 'પ્રવાસી' •

આજે કેન્સર એક એવો રોગ છે જેનાથી માણસ સૌથી વધુ ડરે છે. તેનું નિદાન થતાંજ દર્દી તેમજ તેના કુટુંબીજનોમાં હાહાકાર મચી જાય છે. દર્દી માનસિક રીતે તૂટી પડે છે. પરંતુ હકીકતમાં એટલું ડરવા જેવું નથી. કેન્સરનો ડર મનમાંથી કાઢી નાંખો અને તમે આદું ખાઇને તેની પાછળ ન પડો - ખોટી treatment ન કરો તો તે બિલકુલ નિરુપદ્રવી છે. કાળો નાગ તમારા આંગણાંમાંથી પસાર થતો હશે ત્યારે તમે તેના પર લાકડીથી હુમલો ન કરો અને શાંતિથી જોયા કરો તો તે પોતાને રસ્તે, તમને કાંઇ પણ તકલીફ પહોંચાડ્યા વિના ચાલ્યો જશે. પરંતુ માણસ ડરે છે. એ નાગ હુમલો કરે તે પહેલાં જ તેને લાકડીથી ફટકારે છે. જો નાગ ન મર્યો અને ઘાયલ થઇને છટકી ગયો તો બદલો જરૂર લેશે. બસ કેન્સરનું પણ આવું જ છે. એ નાગ જેટલો જ નિરુપદ્રવી છે. જો તમે તેના પર હુમલો ન કરો ત્યાં સુધી, જો તમે Chemotherapy કે Radiation જેવા હથિયારોથી તેના પર હુમલો કરશો તો કેન્સરના cells (કોષો) તમારા હુમલાથી બચવા, શરીરના બીજા કોઇ સુરક્ષિત સ્થળે ઘૂસી જશે અને સમય આવ્યે, પૂરી તૈયારી કર્યા બાદ, વળતો હુમલો જરૂર કરશે. નાગનો વળતો હુમલો ભયાનક હોય છે. એ વેર લઇને જ જંપે છે. તેવું જ છે કેન્સરના બારામાં; તે દર્દીને રિબાવી રિબાવીને મારે છે. **ફરી Chemotherapy કે Radiationથી બચાવ થઇ શકતો નથી.** કેન્સર સાથેના મારા અનુભવો અત્રે હું રજૂ કરું છું.

૧૯૯૪ની સાલ : મારા એક મિત્ર - ઉંમર વરસ ૪૦. ઓચિંતું નાકમાંથી લોહી પડવાનું ચાલુ થયું. બે ત્રણ વખત આવી તકલીફ થતાં હોસ્પિટલમાં લઇ જવાયા. મોટી હોસ્પિટલમાં નિદાન થયું બ્લડ કેન્સર. એકાદ મહિનો ત્યાં થોડી ઘણી સારવાર થઇ. પરંતુ મહિના બાદ ખરચી ખતમ થતાં, ઘરે લઇ જવાની હોસ્પિટલમાંથી રજા મળી. ડોક્ટરોએ જણાવ્યું કે કદાચ મહિનો માસ કાઢે.

ઘરે જતાં પહેલાં ઘઉંના જવારાના બારામાં તેમને થોડી માહિતી મળેલી. ઘઉંના જવારા પર એક નાની પુસ્તિકા પણ મળી ગઇ. 'ડૂબતો તરણાંને ઝાલે' એ ન્યાયે ઘરે જઇને તેમણે ઘઉંના જવારાનો પ્રયોગ ચાલુ કર્યો. ઘઉંના જવારાનો રસ લેવાનું ચાલુ થઇ ગયું. ઘઉંના જવારાનો રસ લીધા બાદ, ડોક્ટરો તરફથી મળેલ એકાદ મહિનાની મુદત લંબાઇ ગઇ. શરૂઆતમાં વધુ સુધારો ન જણાયો પણ શરીર ટકી ગયું. બે ત્રણ મહિના નીકળી ગયા. જવારાનો પ્રયોગ ચાલુ રહ્યો. પાંચ-છ મહિનામાં સારો એવો સુધારો જણાયો. દોઢ-બે વરસના અંતે નખમાં પણ રોગ નહોતો રહ્યો. વજનમાં સારો વધારો થયો હતો. શરીરનો રંગ લાલ ટમાટા જેવો થયો હતો અને સંપૂર્ણ તંદુરસ્તી પ્રાપ્ત થઇ હતી. હોસ્પિટલના ડોક્ટરો પરેશાન હતા. લોહીના કેન્સરના કિસ્સામાં ઘઉંના જવારાનો પ્રયોગ ૧૦૦ ટકા અકસીર પુરવાર થયો હતો. ઘઉંના જવારાના રસ તથા લોહીના compositionમાં ઘણું સામ્ય છે. જવારાનો રસ ખરાબ લોહીને Replace કરીને દર્દીને જલદી સારો કરે છે.

વરસ ૨૦૦૦નું. દર્દીની વય ૫૮ વરસ. જીભમાં ચાંદું હતું. દાંતના ડોક્ટર પાસે જતાં તેણે તૂટેલા દાંતને ઘસી આપ્યો. થોડા દિવસ ઠીક જણાયું. પણ ફરી તકલીફ ચાલુ થઇ. ૪-૬ મહિના બાદ તકલીફ ચાલુ રહેતાં, બીજા ડોક્ટરને બતાવ્યું. તેમણે શંકા વ્યક્ત કરી — કદાચ Cancer હોય. એક મહિનાની દવા ઇંજેક્શન આપી જણાવ્યું કે એક મહિનામાં આ દવાથી જો સારું ન થાય તો સમય વેડફશો નહિ. સીધા Biopsy કરાવી treatment ચાલુ કરજો. બીજા કોઇ ડોક્ટર પાસે કે મારી પાસે પણ આવવાની જરૂરત નથી.

એક મહિનાના અંતે કાંઇ સુધારો જણાયો નહિ. દર્દીને તો અગાઉથી શંકા હતી. હવે ખાતરી થઇ ગઇ કે દરદ તો કેન્સર જ છે. તેણે બીજા કેન્સર પીડિતોની હાલત જોયેલી. તેને Cancerની Allopathic treatment લેવાનું ઉચિત ન જણાયું. જરૂરી એવાં કામો નીપટાવવાનું શરૂ કર્યું. ૬-૮ મહિનામાં જરૂરી એવાં કામો પતાવી લીધાં. હવે થાક જણાતો હતો. અવારનવાર તાવ આવી જતો હતો. પરંતુ જરૂરી અગત્યનાં કામો પતી ગયેલ જેથી નિરાંત હતી. બીજા ૨-૪ મહિના નીકળી ગયા. પીડા હજુ સહ્ય હતી.

ત્યાં એક દિવસે ઘરનાં સભ્યોએ, નબળી થતી જતી તબિયતનો કાંઇ પણ ઇલાજ કરવા દબાણ કર્યું. અગાઉ ડોક્ટરે કરેલ નિદાનની વાત અત્યાર સુધી ઘરમાં તેણે કોઇને કરી નહોતી. પોતાની તબિયત કથળતી જતી હતી તે છુપાવવું પણ હવે તેને સારું નહોતું લાગતું અને પોતાને મોઢે કાંઇ પણ કહેવાનું તેને ઉચિત નહોતું જણાતું.

ઘરના સભ્યો સાથે તે ફરી જૂના ડોક્ટર, જેણે કેન્સરની શંકા વ્યક્ત કરેલી તેની પાસે પહોંચ્યો. ડોક્ટર તેને જોતાં જ બરાડી ઊઠ્યો. "હજુ તું આમજ, કાંઇ પણ કર્યા વગર, ફર્યા કરે છે?" તેણે તરત જ પોતાના ઓળખીતા ડોક્ટર પર Biopsy માટે ભલામણ ચિઠ્ઠી લખી આપી.

દર્દીને તો ખબર હતી, પરંતુ ઘરના અન્ય બે સભ્યો જેઓ સાથે ચાલેલા તેમના પર તો આભ તૂટી પડ્યું. કેન્સરનું નામ

*કશું જ કાયમ માટે નથી રહેતું. પીડા અને મુશ્કેલીઓ પણ તેમાં સામેલ છે.*

સાંભળીને તેમના હોશ-હવાસ ઊડી ગયા. પરંતુ તેણે સૌને સમજાવી શાંત કર્યા. ઘરે આવ્યા બાદ વિચાર-વિમર્શ કરી, કૌટુંબિક પરિસ્થિતિને લક્ષમાં રાખી, ત્રણે જણાએ સંપૂર્ણ ચૂપકીદી સેવવાનું નક્કી કર્યું. દર્દીએ કહી દીધું કે તેની allopathy treatment લેવાની કોઇ ઇચ્છા નથી કે જેથી પાછળથી અસહ્ય વેદના ભોગવવી પડે. તે વૈદની દવા લેવા સહમત થયો. ચાર-છ દિવસમાં તેઓ એક સારા વૈદને ત્યાં ગયા. વૈદે નાડી જોઇને કેન્સરનું નિદાન કર્યું. સૌને આશ્ચર્ય થયું. વૈદે અઠવાડિયાની દવા આપી. પરંતુ દવા વધુ કારગત ન નીવડી. દવા પીવા કરતાં પથ્ય પાળવાનું વધુ અઘરું હતું. દવા બંધ થઇ.

હવે ઘરના બીજા બે સભ્યો તરફથી ઉપચાર કરવા માટે દબાણ થવા લાગ્યું. ઘઉંના જ્વારાના બારામાં અગાઉ સાંભળેલ. થોડી વધુ જાણકારી પ્રાપ્ત કરી, જરૂરી સામગ્રી ભેગી કરી, જ્વારાનો પ્રયોગ ચાલુ થયો. બે-ત્રણ મહિનાના અંતે વધુ સુધારો ન જણાયો પરંતુ શરીર ટકેલું હતું. આ અરસા દરમ્યાન બીજી એક દેશી દવા (ગળો)નું સૂચન થયું. જ્વારા ચાલુ હતા અને આ દેશી દવા પણ ઉમેરાઇ. બન્નેના ઉપયોગ બાદ રોગ થોડો Controlમાં જણાયો. ૨૦૦૦ના પ્રથમ ડોક્ટરી નિદાન બાદ, આ બે વરસના ગાળામાં, દરદે સારી એવી આગેકૂચ કરેલ. જીભ પરના ચાંદા સિવાય, જમણી જાંઘ પર એક અને પછી બીજી એમ બે ગાંઠ પણ નીકળેલ. ઉપરની ગાંઠ જે મોટી હતી તેની પીડા વધતી જતી હતી. ઘઉંના જ્વારાનો રસ પીધા બાદ વધેલા કૂચાને આ ગાંઠ પર લગાડવાનું ચાલુ કરેલ જેથી ઠંડક અને પીડામાં રાહત મળતી હતી. લાંબા અરસા બાદ, મોટી ગાંઠ જેની પીડા વધુ હતી તે એકદમ ફૂટી. ત્યારબાદ તેની પીડા ઓછી થઇ ગઇ. જ્વારાનો રસ પીધા બાદ, વધેલા કૂચાનો પોતા તરીકે ઉપયોગ ચાલુ હતો જેથી ગાંઠ ધીમે ધીમે ઘટતી હતી.

છેલ્લા આઠ વરસના ગાળામાં ગાંઠની Size ઘટીને અડધાથી ઓછી થઇ છે. બીજી પીડા પણ ઘટી ગઇ છે. છતાં પણ પ્રયોગ ધીરજ માંગી લે છે. કેન્સરની ગાંઠ પાંચ-દસ વરસ શરીરમાં વધ્યા કરે છે ત્યારબાદ સમજ પડે છે અને ઘટતી વખતે પણ કદાચ તેટલો જ લાંબો સમય લેતી હશે. **છતાં પણ એક વાત નિર્વિવાદ છે કે દર્દી છેલ્લા આઠ વરસથી Allopathic દવા વગર ટકી રહેલ છે. પોતાનું નિત્યકાર્ય કોઇને પણ બોજારૂપ થયા વગર સંભાળી શકે છે.** આશા છે કે સંપૂર્ણ નિરામય થઇ જશે. આ પ્રયોગ દરમ્યાન, કેન્સરના બીજા દર્દીઓ Allopathic treatment દરમ્યાન જે પીડા ભોગવે છે, તેવી પીડા ક્યારેય થઇ નથી. પોતાનું Routine work કોઇના પર બોજારૂપ થયા વગર સંભાળે છે.

આ ઘટનાથી એક સત્ય સમજાયું છે કે, કેન્સરની ગાંઠ જેની વાઢકાપ કરવામાં આવે છે તે વખત જતાં બહુજ પીડા આપે છે. ગાંઠને Radiation અપાય છે તે પણ તદ્દન બિનજરૂરી છે. કેન્સરની ગાંઠને ગરમી-શેકની નહિ પણ ઠંડકની જરૂરત છે. તેના પર ૨૪ કલાક સતત ઠંડક રાખો. પીસેલા જ્વારાનો પોતો ઠંડક આપે છે. ૪ થી ૬ કલાકમાં પોતું સૂકાઇ જાય ત્યારે બદલી નાંખો. જ્વારાનો રસ પીધા બાદ વધેલા કૂચાને ફ્રીજમાં રાખી દો અને પોતા તરીકે વાપરો. ગરમી વધુ હોય ત્યારે પોતું લગાડ્યા બાદ કપડું ભીંજાવી, નીચોવીને તેના પર મૂકો જેથી ઠંડક મળશે. કેન્સરની ગાંઠને ઠંડક આપી છોડી દો, તે તમને ઉપદ્રવ નહીં કરે. કોઇ પણ જાતની બાહ્ય તકલીફ કરશો તો અસહ્ય પીડા થશે.

આ ઘટનામાં ૨૦૦૦થી ૨૦૧૦ સુધી એટલે કે ૧૦ વરસનો ગાળો દર્દીએ કોઈ પણ એલોપેથિક દવા વગર વિતાવેલ છે. તેના દરદમાં સારો એવો ઘટાડો થયેલ છે. ગાંઠ હજુ થોડી છે જે પણ સારી થઈ જશે એવી આશા. ઘઉંના જ્વારાનો પ્રયોગ ૨૦૦૨માં ચાલુ થયેલ ત્યારે દરદ સારું એવું આગળ વધી ગયેલ. તેમાંથી આટલી રિકવરી, વગર ખર્ચે, ઓછી પીડાએ થઈ એ એક આશ્ચર્યજનક achievement જ ગણાય. કેન્સરના દર્દીની ગાંઠ ક્યારેય પણ ફૂટવાનું જાણ્યું નથી. તે પથ્થર જેવી સખત હોય છે. જ્વારાના પોતાંથી ગાંઠ ફૂટેલ અને ત્યારબાદ પીડા સહ્ય બની છે.

એલોપેથિક ટ્રીટમેન્ટમાં ગાંઠને કાપે છે. પરંતુ ત્યારબાદ થતી દર્દીની હાલત જેણે જોઈ હોય તેજ સમજી શકે છે, અન્યને તો કલ્પનામાં પણ ન આવે તેવી પીડા ભોગવવી પડે છે અને અંતે મોતને ભેટવું પડે છે. સાધારણ કિસ્સાઓમાં દોઢ-બે કે ત્રણ વરસમાં બધું સમેટાઈ જાય છે - દુઃખદ રીતે. અને દર્દીના સગાંવહાલાં આ સમય દરમ્યાન પૈસે ટકે ખુવાર થઈ જાય છે. પૈસે ટકે ખુવાર થવા છતાંય દર્દીનું બચવું લગભગ અશક્ય જેવું જ છે. એટલે તો આ દરદનો આટલો ભય છે.

દર્દીને સારા થવા માટે સ્વસ્થ માનસિક અવસ્થા ખૂબ જ મદદ કરે છે. દર્દી જૂના વેરઝેરના જખમો, ધિક્કારની ભાવના, ગુસ્સાની લાગણી વગેરેથી મુક્ત થઈ શકે તો તેની રિકવરી ઝડપી થાય છે. વિપશ્યનાનો રોજનો એક-બે કલાકનો અભ્યાસ કે મેડિટેશન ખૂબ જ ઉપયોગી થાય છે. **જૈનોની પ્રતિક્રમણ તથા સામયિકની વિધિ પણ સારું પરિણામ આપે છે.** દર્દીએ પોતે જ પોતાના ડૉક્ટર થવાનું છે. નિયમિત હળવી કસરતો પણ ખૂબ મદદ કરે છે. કેન્સરથી જરૂર સાજા થવાય છે.

અમુક સંજોગોમાં સંપૂર્ણ સાજા ન થવાય તો પણ શાંતિપૂર્વક Cancer સાથે રહીને જીવી જરૂર શકાય છે. **કેન્સરને દુશ્મન માનવાની ભૂલ કરવાની નથી. મિત્રભાવે તેની સાથે પણ રહી શકાય છે. તેનો ડર મનમાંથી કાઢી નાખવાની જરૂરત છે.** Allopathic દવાઓથી થતી અસહ્ય વેદનામાંથી દર્દી બચી શકે છે. શાંતિપૂર્વક લાંબું જીવન જીવી શકે છે અને દર્દીનાં સગાંસંબંધી દવાઓના ખરચાથી પાયમાલ થતાં બચી જાય છે.

આ બાબતમાં ડો. મનુ કોઠારી જેઓ Cancerના વિશેષજ્ઞ છે તેમનું મંતવ્ય જાણીએ. તેઓ કહે છે કે chemotherapy વગેરે દવાઓ Cancerને સારું નથી કરતી. તેઓ જ્યારે અમેરિકામાં હતા ત્યારે ત્યાંના Medical Boardના chairman સાથેનાં discussionમાં પૂછેલું કે આ દવાઓ જ્યારે કામ નથી આવતી, ઊલટું નુકસાનકારક છે તો પછી તેને બંધ કેમ નથી કરતા? જવાબ હતો "Mr. Kothari, we are involved so much that we can not leave at this stage." અમે આ દવાઓ બનાવવા એટલું

*મમતા પોષક હોય તો ખતરો નથી, શોષક હોય તો ખતરો છે.*

investment કરી ચૂક્યા છીએ કે હવે અમારાથી બંધ કરીને બહાર નીકળાય તેમ નથી. તેઓ જાણે છે કે આ દવાઓ કોઇ કામની નથી, નર્યું ઝેર છે પરંતુ તેનું Production બંધ કરીને નુકસાની વેઠવા તૈયાર નથી. આ છે આજની દુનિયા. ડૉ. કોઠારીના પિતાજીને પણ કેન્સર હતું અને તેઓ Chemotherapy કે Radiation જેવી treatment વગર Cancerની જાણ થયા બાદ ૧૩ વરસ જીવેલા અને શાંતિપૂર્વક મોતને ભેટેલા.

(ડૉ. મનુ કોઠારીના એક પ્રવચનમાંથી. તેઓ કેન્સર વિશેષજ્ઞ છે અને ડૉ. લોપા મહેતા સાથે “Nature of Cancer”ના લેખક છે.)

આપણે પ્રાણી જગતમાં જોયું છે કે દેશમાં ગાયો તથા બળદોને શરીર પર ગાંઠ જેવું નીકળતું. જેને દેશમાં રસોળી કહેતા. **રસોળી સાથે જાનવરોને ઘણાં વરસો સુધી જીવતાં જોયેલ છે. આ રસોળી, એ બીજું કાંઇ નહિ પણ કેન્સર જ છે. એને વાઢકાપ કરવાની જરૂરત ક્યારેય જણાઇ નહોતી.**

ઘઉંના જવારા સાથે બીજી દેશી દવા ગળો જણાવેલ છે જેને ગડુવર પણ કહે છે અને તેની વેલ લીંબડાના ઝાડ પર ચડે છે, તેને હિંદીમાં ‘ગીલોય’ કહે છે અને રામદેવબાબા જેને Cancerની ખાસ દવા બતાવે છે. તેમજ Swine flueમાં તેના બે પાંદડાં રોજ સવારના ચાવો તો ફ્લુ તમારાથી દૂર રહે છે. ■

## તુલસી હાય ગરીબ કી....

રાવણને સતત ડર લાગતો હતો. તે જન્મથી બ્રાહ્મણ હતો. વિદ્વાન હતો. શક્તિશાળી હતો અને શિવભક્ત હતો, તપસ્વી હતો. તેની આખી લંકા નગરી સોનાની હતી. પ્રજા સુખી હતી. મંદોદરી જેવી પતિવ્રતા પત્ની હતી. વિભીષણ જેવો નીતિમાન ભાઇ હતો. યુદ્ધમાં ઇન્દ્રને હરાવે તેવો મેઘનાદ નામનો પુત્ર હતો. નીતિપૂર્ણ સલાહકારો હતા... તેની પાસે શું ન હતું? તેની પાસે બધું જ હતું પરંતુ તેણે એક ખોટું કાર્ય કરી નાખ્યું. મર્યાદા પુરુષોત્તમ રામ ભગવાનના પત્ની સીતા મૈયાનું તેણે બળજબરીથી અપહરણ કર્યું. બસ... તેના સમગ્ર પુણ્યને ભસ્મીભૂત કરવા માટે તે દુષ્ટકર્મ પૂરતું હતું. સીતાજીના અપહરણ બાદ તે રાત દિવસ ભયભીત અવસ્થામાં રહેતો. તે શાંતિથી સૂઇ શકતો નહીં. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે જેણે આતતાયી કાર્ય કર્યું હોય તે શાંતિથી સૂઇ શકે નહીં... જે શાંતિથી સૂઇ શકે નહીં તે શાંતિથી જાગી શકે નહીં. આ સૈદ્ધાંતિક વાત છે. વધુમાં જે શાંતિથી જીવી શકે નહીં તે શાંતિથી મરી શકે નહીં.

આવી વ્યક્તિનું પૃથ્વી પરનું અસ્તિત્વ નકામું થઇ જાય છે. રાવણનું જીવન હરામ થયું હતું. તે જીવતાં જ મૂઓ હતો. તે મૂઓ અને આખી લંકા બળીને ખાખ થઇ ગઇ... માટે કોઇનું બગાડશો નહીં. રખે કોઇ પવિત્ર કે ભગવદીય ઝપટમાં આવી જાય તો ખરાબ કરનારનું ખરાબમાં ખરાબ થાય છે.

તુલસીદાસે તેથીજ કહ્યું છે કે, ‘તુલસી હાય ગરીબ કી, કભી ન ખાલી જાય... મૂએ ઢોર કે ચામસે લોહા ભસ્મ હો જાય...’

ગરીબ એટલે પૈસા વગરનો નહીં પરંતુ જે કાંઇ કરી શકતો નથી, જે સાત્ત્વિક છે, સજ્જન છે, જેને ભગવાન ભરોસો છે તેની વાત છે. જીવતા વાયરને અજાણતા પણ અડી જવાય તો તેનો પ્રાણઘાતક કરંટ લાગે જ.

***ગુલાબચંદ ધારશી રાંભિયા***

ઇતિહાસ

# "શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ"નો ઇતિહાસ

## પ્રકરણ-૧

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

## પ્રસ્તાવના

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તા. ૧૪-૪-૨૦૧૨ થી ૫૦મા વર્ષમાં પ્રવેશે છે. તા. ૧૪-૪-૨૦૧૨થી તા. ૧૩-૪-૨૦૧૩ સુધીના સંપૂર્ણ વર્ષને "સુવર્ણ જયંતી વર્ષ" તરીકે ગણવામાં આવનાર છે અને આ સારાયે વર્ષ દરમ્યાન "સુવર્ણ જયંતી મહોત્સવ" ઊજવવામાં આવનાર છે.*

*સ્વાભાવિક છે કે કોઇના પણ દિલમાં પ્રશ્ન ઊઠે કે આખા વર્ષ દરમ્યાનની ઊજવણી શા માટે? શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે એવા તે કયા ધ્યેય સાધ્ય કરેલ છે કે તે તેની વર્ષભેર ઊજવણી કરશે?*

*સૌ પ્રથમ તો આ સમાજે અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી જૈન ફિરકાના કુટુંબોને એક તાંતણે બાંધી રાખી, દરેકના દિલો-દિમાગમાં "કચ્છી જૈન" તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરેલ છે કે જેને એક અદ્વિતીય સિદ્ધિ તરીકે ગણી શકાય. સમાજનું મુખપત્ર 'મંગલ મંદિર' છેલ્લા ૩૬ વર્ષથી એકધારી રીતે પ્રકાશિત કરવામાં આવી રહેલ છે અને તેણે ભારતભરના કચ્છી જૈનના ઘરોમાં માત્ર નહીં પરંતુ અન્ય કુટુંબોમાં પણ સારી ચાહના મેળવેલ છે. અમદાવાદમાં અલગ અલગ સ્થળે ત્રણ ભવનો ઊભા કરી, અન્ય કચ્છી બાંધવો માટે અતિથિ ભવનની સારી સગવડ ઊભી કરેલ છે. સાલ ૨૦૦૧માં ગુજરાત-કચ્છમાં આવેલ પ્રલયકારી ભૂકંપના સમયે વિવિધ ક્ષેત્રની અદ્વિતીય કામગીરી આ સમાજ દ્વારા થયેલ હતી. આવાસ યોજનામાં ૪૦ ફ્લેટો બનાવી, સમાજના નબળા કુટુંબોને ત્યાં વસવાટ કરાવી, તેઓને ગર્વભેર પ્રસ્થાપિત કરેલ છે. પાલડી ખાતે એક મેડિકલ સેન્ટર સ્થાપી દરરોજના લગભગ ૪૦૦ જેટલા ઓ.પી.ડી.ના દર્દીઓને ખૂબજ કિફાયતી દરે સેવાઓ આપે છે. મુંબઇમાં પણ અતિથિ ભવનની સ્થાપના ટૂંક સમયમાં થનાર છે. સાથે સાથે માતૃભૂમિ કચ્છના પ્રશ્નોમાં પણ સવિશેષ રસ દાખવી સકારાત્મક કાર્યવાહી કરેલ છે. કચ્છના ખનીજ તેમજ ખેતી અને બાગાયતી પાકો વિશે સંમેલનો યોજેલ છે. કચ્છના ઔદ્યોગિક વિકાસ અર્થે સારા એવા પ્રયાસો કરેલ છે. કચ્છમાં નર્મદા નદીના સિંચાઇના પાણી માટે જે કોકડું ગૂંચવાયેલ હતું તે સમસ્યાનો હલ કરવામાં અગ્રીમ ભાગ ભજવેલ છે. આજે પણ કચ્છના વિવિધ પ્રશ્નો હલ કરવા તે જાગૃત અને તત્પર રહે છે.*

*આ સમાજની સ્થાપના અમદાવાદ ખાતે તા. ૧૪-૪-૧૯૬૩ના "શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ" તરીકે કરવામાં આવી. એ સમયના કાર્યકરોએ દીર્ઘદૃષ્ટિ વાપરી તા. ૧૧-૧૦-૧૯૭૦માં તેને "શ્રી કચ્છી જૈન સમાજ"માં પ્રસ્થાપિત કર્યું. તા. ૨૫-૯-૧૯૮૫માં તેને "શ્રી કચ્છી જૈન સેવા સમાજ" તરીકે પ્રસ્થાપિત કરવામાં આવ્યું. કોઇની પણ રાહ જોયા વગર તે એકધારી રીતે આગળને આગળ કદમ ભરતું જ રહ્યું. આ સમાજ માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી શકે તેવા સમર્પિત કાર્યકરોની ખોટ તેણે કદી અનુભવી નથી.*

*આ સમાજની ગૌરવગાથા જાણવાની સહુ કોઇને ઇચ્છા થાય તે સ્વાભાવિક છે. સમાજના મંત્રી શ્રી પ્રતાપભાઇ દંડના હસ્તે લખાયેલ સમાજનો ઇતિહાસ અત્રે રજૂ કરવાની તક મંગલ મંદિરે તેના જાન્યુઆરી-૨૦૧૨ના અંકથી જ ઝડપી લીધેલ છે. દરેક મહિને તેના એક પછી એક પ્રકરણો રજૂ કરવામાં આવશે.*

*આશા છે કે વાચકવર્ગ તેનાથી જરૂર દિલચસ્પી અનુભવશે.*

*– તંત્રી મંડળ*

## કચ્છી પરિવારોનું આગમન

આજનું આપણું અમદાવાદ શહેર, કહેવાય છે કે આજથી આશરે ૧૧૦૦ વર્ષ પહેલાં આશા નામના એક ભીલ રાજા થઇ ગયા, તેઓએ પોતાના નામે આશાવલી નામનું એક નગર વસાવ્યું. તે સમયે ગુજરાતમાં અણહીલ પાટણ તથા ખંભાત બંદર એ મહત્ત્વના શહેરો હતા. તે પછી ત્રીજા ક્રમે આશાવલી નગરીનું સ્થાન હતું. ક્યારે અને કેવી રીતે આશાવલી નગરીનું નામ કર્ણાવતી નગરી થઇ ગયું તેના

*તમામ દાનમાં અભયદાન એ સૌથી મોટું દાન છે.*

કોઇ આધારભૂત પ્રમાણ નથી. આ લગભગ ૧૪મી સદી સુધી આશાવલી અને કર્ણાવતી નગરીનો ઇતિહાસ બોલે છે.

૧૪મી સદીના પ્રારંભમાં ગુજરાતમાં પ્રથમ મુસલમાની સલ્તનતની સ્થાપના પાટણમાં થઇ. જેના પહેલા સુલતાન હતા મુજફ્ફર શાહ. કાળાંતરે તેમના પૌત્ર બાદશાહ અહમદ શાહ ગાદીએ આવ્યા. કહેવાય છે કે એકવાર બાદશાહ અહમદશાહ શિકાર કરવા નીકળ્યા હતા. ત્યારે તેઓએ આશાવલી નગરીની બહાર સાબરમતી નદીનાં તટ ઉપર પોતાનો પડાવ નાખ્યો હતો. પડાવની બહાર બાદશાહ પોતાના માનીતા શિકારી કૂતરા સાથે લટાર મારી રહ્યા હતા. ત્યારે કૂતરાને એક સસલું દેખાયું. કૂતરાને દેખીને સસલા જેવું બીકણ પ્રાણી ભાગી જવાને બદલે તેની સામે થઇ ગયું. આ દૃશ્ય જોઇ બાદશાહને નવાઇ લાગી કે નક્કી આ ભૂમિમાં જ કોઇ એવો ચમત્કાર છે કે જેથી બીકણ પ્રાણીમાં પણ હિમ્મત આવી ગઇ છે. તેથી બાદશાહે ઇ.સ. ૧૪૧૧માં જૂની આશાવલી નગરીની ઉત્તરે એક નવું નગર વસાવ્યું અને પોતાનાં નામ ઉપરથી તે નગરને (અહમદાબાદ) તરીકે ઓળખાવાયું છે.

અમદાવાદ બાબતે એક કહેવત છે. "જબ કુત્તે પે સસ્સા આયા તબ અહમદ શાહને શહર બસાયા."

અગાઉનાં યુગમાં જ્યારે આશાવલી નગરી અથવા કર્ણાવતી નગરી હતી ત્યારે તે નગરીમાં જૈનોની વસતી ઘણીજ હતી. સાથે સાથે વૈષ્ણવ સમાજ તથા અન્ય સમાજો પણ હતા. તે સમયે આ નગરી ભવ્ય જૈન દેરાસરો, શિવાલયો તથા હિંદુ ધર્મનાં જુદા જુદા દેવ દેવીઓનાં અસંખ્ય ભવ્ય મંદિરોથી સુશોભિત હતી. બાદશાહ અહમદશાહે બાજુમાં અહમદાબાદ વસાવ્યા બાદ મુસ્લિમ સલ્તનતનાં અમલ દરમ્યાન ભદ્રનો કિલ્લો, જુમ્મા મસ્જિદ, કાંકરિયા તળાવ તથા અનેક રોઝા - મજારો તથા કલાગીરીવાળી સુંદર મસ્જિદો તથા ઇમારતો બંધાવી. જેમાં આજે સીદી સૈયદની જાળી, ઝૂલતા મીનારા વગેરે વિશ્વવિખ્યાત-કલાકારીગરીનાં બેનમૂન નમૂના છે.

કાલક્રમે મુસલમાની સલ્તનતનો અસ્ત થયો અને અંગ્રેજી શાસન આવ્યું અને સંપૂર્ણ ભારત વર્ષ અંગ્રેજોની ગુલામીમાં જકડાઇ ગયું. ૧૮૫૭થી ૧૯૪૭ સુધીમાં ભારતને આઝાદ કરાવવા ઘણી બધી વિરાંગનાઓએ તથા મહાવીરોએ પોતાનાં બલિદાન આપ્યાં હતાં. ભારતની આઝાદીની ચળવળની શરૂઆત મહાત્મા ગાંધીજીએ અમદાવાદનાં સાબરમતી આશ્રમથી કરી અને ભારતને આઝાદી અપાવી. એ રીતે સમગ્ર હિંદુસ્તાનમાં અમદાવાદનાં નામનો સિતારો ચમકી ગયો.

આઝાદી સુધીમાં અમદાવાદ શહેર ૭૦ કાપડ મિલો સાથે ભારતનું માન્ચેસ્ટર બની ગયું. આઝાદી પછી અમદાવાદ શહેરની આજુબાજુનાં વિસ્તારો કે ગામડાંઓ - મણિનગર, નરોડા, સાબરમતી, નારણપુરા, પાલડી, નવરંગપુરા, વસ્ત્રાપુર વગેરે અમદાવાદ સાથે પરાં તરીકે જોડાતા ગયા અને તેમનો વિકાસ થતો ગયો. ત્યાં પણ ભવ્ય મંદિરો તથા દેરાસરો બંધાઇ ગયાં છે. આજે આ વિસ્તારો વિકસીને આધુનિક જમાના સાથે તાલમેલ મિલાવી અમદાવાદને શોભાવી રહ્યાં છે. એવા આ ગૌરવશાળી શહેરનાં આપણે રહેવાસી છીએ. અને એનું આપણને ગૌરવ છે. એવું કહેવાય છે કે અમદાવાદ આવી વ્યક્તિ અમદાવાદી એટલે કે કંજૂસ થઇ જાય છે. પણ એ માન્યતા સત્યથી ઘણી દૂર છે. અમદાવાદ શહેર અને તેની સંસ્કૃતિએ અમદાવાદમાં વસનારાઓને કંજૂસાઇ નહીં પણ કરકસરથી, હિમ્મતથી તથા ઉદારતાથી જીવવાનું શીખવ્યું છે અને આજના આ મોંઘવારીના વિષમ યુગમાં પણ લોકો શાંતિથી જીવી રહ્યા છે.

જેમ જેમ અમદાવાદ શહેરની પ્રગતિ થતી ગઇ તેમ તેમ આજુબાજુનાં ગામડાંમાંથી તેમજ દૂર દૂરનાં પ્રદેશોમાંથી લોકો ધંધાર્થે તથા રોજી રોટી કમાવવા અમદાવાદ આવવા લાગ્યા. તેજ રીતે કચ્છથી પણ આપણાં કેટલાક કચ્છી જૈન કુટુંબો પણ અમદાવાદમાં સ્થાયી થયા.

કચ્છમાંથી શ્રી હાથીભાઇ અજરામલ શેઠ પરિવારનાં શ્રી હાથીભાઈ, કાંડાગરા (મુંદ્રા)નું કુટુંબ ૧૯૦૪થી અમદાવાદમાં સ્થાયી થયું. આ કુટુંબ ગૂર્જર વીસા શ્રીમાળી ઓસવાળનું છે. ત્યાર પછી ૧૯૧૯માં શ્રી નવીન કાનજી લધાભાઇ દંડ (પરજાઉ - અબડાસા)નું કુટુંબ કચ્છી દસા ઓસવાળનું આવીને રહેવા લાગેલ છે. ત્યારપછી ૧૯૨૦, ૧૯૨૬, ૧૯૨૮, ૧૯૩૦ એમ થોડા થોડા અંતરે કચ્છી પરિવારો અમદાવાદમાં ધંધાર્થે આવતા ગયા, વસતા ગયા. મુંબઇ દ્વિભાષી રાજ્યમાંથી ગુજરાતનું જુદું રાજ્ય બન્યું અને કચ્છ જિલ્લો પણ ગુજરાતના હિસ્સામાં આવ્યો. આમ ૧૯૬૦ પછી કચ્છીઓ ધંધાર્થે કે નોકરી અર્થે અમદાવાદ ગુજરાતની રાજધાની થતાં, આવતા ગયા. આજે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદમાં લગભગ ૮૦૦ કરતાં વધુ કુટુંબો વસવાટ કરે છે.

આ વસતિ શરૂથી ધીરે ધીરે વધીને આઝાદી સુધીમાં ૪૯ કુટુંબોની થઇ. ૧૯૫૮માં ૮૭ કુટુંબો તથા ૧૯૬૩માં આપણાં પરિવારોની સંખ્યા વધીને ૧૦૦ કુટુંબોની થઇ ગઇ અને આજે ૨૦૧૧માં લગભગ ૮૦૦ જેટલા કુટુંબોની થયેલ છે.

૧૯૬૩ સુધી અમદાવાદમાં આપણું કોઇ વ્યવસ્થિત સંગઠન ન હતું. ફક્ત જૈન સમાજનાં બે ઘટકો કચ્છી દશા ઓસવાલ તથા કચ્છી વીસા ઓસવાલ - એ સાથે મળી એકાદ બે વખત સ્વામિવાત્સલ્ય ભોજન ગોઠવેલ પણ સંગઠનનાં અભાવે, અપૂરતાં આયોજન થકી, પૂરતી સંખ્યામાં જ્ઞાતિજનો ભાગ લઇ શક્યા નહીં. તેથી તે વખતનાં કચ્છી વીસા ઓસવાલ સમાજનાં પ્રગતિશીલ ભાઇઓએ "શ્રી કચ્છી વીસા ઓસવાલ જૈન મિત્ર મંડળ"ની સ્થાપના તા. ૧૪-૪-૧૯૬૩નાં રોજ કરી. ત્રણ સભ્યોની એક બંધારણ સમિતિ નિમાઇ અને તે સમિતિએ તૈયાર કરેલ બંધારણનો તા. ૨૬-૫-૧૯૬૩ની સામાન્ય સભાએ સ્વીકાર કર્યો. આ રીતે આપણી એક કચ્છી જૈન સંસ્થાની કામગીરીની શરૂઆત થઇ. તેઓ નિયમિતપણે વાર્ષિક મિલન - સ્વામિવાત્સલ્ય - વિદ્યાર્થીઓને પુરસ્કાર વિતરણ - બુકનું વિતરણ અને અવારનવાર આવતી કુદરતી આપત્તિ વખતે સમાજનાં સભ્યોને

*સંસારની સેવા કર્યા વિના કર્મ કરવાની આસક્તિ નિવૃત્ત થતી નથી.*

મદદ કરવી વગેરે પ્રવૃત્તિઓ કરતા હતા. શ્રી ક.વી.ઓ. જૈન મિત્ર મંડળની પ્રવૃત્તિઓ ફક્ત પોતાનાં ઘટક પૂરતી સીમિત હતી. મંડળના કેટલાક સુધારાવાદી સભ્યો અને ટ્રસ્ટીઓને લાગ્યું કે આપણી પ્રવૃત્તિને ફક્ત ક.વી.ઓ. સમાજ પૂરતી ન રાખતાં સમગ્ર કચ્છી જૈન સમાજ માટે વિસ્તારવી જોઇએ. તેથી તેઓએ ૧૧-૧૦-૧૯૭૦ના મળેલ મંડળની સામાન્ય સભામાં સમગ્ર કચ્છી જૈન સમાજને આવરી લેવા માટે બંધારણીય સુધારો રજૂ કર્યો. જે સર્વાનુમતે પસાર થતા તે જ દિવસથી શ્રી ક.વી.ઓ. જૈન મિત્ર મંડળનું નવું નામકરણ શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદ તરીકે થયું.

આમ ૧૯૬૩માં સ્થાપિત થયેલ એક નાનકડું મંડળ પ્રગતિના પંથે ફૂલી ફાલીને ૧૯૭૦માં **"શ્રી કચ્છી જૈન સમાજ"**નાં નામે અસ્તિત્વમાં આવ્યું.

૧૯૭૦થી ૧૯૭૫ સુધી "શ્રી કચ્છી જૈન સમાજ"ની પ્રવૃત્તિઓ – વાર્ષિક સ્નેહ મિલન યોજવું, સામૂહિક ક્ષમાપના કરવી, તપસ્વીઓનું બહુમાન કરવું, ઉત્તીર્ણ થયેલ બધા જ વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવા તથા રાહત દરે નોટબુકોનું વિતરણ કરવું અને સમાજનાં સભ્યોને વિષમ પરિસ્થિતિમાં ઉપયોગી થવું વગેરે હતી. સૌથી અઘરું કામ હતું આપણાં સમાજનાં જુદા જુદા ફિરકાઓને એક સાથે રાખી સંપ સલાહથી સંસ્થા ચલાવવી. આ માટે સંગઠનને મજબૂત બનાવવા તથા આપણાં સમાજમાં થતી પ્રવૃત્તિઓથી સમાજને વાકેફ કરવા માટે 'પ્રેરણા' નામે એક મુખપત્ર ૧૯૭૫માં શરૂ કરવામાં આવ્યું. તેનું સંચાલન કરવાની જવાબદારી તે વખતનાં સમાજનાં મંત્રીશ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવીને સોંપવામાં આવી. ૧૯૭૦માં અમદાવાદમાં વસતા આપણાં કુટુંબોની સંખ્યા ૨૦૪થી ૧૯૭૫માં ૨૬૫/૨૭૦ કુટુંબો ઉપર પહોંચી. સમાજનું પોતાનું કોઇ સ્વતંત્ર મકાન ન હોતાં આ ગાળા દરમ્યાન સંસ્થાનું સંચાલન શ્રી શાહ રોડ લાઇન્સની ઓફિસેથી થતું હતું.

૧૯૭૦થી ૧૯૭૫ દરમ્યાન નીચે મુજબનાં હોદ્દેદારો તથા કારોબારીનાં સભ્યોએ સંસ્થાનો વહીવટ સુચારુ રૂપે ચલાવ્યો હતો.

| વર્ષ | પ્રમુખ | મંત્રી-કારોબારી |
|---|---|---|
| ૧૯૭૦ | શ્રી હીરજી પાસુભાઇ શાહ | શ્રી પોપટલાલ નેણશી ધરોડ |
| ૧૯૭૧ | શ્રી હીરજી પાસુભાઇ શાહ | શ્રી પોપટલાલ ધરોડ |
| ૧૯૭૨ | શ્રી હીરજી પાસુભાઇ શાહ | શ્રી પોપટલાલ ધરોડ |
| ૧૯૭૩ | શ્રી ભવાનજી માણેકજી મૈશેરી | શ્રી પૃથ્વી નરેન્દ્ર શાહ |
| ૧૯૭૪ | શ્રી હીરજી પાસુભાઇ શાહ | શ્રી ટોકરશી કેશવજી શાહ |
| ૧૯૭૫ | શ્રી હીરજી પાસુભાઇ શાહ | શ્રી પ્રભુલાલ કે. સંઘવી |

જેમ જેમ વર્ષો વીતી રહ્યા હતા તેમ તેમ સમાજનાં કુટુંબોની સંખ્યા અમદાવાદમાં વધતી જતી હતી. તેથી 'પ્રેરણા' મુખપત્રને સમાજનાં ઘરોઘર પહોંચાડવાનું મોંઘુ પડતું હતું. એટલે આપણાં સમાજનાં મુખપત્ર "પ્રેરણા"ને ૧૯૭૬નાં અંતમાં રજિસ્ટર કરાવવાનું નક્કી કરવામાં આવ્યું. જેથી બુકપોસ્ટના નજીવા દરે આપણે પોસ્ટ કરી શકીએ. કોઇ કારણસર "પ્રેરણા"ના નામે રજિસ્ટ્રેશન શક્ય ન બનતાં આપણાં સમાજનાં મુખપત્ર "પ્રેરણા"નું નામ જાન્યુઆરી ૧૯૭૭થી બદલાવી "મંગલ મંદિર"ના નામથી રજિસ્ટર કરાવવામાં આવ્યું. "મંગલ મંદિર" છાપીને પોસ્ટ કરવા સુધીનો ખર્ચ વધી જતાં તે ખર્ચને પહોંચી વળવા "મંગલ મંદિર"ના જુલાઇ-૧૯૭૭ના અંકને પ્રથમ વિશેષાંક તરીકે પ્રગટ કરવામાં આવ્યું. જેમાં સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ જાહેર ખબર મારફત પોતાનો ફાળો આપ્યો. અત્યાર સુધીનો પહેલા "પ્રેરણા" અને પછી "મંગલ મંદિર"નો સંપૂર્ણ વહીવટ એકલા હાથે શ્રી પ્રભુલાલ કપુરચંદ સંઘવીએ સફળતા પૂર્વક સંભાળેલ હતો પરંતુ તેમના અન્ય રોકાણોને કારણે તથા સમયનાં અભાવે મે-૧૯૭૮થી તેઓએ સંપાદક તરીકે રાજીનામું આપ્યું. તેમના કાર્યકાળ દરમ્યાન થોડો સમય શ્રી હીરાચંદ રાઘવજી શાહે તેમને સાથ આપેલ. મે-૧૯૭૮થી "મંગલ મંદિર"નું સંચાલન શ્રીમતી પ્રેમીલાબહેન કુરુવાએ સંભાળ્યું. સંસ્થાનું સંચાલન લગભગ ૧૯૭૬થી ચક્રેશ્વરી ટ્રાન્સપોર્ટની ઓફિસેથી શરૂ કરવામાં આવ્યું.

૧૯૭૬થી ૧૯૮૦ દરમ્યાન તા. ૧૬-૭-૧૯૭૮ના રોજ ફંડ એકઠું કરવા નાટક 'ધૂપસળી'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ શ્રી સોમચંદ ખીંયશી છેડાનાં પ્રમુખપદે તથા શ્રી નરેન્દ્રભાઇ અશોકચંદ્ર શાહ (કચ્છ - માંડવીવાળા)નાં અતિથિ વિશેષ પદે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની સંપૂર્ણ જવાબદારી શ્રી પ્રભુલાલ કપુરચંદ સંઘવી તથા શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતાએ સ્વીકારેલ અને તેઓએ સફળતાપૂર્વક પૂરી કરેલ હતી.

તા. ૧૭-૯-૧૯૭૮નાં શ્રી સ્વામિનારાયણ હોલમાં ઊજવવામાં આવેલ વાર્ષિક સ્નેહ મિલનમાં સ્વામિવાત્સલ્યનું જમણ, તપસ્વીઓનું બહુમાન, વિદ્યાર્થીઓને પુરસ્કાર, ઉપરાંત સમાજનાં સભ્યોની પ્રથમ ટેલિફોન ડાયરી બહાર પાડવામાં આવી હતી. જેને સારો પ્રતિસાદ મળ્યો હતો. ઓક્ટોબર ૧૯૭૮નાં "મંગલ મંદિર"નાં અંકથી તેનું મુખ્ય પાનું બદલવામાં આવ્યું હતું. તા. ૩-૪-૭૯નાં દિવસે શ્રી મુરજી નરશી લોડાયાનાં પ્રમુખપદે આપણાં સમાજનાં સંગીતકાર શ્રી કલ્યાણજી આણંદજી, ગાયક મહેન્દ્ર કપૂર, હેમલતા, અમીન સયાની, જોની વોકર, ઉપેન્દ્ર ત્રિવેદી, સ્નેહલતા વગેરે કલાકારોનું બહુમાન હોટલ બ્લુ ફાઉન્ટેનમાં યોજવામાં આવ્યું હતું. ડિસેમ્બર ૧૯૮૦માં નવેમ્બર - ડિસેમ્બર-૮૦નાં મંગલ મંદિરનો અંક નંબર ૫૩-૫૪ પ્રથમ દીપોત્સવી અંક તરીકે પ્રકાશિત કરવામાં આવ્યો હતો. ૮૬ પાનાના આ દળદાર અંકમાં સમાજનાં ઘણા પ્રતિષ્ઠિત સભ્યોએ પોતાની જાહેર ખબરો આપી સહયોગ આપેલ હતો.

૧૯૭૬ થી ૧૯૮૦ના પાંચ વર્ષના ગાળામાં સમાજના સંચાલન માટે નીચેના હોદ્દેદારોએ નિષ્ઠાપૂર્વક કાર્ય કરી સમાજને પ્રગતિના પંથે આગળ ધપાવ્યો.

*શીખવાડે એ શિક્ષક અને પરિવર્તન લાવે તે ગુરુ.*

| વર્ષ | પ્રમુખ | ઉપપ્રમુખ | માનદ્મંત્રી |
|---|---|---|---|
| ૧૯૭૬ | શ્રી બાબુભાઇ વીરમ શાહ | - | શ્રી પ્રભુલાલ કે. સંઘવી |
| ૧૯૭૭ | શ્રી બાબુભાઇ વીરમ શાહ | - | શ્રી પ્રભુલાલ કે. સંઘવી |
| ૧૯૭૮ | શ્રી માવજી ધારશી ફુરિયા | શ્રી ખીમજી આણંદજી લોડાયા | શ્રી પ્રભુલાલ કે. સંઘવી |
| ૧૯૭૯ | શ્રી મુરજી નરશી શાહ | શ્રી પ્રતાપ નારાણજી દંડ | શ્રી પોપટલાલ ધરોડ |
| ૧૯૮૦ | શ્રી ઉમરશી જેઠાભાઇ ફુરુવા | શ્રી વીરેન્દ્ર આસારિયા શાહ | શ્રી પોપટલાલ ધરોડ |

ઉપર મુજબ દર વરસે પર્યુષણ પછી વાર્ષિક સ્નેહ મિલન - સ્વામિવાત્સલ્ય, સામૂહિક ક્ષમાપના તેમજ તપસ્વીઓનું બહુમાન તથા વિદ્યાર્થીઓને પુરસ્કાર વગેરે કાર્યક્રમો લગભગ મણિનગર સ્થિત શ્રી સ્વામિનારાયણ હોલમાં યોજવામાં આવતા હતા. દર વરસે આ પ્રસંગે આપણાં કાર્યકરો તથા કેટલાક સક્રિય સભ્યોને પણ થતું કે આપણો પોતાનો કોઇ હોલ તો સારું, જ્યાં આપણે અત્યાર કરતાં પણ વધારે અને સારી પ્રવૃત્તિઓ કરી શકીએ. તેથી જમીન માટે શોધખોળ ચાલુ કરવામાં આવી.

*(ક્રમશઃ)*

- ★ યદિ તેરે પાસ કોઇ સંપત્તિ નહિં, સાધન નહિં ઔર વિપત્તિયાં તેરા માર્ગ રોક રહી હૈં, ઔર તેરે પાસ અપની કોઇ કિતાબ નહિં હૈ, તો કિસી પુસ્તકાલય મેં ચલા જા!
- ★ સારાં પુસ્તકો વિનાનું ઘર સ્મશાન જેવું છે.
- ★ પુસ્તક પ્રેમી સૌથી વધુ શ્રીમંત અને સુખી છે.
- ★ હું નરકમાં પણ સારાં પુસ્તકોનું સ્વાગત કરીશ, કારણ કે તેમનામાં એટલી શક્તિ છે કે, તે જ્યાં જશે ત્યાં આપોઆપ સ્વર્ગ બની જશે. (શ્રી લોકમાન્ય તિલક)
- ★ પુસ્તક એ તો ખિસ્સામાં લઇને ફરી શકાય તેવો બાગ છે.
- ★ મૂરખને હંમેશાં કંઇક કહેવું હોય છે, જ્યારે જ્ઞાની પાસે હંમેશાં કંઇ કહેવા માટે હોય છે.

*સંકલન : કનૈયાલાલ ઠક્કર - ઇંદોર*

પ્રવાસ

# કચ્છ કાર્નિવલ અને રણોત્સવની ખૂટતી કડીઓ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

ભીષણ ભૂકંપ બાદ તારાજ થયેલું કચ્છ, કચ્છની ખમીરવંતી અને મહેનતકશ પ્રજાને કારણે વિકાસના ક્ષેત્રે સુખદા, શુભદા અને સર્વદા બની રહ્યું છે. કચ્છની આગવી લોક સંસ્કૃતિને અજવાળવા, પ્રવાસન ક્ષેત્રે વિશ્વના નક્શામાં સ્થાન અપાવવા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કચ્છ કાર્નિવલ અને રણોત્સવની ભેટ આપી છે. જેની શરૂઆત ભુજ તાલુકાના લોરિયા ગામે ઇ.સ. ૨૦૦૫માં શરદોત્સવથી થવા પામી. તા. ૯મી ડિસેમ્બર ૨૦૧૧થી શરૂ થઇ રહેલા આ મહામહોત્સવમાં પ્રવાસીઓને મંત્રમુગ્ધ કરે તેવા કાર્યક્રમો પક્ષી દર્શન, રેતશિલ્પ, બખ મલાખડા, ગ્રામ્ય મેળા અને કચ્છની સંસ્કૃતિ પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમો અને પતંગોત્સવ એમ ૩૮ દિવસોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

### • કાર્નિવલ રૂટ :

કચ્છ કાર્નિવલનો રૂટ વધારવા લોકોની ખૂબ માંગ રહેવા પામી છે. તે એટલા માટે કે સવિશેષ લોકો આ કાર્યક્રમને નિહાળી માણી શકે. કલાકારો ઇચ્છે છે કે પુરસ્કારની સંખ્યા પણ વધવી જોઇએ. કચ્છની અનેક સંસ્થાઓ ભાગ લે તે માટે આકર્ષક યોજનાઓ આયોજિત અવશ્ય કરી શકાય. કોઇ ટેબ્લો કે કૃતિઓનું પુનરાવર્તન ન થાય જેથી અવનવું મનોરંજન પ્રાપ્ત થતું રહે. પ્રવેશ પાસ વિના એન્ટ્રી મળતી નથી. પ્રવેશાર્થીઓ પ્રત્યે પ્રવેશ આપનાર કર્મચારી અધિકારી વર્ગ વિનય દાખવે તેવો એક સૂર પણ ઊઠ્યો છે.

### • કચ્છના ડુંગરાળ પંથકમાં પ્રાકૃતિક પેયજળ :

કચ્છ પ્રદેશને સૂકા વિસ્તાર તરીકે મૂલવવામાં આવેલો છે. કારણ એટલું જ કે ભૂકંપ પહેલાં દર પાંચ વર્ષમાંથી માત્ર કોઇ બે વર્ષ વરસાદ પડતો. કુદરતે પાણીની વ્યવસ્થા કચ્છના કેટલાક ડુંગરાળ વિસ્તારોમાં કરેલી છે. જ્યાં કાળમીંઢ પથ્થરોવાળા ખડકો છે ત્યાં મીઠું જળ પ્રાપ્ત થઇ રહ્યું છે. ભૂસ્તરશાસ્ત્રીઓ જણાવે છે કે જ્યાં જે ડુંગરો પર "સાગ પથ્થર" હોય તેની નીચેથી અચૂક મીઠું જળ પ્રાપ્ત થાય છે. કચ્છના પાવરપટ્ટી વિસ્તારમાં થાનની ઉત્તર પશ્ચિમે ડુંગર પંથકમાં આવા જળ પ્રવાહો પ્રાપ્ત થયા છે. જે "સિદ્ધવીડી" તથા "ધોલવીડી" તરીકે પ્રખ્યાત છે. આ ઉપરાંત "ભગતવીડી" અને "મોરવીડી" જાણીતા છે. કેટલાક માલધારીઓ આ વિસ્તારમાં રહે છે. તેઓ જણાવે છે કે સૂકા દુષ્કાળ સમયે પાણીના સ્તર બહુ નીચા જતા નથી. પર્યટકો માટે આ રમણીય સ્થળે જવા આવવા તથા રહેવા-જમવાની અને લાઇટની વ્યવસ્થા થાય તો આ વિસ્તારનો સુયોગ્ય વિકાસ થઇ શકે.

### • કચ્છ પ્રવાસનની નૂતન ક્ષિતિજો:

કચ્છનું પ્રવાસન ક્ષેત્ર બારેમાસ ધમધમતું રહે તો ટૂરિઝમ દ્વારા કચ્છના કારીગરોનું સ્વરોજગારી ક્ષેત્ર વિકસવા પામશે. પ્રવાસીઓ માટે પ્રવાસના અનેક નવા રૂટ ગોઠવી શકાય તેમ છે. દા.ત. કચ્છનો દરિયા કાંઠો ૩૫૨ કિ.મી. છે. કંડલા, માંડવી, મુંદ્રા, જખૌ, કોટેશ્વર બંદરોને આવરી લેતો રૂટ ગોઠવી શકાય. કચ્છમાં હિંદુ, જૈનો અને મુસ્લિમોના યાત્રાધામો છે તેનો સમાવેશ કરી શકાય. દા.ત. ધ્રબરૂષિનું ધ્રબુડી, કોઠારાના તપસ્વી પઠાપીર, એકલવાંઢના એકલ માતા, રૂપારેલ નદી કાંઠાનું ભુવડ, મેકમર્ડો સમાધિનું સ્થાન વરણુ વરણેશ્વર, રાવલપીરનું નવનિર્મિત મંદિર, માંડવી ઉપરાંત કંથકોટ આદિનો સમાવેશ કરી શકાય.

### • પ્રવાસન ક્ષેત્રે કચ્છનું નાનું રણ:

ગુજરાત સરકારે કચ્છના નાના રણનો વિસ્તાર અભયારણ્ય તરીકે જાહેર કર્યો છે. પશ્ચિમ ભારતનું એકમાત્ર કન્ઝર્વેશન રિઝર્વ કચ્છના આ બન્ની પ્રદેશ મધ્યે ૮૦ કિ.મી.માં પથરાયેલું છે. જે એક નયન રમ્ય જળાશય છે જેને 'છારીઢાંઢ' કહે છે. ભુજથી લગભગ ૮૦ કિ.મી. પર આવેલા આ જળાશયમાં લગભગ ૨૨૫ જેટલા પક્ષીઓ જેવાંકે સૂરખાબ, કૂંજ, સફેદ ઢાંક, બતક, ગડેશ, ડેઝર્ટ કશિર, જળ મૂર્ગી, અબીલી તથા સમળી, ગીધ, ગરૂડ આદિનો સમાવેશ થાય છે. વિશ્વભરની ગધેડાની આઠ ઉપજાતિમાંથી બે ઉપજાતિ એશિયા ખંડમાં છે. જેમાંની એક કચ્છના નાના રણમાં છે. જેને "ઘુડખર" કહે છે. ચાર ફૂટની ઊંચાઇવાળું આ પ્રાણી ૪૦, ૫૦ કિ.મી.ની ઝડપે દોડી શકે છે. જેના શરીર પર આછા બદામી કલરના ધાબા હોય છે.

### • કચ્છના કલાકારોને પ્રોત્સાહિત કરતું આયોજન આવશ્યક :

ગીત, સંગીત, રાસ-ગરબા, નૃત્ય, એકપાત્રીય અભિનય વાદ્ય સંગીત તેમજ નાટકના ક્ષેત્રે અનેક કલાકારો કે જેઓ કચ્છધરાના છે તેમણે ભારતભરમાં નામના મેળવી છે. જ્યારે રણોત્સવ ૩૮ દિવસ સુધી ઊજવાઇ રહ્યો છે ત્યારે કચ્છના કલાકારોનું ખમીર ઝળકે, તેમનો ઉત્સાહ વધે, તેઓ સવિશેષ રીતે પુરસ્કૃત થાય તેવા સ્તુત્ય પ્રયત્નો થવા જોઇએ. કચ્છ બહારથી પધારતા કલાકારો માટે તેઓનું વિશાળ હૃદય હોઇ તેઓ તેમને આવકારતા રહ્યા છે. કિંતુ કચ્છી કલાકારોને

*સુખને ખાતર સંવેદના ખોઇ જીવનમાં યાંત્રિક ન બનશો.*

સવિશેષ પ્રોત્સાહિત કરવા માટે 'રણોત્સવ' એક મોટી તક છે. જોડિયા પાવા, રાવણ હથ્થો, મોરચંગ વગાડનારા વાદકોની સંખ્યા ઘટતી જાય છે તેથી તેમને મહોત્સવમાં યોગ્ય સ્થાન મળે એ સમયની માંગ છે.

- **સ્ટોલ પર ભાવ પત્રકો અને માલની ગુણવત્તા :**

થોડા ઓછા નફે પણ વિશેષ વેચાણ કરી પગભર બની શકાય. દેશ વિદેશથી પધારેલા ટૂરિસ્ટો માટે જે તે સ્ટોલ પર ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ભાવપત્રક રાખવાથી ગ્રાહકો માટે સુવિધા બની રહેશે. ભાવપત્રકો તમામ વ્યાપારીઓએ સ્ટોલ પર મૂકવા જોઇએ અને ખાસ તો માલની ક્વોલિટી કે ગુણવત્તા ચોક્કસ પ્રકારની રહેવી જોઇએ. માલની એક સરખી ગુણવત્તા એ વ્યાપારીની એક આગવી છાપ ઊભી કરે છે.

- **આવકાર અને વિનમ્રતા :**

આપણું કચ્છ મહેમાન ગતિ માટે સુવિખ્યાત છે. દેશ વિદેશથી પધારેલા કોઇપણ ટૂરિસ્ટને સ્મિત સાથે આવકાર આપવાથી તેમને આદર પામ્યાનો સંતોષ થશે. વ્યાપારી મિત્રો વેલકમ, થેંક્યુ જેવા શબ્દો અને અંગ્રેજીમાં ભાવ દર્શાવતા આંક પણ બોલી શકે. જ્યારે કચ્છના છેવાડાના આ ગ્રામ્ય વિસ્તારોના કલા વારસાના કસબ વિશ્વમાં ઠલવાઇ રહ્યા છે ત્યારે અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન ભાષાના વર્ગો માટે પણ આ વિસ્તારોમાં વ્યવસ્થા કરી શકાય.

- **ઉપસંહાર :**

પ્રવાસીઓની સુવિધા માટે રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ, ટેક્સી સ્ટેન્ડ પર પ્રવાસન સ્થળ, હોટલ કે વિશ્રાંતિગૃહ, જે તે ફોન નંબર કે મોબાઈલ નંબર વગેરેની માહિતીના બોર્ડ મૂકવા જોઇએ. ગાઇડોની સર્વાંગી તાલીમ માટે કચ્છ યુનિવર્સિટી સજ્જ થઇ રહી છે. આજે પણ ટૂરિસ્ટો માટે અદ્યતન વિશ્રાંતિ ગૃહો ગ્રામ્ય સ્તરે હોવા જોઇએ. તેનો અભાવ હવે દૂર કરવો જોઇએ. થોડા થોડા અંતરે સ્વચ્છ ટોઇલેટ્સની વ્યવસ્થા સૌને અનુકૂળ રહેશે.

*૬/એ, લીમડા લાઇન, સંસ્કાર નગર,*
*ભુજ (કચ્છ)., મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## લેવાના-દેવાના કાટલા જુદાં-જુદાં

શેઠ, હમણાં જ દસ મિનિટ પૂર્વે, આપે મને સાઠ રૂપિયાનો માલ આપ્યો. મેં સો રૂપિયાની નોટ આપી તો આપે ૧૦-૧૦ ની ચાર નોટો એમ રૂ. ૪૦ પાછા આપ્યા છે, એવું સમજીને એ રકમ મેં તો ગણ્યા વગર જ ખિસ્સામાં નાખી હતી. આગળ જઇને ગણું છું તો આપે ૧૦-૧૦ ની ચાર નહીં પણ ત્રણ જ નોટો આપી છે. રૂ. દસ ઓછા આપ્યા છે. તો આ ગણી લો અને મને દસ રૂપિયા મજરે આપો. ગ્રાહકે મોટા દુકાનદારને સભ્ય ભાષામાં વાત કરી.

"ભાઇ! તમારે રકમ તે વખતે જ ગણી લેવી જોઇએ ને! હવે પાછળથી આમ વાંધો પાડો તો કેમ ચાલે?" દુકાનદારના અવાજમાં કડકાઇ હતી. "એ મારી ભૂલ થઇ ગઇ, પણ આપની પણ ગણતરીમાં ભૂલ થઇ છે." ગ્રાહક સ્વસ્થ રીતે બોલ્યો.

ભાઇ અમારે લાખોનો વહીવટ ચાલે છે. એમ ગણતરીમાં અમારી ભૂલ શાની થાય? એમ ભૂલ કરીએ તો આટલો સુંદર વહીવટ શી રીતે ચાલતો હોય? વેપારી વધુ કડક બન્યો.

તો શું તમે ભૂલ કરો જ નહિ....!

"ના ભાઇ ના."

"તો જુઓ, શેઠજી! આ દસ-દસની ત્રણ નોટોની વચ્ચે આપે ચોથી નોટ મને દસની આપવાને બદલે રૂપિયા સોની આપી દીધી છે. લઇ લો આ ૧૦૦ રૂપિયાની નોટ." ગ્રાહકના બોલવામાં એવી જ નમ્રતા તરવરતી હતી.

વેપારી હવે શું બોલે?

હા, ક્યારેક લેવાના અને દેવાના અલગ અલગ કાટલાં માણસને મુસીબતમાં મૂકી દે છે. તો સરળ માણસોની સરળતા ક્યારેક સ્પષ્ટ રીતે મેદાન મારી જતી હોય છે!

*સાભાર : જીવન-લક્ષ*
*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

## સફળતાની કિંમત

*મન ભરીને જીવો : એ છે સફળતાનું રહસ્ય.*
*બધાથી આગળ વિચારો: એ છે સફળતાનો સ્રોત.*
*રમો, ચાલો, દોડો, કસરત કરો : એ છે ચિરયુવાનીનું રહસ્ય.*
*મિત્રો બનાવો અને મિત્રતા કેળવો : એ છે આનંદનો સ્રોત.*
*સ્વપ્રિલ બનો : તમારા આત્માને મળશે આકાશી ઊંચાઈ.*
*ખડખડાટ હસો : ચિંતાઓ દૂર ભાગશે.*
*ધ્યાન કરો : તમારું હૃદય શાંતિ પામશે.*
*પ્રાર્થના કરો : ભગવાન સાથે તાદાત્મ્ય કેળવાશે.*
*પ્રેમ કરો : તમારી સારપ વિસ્તરશે.*
*કુશળતાપૂર્વક કાર્ય કરો : એ છે સફળતાની કિંમત.*

## પૈસાથી....

★ પથારી મળી શકે - ઊંઘ નહિ.
★ પુસ્તક મળી શકે - બુદ્ધિ નહિ.
★ ખોરાક મળી શકે - ભૂખ નહિ.
★ મકાન મળી શકે - ઘર નહિ.
★ ઔષધ મળી શકે - આરોગ્ય નહિ.
★ સત્તા મળી શકે - સ્નેહ નહિ.
★ સંપત્તિ મળી શકે - સંસ્કૃતિ નહિ.
★ આનંદ મળી શકે - સુખ નહિ.
★ શણગાર મળી શકે - સુંદરતા નહિ.
★ સંપ્રદાય મળી શકે - શરણ નહિ.
★ ગુરુ મળી શકે - ગોવિંદ નહિ.

***ખુદ પર શાસન કરતા થાવ, આપોઆપ બાદશાહ બનશો.***

વાર્તા

# એક અદૃશ્ય પાત્ર

• હરેશ ધોળકિયા •

મનાઇના શરીરમાં એક પ્રકારની વિચિત્ર અસ્વસ્થતા દેખાતી હતી. તે ગાદી પર બેઠો હતો, પણ તેનું શરીર સ્થિર ન હતું. અંગેઅંગ ચંચળતા અનુભવતું હતું. હાથ સ્થિર ન હતા. આમતેમ ડોલતા હતા. વારંવાર કેડે બાંધેલ તલવાર પર જતા હતા અથવા પગનાં ઘૂંટણ પર તબલાં વગાડતા હોય તેમ ચાલતા હતા. પગ પણ લાંબાટૂંકા થયા કરતા હતા. આંખો ચકળવકળ થઇ ખંડની ચારે તરફ ફર્યા કરતી હતી. કશાકની રાહ જોતી હોય તેમ દેખાતી હતી. તેનું સમગ્ર અસ્તિત્વ એક વિચિત્ર ગતિશીલતા અનુભવતું હતું.

"આ ભીમ આવતો કાં નથી?" અકળાઇને મનાઇ બબડ્યો. "ચોકીદાર તેને બોલાવવા ગયો તે ગયો! કેટલી વાર? વચમાં હુક્કાનો દમ લેવા તો બેસી નથી ગયો ને?"

પછી પોતે જ હસ્યો-તાકાત છે ચોકીદારની કે પળ પણ ક્યાંય થોભે! તેને મારી કડકાઇની-અરે, કડકાઇ શું, ક્રૂરતાની-ખબર છે. પળ પણ મોડો પડશે તો મારી તલવારથી ડોકું ઊડ્યું સમજો! અભાનતાથી તેનો હાથ તલવારની મૂઠ પર ગયો.

ત્યાં દરવાજાનું કડું ખખડ્યું.

મનાઇએ દરવાજા સામે જોયું. ચોકીદાર આવી ગયો હતો. હાંફતો હતો. અંદર આવી કુરનીશ બજાવી.

"અરે, પણ ભીમ ક્યાં?" મનાઇએ અકળાઇને પૂછ્યું.

ચોકીદાર ખસી ગયો. પાછળ ભીમ ઊભો હતો.

ભીમ મનાઇનો અંગત માણસ હતો. ગુંતરીમાં મનાઇની જે નાની ટુકડી હતી, તેના રક્ષણ માટે, તેનો તે સેનાપતિ હતો. ગુંતરીમાં સાત સાંધનો મનાઇ તાબેદાર હતો. એટલે તેને સેના રાખવાની તો છૂટ ન હતી. પણ પોતાના રક્ષણ માટે મનાઇ થોડા ચુનંદા સૈનિકો લાવ્યો હતો. તેને આ ભીમ સંભાળતો હતો.

ભીમે પણ કુરનીશ બજાવી અને આગળ આવ્યો. મનાઇએ તેને બેસવાની સૂચના આપી. ભીમ હળવેથી જમીન પર બેઠો. મનાઇ તેના સામે જોઇ રહ્યો. મધ્યમ કદનું, થોડું ભરાવદાર શરીર હતું. ચહેરા પર થોભિયાંવાળી મૂછ-દાઢી હતાં. હુક્કાને કારણે આંખો થોડી લાલાશવાળી હતી. માથે રંગીન પાઘડી પહેરી હતી. કપડાં કસોકસ પહેર્યાં હતાં. કેડ પર ખેસ બાંધ્યો હતો. જમણી બાજુ તલવાર લટકતી હતી. ડાબી બાજુ કેડમાં જમૈયો ખોસ્યો હતો. તેની મૂઠ બહાર દેખાતી હતી. ભીમ ચાલતો, ત્યારે કડક ચાલતો, પણ અત્યારે મનાઇ સામે આવતાં થોડો ઢીલો હતો. હળવેથી બેઠો.

"હુકમ મહારાજ, અચાનક કેમ બોલાવ્યો?" ભીમે મનાઇની આંખમાં આંખ પરોવતાં પૂછ્યું.

"અરે ભીમ, આજે તો અદ્ભુત ઘટના બની છે. આપણે સાંધો સામે બદલો લેવાની જે તક શોધી રહ્યા હતા, તે હાથમાં આવી છે." ભીમે મસ્તક હલાવ્યું.

મનાઇ લાખા ધુરારાનો, બીજી રાણી ગોહિલ રાણીથી થયેલ સૌથી નાનો પુત્ર હતો. નાનપણથી તે ખટપટિયો હતો. મોટા ભાઇ ઉન્નડ સાથે બાળપણથી તેને ન બનતું. ઉન્નડ શાંત અને સરળ સ્વભાવનો. બન્નેને જરા પણ ન બને. મનાઈ સમજણો થયો, ત્યારથી ગાદી પર બેસવાની તેની તીવ્ર ઇચ્છા. પણ તે તો સૌથી નાનો. શક્યતા જ ન હતી. એટલે ગુસ્સામાં વિચારતો કે હું ન બેસી શકું, તો ઉન્નડને પણ બેસવા નહીં દઉં. ગાદીનો સાચો વારસ પહેલી રાણીથી થયેલ અને સૌથી મોટો કુંવર મોડ. પણ તેણે પોતાની નવી માને વચન આપ્યું હતું કે તે તેના કુંવરને જ ગાદી અપાવશે. અલબત્ત, પછી તેને પસ્તાવો થયેલ, પણ વચનના માર્યો ચૂપ હતો. વફાદાર પણ હતો.

ધુરારાનાં મૃત્યુ પછી ઉન્નડ જ ગાદીએ બેઠો. સારા સ્વભાવના કારણે વખણાઇ ગયો અને પ્રજાનો પ્રેમ મેળવ્યો. પરિણામે મનાઇ વધારે બળવા લાગ્યો. તેણે મોડને સાધવો શરૂ કર્યો. શરૂમાં તો મોડ ન માન્યો, પણ મનાઇની સતત ચડામણીથી તેનું મન પણ નબળું પડવા લાગ્યું. મોડની રાણીને પણ મોડનું વચન ગમ્યું ન હતું. તેને પણ મહારાણી થવાની તક ગુમાવવી પડી હતી. એટલે તે પણ મનાઇને ટેકો આપતી હતી. તેથી મોડ મનાઇની ખટપટને વશ થતો ગયો. અને એક દિવસે તકનો લાભ લઈ મનાઇએ જામ ઉન્નડની હત્યા કરી નાખી. પણ તેની મા ગોહિલરાણી અત્યંત કડક મહારાણી હતી. તે નાના કુંવર મનાઇના ખટપટી સ્વભાવથી પરિચિત હતી અને તેને ખબર પડી કે ઉન્નડની હત્યા કરાઇ છે, એટલે તે ગુસ્સાથી સળગી ઊઠી અને મોડ તથા મનાઇને દેખાય ત્યાં મારી નાખવાનો હુકમ કર્યો. પરિણામે મોડ અને મનાઇ પાછા તો ફરી શકે તેમ ન જ હતા, પણ આસપાસ પણ કોઇ રાજવી તેમને રક્ષણ આપી શકે તેમ ન હતાં. એટલે, છેલ્લા ઉપાય તરીકે બન્ને મનાઇના મામા વાઘમ ચાવડાને ત્યાં ગયા અને રક્ષણ માંગ્યું. મામાને પણ મનાઇની ખટપટનો ખ્યાલ. એટલે તે પણ તેના પર વિશ્વાસ રાખે તેવા ન હતા. પણ મનાઇ તેમને

*પરંપરાગત વ્યવસાયમાં જોડાવા માટે એનો અનુભવ મેળવવો જરૂરી છે.*

ખૂબ કરગર્યો. એટલે ભગવાનની સાક્ષીએ તેને સખણા રહેવાનું અને મામાનું પણ રક્ષણ કરવાનું વચન લેવડાવ્યું. બન્નેએ લીધું. ત્યાર પછી જ તેમણે આશરો આપ્યો.

પણ મનાઇ તો મનાઇ જ હતો! સ્વભાવ કંઇ બદલી ન શકે. તેણે ફરી કાવતરું કરી મામા વાઘમ ચાવડાની પણ હત્યા કરી નાખી. તેની ગાદી પડાવી લીધી અને તેના પર મોડને બેસાડી દીધો. મોડની ઇચ્છા પૂરી થઇ. બન્નેએ પછી તે રાજ્યને મજબૂત બનાવ્યું. પણ ત્યાં ગુંતરીના સાત સાંધોએ તેમને પડકાર્યા. તેમની સાથે લડવા ગયા, પણ હારના ડરથી નમી ગયા અને દર અઠવાડિયે અઢાર ગાડાં ઘાસ આપવાની તેમની ખંડણી સ્વીકારી લીધી. તેમ છતાં સાવચેતીરૂપે સાત સાંધોએ મનાઇને મોડથી છૂટો કરી નાખ્યો અને ગુંતરીમાં નજરકેદ રાખ્યો. તે સમસમી ગયો, પણ કશું ન થઇ શકતાં લાચારીથી ત્યાં રહેતો હતો. તેને હરવા ફરવાની છૂટ હતી, પણ કોઇ સત્તા આપવામાં આવી ન હતી. મનાઇનું ઝેરી અને ખટપટી મગજ સતત આ સાત ભાઇઓને કેમ હરાવવા અને ગુંતરી પડાવી લેવું તેનાં કાવતરાં કર્યા કરતું હતું. પણ કોઇ જ ઉપાય સૂઝતો ન હતો. તેનો ગુસ્સો વારંવાર તે ભીમ પાસે કાઢતો.

આ બધાનો ભીમ સાક્ષી હતો. એટલે તેને મનાઇની ઉપાય મળી જવાની વાત સાંભળી નવાઇ લાગી. તેને જિજ્ઞાસા થઇ કે વળી કયો ઉપાય મળ્યો હશે? તેણે જિજ્ઞાસાભરી આંખે તેના સામે જોઇ પૂછ્યું, "મહારાજ, શેની વાત કરો છો? કયો ઉપાય?"

"અરે ભીમ, ખૂબ જ સચોટ ઉપાય મળ્યો છે."

"મહારાજ, મને લાયક માનતો હો તો જણાવો."

"લે! તારા સિવાય કોને કહી શકું? તારી મદદથી જ તો તે કરી શકીશ. ઉન્નડની હત્યાથી આજ સુધી તારા સિવાય કોને પોતાનો માન્યો છે? મહારાજ મોડને બાદ કરતાં?" મનાઇ બોલ્યો.

ભીમે માથું નમાવ્યું.

મનાઇએ ખોંખારો ખાધો અને મસ્તક નમાવી, ભીમ પાસે લાવી, ધીમેથી બોલ્યો, "ભીમ, આજે સવારે જાણે ચમત્કાર જ થયો."

"ચમત્કાર? શું વળી?"

"સવારે ઠંડી હોવાથી નવરો થઇ ઘરના ઓટલા પર નિરાંતે બેસી હુક્કો પીતો હતો. ત્યાં સામેના કૂવા પર ચાર-પાંચ સ્ત્રીઓ પાણી ભરતી હતી અને વાતો કરતી હતી."

ભીમે માથું હલાવ્યું.

"તેઓ મારી શારીરિક તાકાત જોઇ પ્રભાવિત હતી અને પોતપોતામાં વાતો કરતી હતી." મનાઇએ પોતાના બાવડાં પર હાથ ફેરવી કહ્યું.

"તમારા વિશે?"

"હા, મારા વિશે જ."

"શું કહેતી હતી?"

"એક બહેને કહ્યું- 'અલી, જો તો ખરી. પેલો શૂરવીર સમાનો કુંવર! કેવો રૂપાળો છે, નહીં?' પણ એ બિચારાને આપણા સાંધોએ કેદમાં રાખ્યો છે."

"બીજીએ જવાબ વાળ્યો - 'આ કુંવરને કોઇ બાનમાં રાખી શકે તેમ નથી.' મનાઇએ ખોંખારો ખાતાં કહ્યું.

ભીમ હસ્યો....

'સાચી વાત છે, પણ સાત સાંધોને હરાવી શકે તેવી તેની સ્થિતિ નથી' - પહેલીએ કહ્યું.

તે આગળ બોલ્યો.

બીજીએ જવાબ વાળ્યો, 'પણ તેને ખબર નથી કે સાત સાંધોને મારવા સરળ છે. તેનો જરા પણ તેને ખ્યાલ આવે, તો તે હરાવી શકે.'"

"ભીમ, મારા તો કાન સરવા થઇ ગયા. મેં તીવ્ર એકાગ્રતાથી સાંભળવા માંડ્યું."

"બીજી સ્ત્રી આગળ બોલી- 'આપણે જાણીએ છીએ કે સમા બહાદુર કોમ છે. તેમને ખબર નથી કે સાત સાંધો બળવાન છે, પણ પરસ્પરને ધિક્કારે છે. સાતે જુદા જુદા ઘરોમાં રહે છે. હું જો સમો હોઉં, તો આ મનાઇ અને મોડ જે ખંડણીરૂપે અઢાર ઘાસનાં ગાડાં મોકલે છે, તેમાં પાંચ પાંચ ચુનંદા હથિયારધારી સૈનિકો છૂપાવી મોકલી દઉં. ગાડાંવાળા પણ સિપાહીઓ જ હોય. એમ ગાડાં દીઠ છ સિપાહી મળી કુલ એકસો આઠ સૈનિકો જો કિલ્લામાં દાખલ થઇ જાય અને પંદરની ટુકડી બનાવી એકી સાથે જો હુમલો કરે, તો હરાવી શકે. તેમાં પણ સાંજે જ્યારે સાંધો પૂજામાં બેઠા હોય, ત્યારે જો છાપો મારે, તો તો તેઓ તરત ખતમ કરી શકે.'"

"ભીમ," ઉત્તેજનાથી ઊભો થઇ જતાં મનાઇ બોલ્યો, "આ બાઇઓ અદભુત ઉપાય બતાવી ગઇ છે. આમ આપણે કરીએ, તો આપણે ચોક્કસ જીતી શકીએ."

ભીમ પણ ઊભો થઇ બોલ્યો, "પણ મહારાજ, આપણી પાસે તો એટલા સિપાહીઓ છે જ નહીં. અને કદાચે કિલ્લા પાસે આવે તો તેમને અંદર ઘૂસાડી ન શકાય."

"ના, ભીમ, તે માટે તો આપણે મોડ મહારાજને કહેવું પડે કે તે ગાડામાં ઘાસ ભરે, ત્યારે જ તેમાં સિપાહીઓને છૂપાવી દે."

"પણ મોડ મહારાજને સંદેશો કેમ પહોંચાડી શકાય? આપણી તો દરેક હિલચાલ પર સાંધોની નજર છે."

"હા, એટલે તો તને બોલાવ્યો છે. કંઇ વિચાર, ઉપાય સૂઝાડ. જેથી મોડ મહારાજને સંદેશો પહોંચાડી શકાય." મનાઇએ કહ્યું.

ભીમ વિચારમાં પડી ગયો. દસેક મિનિટ ચૂપકીદી રહી. મનાઇ ઉત્સુકતાથી ભીમ સામે જોતો હતો.

છેવટે ભીમે કહ્યું, "મહારાજ, એક ઉપાય કરી શકાય."

"જલદી બોલ."

"લેખિત સંદેશો તો ન મોકલી શકાય. ગાડાં પાછાં જાય છે ત્યારે તેને પૂરેપૂરાં તપાસવામાં આવે છે. તરત પકડાઇ જાય."

"તો?"

"આપણે ઠીકરાં પર લખીને ગાડાંવાળાને આપીએ અને તે મોડ મહારાજને પહોંચાડે. તો સંદેશ પહોંચી જાય ખરો."

*ઓછા સાધનોમાંય સુખી રહે એનું જીવન આનંદમાં જાય.*

"ઈ વાત સાચી. ઠીકરાં પર કોઇની નજર ન જાય. શાબાશ." મનાઇએ ભીમની પીઠ થાબડતાં કહ્યું. પછી બોલ્યો, "ઝડપથી આ કામ કર. અને મોડ મહારાજનો સંદેશ આવે કે તરત મને જણાવજે."

ભીમે માથું હલાવ્યું. પછી કુરનીશ બજાવી ચાલ્યો ગયો.

★ ★ ★ ★ ★

ચોકીદારે અંદર આવી અને કુરનીશ બજાવી કહ્યું, "મહારાજ મનાઈ દેવનો જય હો."

મનાઈ બારી પાસે ઊભો હતો. બહાર જોતો હતો. તેના બન્ને હાથ પાછળ ભીડાઇને પડ્યા હતા. ચોકીદારનો અવાજ સાંભળી તે પાછળ ફર્યો અને તેના સામે જોયું. બોલ્યો, "કેમ શું છે?"

"મહારાજ, ભીમદેવ આવ્યા છે. અંદર આવવાની પરવાનગી માગે છે."

"ઝડપથી અંદર મોકલ." મનાઇના અવાજમાં ઉત્સુકતા પ્રગટી.

ચોકીદાર માથું નમાવી બહાર ગયો. થોડીવારે ભીમ અંદર આવ્યો. મનાઇ તેના સામે ગયો. ભીમે પણ મસ્તક નમાવ્યું. મનાઇએ તેનો હાથ પકડી અંદર દોર્યો. પોતે ગાદી પર બેઠો. સામેના આસન પર ભીમ બેઠો.

મનાઇએ પૂછ્યું. "ભીમ, કંઇ સમાચાર છે? આપણો સંદેશો મોકલ્યે ઘણા દિવસો થઇ ગયા છે. કંઇ જ સમાચાર નથી. નહીં પહોંચ્યા હોય મોડ મહારાજને સમાચાર?"

ભીમે જવાબ આપતાં કહ્યું, "સમાચાર તો બરાબર પહોંચી ગયા હતા, પણ સામેથી મોડ મહારાજનો જવાબ આવતો ન હતો. હું તેની રાહ જોતો હતો."

"તો કંઇ જવાબ આવ્યો?"

"હા, કાલે હું રોજ જેમ ગાડાંવાળાને બપોરે જમાડતો હતો, ત્યારે એક ગાડાંવાળો ચૂપચાપ મારા પાસે આવ્યો અને મને મોડદેવના સમાચાર આપ્યા."

મનાઇ અર્ધો ઊભો થઇ ગયો. "શું વાત કરે છે, ભીમ? ખરેખર?"

પછી આજુબાજુ જોઇ બોલ્યો, "તમે બે વાત કરતા હતા, ત્યારે સાંધનો કોઇ જાસૂસ જોઇ ન ગયો?"

"હતો ને! થોડે દૂર જ ઊભો હતો. પણ ગાડાંવાળાએ એક યુક્તિ કરી હતી. તેણે રસ્તામાં પોતાના હાથમાં ઉઝરડા પાડી લોહી કાઢ્યું હતું. જેવો ગાડાંવાળો મારા પાસે આવ્યો, તરત જાસૂસ પહોંચી આવ્યો અને ગાડાંવાળાને પૂછ્યું કે તે મારા પાસે શા માટે આવ્યો હતો?"

"તો?"

"ગાડાંવાળાએ હાથ પર વીંટાળેલ પછેડી કાઢી જાસૂસને હાથ બતાવ્યો અને બોલ્યો- 'ભાઇ, રસ્તામાં ઝોકું આવી ગયું. તેથી લથડિયું ખાઇ ગયો અને ગાડાં પરથી પડી ગયો. આ હાથ ઝાડીમાં ફસાઇ ગયો અને તેમાંથી ખૂબ લોહી નીકળ્યું. માંડ માંડ પછેડી બાંધી શક્યો. પણ હાથમાં પીડા ખૂબ થાય છે. એટલે ભીમદેવને કરગરું છું કે કંઇ ઓસડિયું લગાવી દો, તો હાથની પીડા ઘટે. વળતાં રસ્તામાં કંઇ નહીં થઇ શકે.'"

"વાહ!" હસતાં મનાઇ બોલ્યો, "પછી?"

"મહારાજ, જાસૂસ લોહી જોઇ ઢીલો થઇ ગયો. 'ભલે' કહી ચાલ્યો ગયો. હું વૈદરાજ પાસેથી લેપ લઇ આવ્યો અને તેના હાથ પર લગાવી દીધો. પાટો બાંધી દીધો. તે દરમ્યાન તેણે મોડ દેવનો સંદેશ આપી દીધો."

"શું છે મોડનો સંદેશ?"

"મહારાજ મોડદેવે સંદેશ કહેવડાવ્યો છે કે તેમને સંદેશ બરાબર મળી ગયો હતો. તેઓ ચુનંદા સૈનિકોમાંથી પસંદ કરી આપની સૂચના મુજબ ગાડાંમાંના ઘાસમાં છૂપાવીને મોકલશે. ગાડાંવાળા પણ સૈનિકો જ હશે. ત્યાં આવી આપ કહેશો તેમ કરશે."

"સરસ! સરસ!" મનાઇ આનંદથી વિચલિત થઇ ગયો. ઊભો થઇ ખંડમાં આંટા મારવા લાગ્યો. પછી ભીમ પાસે ઊભો રહી બોલ્યો, "પણ આવશે ક્યારે?"

"આજથી ચાર દિવસ પછી." ભીમે જવાબ આપ્યો.

"તો આ દરમ્યાન તેં બધી તૈયારી કરી લીધી છે ને?"

"હા, મહારાજ, પેલી બહેનોએ કહેલ તેની મેં તપાસ કરી. સાંધો વચ્ચે તીવ્ર મતભેદ છે. એકબીજાને ઓછું બને છે. આ તો ગુંતરીનું રક્ષણ કરવાના બધાએ સાથે સોગંધ લીધા છે, એટલે તેના ખાતર એક છે. વળી, તેઓ સાંજે પાંચ વાગ્યે સંધ્યા કરવા બેસે છે ત્યારે પોતાનાં ખોરડામાં ખુલ્લા ડિલે નિઃશસ્ત્ર થઇ બેસે છે. એક કલાક સુધી પૂજા કરે છે. તે દરમ્યાન પહેરદારોને ખોરડાં બહાર ઊભવાની સૂચના હોય છે."

"તો તેમનું શું કરવું?"

"તેમને તો આપણે મૂંગા કરી દેશું. બહાર હશે એટલે અંદર ભાઇઓને ખ્યાલ નહીં આવે. વળી તેમને કોઇ પડકારે તેની તો તેમને કલ્પના જ નહીં હોય. તેમનો ઉંહકારો પણ નહીં સંભળાય. પછી ખોરડામાં ઘૂસવું સરળ બનશે."

મનાઇએ આકાશ સામે હાથ જોડ્યા. "માતાજી, મદદ કરજો."

પછી બોલ્યો, "પણ ગાડાં કિલ્લામાં આવશે ત્યારે તપાસ નહીં થાય?"

ભીમે જવાબ આપ્યો, "ના, આમ તો દર અઠવાડિયે ગાડાં આવે છે. તપાસ પણ થાય છે. પણ દર વખતે ઘાસ સિવાય કશું નથી હોતું. એટલે હવે થોડી ઢીલાશ હોય છે."

"તો તો બેડો પાર."

"પણ મહારાજ, એક તકલીફ છે," ભીમે નીચું જોઇ કહ્યું.

"શેની તકલીફ?" મનાઇએ ઝાટકા સાથે ભીમ સામે જોયું.

"કિલ્લા પર જે ચોકી છે, તેમાં એક અંધો ચોકીદાર છે."

"અંધો અને ચોકીદાર?" મનાઇ હસી પડ્યો. "રાખ્યો કોણે છે તેને?"

"મહારાજ, હસવા જેવું નથી. તેની

*કોઈ શું કહેશે તેના બદલે આત્મા શું કહેશે તેનો વિચાર કરો.*

કેવળ આંખ જ બંધ છે. પણ આંખની બધી તાકાત મગજમાં છે. તે ઝીણામાં ઝીણી વિગતને પકડી શકે છે. બેઠે બેઠે. તેને જો ખ્યાલ આવી જાય, તો તકલીફ થાય. બધા પકડાઇ જાય.''

''અરે, તો તેને મારી નાખોને!'' મનાઇએ ઝનૂનથી કહ્યું.

''ના મહારાજ, એવી ભૂલ ન થાય. કારણ વિના તેની હત્યા કરીએ, તો સાંધ ભાઈઓને તરત આપ પર શંકા જવાની. ચેતી જાય તેઓ. તે તો શક્ય નથી.''

''તો શું કરવું?''

''કંઇ નહીં, મહારાજ. જોખમ લેવું જ રહ્યું. માતાજી પર ભરોસો રાખીને.''

''અરે ભીમ, તો તો મુશ્કેલી ઊભી થાય. સૈનિકો પકડાય, તો તો કોઇ તો મોં ખોલી જ દે. અને આપણાં ગાડાંમાંથી નીકળે, એટલે તે તો બળવો જ મનાય. મરાવી દે તો તો,'' મનાઇએ મુઠ્ઠી પછાડતાં કહ્યું.

''એ જોખમ તો લેવું જ રહ્યું.'' અને આપ તો જોખમના આદી છો.

''હા, પણ આ તો કટોકટી છે. દુશ્મનનાં રાજ્યમાં છીએ, ભીમ!''

''હું બનતી વ્યવસ્થા કરીશ.''

''તારે ભરોસે છું, ભીમ!''

''હુકમ મહારાજ. તો હવે હું જાઉં.''

ભીમ ચાલ્યો ગયો.

★ ★ ★ ★ ★

મનાઈ અને ભીમ ફરતા ફરતા કિલ્લાની નજીક આવી પહોંચ્યા. જાણે હેતુવિહીન ફરવા નીકળ્યા હોય તેમ ટહેલતા હતા જેથી કોઇને શંકા ન જાય. કિલ્લાનો તોતિંગ દરવાજો બંધ હતો. કેવળ બારી ખુલ્લી હતી. દરવાજા પાસે બે ચાર ચોકીદારો હાથમાં તલવાર રાખી ઊભા હતા.

''આ દરવાજા બહાર પેલો અંધ સાડ બેઠો છે,'' ભીમે કહ્યું.

''પણ તેને જોવો કેમ?''

''હમણાં કશુંક આવશે તો દરવાજો ખુલશે. પોઠો આવ્યા જ કરતી હોય છે. થોડી રાહ જોઇએ.''

બન્ને રસ્તાની કોર પર ઊભા રહ્યા. ચૂપચાપ જોતા રહ્યા. દેખાવ એવો કરતા હતા કે વાતો કરતા હોય.

થોડીવારે એક ચોકીદારે દરવાજાની ભોગળ ખોલી. દરવાજો ધીમેથી ખુલ્યો. બહાર બે ચાર અનાજનાં ગાડાં ઊભાં હતાં. અંદર પ્રવેશવાની રાહ જોતાં હતાં. દરવાજો ખુલતાં એક પછી એક અંદર આવવાં શરૂ થયાં.

ભીમ અને મનાઈ ફરી ટહેલતા દરવાજા પાસે ગયા. દરવાન ભીમ અને મનાઇને ઓળખતો હતો. ભીમે તેની પૂછા કરી. આમ તો તેની સાથે બોલવાની મનાઇ હતી, પણ ભીમે તેને સ્નેહથી બોલાવ્યો, એટલે તેણે હસીને જવાબ આપ્યો.

''ભીમ મહારાજ, આ બાજુ?'' દરવાને પૂછ્યું.

''થોડા દિવસથી મહારાજ મનાઇની તબિયત બરાબર ન હતી. માંડ સ્વસ્થ થયા છે. વૈદરાજે તેમને તાજી હવામાં ફરવાની સલાહ આપી છે. તેમને એકલા તો મૂકાય નહીં. તેથી હું પણ સાથે આવ્યો છું. કિલ્લા બહાર શિવનાં મંદિર સુધી ફરવાની ઇચ્છા છે.'' ભીમે મીઠા અવાજે જવાબ આપ્યો.

''ઝડપથી પાછા આવજો,'' દરવાને આજુબાજુ જોતાં કહ્યું.

''હા, બસ થોડી વાર જ.''

બન્ને બહાર નીકળ્યા.

બહાર દરવાજાની બાજુમાં એક પાટ પડ્યો હતો. તેના પર એક પ્રૌઢ ચોકીદાર બેઠો હતો. મનાઇએ જોયું કે તે આંધળો હતો. પણ તે ટટ્ટાર બેઠો હતો. તેના કાન જાણે કૂતરાની જેમ સરવા હતા. આંખો પણ ચકળવકળ હતી.

ભીમ અને મનાઇ તેના પાસેથી પસાર થયા. તરત તે બોલ્યો, ''કોણ?''

ભીમ તેના પાસે ગયો. ''હું ભીમ, સાડ.''

''અરે ભીમ મહારાજ! તમે અહીં?''

''સામે મંદિરમાં દર્શન કરવાં છે.''

''તમે એકલા નથી.''

મનાઈ તો જોઇ જ રહ્યો. પોતે થોડો દૂર હતો. ખૂબ હળવેથી ચાલતો હતો. છતાં આ અંધ ચોકીદારને કેમ ખબર પડી?

''હા, મારી સાથે મારા મનાઇ મહારાજ છે.''

સાડ સચેત થઇ ગયો. ''મનાઇ મહારાજ? તે કેમ સાથે છે?''

''સાડ, તેમની થોડા દિવસથી તબિયત સારી ન હતી. બે દિવસથી જ ઠીક છે. તેથી તેમને તાજી હવા આપવા લઇ આવ્યો છું. સાથે દર્શન પણ થઇ જાય.''

''રાજે છૂટ આપી છે?'' સાડે પૂછ્યું.

મનાઇ તો ગુસ્સાથી તેના સામે જોતો હતો. એક સિપાહીની આટલી હિંમત?

''મહારાજને હરવા ફરવાની મનાઇ નથી.''

''તો ઝડપથી પાછા આવજો. રોકાતા નહીં.''

''અરે, ગયા અને પાછા આવ્યા માન, સાડ.'' ભીમે કહ્યું.

''તો ભલે જઇ આવો.''

મનાઇ અને ભીમ આગળ વધ્યા. તેમને ખબર હતી કે થોડી પળોમાં તેમનાં ગાડાં પસાર થશે. તે જ તેમને જોવાનું હતું.

તેઓ સામેનાં મંદિરમાં ગયા. દર્શન કર્યાં. ઘંટ વગાડ્યો જેથી સાડને ખાતરી થાય કે તેઓ મંદિરમાં જ ગયા છે. પછી હળવેથી પાછા વળ્યા અને થોડે દૂર ઊભા રહ્યા.

સામેથી ગાડાંની હાર દેખાઇ, દર અઠવાડિયે આ સમયે જ આવતાં. નિશ્ચિત સંખ્યા હોય. તેમાં ઘાસ જ હોય. થોડી તપાસ થાય. પછી જવા દેવાય.

ગાડાં દરવાજા પાસે આવી પહોંચ્યાં. મનાઇ અને ભીમ પણ ટહેલતા ત્યાં આવ્યા.

ગાડાં ઊભાં રહ્યાં. એક ચોકીદારે તેને ગણ્યાં. પછી બધા ઘાસના ભારા પર ચારે બાજુથી લાકડીઓ ઠોકી. પછી બોલ્યો, ''બરાબર છે. જવા દો.''

દરવાજો ખુલ્યો. ગાડાં ગતિશીલ થયાં.

*મહાન કાર્યોની સૌપ્રથમ જરૂરિયાત આત્મવિશ્વાસ છે.*

અચાનક સાડે રાડ પાડી, "ગાડાં અટકાવો."

ગાડાં થોભી ગયાં.

મનાઈ અને ભીમના શ્વાસ અધ્ધર થઇ ગયા. થોડા પાછળ ખસી ગયા અને ચિંતાતુર નજરે જોવા લાગ્યા.

"કેમ? શું છે?" તપાસનાર ચોકીદારે પૂછ્યું.

"અલ્યા, ગાડાંની કીચૂડાટ આજે ભારી લાગે છે. અવાજમાં ફેરફાર છે. ગાડામાં ભાર વધારે છે," સાડે કહ્યું.

"હા સાડ, આજ ગાડામાં ઘાસ વધારે છે," આગળના ગાડાંવાળાએ જવાબ આપ્યો.

"ના, ઘાસ વધે તો ભાર ન વધે. અવાજ ન બદલે. ગાડામાં બીજું કશુંક ભારે લાગે છે." સાડે જવાબ આપ્યો.

"પણ આ ચોકીદારે તો તપાસી લીધું છે."

"ફરી તપાસો."

ચોકીદારે ફરી જોરથી લાકડીઓ ફટકારી. ઘાસનો જ બોદો અવાજ આવ્યો.

"ઘાસ જ છે, સાડ." તેણે કહ્યું.

"મારા મગજમાં મેળ નથી બેસતો."

"તો શું કરવું?"

"એક કામ કર. તારા પાસે ભાલા છે ને?" સાડે કહ્યું.

"હા, છે."

"આ ગાડામાંનાં ઘાસમાં ખોસી દે."

"કેમ?"

"હું કહું છું તેમ કર. દલીલ ન કર."

ચોકીદારે ઘાસમાં ભાલો ખોસ્યો.

મનાઇ તો ધ્રુજતો જ હતો. બાપ રે! આમાં તો અંદરનો સૈનિક ઘાયલ થવાનો જ. તેનું લોહી ભાલા પર આવશે જ! ચોકીદારે ભાલો અંદર નાખ્યો. પછી બહાર કાઢ્યો.

"નાખી દીધો, સાડ," સાડે પૂછ્યું.

"હતી તેવી જ. સૂકી સટ."

"ભીનો નથી? લાલ નથી?"

"ના."

"બને તો નહીં. ખેર, જવા દે. પણ મને બરાબર નથી લાગતું. પૈડાંનો અવાજ નથી બરાબર," સાડ બબડ્યો.

"સાડ, તને વહેમ છે વહેમ!" ચોકીદારે હસતાં કહ્યું.

સાડે જવાબ ન આપ્યો.

ગાડાં પસાર થઇ ગયાં.

મનાઇ અને ભીમે નિરાંતે શ્વાસ લીધો. બન્ને પણ ચૂપચાપ ગાડાં પાછળ ચાલ્યા ગયા.

★ ★ ★ ★ ★

ચોકીદાર દરબારમાં પ્રવેશ્યો. સાડ તેની પાછળ દોરાતો હતો.

ચોકીદારે દરબારમાં નજર કરી. ખૂબ જ પરિવર્તન આવી ગયું હતું. સાત સાંધની ગાદીઓ ખાલી હતી. તેના સેનાપતિની ગાદી પર ભીમ બેઠો હતો. મુખ્ય આસન પર મનાઇ બેઠો હતો. તેને જોઇ તે ધ્રુજી ઉઠ્યો. તેને છેલ્લા થોડા દિવસો યાદ આવી ગયા. તેણે અંધા સાડ સામે જોયું.

તે દિવસે તેણે સાડની મશ્કરી કરી હતી. તેના વહેમને હસી કાઢ્યો હતો. પણ સાડ સાચો નીકળ્યો. ગાડામાં હથિયારધારી સૈનિકો છૂપાયા હતા. મોડે જ મોકલ્યા હતા. મનાઇ અને ભીમ પણ તે દિવસે તે જોવા જ આવ્યા હતા. સાડે પાકી રીતે કહેલ કે તેમાં ઘાસ ઉપરાંત બીજું કશુંક હતું જ. તેને તો માણસોનો વહેમ હતો જ. તેના કહેવાથી ભાલો પણ ખોસ્યો હતો. પણ ભાલો તો એવો જ પાછો આવ્યો હતો. તેથી ગાડાંને જવા દીધાં હતાં.

પણ ગાડાં થોભતાં જ સૈનિકો બહાર આવ્યા. ટુકડીઓમાં વહેંચાઇ ગયા. સાતે સાંધોના ખોરડાં ઘેરી લીધાં. બહાર ઊભેલા સિપાહીઓને ચૂપકીથી પકડી મારી નાખ્યા. પછી ખોરડાંઓમાં ઘૂસી ગયા. સાંધો ત્યારે પૂજા કરતા હતા. છતાં ઊભા થયા અને લડવા લાગ્યા. પણ સૈનિકોની સંખ્યા સામે ટકી ન શક્યા. સાતેને મારી નખાયા. પછી ભીમે દરબારમાં જઇ બાકીના સરદારોને કેદ કરી લીધા. દરબારનો કબજો લઇ લીધો. મનાઇએ તરત મોડને બોલાવી લીધો. બન્નેએ મળીને કડકાઇથી શાંતિ સ્થાપી દીધી હતી. મનાઇને રાજ્ય સોંપી મોડ ચાલ્યો ગયો.

મનાઇએ જ આજે સાડને બોલાવ્યો હતો. પોતે તેને દોરીને લાવ્યો હતો.

રસ્તામાં ચોકીદારે સાડને પૂછેલ, "સાડ, તને કેમ બોલાવ્યો છે?"

સાડ મૂંગો રહેલ. ચોકીદારે આગ્રહ કરતાં કહેલ, "ઇનામ આપવા તો નહીં જ બોલાવ્યો હોય."

"તો?"

"તો સમજી જા." સાડે કહેલ. "મનાઈ બોલાવે તે શુભ નિશાની ન જ હોય."

"કેમ?"

"ગાડાં પસાર થયાં અને મેં શંકા કરી, ત્યારે મનાઇ ત્યાં હાજર હતો ને?"

"હા."

"તેને ખબર હતી કે ગાડામાં સૈનિકો છૂપાયા હતા. મારી શંકા તેને ડરાવી ગઇ હશે."

"પાછો તેં ભાલો ખોસાવ્યો હતો."

"હા."

"પણ સાડ, ભાલો તો કોરો આવ્યો હતો."

"અંદરનો સૈનિક ઘણો ચતુર અને સજ્જ હતો. તેને વાગ્યો તો હશે જ, લોહી પણ નીકળ્યું હશે...."

"તો?"

"પણ તેણે ખૂબ ઝડપથી લોહી લૂછી નાખ્યું હશે. સલામ ભરવા લાયક હશે તે."

"હા, એ વાત સાચી."

"પણ," સાડ બોલ્યો, "મનાઇએ આ જોયું હશે. મારા પર ગુસ્સે થયો હશે. માટે જ આજે બોલાવ્યો છે." ત્યાં બન્ને દરબારમાં આવી ગયા હતા. બન્ને મૂંગા થઇ ગયા હતા. અત્યારે ભીમ અને મનાઇ સામે ઊભા હતા. ચોકીદારે ચૂપચાપ મનાઇ સામે જોયું.

*ઉંમર વધે એટલે ઝડપ તથા શક્તિ ઓછી થાય, પરંતુ ચતુરાઈ, હોંશિયારી, આવડત અને કૌશલ્યો વધે છે.*

મનાઇ સાડને જોઇને ગુસ્સે થઇ ગયો. તેણે કટાક્ષમાં કહ્યું, "સિપાહી સાડ, તું ખરેખર અંધ છો કે નહીં?" સાડ મૂંગો રહ્યો.

"જવાબ દે, દરવાન," મનાઇ ગર્જ્યો.

"મહારાજ, હું તો મારી ફરજ બજાવતો હતો."

"અરે, તારી ફરજ મારી યોજનાને ઊંધી વાળી નાખત, તેની તને ખબર છે?"

સાડે જવાબ ન આપ્યો. માથું નીચું કરી ઊભો રહ્યો.

"ભીમ," મનાઇએ ભીમ સામે જોતાં કહ્યું, "આને સજા તો થવી જ જોઇએ."

"મહારાજ," ભીમે જવાબ આપ્યો, "તેનો દેશનિકાલ કરીએ."

"ના, તો તો ભવિષ્યમાં પાછો આડો આવે."

"મહારાજ, અંધ જાણી જવા દઇએ તો?"

"ના ભીમ, ઝેરનાં પારખાં ન થાય. આ સાત સાંધનો માણસ છે. જ્યાં હશે, ત્યાં તેનો જ રહેશે. તેને જીવતો ન છોડાય." ચોકીદાર આ સાંભળી ધ્રુજી ઉઠ્યો. તેને સાડના શબ્દો યાદ આવ્યા- 'મનાઇ બોલાવે એ શુભ ન હોય.'

"રખાય તને જીવતો?" મનાઇએ સાડને પૂછ્યું.

"મહારાજ, હું તો સિપાહી છું. મારો અભિપ્રાય ન હોય. અને તમારી પ્રકૃતિ જોતાં 'જીવતો રાખો' કહીશ, તો પણ તમે મને જીવતો નથી રાખવાના. હું તો મરવાની તૈયારીથી જ આવ્યો છું." સાડે માથું ઊંચું કરી કહ્યું.

મનાઇ સ્તબ્ધ થઇ તેને જોઇ રહ્યો. તેને હતું કે તે કાલાવાલા કરશે, પોતાને વફાદાર રહેવાના સોગંધ લેશે. પણ આ તો હઠીલો નીકળ્યો.

"એવું તેં કેમ માન્યું?" મનાઇએ તેને પૂછ્યું.

"મહારાજ, તમે ઝેરીલા છો. તમે સગા ભાઇ ઉન્નડને પણ ન છોડ્યો. સગા મામાને વચન આપ્યા પછી પણ મારી નાખ્યા. તમે જેને વિરોધી માનો છો, તેને કદી ન છોડો. તમે મને પણ તમારો વિરોધી માની લીધો છે. હું તો સાંધોનો માણસ છું એમ સ્વીકારી લીધું છે. એટલે આખું ગામ કહેશે તો પણ નહીં માનો. મને બોલાવ્યો ત્યારે જ હું સમજી ગયો હતો કે મારું આયખું પૂરું થાય છે."

મનાઇ તો તેની નીડરતાને જોઇ ચકિત થઇ ગયો. સાત સાંધો આવા વફાદારોના કારણે જ બળવાન હતા તે સમજી ગયો. તે આ સ્વતંત્રતા, નીડરતા સહન ન કરી શક્યો. સટાક કરતો ઊભો થઇ ગયો અને બોલ્યો, "હા, તને જીવતો ન જ રખાય. કાલે મારું નખ્ખોદ કાઢી નાખ." પછી ભેટમાંથી તલવાર કાઢી ઝડપથી સાડ પાસે આવ્યો. ચોકીદારને ધક્કો મારી દૂર હટાવ્યો અને એક ઝાટકાથી સાડનું ડોકું ઊડાવી દીધું.

સાડનું માથું રવડતું સાંધની ગાદી પાસે જઇ પડ્યું અને લોહીથી પોતાના રાજાને અંજલિ આપી દીધી. ■

વાર્તા

# ન્યાય તમે આપી શકશો?

• પદ્મા ફડિયા •

વર્ષાના એ દિન હતાં. એક અંધારી સાંજ આથમતી હતી. આકાશમાંથી અનરાધાર વરસાદ વરસી રહ્યો હતો. ઘટાટોપ શ્યામ વાદળો ગાજવીજ કરી કરીને ગરજતા હતા વીજળીઓ ત્રાડ નાખતી હતી. સરિયામ રસ્તાઓ સૂના અને ભેંકાર લાગતા હતા.

એવે સમયે એક હોસ્પિટલના ખાટલે પડેલી શ્યામાની કાજળ કાળી આંખોમાંથી પણ અવિરત ચોધાર આંસુ વહેતાં હતાં સૂનમૂન બેઠેલી શ્યામા એ તોફાની વરસતા વરસાદને બારીમાંથી શૂન્યમનસ્ક થઈ નિહાળી રહી હતી. આંખોમાં નિરાશા, વદન પર હતાશા અને સારાયે અંગ પર છવાયેલા દુઃખનો વિષાદ જાણે એને ધ્રુજાવી દેતો હતો.

ત્યાં તો મરિયમ નર્સ હાથમાં એક નવજાત શિશુને લઈને ઉમળકાભેર આવી.

"વધાઈ હો... વધાઈ હો... શ્યામા, તને દીકરો જનમ્યો છે... દીકરો... અમે તો પેંડા ખાવાના. ક્યાં ગયાં પેલા માજી? ચાલ, હું જ એમને ખબર આપું કે તારા સૌ સગાંવહાલાંને એ ખબર વધાઈ આપે અને પેંડા લેતા આવે. લે, જોઈ લે તારા દીકરાને છે ને બરાબર તારા જેવો?" કહેતી મરિયમે નવજાત શિશુને શ્યામાના ખોળામાં મૂકી દીધો અને તે પેલા માજીને શોધવા ચાલી.

પણ મરિયમ ચારે તરફ ફરી પાછી આવી.

"અરે શ્યામા? પેલાં માજી તો ક્યાંયે દેખાતાં નથી? ક્યાં ગયા એ?"

શ્યામા મૌન રહી.

માજી! એમના દીકરાને બોલાવવા ગયા છે કે શું? કાંઈ નહિ? તું ચિંતા ના કરીશ! આજે મારી નાઈટ ડ્યુટી છે. માજી આવશે ત્યાં સુધી તારી સંભાળ હું રાખીશ. પણ અલી, તું આમ બેસી કેમ રહી છે? તારા દીકરાનું મોઢું તો જો, કેવું રૂપાળું છે? એના કમલ જેવા રાતાં નાના નાના પગ, રાતી પાંખડીઓ જેવા કુમળા નાનાં હાથ અને કંકુ વરણી પગની પાનીઓ તો જો!

છતાંય અગાધ મૌન.

"અરે બહેન! આ શું? આમ મોં ઉદાસ કરીને બેઠી છે? દીકરો આવ્યો તોય તારા મુખ ઉપર ઉદાસી છે? આમ પત્થર જેવી કેમ બેઠી છે?" મરિયમે શ્યામાનું મોં હલાવી પૂછ્યું.

શ્યામાએ એક ઉદાસ નજરે મરિયમ તરફ જોયું.

એ કાંઈ બોલે તે પહેલાં તો ચાર-પાંચ નર્સો ઉમળકાભેર આવી શ્યામાના પલંગની આજુબાજુ વીંટળાઈ વળી અને નવજાત શિશુના ચિબુકને સ્પર્શ કરી બુચકારો બોલાવતી કહેવા લાગી, "શ્યામાબહેન! અમે તો પેંડા લઈશુ અને સાથે ભેટ પણ લઈશું! તમે મા બન્યા તો અમને હરખ તો કરશોજ ને? અમે તો એના બાપને ય કહીશું કે અમે તમને એમને એમ જવા નહિ દઈએ! પણ કહો તો ખરા શ્યામાબહેન, આ દીકરો એના બાપ પર ઊતર્યો છે તમારી ઉપર?"

ત્યાં તો એક નર્સ બોલી ઊઠી, "શ્યામાબહેન આંખો તો તમારા જેવી લાગે છે! ત્યાં બીજી નર્સ બોલી." પણ લાંબો તો એના બાપ જેવો "લાગે છે."

પણ શ્યામાબહેન ગોરા છે અને આ તો કાળિયો છે. કૃષ્ણ-કનૈયા જેવો છે એનો બાપ કાળો જ હશે! હે ને શ્યામાબહેન! શ્યામાએ જીભ કરડી અને જોરથી બે કાન પર હાથ દઈ દીધાં.

ત્યાં તો જમાદાર જેવી મરિયમ આવી પહોંચી. એણે સૌને દૂર કરતા કહ્યું "અરે, બિચારીને શ્વાસ તો લેવા દો, એનો બાપ આવશે ત્યારે પેંડાની વાત. અત્યારે શું?"

બધી નર્સને દૂર કરી મરિયમ નર્સ બાળકને પારણામાં સુવાડતાં બોલી : "આમ ક્યાં સુધી બેસી રહીશ મારી બહેન! ન તો તારા પેલા માજી આવ્યાં કે ન તો તારો વર આવ્યો. આટલી રાતે હવે ડોક્ટર સાહેબ કોઈનેય અંદર નહિ આવવા દે. પણ તું ચિંતા ન કરીશ. હું છું ને? પણ જો તું ફોન નંબર આપે તો એમને તારે શું શું જોઈશે એ તું મને કહે તો કહી દઉં. એના દીકરા માટે બે જોડ કપડાં, મોજાં, ગોદડી, બાળોતિયાં, દવાઓ અને તારે માટે ચોક્ખા ઘીનો ગરમાગરમ શીરો....."

શ્યામાએ ચીસ નાખી "ના... ના... ના."

અનુભવી મરિયમના કાને એ શબ્દો પડ્યા ત્યારે એ પળભર શ્યામાની સામે જોઈ રહી.

આ સ્ત્રી બોલતી નથી, હસતી નથી, એને દીકરાના જન્મની ખુશાલીયે થતી નથી! બાળકનું મુખ જોવા ઇંતેજારી પણ નથી! એના હૈયામાં ઉમળકો કેમ નથી?

ત્યારે શું હશે? માજી તો આવ્યાને આને મૂકીને અલોપ થઈ ગયા. બહેનને પ્રસૂતિ થવાની તૈયારી છે એમ કહ્યું હોવા છતાંયે ચાલ્યા ગયાં? મને એમ કે એ એમના દીકરાને બોલાવવા ગયા હશે. પણ ન તો એ આવ્યા કે ન તો તેમનો દીકરો આવ્યો અને આ તો સાવ મૂંગી મંતર, જડ, ભાવહીન, ચેતનહીન! મા બનવા માટે તો સ્ત્રીઓ કેટકેટલી બાધાઓ રાખે છે. જ્યારે આ તો આ તો... સાવ મૌન!

*જેણે કોઈ શત્રુ નથી બનાવ્યો તેને કોઈ ગાઢ મિત્ર પણ નથી હોતો.*

અચાનક મરિયમ ધ્રુજી ઊઠી આ કુંવારી મા તો નહિ હોય? એને કોઇએ ફસાવી હશે કે પછી આ હાલતમાં એને કાઢી મૂકી હશે?

શ્યામા પલંગ પર પડી હતી. એની આંખોમાંથી પાણી વહેતાં હતાં. "બિચારી" બબડીને મરિયમે એને ધાબળો ઓઢાડ્યો અને પોતે પોતાના ટેબલ પાસે જઇ ખુરશીમાં બેઠી બેઠી વિચારમાં ખોવાઇ ગઇ.

બીજે દિવસે હોસ્પિટલના બારણાં ઉઘડ્યાં ને અન્ય પ્રસૂતાઓનાં સગાંવહાલાં ચા-પાણી, નાસ્તાના ટિફિનો લઇને આવવા માંડ્યાં, ત્યારે કોઇએ શ્યામાને પૂછ્યું તમારો ઘરવાળો હજુય કેમ નથી આવ્યો?

શ્યામા તો ચૂપચાપ પડી જ રહી.

બપોર થયા તોય કોઇ ફરક્યું નહિ ત્યારે બીજા બધાં સૌ કોઇ ગુસપુસ કરવા લાગ્યા.

"દાળમાં કંઇક કાળું છે."

મૂઇએ માબાપનું નામ બોળ્યું લાગે છે.

"હરામના હમેલ કોણ સંઘરે? એટલે જ કોઇ આવ્યું નથીને?" એક બીજી નર્સ ધીમે રહી કોઇને કહેવા લાગી.

બિચારો છોકરો...! છોકરા માટે તો મા બાપ કેટકેટલું કરે! ત્યારે આ તો ન બાપો, અનાથ, આ તો મૂકી આવશે કોઇ અનાથાશ્રમમાં ને ભાગી જશે એ ક્યાંક? બે દિવસ થયા એ કાંઇ બોલે છે ય ખરી?

ઘડીક પહેલાં જે બહેનો શ્યામાને માતૃત્વપદ માટે અભિનંદન આપતાં હતાં, ખુશી મનાવતા હતાં એજ લોકો એનો તિરસ્કાર કરવા લાગ્યા. એકમાત્ર મરિયમ એને માથે વારંવાર હાથ ફેરવી ચાલી જતી જ્યારે શ્યામા આખી રાત તરફડતી રહી.

ફરી દિવસ ઊગ્યો અને આથમ્યો. તોય શ્યામા મૌન. નથી બોલતી, નથી કાંઇ કહેતી. તેથી જ મરિયમ જતી વેળા એક નર્સને એના બાળકનું ધ્યાન રાખવાનું સોંપી ગઇ.

ત્રીજા દિવસની એ સાંજ. એકલી પડેલી શ્યામા અંધારાના આછા પ્રકાશમાં ક્યાંય સુધી એ બાળકને નિહાળી રહી. જેમ સિંહ પોતાના શિકારને તાકી રહે તેમ! જેમ જેમ એ બાળકને જોતી ગઇ તેમ તેમ એની આંખો ઝીણી થતી ગઇ, ભ્રમરો તંગ બનવા લાગી, ચહેરો કડક થતો ગયો, શરીર ખેંચાવા લાગ્યું અને એના હાથ ધીરે ધીરે સળવળવા લાગ્યા. આંખોમાંથી અંગારા ખરવા લાગ્યા હોઠ ધ્રુજવા લાગ્યાં. ધીરે ધીરે એના બન્ને હાથો ભેગાં થયા. એણે બાળકને હાથમાં લીધું એના ગળામાં બન્ને હાથના અંગૂઠા દબાયા ન દબાયાને બાળકને પારણામાં સુવડાવી પોતે મોં માથે ઓઢીને સૂઇ ગઇ, શાંતિથી સૂઇ ગઇ.

રાત પડી. મરિયમ આવી. બાળકને જોવા માટે એણે એના શરીર પરનું કપડું હટાવ્યું. બાળકને હાથમાં લઇ તેને હલાવ્યું. પણ આ શું? મરિયમ ચમકી. આ બાળક ગઇકાલની જેમ હાથ કેમ નથી હલાવતો?

અને મરિયમે એક ચીસ પાડી. આજુબાજુની સૂતેલી સ્ત્રીઓ બેઠી થઇ ગઇ પણ શ્યામા તો ન હાલી કે ન જાગી. ઓઢેલા ધાબળાની અંદર એ મોઢું ઢાંકી અને કાળજું કઠણ કરીને પડી રહી. પરંતુ એનું હૈયું તો ધક્...ધક્... થતું હતું અને એણે ઓઢેલો ધાબળોય ધ્રુજતો હતો.

"શું થયું?... શું થયું?" સૌ પૂછવા લાગ્યા.

છોકરાને મારી નાખ્યો. આ એની માએ....! બાપરે! કેવી કઠોર! લોકો દીકરાને મેળવવા કેટકેટલુંયે કરે અને આણે... આ સ્ત્રીએ એના પોતાના જ દીકરાને ગળે ટૂંપો દઇ મારી નાખ્યો અને પછી માથે ઓઢીને સૂઇ ગઇ! આ તે મા કે ડાકણ?

આ સાંભળીને પ્રસૂતાઓ તો ગભરાઇને પોત-પોતાના બાળકોને ખોળામાં લઇ સંભાળવા લાગી.

એટલામાં તો મરિયમે બોલાવેલા ડોક્ટર ત્યાં આવી પહોંચ્યા. પોલીસ આવી. ખબર પડી ગઇ કે બાળકનું ગળું દબાવીને મારી નાખવામાં આવ્યું છે. ત્યાં જ પોલીસ આવી. પોલીસે પણ કહ્યું કે બાળકનું ગળું દાબી દેવાથી એનું મૃત્યુ થયું છે અને જાહેર થઇ ગયું કે મા - શ્યામાએ જ બાળકને મારી નાખ્યું છે. સારીયે હોસ્પિટલમાં આ એક જ વાત ચર્ચાવા માંડી.

"માતાએ પોતાના જ બાળકનું કરેલું ખૂન." છાપામાં સમાચાર આવી ગયા.

શ્યામાને જેલમાં લઇ ગયા. અદાલતમાં એનો કેસ ચાલ્યો. શ્યામા હાજર થઇ. એની સામે અનેકની આંખો મંડાઇ.

શ્યામાની નજર નીચી હતી. અદાલતમાં ન્યાયાધીશ સાહેબ આવ્યા. તેમણે શ્યામાને પૂછ્યું, "બોલો બહેન! આ નવજાત શિશુનું ખૂન તમે કર્યું?"

"હા સાહેબ!" શ્યામાએ નીચી નજરે જવાબ આપ્યો.

જગતની કોઇ પણ માતા પોતાના તરતના જન્મેલા બાળકને ટૂંપો દઇ મારી ન નાખે. તમે શા માટે એવું કર્યું?

મૌન....

બહેન! તમે તો મા છો? મા બની પોતાના જ સંતાનનું ખૂન તમે કરો? તમે આટલાં ક્રૂર શા માટે બન્યા?

મૌન....

"ખૂનની સજા શી હોય છે તે તમે જાણો છો?"

"હા સાહેબ...."

"તો તમે તમારા બાળકનું ખૂન કર્યું છે એ કબૂલ કરો છો?"

"હા સાહેબ!"

"અને તમે એ પણ જાણો છો કે ખૂનની સજા મોત હોય છે?"

"હા સાહેબ! મને મોત જ જોઇએ છે."

ન્યાયાધીશ સાહેબ શ્યામા તરફ જોઇ રહ્યા.

"આ છોકરીને મોતની પરવા નથી?"

"તમે મા બની સંતાનનું ખૂન કર્યું? શા માટે?"

"સાહેબ, જે માતા પોતાના નવજાત શિશુની હત્યા કરે એની પાછળ કોઇ કારણ તો હશે જ ને? હું એ બાળકને જીવાડી શકતી ન હતી."

"કારણ?"

એનો જન્મ... એનો જન્મ કોઇની હવસખોરીનું પરિણામ હતું. ન્યાયાધીશ સાહેબ

*સુખ શરીર માટે ફાયદાકારક છે, પરંતુ દુઃખ છે જે મનની શક્તિઓને વિકસાવે છે.*

ફરી ચોંકી ઊઠ્યા.

આખી અદાલત એક કાને સાંભળવા લાગી.

"સાહેબ, એ બાળકને ન તો જન્મ લેવાનો અધિકાર હતો કે ન તો જીવવાનો! એ બાળક જીવ્યું હોત તોયે એનું જીવન નકામું હતું. જો એને અનાથાશ્રમમાં મોકલી દીધું હોત તો એ જરૂર જીવી જાત પરંતુ એનું લોહી સમસ્ત માનવજાત માટે વિષરૂપ બની જાત."

શ્યામાનો એક એક શબ્દ સામે બેઠેલા ન્યાયાધીશ સાહેબને હેરાન પરેશાન કરી નાખતો હતો.

આ છોકરી કોઇની હવસખોરીનો ભોગ બની હોય તો એ ઘણી બધી રીતે છૂટી શકત. એણે ગર્ભને પડાવી નાખ્યો હોત, બાળકને જન્મ આપીને એને અનાથાશ્રમમાં મૂકી શકી હોત. જેનાથી એને આ બાળક થયું તેને બોલાવી તેની સાથે લગ્ન કરી શકી હોત. અરે, કોઇને દત્તક તરીકે પણ આપ્યું હોત! પણ આ માએ તો દીકરાને જ મારી નાખ્યો!

આનું કારણ શું? શા માટે તમે એને મારી નાખ્યું?

"સાહેબ! હું જે કહીશ તે તમે સાંભળી નહિ શકો. એના સાચા ગુનેગારને તમે પકડી પણ નહિ શકો. એટલે જ મારે કહેવું પડે છે કે આ બાળકની હત્યા કરનાર હું છું. એને જન્મ આપનાર હું અભાગણી નારી અને એને મારનાર પણ હું એક હત્યારી નારી એની મા...!"

"તો શું તમે એને જન્મ આપનાર માતા નથી એવું કહેવા માંગો છો?" ન્યાયાધીશ સાહેબે કઠોરતાથી પૂછ્યું.

હા સાહેબ! બાળકને જન્મ આપવાની શક્તિ તો માતામાં છે પણ મેં એને માતા તરીકે જન્મ નથી આપ્યો?

"તો?"

મેં આપને કહ્યું ને કે એ કોઇની હવસખોરીનું પરિણામ હતો.

ન્યાયાધીશ આ સાંભળી અનુકંપાભરી નજરે શ્યામાને જોઇ રહ્યા અને પછી બોલ્યા, 'તો બહેન, તું એટલું કહી દે કે જેને ખાતર તારે તારા બાળકને મારી નાખવું પડ્યું એવો એનો પિતા કોણ છે?'

શ્યામા ચારે તરફ નજર નાખીને ટટ્ટાર થઇ અને બોલી, 'સાહેબ! તમારે એનો પિતા કોણ છે એ જાણવું છે? પણ તમે એ નહિ સાંભળી શકો સાહેબ, તમે નહિ સાંભળી શકો. એ સાંભળતા જ તમે તમારા કાન બંધ કરી દેશો.' કહેતાં શ્યામાએ ફરી ભરી અદાલતમાં નજર ફેરવી સ્થિર થઇ અને જોરથી ચીસ પાડી બોલી ઊઠી.

"જુઓ... જુઓ એ રહ્યો એનો બાપ. હા, એ જ એ છોકરાનો બાપ" શ્યામાએ હાથ લાંબો કર્યો અને અદાલતમાં બેઠેલા સૌની આંખો એણે જેની સામે લાંબા હાથ કર્યા તેની સામે ગઇ.

સૌએ એ જોયું.

એક માણસ મોઢું છુપાવી બહાર નીકળતો હતો.

"સાહેબ, સાહેબ, એ જ એનો બાપ... એ જ એનો બાપ...!" શ્યામા આક્રંદ કરી ઊઠી. ત્યારે કેટલાય માણસો અને સ્ત્રીઓ એને પકડવા એની પાછળ દોડ્યા.

"સાહેબ, જે મારો ઓરમાયો બાપ છે એ જ આ છોકરાનો બાપ! સાહેબ, મારી મા વિધવા થઇ. ફરી પરણી, પણ એ બાપ, દારૂના નશામાં, જુગારની હોડમાં અને ભાગી ગયેલી પત્નીના વેરમાં એણે — મારા કહેવાતા બાપે, એની દીકરીને જ ભોગ બનાવી ભરખી લીધી. સાહેબ, સાહેબ, પુરુષોની આ હવસખોરી કોણ જાણે કેટલીયે સ્ત્રીઓનો ભોગ લેશે? જે મારો કહેવાતો બાપ, એની પુત્રી પર જ બળાત્કાર કરે એ લોહી કેવું? બાપ-દીકરીની સગાઇ ક્યાં? કેવી? જે દીકરી ઉપર કહેવાતો બાપ અત્યાચાર કરે એમાં વાંક કોનો? કોણ ગુનેગાર? કોણ પાપી? કોણ શયતાન?"

અને છેવટે કલંકિની કોણ?

એક દીકરી?

એક નારી?

એક માતા?

સાહેબ... સાહેબ... મારા જેવી કેટલીયે સ્ત્રીઓ આવા નરાધમોની હવસખોરીનો ભોગ બનતી હશે? બળતી હશે, મરતી હશે? એનો ન્યાય શું તમે આપી શકશો?"

શ્યામાએ જજ સાહેબને સવાલ પૂછ્યો.

"હા, બહેન, જરૂર જવાબ આપીશ અને એને સજા પણ કરીશ."

જજ સાહેબે બીજે જ દિવસે એ નરાધમ બાપને જીવનભરની કેદની સજા ફરમાવી! ■

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે નીચે જે ફ્લેટમેં રત્નાસિંહ રે તો અનજા વીયાં થોડે ડીં પેલા થ્યા આંઈ. ઈ મુકે અજ રસ્તેમેં મલ્યો તેર આંઉ અનકે અનજી ઘરવાળી જો નાં પૂછ્યો. તડેં ચેં ક અનજો ના 'ગુગલકોર' આય... પણ પાંકે કંકોત્રી ડેને વે અનમેં ત અનજો નાં બ્યો કીં વો... સે અતરે ડીંયેં મેં નાં પણ ભધલે વધેં કુરો? જરા તપાસ ત કર...

બચુડો : (તપાસ કે ને ચેં) અનજો નાં ત કંકોત્રીમેં છાપ્યાં વા સે જ આય પણ રત્નાસિંહ અનકે ગુગલકોર અતરેલા ચેતો ક અનકે હકડો સવાલ પૂછે તડેં ઘરવાળી અનજા ડો જવાબ ડેતી.

## ખિલજા મ ભલા

શ્રોતા : (હાસ્યરસના લેખકને)... આમ તો તમે બધાને ખૂબ હસાવો છો પણ તમે તો કદી હસતા નથી

લેખક : છીંકણીની ડબ્બીને કદી છીંક ખાતી જોઇ છે?

☺ ☺ ☺ ☺ ☺

મેનેજર : (સેલ્સમેનને) તમે બહારગામ ગયા ત્યારે ગાડી ભાડા અને જમવાનો ચાર્જ બિલમાં લખ્યો તે ગાડી ભાડું તો બરાબર છે પણ જમવાનો ચાર્જ વધારે છે.

સેલ્સમેન : બરાબર છે સાહેબ તે દિવસે મારે ઉપવાસ હતો તેથી ફરાળ કરવો પડ્યો એટલે બિલ વધુ આવ્યું.

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : મમ્મી, મમ્મી, આ ચીન્ટુએ મારું બેટ તોડી નાંખ્યું.

મમ્મી : શું તેણે જોરથી બેટ પછાડ્યું હતું?

મોન્ટુ : ના... એ તો મેં એના માથામાં પછાડ્યું હતું.

☺ ☺ ☺ ☺ ☺

સેલ્સમેન : શેઠ સાહેબ, અતિશય મહેનત કરાવીને તમે તમારી પત્નીને મારી ન નાંખશો. એક તક અમને પણ આપો.

શેઠ : તમે એવું શું બનાવો છો?

સેલ્સમેન : વોશીંગ મશીન

☺ ☺ ☺ ☺ ☺

મેચ ઓર્ગેનાઇઝર : ટેનિસ મેચમાં જીતનાર ખેલાડીને લાખ રૂપિયા ઇનામ અને હારનારને એકાવન હજાર ઇનામ.

હારનાર ખેલાડી : લાવો ઇનામ, મારે મેચ રમવી નથી.

☺ ☺ ☺ ☺ ☺

કોલેજિયન : (લોન્ડ્રી માલિકને) તમે બોર્ડ માર્યું છે કે ચોવીસ કલાકમાં ધોયેલા કપડાંની ડિલીવરી મળી જશે. તો પછી મેં ગઇકાલે આપેલ કપડાં માટે મને પરમ દિવસે કેમ આવવાનું કહો છો?

લોન્ડ્રી માલિક: તમારી વાત ખરી છે પણ મારી દુકાન ફક્ત આઠ કલાક જ (રોજના) ચાલુ રહે છે.

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : અલ્યા ચીન્ટુ, આ ટ્રેનના પાટા પર સૂઇ ગયો છે તો ટ્રેન આવશે તો તું કચડાઇ જઇશ!

ચીન્ટુ : હમણાં જ આખું પ્લેન ઉપરથી પસાર થઇ ગયું અને મને કાંઇ ન થયું તો ટ્રેનથી શું થવાનું...?

☺ ☺ ☺ ☺ ☺




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

ચમનલાલ : પહેલું સુખ તે જાતે નર્યા... અને પહેલું દુઃખ તે....?

ગમનલાલ : પહેલું દુઃખ તે ફેરા ફર્યા....

☺ ☺ ☺ ☺ ☺

જીતુભાઇ : શ્રી નરેન્દ્ર મોદીજીએ ઉપવાસ કર્યા. એ જોઇ કોંગ્રેસી નેતાઓએ પણ ઉપવાસ કર્યા... પણ એનાથી સાબિત શું થયું?

મનુભાઇ : એ જ કે મોદી ખાતા નથી અને ખાવા દેતા નથી.

☺ ☺ ☺ ☺ ☺

ભાનુ કાકી : (અમેરિકા જઇ આવ્યા પછી... કાકાને...) તમે મારા કાનમાં અંગ્રેજીમાં કાંઇક મીઠું મીઠું બોલોને.

ભલા કાકા : ધીમેથી કાકીના કાન પાસે... સોલ્ટ... સોલ્ટ...

☺ ☺ ☺ ☺ ☺

મંજુ : આજકાલ બધા 'લવ' 'લવ' કરે છે એ લવ એટલે શું?

સંજુ : શ્રીરામના એક પુત્રનું નામ 'લવ' હતું... બાકી વધારે જાણકારી જોઇતી હોય તો રોજ રામાયણનો પાઠ કરો.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*વર્તનમાં બાળક બનો, સત્યમાં યુવાન થાવ અને જ્ઞાનમાં વૃદ્ધ બનો.*

# દ્વિતીય વર્ષમાં શુભ પ્રવેશ

## જ્યોત સે જ્યોત જગાતે ચલો... દાન કી ગંગા બહાતે ચલો...
## શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ ખાતેનું શ્રી જલારામ અન્ન ક્ષેત્ર

અમને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, મધ્યે શ્રી જલારામ અન્નક્ષેત્ર યોજના **આપ સૌના સાથ સહકાર વડે પ્રથમ વર્ષ પૂરું કરીને તેની મંજિલે આગળ વધવા દ્વિતીય વર્ષમાં પ્રવેશ કર્યો છે.**

શ્રી જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ મુંબઇના ટ્રસ્ટી શ્રી એલ.ડી. શાહના શુભ આશયના સૌજન્યથી શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ, અમદાવાદ ખાતે તા. ૧ ડિસેમ્બર, ૨૦૧૦થી શ્રી જલારામ અન્નક્ષેત્ર શરૂ કરવામાં આવ્યું હતું અને તે મુજબ પ્રથમ વર્ષ ખૂબજ સફળતાપૂર્વક પૂર્ણ થયું છે.

**કચ્છથી અમદાવાદ તબીબી સારવાર અર્થે પધારતા જરૂરિયાતવાળા દર્દીઓ અને તેમની સંભાળ માટે શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં દર્દીની સાથે રહેનારાઓને દિવસના ત્રણેય સમયે એટલે કે સવારના ચા-નાસ્તો, બપોર અને સાંજના ભોજન વિનામૂલ્યે આપવાની વ્યવસ્થા આ યોજના હેઠળ કરવામાં આવી છે. હાલે દરરોજ લગભગ ૩૦ વ્યક્તિઓ આ યોજના અંતર્ગત ત્રણેય સમયે લાભ લઇ રહ્યા છે.**

અત્રે ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધીના પ્રથમ વર્ષમાં આ યોજનાનો લાભ **કુલ ૨૪,૬૦૫ વ્યક્તિઓ લઇ ચૂક્યા છે** અને તે માટે કુલ ખર્ચ રૂા. ૫,૫૨,૭૮૬/-નો થયો છે. નિઃશંકપણે આ સફળતાનો યશ તેનાં પ્રથમ સૌજન્ય દાતાશ્રી અને અન્ય દાતાશ્રીઓ અને હિતેચ્છુઓના ફાળે જાય છે. આ આર્થિક સહયોગ પ્રાપ્ત કરાવવામાં શ્રી બંસીલાલ મગનલાલ ગડા (નાના ભાડિયા - મુંબઇ)નો હિસ્સો અગ્ર સ્થાને છે. તે માટે તેમનો ખાસ આભાર.

આ પ્રકારની ખૂબજ જરૂરિયાતવાળી સેવાકીય પ્રવૃત્તિ નિરંતર ચાલુ રહી શકે તે માટે દાનવીર જનતાને આ યોજનામાં પોતાનો **અમૂલ્ય આર્થિક સહયોગ** મોકલાવી આપવા 'મંગલ મંદિર'ના માધ્યમથી વારંવાર અપીલ થઇ રહી છે... અને તેનાં પરિણામ સ્વરૂપે... ઇસ યોજનામેં દાનકી ગંગા બહેતી જા રહી હૈ...

આ યોજનામાં અવારનવાર દાનની રકમ આપનારના નામો આ અગાઉ પ્રસિદ્ધ થઈ ગયા છે. તે સિવાય નીચે પ્રમાણે વધુ દાન પ્રાપ્ત થયા છે.

| દાતાનું નામ | ગામ | રકમ |
|---|---|---|
| • માતુશ્રી તારાબહેન મેઘજી ભાણજી પોલડિયા પરિવાર | ડુમરા- નાગપુર | ૫,૦૦૦/- |
| • શ્રી ચંદ્રકાંત મહેતા | ભુજ | ૧૦૦/- |
| • શ્રી રાયચંદ જેઠાલાલ ગોગરી | મદ્રાસ | ૫૦૦/- |
| • શ્રી અપૂર્વ વિપિન શાહ તથા શ્રીમતી રશ્મિ મહેતા | ગાંધીધામ | ૨૦૧/- |
| • શ્રી સોમ ધરમશી | તલવાણા-માંડવી | ૨૫૧/- |
| • શ્રી વિરલ શાહ | ભુજ | ૧૦૦/- |
| • શ્રી અરવિંદભાઇ શેઠ | વાપી | ૧૦૦/- |
| • શ્રી ગૌતમ વરીઆ | ગાંધીધામ | ૧૦૦/- |
| • શ્રી અતુલ એચ. દેઢિયા | મુંબઇ | ૧૦૦/- |
| • શ્રી નિર્મલ ગાલા | મુંબઇ | ૧૦૦/- |
| • શ્રીમતી કલાવતીબહેન ગાલા | મુંબઇ | ૧૦૦/- |

| દાતાનું નામ | ગામ | રકમ |
|---|---|---|
| • શ્રી ધનપતિ નાગડા | ગાંધીધામ | ૨૦૦/- |
| • શ્રી કલ્પેશ કિશોર વીરા | કાંદિવલી (મુંબઇ) | ૧,૧૫૦/- |
| • શ્રી રતિલાલ છેડા | હૈદ્રાબાદ | ૫૦૦/- |
| • શ્રી ભરત જેઠાલાલ | ગાંધીધામ | ૧૫૦/- |
| • શ્રી અશ્વિન રાંભિયા | - | ૧૫૦/- |
| • શ્રી ધનસુખ રતનશી દેઢિયા | હૈદ્રાબાદ | ૩૫૦/- |
| • શ્રી દિલીપ ડુંગરશી ગાલા | મુંદ્રા | ૩૦૦/- |
| • શ્રી હિતેન સાવલા | મુંબઇ | ૨૫૦/- |
| • શ્રી જિતેન જાદવજી વિસધરિયા | મુંબઇ | ૧૫૦/- |

*પોતાની જાત પર જીત એ મનુષ્યની મહાનતમ જીત છે.*

| દાતાનું નામ | ગામ | રકમ |
|---|---|---|
| ● શ્રી રસિકલાલ સાકરચંદ શાહ | ભુજ | ૧૦૦/- |
| ● શ્રી દીપક પુરુષોત્તમ મહેતા | મુંબઇ | ૪૦૦/- |
| ● શ્રી સોલમ નોડે | ભુજ | ૫૦૦/- |
| ● માતુશ્રી મણિબહેન કે. મોમાયા | સાંયરા | ૧૧૦૦/- |
| ● શ્રી દીપકભાઇ ઘોષ | પાલિતાણા | ૧૦૦૦/- |
| ● શ્રી રાજેશભાઇ ગડા | — | ૨૫૦/- |
| ● શ્રી પ્રશાંત ધિરેન્દ્ર માલાણી | આદિપુર | ૧૦૧/- |
| ● શ્રી શાંતિલાલ એસ. સાવલા | મુંબઇ | ૫૦૦/- |
| ● શ્રી કિશોર સી. ગઢેચા | ભુજ | ૬૫૦/- |
| ● શ્રી રાજેન્દ્ર આઇ. શાહ | ભુજ | ૫૦/- |
| ● શ્રી મોક્ષકુમાર નરેશ ગડા | ગાંધીનગર | ૧૦૦૦/- |
| ● શ્રી ચિરાગ કે. વોરા | ભુજ | ૫૦/- |
| ● શ્રી શૈલેષ ધનપતિ નાગડા | ગાંધીધામ | ૫૦૦/- |
| ● શ્રીમતી ભાવિની એચ. સાવલા | મુંબઇ | ૧૫૦/- |
| ● શ્રી જિગર જવેરચંદ ખેડોર | ભુજ | ૫૦/- |
| ● શ્રી રમેશ શાંતિલાલ ચંદુરા | સુરત | ૫૦/- |
| ● શ્રી મિત્તલ ચંદ્રપ્રકાશ શાહ | ગાંધીધામ | ૫૦/- |
| ● શ્રી પારસ હર્ષદભાઇ શાહ | ભુજ | ૧૦૦/- |
| ● શ્રી ફાલ્ગુન ભોગીલાલ સંઘવી | ગાંધીધામ | ૨૫૦/- |
| ● શ્રી સેજલ ધીરજ ગડા | મુંબઇ | ૫૦/- |
| ● શ્રી જયેશ હીરાચંદ લાલકા | માધાપર | ૧૦૦/- |
| ● શ્રી મહેશ હિંમતલાલ પૂજ | ગાંધીધામ | ૨૫૦/- |


| દાતાનું નામ | ગામ | રકમ |
|---|---|---|
| ● શ્રી દિનેશભાઇ | ભુજ | ૫૦૦/- |
| ● શ્રી કેતન નવીન શાહ | કલકત્તા | ૧૦૦/- |
| ● શ્રી ભદ્રેશ હર્ષદ શાહ | ભુજ | ૧૦૦/- |
| ● શ્રી વિનોદ ધરમશી મહેતા | ગાંધીધામ | ૧૦૦/- |
| ● શ્રી પ્રકાશ ટોકરશી લાલકા | મુંબઇ | ૫૦/- |
| ● શ્રી પ્રવીણ લાલજી વોરા | મુંબઇ | ૧૦૦/- |
| ● શ્રી હિતેશ જયંતીલાલ મોરબિયા | ભુજ | ૫૦/- |
| ● શ્રી પ્રકાશ મહેતા | રાપર | ૧૦૦/- |
| ● શ્રી દીપક મહેતા | રાપર | ૫૦/- |
| ● શ્રી વિપુલ કાંતિલાલ શાહ | ભુજ | ૧૫૦/- |
| ● શ્રી રાજેશભાઇ મહેતા | મુંબઇ | ૧૦૦/- |
| ● શ્રી અવની દીપક શાહ | ભુજ | ૫૦/- |
| ● શ્રી દિનેશભાઇ આર. મહેતા | ભુજ | ૧૦૦/- |
| ● શ્રી મેહુલ લાલજી મોતા | બયાના (રાજસ્થાન) | ૫૦૦/- |
| ● શ્રી જયેશ કાંતિલાલ મહેતા | ભુજ | ૫૦૦/- |
| ● શ્રી જિત કિશોર કોરડિયા | મુંબઇ | ૧૦૦/- |
| ● શ્રી લાલજી જખુભાઇ ગાલા | મુંબઇ | ૧૦૦/- |
| ● શ્રી મુકેશ લાલજી શાહ | મુંબઇ | ૧૦૦/- |
| ● શ્રી કુંવરજી કરમશી તાલપત્રીવાળા ચેરિટેબલ ટ્રસ્ટ | કોટડા રોહા, કચ્છ | ૧૧,૦૦૦/- |
| ● નયના હિતેન્દ્ર ફુરિયા | મેરાઉ, કચ્છ | ૫૦૦૦/- |
| ● મિલન શૈલેષ ગાલા | ભોજાય, કચ્છ | ૫૦૦૦/- |

*સર્વે દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર*

આ અભિયાનની મંજિલ લાંબી અને કઠિન છે. દરેક શક્તિશાળી દાનવીરો આ સેવાકીય પ્રવૃત્તિમાં યથાયોગ્ય સહયોગ આપવાની અમૂલ્ય તક ચૂકશે નહીં તેવી અપેક્ષા રાખીએ.

**"વહેતું ધન માનવ ધર્મ સમાન છે."**

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી,**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ**




૩૬-૩૭ વર્ષથી સતત એકધારું પ્રતિમાસ ૮૦થી ૧૦૦ પાનાની વૈવિધ્યસભર અને માહિત્યપૂર્ણ લેખ સામગ્રી અને સાહિત્ય પીરસવા બદલ આપ સહુને હાર્દિક ધન્યવાદ આપવા ઘટે. આટલા વર્ષોની યશસ્વી દડમજલમાં અનેક વિશેષાંકો પ્રગટ કરી આપે યશકલગીમાં સાફલ્યનું મોરપિચ્છ ખોસ્યું છે અને કીર્તિકળશ મેળવ્યો છે. એકનિષ્ઠ અને સહિયારા પુરુષાર્થ વિના કે અવિરત પ્રયાસ વિના આવી ઉજ્જવળ સિદ્ધિ કે જ્વલંત સફળતા શક્ય જ નથી. તમારા દળદાર અને સમૃદ્ધ અંકો વાંચકો - ભાવકોના મન પર સુરેખ છાપ ઉપસાવે છે. એક હિતચિંતક શુભેચ્છક તરીકે મારા અભિનંદન સ્વીકારશો.

*રાજેન્દ્ર ઉપાધ્યાય - અમદાવાદ*

• • • • •

## 'મંગલ મંદિર' સંભારણાં વિશેષાંક ભાગ-૧ અને ૨

લગભગ ૪૦૦ પાનાનો દળદાર મંગલ મંદિરનો દીપોત્સવી અંક મળ્યો. જાહેર કર્યા મુજબ ખરેખર 'સંભારણાં' વિશેષાંક છે. ભાગ-૧ના અનેક લેખો વારંવાર વાંચવા અને જીવનભર જાળવી રાખવા જેવા છે. કચ્છની અલભ્ય માહિતી આ અંકમાં વર્ષો સુધી જળવાઈ રહેશે. ભાગ-૨માં વર્ષ ૧૯૭૫થી ૨૦૦૪ના લેખો ફરી વાગોળ્યા છે જે ખરેખર પ્રશંસનીય પ્રયત્ન છે. મને લાગે છે કે ફક્ત ૨૦૦ પાનામાં ૨૯ વર્ષના 'સંભારણાં' સંભાળવા મુશ્કેલ કાર્ય છે. આને માટે તો કદાચ આપને 'સંભારણાં'-૩ કે ૪ પણ છાપવા પડે. મંગલ મંદિરની સંપૂર્ણ ટીમને અભિનંદન. મંગલ મંદિરના વાંચકોને આપના તરફથી વધુને વધુ ઉત્તમ સામગ્રી પીરસાતી રહે એ જ અભ્યર્થના.

*હેમચંદ કે. ગડા - મુંબઈ*

• • • • •

'મંગલ મંદિર'ના ડિસેમ્બરના અંકમાં શ્રી રવિલાલભાઈ વોરાનો લેખ ઉત્તમ. તેમની વાત બિલકુલ ખરી છે. ખૂબી તો જુઓ! મહાવીરને તો બધા માને છે, પણ મહાવીરનું કોઈ માનતા નથી! જોકે માત્ર જૈનોને જ આ વાત લાગુ પડે છે એવું નથી. બધા જ ધર્મપાલકોમાં આ જ સ્થિતિ છે. મને તો લાગે છે કે જગતમાં ગમે તેટલા અવતારો, તીર્થંકરો કે અરિહંતો તથા સંત મહાત્માઓ આવે પણ પૃથ્વી પર જ્યાં સુધી માનવજાતનું અસ્તિત્વ છે ત્યાં સુધી બે બાબતો કાયમ રહેવાની છે - કદી નાબૂદ થવાની નથી : (૧) હિંસા, (૨) ગરીબી.

શ્રી મુરજીભાઈ ગડાના લેખમાં પણ શોષણના વિષયની વૈજ્ઞાનિક છણાવટ સરસ રીતે થયેલી છે. એટલે જ જગતમાં ગરીબી કદી સાવેસાવ નાબૂદ થવાની શક્યતા નથી. શોષણમાંથી અસમાનતા અને તીવ્ર અસમાનતામાંથી યુદ્ધ એ અનિવાર્ય પરિણામ છે.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

## યુનિક આઈ.ડી. નંબર

સામાન્ય રીતે સરકારે ગોઠવેલ તથા દર્શાવેલ જગ્યાએથી આપણને યુનિક આઈ.ડી. માટેના ફોર્મ ભરવાના હોય છે. પણ તેમાં સચોટ માર્ગદર્શનના અભાવે તથા લાંબી લાઈનો અને વ્યવસ્થાના અભાવે ખૂબજ વિકટ પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે.

પરંતુ કચ્છી સમાજે પાલડી ખાતે 'યુનિક આઈ.ડી.' માટે ખૂબજ સુંદર વ્યવસ્થા કરેલ હતી. આ કાર્યક્રમનો સમાજના સભ્યો તેમજ સામાન્ય જનતાએ પણ સારી સંખ્યામાં લાભ લીધો હતો. સમાજના શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી કે.ડી. શાહ વગેરે સભ્યોએ આ માટેની વ્યવસ્થા ખૂબ જ સુંદર રીતે કરી હતી. કચ્છી સમાજ સામાન્ય સભા, પિકનીક કે કોઈ પણ કાર્યક્રમોનું સુંદર આયોજન કરે છે. તેના માટે સમાજના સૌનો ખૂબ ખૂબ આભાર.

*અજીતભાઈ, પ્રીતિદાબહેન - અમદાવાદ*

• • • • •

ધન્યવાદ છે સમગ્ર તંત્રી મંડળને એ ક્લાસ દીપોત્સવી અંક આપવા બદલ.

લગભગ કોઈપણ સંસ્થાના મુખપત્રમાં વાંચવા યોગ્ય થોડા જ પાના હોય અને ઉપર ઉપરથી નજર ફરાવી લેવા પાના વધારે હોય. પરંતુ મંગલ મંદિર અંક નં.-૪૦૨ માટે સગર્વ કહેવું પડે કે દરેકે દરેક પાના ઉપર ભંડાર ભરપૂર છે. દરેક વિભાગો રસપ્રચૂર, સરળ સાદી ભાષા. ધન્યવાદ છે, અમદાવાદના શ્રી કચ્છી જૈન સેવા સમાજને.

આ એક જ અંક નં.-૪૦૨ વાંચવાથી અમદાવાદના શ્રી કચ્છી જૈન સેવા સમાજની સ્થાપનાથી લઈને આજ સુધીના સમગ્ર ઇતિહાસની જાણકારી મળી ગઈ.

આપનું દરેક કાર્ય કચ્છી કહેવડાવવા ગર્વ અનુભવાય તેવું છે. ઈશ્વરને ખરા દિલથી પ્રાર્થના કે આપ સૌ સમાજવીરોને એવી શક્તિ બક્ષે કે આપે આદરેલ યજ્ઞને આપ સૌ ચાર ચાંદ લગાવી શકો.

*સુરેશ નાનજી ધરોડ - અંધેરી (વેસ્ટ), મુંબઈ*

• • • • •

## "મંગલ મંદિર"

"મંગલ મંદિર"ના અંકો આપણા "કાસ્પ" સંસ્થાના વાગડના ગામડાંના બાળકો ખૂબજ રસપૂર્વક વાંચે છે અને તેમાં દરેક વયને અનુરૂપ જ્ઞાન-ગમ્મત સભર ઉત્તમ વાંચન મળી રહે છે. આવા સ્તુત્ય પ્રયત્ન બદલ આપ તથા આપની ટીમના સર્વ સભ્યોને "કાસ્પ" સંસ્થા અને તેના સ્પોન્સર્ડ બાળકો તરફથી ધન્યવાદ

*ભરતસિંહ ડી. જાડેજા, કો-ઓર્ડિનેટર, રાપર*

• • • • •

*ધર્મ એટલે જે ભયભીત ન કરે, ભેદની ભીંતોને ભાંગે અને જે ભ્રમણામાં ન નાખે.*

## શૈક્ષણિક અને ધ્યાનપ્રદ

હું છેલ્લા દોઢ વરસથી મંગલ મંદિર માસિકનો ગ્રાહક છું. અમે કચ્છી લોહાણા જ્ઞાતિનાં છીએ. મને ગુજરાતી વાંચન બહુજ ગમે છે તેમાં પણ ખાસ જાણકારી અને જીવન ઘડતરનું સાહિત્ય વધુ ગમે છે મારી બધી અપેક્ષા મંગલ મંદિરથી પૂર્ણ થાય છે.

નાગપુરમાં વસતાં મારા મિત્ર અને શુભેચ્છક શ્રી મેઘજીભાઈ શાહના કહેવાથી મેં પહેલાં એક વરસનું લવાજમ ભરેલ હતું. મને પૂર્ણ સંતોષ થયા બાદ ત્રણ વરસનું લવાજમ ભરેલ છે. હું મંગલ મંદિરનાં બધાં અંકો પહેલા દિવસે જ વાંચી લઉં છું અને પછી મારા મિત્રો, સગાંઓ અને સ્નેહીઓને વાંચવા આપું છું. તે બધાને 'મંગલ મંદિર' બહુ જ ગમે છે. જો કોઇ આર્થિક કારણસર લવાજમ ન ભરી શકે તો હું ભરવાની તૈયારી બતાવું. આવી શૈક્ષણિક અને ધ્યાનપ્રદ માહિતી છાપવા બદલ આપનો આભાર. જે વાંચવા ન મળત તો જિંદગીમાં કંઈક ખૂટતું હોત.

ખાસ વિનંતી કે 'ધ આન્સર ટુ કેન્સર'ની બુક મળી શકે તો બહુજ સારું. જરૂરિયાતવાળાને વંચાવી શકાય અને આપણને કાંઈક મદદરૂપ થઇ શક્યાનો સંતોષ મળે. જો શક્ય હોય તો જરૂરથી મોકલશો.

*લક્ષ્મીકાંત જે. કોઠારી - નાગપુર*

• • • • •

## 'મંગલ મંદિર' આભાર

મને નિમ્નલિખિત વિશેષાંકો પાઠવવામાં આવ્યા છે, જેની આ 'પત્ર-પુષ્પ' દ્વારા, હું 'સહર્ષ પહોંચ' પાઠવી રહ્યો છું, તો તેનો 'સ્વીકાર' કરશોજી.

મંગલ મંદિર (૪૦૦મો અંક), મંગલ મંદિર (દીપોત્સવી અંક) (સંભારણાં વિશેષાંક-૧-૨)

એક 'વયસ્ક વડીલ' (ઉ.વ. ૮૮) પ્રત્યે, આપે જે 'દિવ્ય-ભાવ' દર્શાવ્યો છે, તે 'કાબિલે-તારીફ'તો ખરો જ! ઉક્ત ત્રણેય વિશેષાંકો 'સંગ્રહ' કરવા લાયક હોવાથી, તેને મારા અંગત-વાંચનાલય-પુસ્તકાલયમાં સુરક્ષિતપણે, 'સમાવિષ્ટ' કર્યા છે.

સુજ્ઞ-વાચકોની વાંચન-ભૂખ સંતોષવાની ગતિવિધિ આવકારપાત્ર તો ખરી જ!!

*- ભાઇલાલ બી. મામતોરા, વરિષ્ઠ પત્રકાર, નડિયાદ*

### ઇશ્વર ક્યાં છે?

★ ખેડૂત અને કારીગર માટે *મહેનતમાં.*
★ કલાકાર માટે *કલાની અભિવ્યક્તિમાં.*
★ પ્રેમી માટે *પ્રેમમાં.*
★ માતા-પિતા માટે *બાળકમાં.*
★ સાધુ માટે *ઐકાંતિક સાધનામાં.*
★ વિજ્ઞાની માટે *પ્રયોગમાં.*
★ રાજ્યકર્તા માટે *પ્રજામાં.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છી સિંધી કવિ સંમેલન

કચ્છી-સિંધી સાહિત્ય અકાદમી (ગુજરાત રાજ્ય) ગાંધીનગરના ઉપક્રમે તા. ૪-૧૨-૨૦૧૧ના રોજ રાષ્ટ્રીય કચ્છી-સિંધી કવિ સંમેલનનું આયોજન કુબેરનગર ખાતે કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ સ્થાને માયાબહેન કોડનાની હતા જ્યારે કાર્યક્રમનું સંચાલન ડૉ. વિશન નાગડાએ કર્યું હતું. માધવ જોષી "અશ્ક" સહિત મોટી સંખ્યામાં કચ્છી અને સિંધી કવિ મિત્રોની ઉપસ્થિતિએ કાર્યક્રમને સફળ બનાવ્યું હતું.

ઉપરોક્ત કાર્યક્રમમાં માયાબહેને શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદના ટ્રસ્ટીઓ મણિલાલ કુંવરજી ગોસર અને કાંતિલાલ આર. શાહને શાલ ઓઢાડીને સન્માનિત કર્યા હતા.

## ભાવનગર કચ્છ સમાજ

રજત જયંતિ વર્ષના સમાપનના એક ભાગરૂપે ભાવનગર કચ્છ સમાજ દ્વારા કચ્છી હસ્તકલા અને અસ્મિતાને પ્રોત્સાહિત કરતા વિશિષ્ટ હસ્તકલા નમૂનાઓનું ૧૯મા "કચ્છી હસ્તકલા પ્રદર્શન"નું આયોજન ડિસેમ્બર માસ દરમિયાન કચ્છી ભવન, ભાવનગર ખાતે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી, અધિકારીવર્ગ તેમજ સમાજના આગેવાનો સહિત મોટી સંખ્યામાં સમાજના પરિવારજનોની ઉપસ્થિતિ હતી.

## હૈદ્રાબાદ ખાતે મહાસંમેલન

દક્ષિણ ભારત કચ્છી વીસા ઓસવાલ જૈન એકમના નેજા હેઠળ અને આંધ્ર પ્રદેશ કચ્છી વીસા ઓસવાલ સમાજના આતિથ્યમાં તા. ૧૪ અને ૧૫ જાન્યુઆરી ૨૦૧૨ના મહાસંમેલનનું આયોજન હૈદ્રાબાદ ખાતે કરવામાં આવેલ છે.

દક્ષિણ ભારત કચ્છી વીસા ઓસવાલ જૈન એકમની શરૂઆત લગભગ ૨૦ વરસ પૂર્વ થયેલ. દક્ષિણ ભારત એકમમાં મુખ્ય રૂપે આંધ્ર પ્રદેશ, ચેન્નાઈ, મદુરાઇ, બેંગ્લોર, ઉત્તર કર્ણાટક (બીજાપુર, હુબલી, ગદગ, ગુલબર્ગા, બેલ્લારી વગેરે) એમ ઘટકોનો સમાવેશ થાય છે. મહાસંમેલનને સફળ બનાવવા કાર્યકર્તાઓ ખૂબ તકેદારીપૂર્વક કામગીરી બજાવી રહ્યા છે તેમ સંસ્થાના મંત્રીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## શ્રી સમ્મેતશિખરજી યાત્રા પ્રવાસ

શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ કાચીગુડા હૈદ્રાબાદના ઉપક્રમે **બુધવાર તા. ૧૨ ડિસેમ્બર, ૨૦૧૨ના શ્રી સમ્મેતશિખરજીની પહાડ યાત્રા કરવાનું નિર્ધારિત કરેલ છે.** ૧૨ દિવસના યાત્રા કાર્યક્રમની રૂપરેખા વહેલી તકે બહાર પાડવામાં આવશે. દરમિયાન આપશ્રી ટોકન રૂપે રૂા. ૧૦૦૦/- ભરીને આપશ્રીની સીટ બુક કરી શકો છો. ૧ સપ્ટેમ્બર ૨૦૧૨ પહેલાં બુકિંગના નામમાં જે પણ ફેરફાર કરવો હોય તે કરી શકાશે.

શ્રી સંઘ દ્વારા ૧૨૦૦ ભાવિકોને યાત્રા કરાવવાનું લક્ષ્ય છે

વધુ વિગત માટે સંચાલક શ્રી હંસકુમાર સાયલા (ફોન : ૦૪૦-૬૬૩૬૨૫૪૫, ૨૭૫૬૨૫૪૫)નો સંપર્ક કરવો. યાત્રાના આ ભગીરથ કાર્યક્રમ માટે આપશ્રી તરફથી કયા પ્રકારનો સાથ સહકાર મળી શકશે તે માટે શ્રી સંઘને જણાવવા આગ્રહભરી વિનંતી છે.

***- સંચાલક, શ્રી કુલપાકજી તીર્થયાત્રી સંઘ હૈદ્રાબાદ***

## સમૂહ લગ્નોત્સવ

શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રૂપ - મુંબઈ દ્વારા અબડાસા તાલુકાના તેરા ગામે ગત તા. ૧૦ અને ૧૧ દરમ્યાન આયોજિત **કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિના સમૂહ લગ્નમાં ૧૬ દંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા.** આ પ્રસંગે હિતેચ્છુઓ તથા દાતાશ્રીઓ દ્વારા કન્યાને કરિયાવરમાં વિવિધ ચીજવસ્તુઓની ભેટ અપાઈ હતી.

તેરા ખાતે લબ્ધિનિધાન વાટિકામાં જ્ઞાતિજનો તથા અન્ય અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ લગ્નોત્સવ પ્રસંગે મહારાજ સાહેબે નવદંપતીઓને આશીર્વાદ આપતાં પરિવારજનો સાથે સમજ કેળવી દાંપત્ય જીવનને સુખમય બનાવવા શીખ આપી હતી. સીમાબહેન લબ્ધિભાઈ મોમાયા વગેરે આગવાનો દ્વારા કન્યાદાનમાં સહયોગ અપાયો હતો.

કાર્યક્રમના પ્રથમ દિવસે "કન્યાદાન એ મહાદાન"ના સૂત્રને સાબિત કરતા પ્રદર્શનનું ઉદ્‌ઘાટન શ્રી શામજીભાઈ લોડાયા અને શ્રી પ્રતાપભાઈ એન. દંડના વરદ્‌ હસ્તે કરવામાં આવ્યું હતું.

સમૂહ લગ્નોત્સવના શુભ પ્રસંગે કચ્છના સાંસદ, ધારાસભ્ય, અધિકારીશ્રીઓ, સમાજના આગેવાનો, સંસ્થાના કાર્યકર્તાઓ સહિત મોટી સંખ્યામાં સમાજ પરિવારજનોની ઉપસ્થિતિએ સમાજ સંગઠન અને સહકારની ભાવનાના દર્શન કરાવ્યા હતા. ■

## મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

*માસ સપ્ટેમ્બર-૨૦૧૧ના અંકના પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે.*

૧. સ્થાનિક લોકોએ તે પ્રાપ્ત કરવા શૈક્ષણિક ધોરણોની ગુણવત્તા સુધારવી અને ઉદ્યોગોની જરૂરિયાત અનુસાર કૌશલ્ય કેળવવું. (પાના : ૨૩)

૨. પ્રથમ નિર્ણય તા. ૧૪-૪-૧૯૬૩માં કરવામાં આવેલ. એ 'શ્રી કચ્છી વીસા ઓસવાળ મિત્ર મંડળ'ની સ્થાપના. બીજો નિર્ણય તા. ૧૧-૧૦-૧૯૭૦ની સભામાં શ્રી ક.વી.ઓ. મિત્ર મંડળને 'શ્રી કચ્છી જૈન સમાજ'માં ફેરવવા બદલનો. (પાના : ૭૮)

૩. (૧) પારદર્શક વહીવટ, (૨) સૌને વિશ્વાસમાં લેવાની ભાવના, (૩) અંગત નિઃસ્વાર્થપણું, (૪) વહીવટમાં શક્ય એટલી કરકસર, (૫) વિરોધીઓ માટે પણ કડવાશનો અભાવ. (પાના : ૪૨)

૪. લેખકશ્રી કહે છે કે નમાલા, આળસુ, કામચોર, દંભી અને અંદરોઅંદર કુસંપ અને લડતા ઝઘડતા માણસો મહાન કેવી રીતે હોઈ શકે? મૂર્ખ માણસો કદી મહાન બની શકે નહિં. (પાના : ૩૮)

૫. સ્થાપક માવજી ધરમશી વેદ. કચ્છ, માંડવી, ૧૯૩૯ની સાલ. ગઢશીશા ગામ. (પાના : ૨૬)

૬. પાના નંબર-૬૧ ઉપર સુવાક્ય છે.

૭. (૧) ફિલ્મ : લૂંટ લો ઈન્ડિયા, (૨) હીરો : મનમોહન સિંઘ, (૩) હીરોઈન : સોનિયા ગાંધી (પાના : ૬૫)

૪. વડાપ્રધાન શ્રી લાલ બહાદુર શાસ્ત્રીએ. ૩૦ ડિસેમ્બર, ૧૯૬૫ના દિવસે. સીમા સુરક્ષા માટે અર્ધ લશ્કરી દળની સ્થાપના કરી. (પાના : ૧૫૩)

*દીપોત્સવી અંક ઓક્ટોબર-નવેમ્બર "સંભારણાં વિશેષાંક" અંક ભાગ-૧ અને ભાગ-૨ના પ્રશ્નોના ઉત્તરો નીચે મુજબ છે.*

૧. શ્રી જયકૃષ્ણ ઈન્દ્રે. (પાના : ૧૮૨)

૨. આયના મહેલ - ભુજ (પાના : ૧૦૦)

૩. શ્રીમદ્ રાજચંદ્ર એ. (પાના : ૧૮૮)

૪. ચીમનભાઈ રામજીભાઈ સાવલા (બેન્ઝરવાળા) (પાના : ૧૦૬)

૫. 'ફ્લોરાઈડ'ના વધુ ઉપયોગથી. (પાના : ૨૪૨)

૬. રણભૂમિમાં તે અનેકવાર પરાજિત થયો હતો પણ યુદ્ધમાં સદાય વિજયી જ થયો હતો. (પાના : ૨૫૧)

૭. નાગશ્રી બહેન. ૧૯૯૫ની સરપંચપદની ચૂંટણીમાં ચૂંટાયા હતા. (પાના : ૩૧૭)

*માસ સપ્ટેમ્બર-૨૦૧૧ અને દીપોત્સવી અંક ઓક્ટોબર/નવેમ્બર ભાગ-૧ અને ભાગ-૨ના અંકોના પ્રશ્નોના બધા સાચા જવાબ આપનારની યાદી.*

| | | |
|---|---|---|
| ૧. | શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડ | - અમદાવાદ |
| ૨. | શ્રીમતી અલકા સંઘવી | - અમદાવાદ |
| ૩. | શ્રીમતી મીનાક્ષીબહેન એ. માંકડ | - અમદાવાદ |
| ૪. | શ્રીમતી મીનાક્ષીબહેન આર. પારેખ | - અમદાવાદ |
| ૫. | શ્રીમતી નયનાબહેન એ. ગાલા | - અમદાવાદ |
| ૬. | શ્રીમતી કલ્પના એસ. ગાલા | - અમદાવાદ |
| ૭. | શ્રીમતી વર્ષાબહેન આર. પારેખ | - અમદાવાદ |
| ૮. | શ્રી અમરકુમાર ઉમરશી રાંભિયા | - નડિયાદ |
| ૯. | જ્યોતિબહેન લક્ષ્મીચંદ શાહ | - અમદાવાદ |
| ૧૦. | શ્રી જિતેન્દ્ર ઠાકરશી શાહ | - ભુજ, કચ્છ |
| ૧૧. | સરોજ અનુપ ચંદુરા | - સુરત |
| ૧૨. | જ્યોત્સના અરવિંદ શાહ | - અમદાવાદ |
| ૧૩. | શોભનાબહેન ચીમનભાઈ દંડ | - અંકલેશ્વર |

**★ માસ ડિસેમ્બર-૨૦૧૧ના અંકના પ્રશ્નો :**

૧. કચ્છી એંજલ નેટવર્ક તરીકે પ્રચલિત ભંડોળની રચના કોણે કરી?

૨. વનો (જંગલ)ના વિનાશના મુખ્ય કારણો કયા કયા છે?

૩. 'માનવ ઈતિહાસ વધુને વધુ પ્રમાણમાં શિક્ષણ અને સર્વનાશ વચ્ચેની સ્પર્ધા જેવો બનતો જાય છે.' આ વિધાન કોનું છે?

૪. કોઈપણ જાતની ફિકર વગર ઈશ્વરની નજીક રહીને જીવન માણવાની ઉંમર કઈ?

૫. ભારતના તેર (૧૩) અભયારણ્યોમાં કચ્છનું કયું અભયારણ્ય સ્થાન પામ્યું છે?

૬. ૨૧ માર્ચનો દિવસ કયા દિવસ તરીકે ઓળખાય છે?

૭. ચહેરો અને હૃદય આપણને મળ્યા છે એમાં આપણે શું ઉમેરવાનું છે?

***ઉપરના બધા પ્રશ્નો ફરજિયાત છે. બધા પ્રશ્નોના ખરા ઉત્તર આપનારના નામ મંગલ મંદિરના અંકમાં છપાશે. જવાબો મોકલવાની છેલ્લી તા. ૨૦-૧-૨૦૧૨ છે.***

*જવાબો મોકલવાનું સરનામું :* શ્રી કચ્છી જૈન ભવન, ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, અમદાવાદ.

***ચંદ્રા મહેન્દ્ર શાહ (ફોન : ૨૬૬૯૦૨૬૬)***

# "મંગલ મંદિર" - પ્રાપ્ત થયેલાં લવાજમ

*ડિસેમ્બર – ૨૦૧૧ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.*

## રિન્યુ થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- વસંત વીજપાલ રાંભિયા — નવા પાડા, મુંબઈ
- શેખર એન. શાહ — રતલામ (મ.પ્ર.)
- ભરત એલ. ભુજપુરિયા — ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ
- પીયૂષ ચીમનલાલ મોમાયા — યવતમાલ (મહારાષ્ટ્ર)

### ૫ વર્ષનું લવાજમ

- લખમશી હંસરાજ મોતા — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- સનત વિશનજી મોતા — અંકલેશ્વર

## નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- વીરેશ કે. શાહ — ચેન્નાઈ
- પ્રદીપકુમાર શાં. વોરા — ભુજ, કચ્છ
- સુરેશ નાનજી ધરોડ — અંધેરી, મુંબઈ
- ટી. શંકરલાલ આસારિયા — જબલપુર (મ.પ્ર.)
- હસમુખ ચુનીલાલ મહેતા — ભુજ, કચ્છ
- રાજેશ વસંતલાલ દોશી — પાલડી, અમદાવાદ
- દિનેશ ધનજી માતંગ — બાયઠ, માંડવી, કચ્છ
- હર્ષેન્દ્ર વી. ધોળકિયા — ભુજ, કચ્છ
- અરિહંત ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ — ભુજ, કચ્છ
- જિતેન્દ્ર એમ. મહેતા — માંડવી, કચ્છ
- શ્રીમતી તારાબહેન કિશોર સાંયા — ભુજ, કચ્છ
- લક્ષ્મીચંદ કેશવજી ધરમશી — લોકાપુર (કર્ણાટક)
- શ્રી બેરાજા પ્રગતિ મંડળ સંચાલિત શ્રી બેરાજા વાંચનાલય — બેરાજા, મુંદ્રા, કચ્છ

### ૩ વર્ષનું લવાજમ

- પ્રફુલ સી. મોતા — ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ
- કિરણ એચ. પૂજ — ગાંધીધામ, કચ્છ
- ચંદ્રકાંત વી. શાહ — વાડીલાલ પટેલ માર્ગ, મુંબઈ

### ૫ વર્ષનું લવાજમ

- પ્રતાપ દેવજી માલાણી — આદિપુર, કચ્છ
- વિજય એમ. હરિયા — લાલબાગ, મુંબઈ
- વિજય જાદવજી શાહ — કાંદિવલી (વેસ્ટ), મુંબઈ
- અનુપ કે. શેઠિયા — સેવારી (વેસ્ટ), મુંબઈ
- હરખચંદ સાવલા — કાચીગુડા, હૈદ્રાબાદ
- તારાચંદ બી. હેનિયા — બરકતપુરા, હૈદ્રાબાદ

### આજીવન

- રાજેશ મગનલાલ શાહ — માંડવી, કચ્છ
- વીરચંદ કુંવરજી કોરાણી — દાદર (વેસ્ટ), મુંબઈ
- અનિલ જગજીવન શાહ — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ
- રોહિત સુંદરજી કારાણી — ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ

## 'મંગલ મંદિર'ના માસ ડિસેમ્બર-૨૦૧૧ના પરત આવેલ અંકોની યાદી

| ક્રમ | વ્યક્તિનું નામ | ગામ | પ્રકાર | રિમાર્ક |
|---|---|---|---|---|
| ૧. | સંજય દામજી લોડાયા | વરલી, મુંબઈ | ગ્રાહક | — |
| ૨. | ધીરેન્દ્ર જે. મહેતા | વડોદાર | ગ્રાહક | 'લેફ્ટ' |
| ૩. | રાજેશ રતનશી વોરા | અમદાવાદ | સભ્ય | — |
| ૪. | જિગીષ એન. દોશી | અમદાવાદ | કોમ્પ્લિમેન્ટરી | — |
| ૫. | હર્ષદ શાંતિલાલ નાગડા | વડોદરા | ગ્રાહક | — |

## ભગવાને આપણને હંમેશ માટે....

*કંટક વિનાનાં ફૂલ નથી આપ્યાં, વાદળ વિનાનું આકાશ નથી આપ્યું, ઝંઝાવાત વિનાનો સમુદ્ર નથી આપ્યો, ચક્રવાત વિનાની હવા નથી આપી, દુ:ખ વિનાનું સુખ નથી આપ્યું, યુદ્ધ વિનાની શાંતિ નથી આપી, રોગ વિનાનો દેહ નથી આપ્યો – પણ એણે આપણને આપી છે : દિનભર મહેનત કરવાની શક્તિ, થાકીને આરામ કરવા માટે ઊંઘ, માર્ગ ઉજાળવા પ્રકાશ, અથાક અવિરત પ્રયત્ન કરવાની ધીરજ, કદિયે નાશ ન પામે તેવી આશા, શ્રદ્ધા, કરુણા – અને એ બધાથી સર્વોપરી તેનો અપાર પ્રેમ.*

*તારું શરીર તારું નથી, તો તારું ધન તારું છે એવું કેવી રીતે કહી શકે છે?*

## નવેમ્બર-૨૦૧૧ દરમ્યાન પૂરાં થઈ ગયેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | સૂર્યકાંત ભટ્ટ | ભુજ, કચ્છ |
| ૨. | વીસા ઓસવાળ જૈન ગુર્જર જ્ઞાતિ | ભુજ, કચ્છ |
| ૩. | કાંતિભાઈ મીરાણી | ભુજ, કચ્છ |
| ૪. | ચંદુભાઈ સી. શાહ | નવા અંજાર, કચ્છ |
| ૫. | રમેશચંદ્ર મણિલાલ શાહ | નવા અંજાર, કચ્છ |
| ૬. | ચેતન રવિલાલ દોશી | નવા અંજાર, કચ્છ |
| ૭. | નલીન ચંદુલાલ સંઘવી | ગાંધીધામ, કચ્છ |
| ૮. | ડૉ. રમેશ ઠક્કર | આદિપુર, કચ્છ |
| ૯. | ડૉ. નવીન એલ. ગોગરી | માંડવી, કચ્છ |
| ૧૦. | કચ્છી ભાનુશાલી ચેરિટેબલ ટ્રસ્ટ | ભરૂચ |
| ૧૧. | અતુલ માવજી સાવલા | ઉમરગામ |
| ૧૨. | લતાબહેન પી. મારુ | લાલબાગ, મુંબઈ |
| ૧૩. | રોહિત જગદીશ વોરા | માટુંગા, મુંબઈ |
| ૧૪. | જયેશ કલ્યાણજી શાહ | દાદર (વેસ્ટ), મુંબઈ |
| ૧૫. | દીપક હરિલાલ છેડા | વિલેપારલે (ઈસ્ટ), મુંબઈ |
| ૧૬. | વશનજી મેઘજી ગડા | થાણા (વેસ્ટ), મહારાષ્ટ્ર |
| ૧૭. | મણિલાલ માવજી ગાલા | થાણા (વેસ્ટ), મહારાષ્ટ્ર |
| ૧૮. | એ. ડી. પારેખ | ચેન્નાઈ |
| ૧૯. | શાંતિલાલ એસ. સંગોઈ | મદુરાઈ, તામિલનાડુ |

## ડિસેમ્બર-૨૦૧૧ દરમ્યાન પૂરાં થઈ ગયેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | મહેન્દ્ર સુધાકર શાહ | રાજકોટ |
| ૨. | દીપક રવિલાલ શાહ | ભુજ, કચ્છ |
| ૩. | જિતેન્દ્ર એન. અંતાણી | ભુજ, કચ્છ |
| ૪. | પ્રાણલાલ હેમચંદ વોરા | ભુજ, કચ્છ |
| ૫. | સુરેશ ચમનલાલ રામણી | ભુજ, કચ્છ |
| ૬. | જયંતીલાલ પૂજાલાલ છેડા | મનફરા, ભચાઉ, કચ્છ |
| ૭. | પદમશી લખમશી લાલકા | ગાંધીધામ, કચ્છ |
| ૮. | જયેશ મહાદેવભાઈ મહેતા | ગાંધીધામ, કચ્છ |
| ૯. | મનસુખલાલ સાકરચંદ મહેતા | રાઉરકેલા, ઓરિસ્સા |
| ૧૦. | દોલતલાલ એમ. સંઘવી | રાઉરકેલા, ઓરિસ્સા |
| ૧૧. | મણિકાંત વશનજી ખોના | કોચીન, કેરાલા |
| ૧૨. | વિઠ્ઠલ દેવશી વોરા | ચેન્નાઈ |
| ૧૩. | નવીનચંદ્ર એસ. લાલકા | ગદગ, કર્ણાટક |
| ૧૪. | પરેશ શરદભાઈ શાહ | બેંગ્લુરૂ, કર્ણાટક |
| ૧૫. | એલ. કે. વીંછીવોરા | બેંગ્લુરૂ, કર્ણાટક |
| ૧૬. | અજય હંસરાજ પાસડ | સિકંદ્રાબાદ |
| ૧૭. | ચંચળબહેન આર. શાહ | ભીલાઈ, છત્તીસગઢ |
| ૧૮. | મહેન્દ્ર એચ. ગાલા | જબલપુર, મ.પ્ર. |

## જાન્યુઆરી-૨૦૧૨ દરમ્યાન પૂરાં થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | લીલાધર ઉમરશી સાવલા | ભુજ, કચ્છ |
| ૨. | નેણશી આર. મીઠિયા | ભુજ, કચ્છ |
| ૩. | ઠક્કર એન.પી.એન. હાઈસ્કૂલ | અંજાર, કચ્છ |
| ૪. | અર્પણ અશોકભાઈ મહેતા | ભચાઉ, કચ્છ |
| ૫. | હરિલાલ અમુલખ પૂજ | ગાંધીધામ, કચ્છ |
| ૬. | સોમચંદ ધારશી નાગડા | ગાંધીધામ, કચ્છ |
| ૭. | પ્રેમચંદ સી. મહેતા | ગાંધીધામ, કચ્છ |
| ૮. | હીરેન ખીમજી વીરા | આદિપુર, કચ્છ |
| ૯. | રોહિત હેમચંદ શાહ | રામાણિયા, મુંદ્રા, કચ્છ |
| ૧૦. | નરેન્દ્ર મગનલાલ શાહ | પાલડી, અમદાવાદ |
| ૧૧. | કાંતિલાલ ભારમલ સાવલા | સુરત |
| ૧૨. | ભીમજી કુંવરજી ગોસર | સાયન (ઈસ્ટ), મુંબઈ |
| ૧૩. | લીલાધર લખમશી વીસરિયા | સાયન (ઈસ્ટ), મુંબઈ |
| ૧૪. | રાયચંદ વશનજી ખોના | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ૧૫. | ખુશાલ એલ. મહેશ્વરી | ભાંડુપ (વેસ્ટ), મુંબઈ |
| ૧૬. | મણિલાલ કે. છેડા | ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ |

## મનની વૃત્તિ

*તમે જેટલું વધુ બીજાંને આપશો, તેટલું વધુ તમે પામશો.*
*તમે જેટલા વધુ હસશો, તેટલાં તમે ઓછાં દુ:ખી થશો.*

*તમે જેટલું વધુ નિઃસ્વાર્થપણે કામ કરશો*
*તેટલું વધુ મુક્તપણે જીવી શકશો.*

*તમે જેટલું વધુ વહેંચશો*
*તેટલું તમને બીજાને આપવા માટે વધુ મળશે.*

*તમે જેટલું વધુ ચાહશો*
*તેટલી વધુ તમને જીંદગી સ-રસ લાગશે.*

*જે આપણે આપીએ છીએ, તે જ હંમેશ ભરપૂર રીતે*
*દિવસે દિવસે આપણે પામીએ છીએ.*

**– હેલન સ્ટીનર રાઈસ**

*માણસ અર્થ (પૈસા)નો દાસ છે, અર્થ કોઈનો દાસ નથી.*

# સાર સમાચાર

★ તામિલનાડુના ઈરોડ જિલ્લાના એક નાના ગામની ગરીબોના બાળકો માટેની એક સરકારી પ્રાથમિક શાળામાં બાળકોના એડમિશન માટેની લાઇનમાં એક સુખી તથા શિક્ષિત ઉચ્ચ વર્ગના દંપતીને ગરીબ મેલાંઘેલાં બાળકો સાથે લાઇનમાં ઊભેલા જોઇને ખબર પડી કે આ દંપતી ઈરોડના કલેક્ટર અને તેમનાં પત્ની છે જે પોતાની દીકરી ગોપીકાને સરકારી પ્રાથમિક શાળામાં દાખલ કરાવવા આવ્યા છે. આ પ્રકારનો, આપણા દેશનો આ પ્રથમ કિસ્સો છે.

★ ઉત્તર અમેરિકા તથા દક્ષિણ અમેરિકાની વચ્ચેની નહેર પટ્ટીમાં કોસ્ટારિકા નામનો નાનકડો સ્વતંત્ર દેશ છે જેના બંધારણમાં જ લશ્કર રાખવાની મનાઇ ફરમાવવામાં આવેલ છે. એટલે ત્યાં કોઇ લશ્કર નથી.

★ અણુ ભઠ્ઠીમાંથી નીકળતા કિરણોત્સર્ગની ભારત સરકારે સ્વીકારેલી 'માન્ય માત્રા' અન્ય દેશોએ સ્વીકારેલ માત્રા કરતાં વીસ ઘણી વધારે છે.

★ અણુ ઊર્જાનો ઉગ્ર વિરોધ કરનારા દેશોમાં સ્વિડન, જર્મની, ફ્રાન્સ, બેલ્જિયમ અને પોલેન્ડ છે. જ્યારે તરફેણ કરનારા દેશો રશિયા, સાઉદી અરેબિયા, હિન્દુસ્તાન, જાપાન અને ઇન્ડોનેશિયા છે.

★ જાણો છો ને સિંધુતાઇ સપકાળ ને? તેઓ ૧૦૪૨ અનાથ બાળકોની 'મા' છે. તેમના ૩૦૭ જમાઇ છે અને ૩૬ પુત્રવધૂઓ છે. તેઓ 'અનાથાશ્રમ' શબ્દ નથી વાપરતા પણ 'ઘર' શબ્દ જ વાપરે છે. અત્યાર સુધીમાં તેમને ૨૭૨ જુદા જુદા ઍવૉર્ડ મળી ચૂક્યા છે. ભણતર ચાર ચોપડી! અત્યારે ઉંમર વર્ષ ૫૪.

★ પંજાબમાં અબોહરથી બીકાનેર જતી ટ્રેન નંબર ૩૩૯ને ત્યાંના લોકોએ કેન્સર એક્સપ્રેસ એવું નામ આપેલ છે, કારણ કે તે ટ્રેનમાં રોજ લગભગ એકસો જેટલા કેન્સરના દર્દીઓ સારવાર અર્થે પંજાબથી બીકાનેર જાય છે.

★ પંજાબના આરોગ્ય ખાતાના પ્રધાને વિધાનસભામાં સ્વીકાર કર્યો કે પ્રાંતના ગામડાંઓમાં ૨૦૦૧થી ૨૦૦૯ સુધીમાં ૨૩,૪૨૭ ને કેન્સરનો રોગ લાગુ પડ્યો. તેમાંથી ૧૬,૭૩૦ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. આ કેન્સરના દર્દીઓમાં મોટી સંખ્યામાં શાળાના બાળકો પણ હતા.

★ આપણા દેશમાં કુલ્લે ૧૩૫૬ જેલો છે. જેમાં ત્રણ લાખ કરતાં થોડા વધારે કેદીઓ છે અને એમાં સીત્તેર ટકા કેદીઓ કાચા કામના છે. એટલે કે તેઓ 'ગુનેગાર' નથી. કોર્ટ દ્વારા તેમને 'ગુનેગાર' ઠરાવવામાં આવ્યા નથી.

★ યુનાનથી એજિયન સમુદ્ર તરફ ૬૦ કિ.મી.ના અંતરે 'માઉન્ટ મેથોસ' નામનો ટાપુ છે જ્યાં સ્ત્રીનો પ્રવેશ નિષેધ છે. એ ટાપુ પર ૨૦૦૦થી વધારે મંદિરો અને મઠો છે. ગાંધીજીએ પણ આ ટાપુની મુલાકાત લીધેલી.

★ જાપાનમાં આજ સુધીના ઇતિહાસમાં એક પણ મનુષ્યનું બાવલું (પ્રતિમા) મૂકવામાં આવેલ નથી. એકમાત્ર બાવલું હાચિકો નામના કૂતરાનું મૂકવામાં આવેલ છે.

★ કેરળના ૯૦ વર્ષની ઉંમરના ફાતિમા બીબીની ચોથા ધોરણની પરીક્ષા આપવા માટેની અરજી કેરળ સરકારે સ્વીકારી. ફાતિમા બીબી પાસ થયા. હવે એમણે જાહેર કર્યું છે કે તેઓ વર્ષ ૨૦૧૨માં સીધા સાતમા ધોરણની પરીક્ષા આપશે. એક વર્ષમાં તે બધા વિષયોનો અભ્યાસ કરી લેશે. ૨૦૧૨માં તેમની ઉંમર ૯૧ વર્ષ થશે.

★ કોઇ કાયદો ગેરબંધારણીય હોય તો આપણી સુપ્રીમ કોર્ટ તે કાયદાને રદ કરી શકે છે પરંતુ સરકાર જો તે કાયદાને નવમા શેડ્યુલમાં સામેલ કરી દે તો તે કાયદો ગેરબંધારણીય હોવા છતાં સુપ્રીમ કોર્ટ તેને રદ કરી શકે નહિ. આવા ૨૮૪ ગેરબંધારણીય કાયદાઓને શેડ્યુલ નવમા નાખી દેવામાં આવ્યા છે.

★ પુસ્તકોનું વેચાણ ઘણું ઓછું થઈ જવાથી અમેરિકાના બોર્ડર્સ બુક સ્ટોલે પોતાના ૪૦૦ સ્ટોર બંધ કરી દીધા.

★ કચ્છમાં ભદ્રેસરના શેઠ જગડુશાએ ઇ.સ. ૧૨૫૭-૫૯ના દુકાળના વર્ષોમાં ગુજરાત જ નહિ પણ સિંધ - મેવાડ - માળવા - કાશી - દિલ્હી અને છેક કંદહાર સુધી અનાજ પહોંચાડેલું. એ સમયે પોતાના પંડના રૂા. ચાર કરોડ ખર્ચેલા. ઇતિહાસમાં આવો બીજો પ્રસંગ નોંધાયો નથી.

*સંકલન : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

## કોઇના બેલી બનીએ

- *સમાજથી તરછોડાયેલા કોઈની સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર કરીએ,*
- *કોઇ નિરાધાર અથવા વિકલાંગને મદદ કરીએ,*
- *કોઈને કદી દુઃખ ના પહોંચાડીએ,*
- *એકાકી અને વૃદ્ધ માટે થોડો સમય કાઢીએ,*
- *કોઈનાં આંસુ લૂછીએ,*
- *કોઈને ભયમુક્ત કરીએ,*
- *કોઈનો કાર્યભાર ઓછો કરીએ,*
- *પિંજરમાં કેદ કોઇ પક્ષીને મુક્ત કરીએ,*
- *કોઈના મુખ ઉપર સ્મિત લાવીએ,*
- *કોઈના હૃદયમાંથી ગ્લાનિ અને હતાશ દૂર કરીએ,*
- *ધિક્કારને બદલીએ પ્રેમમાં*

**- તો જીવન બને અર્થપૂર્ણ!**

*વગર લેવાદેવાએ કોઈને કંઈ સૂચન કરવું કે કોઈને સુધારવા મંડી પડવું એ અહંકારની પેદાશ છે.*

# જાણવા જેવું

***સંકલન : સૂરજલાલ મહેતા***

(૧) દુનિયાનું સૌથી મોટું રમતનું મેદાન ચેક ગણરાજ્યની રાજધાની પ્રાગમાં ૧૯૩૪માં બંધાયેલું સ્ટ્રાહોવ નામનું રમતનું મેદાન છે. તેમાં ૨,૪૦,૦૦૦ (બે લાખ ચાલીસ હજાર) પ્રેક્ષકો બેસી શકે છે. આ સિવાય ૪૦,૦૦૦ (ચાલીસ હજાર) રમતવીરો માટેની પણ વ્યવસ્થા છે.

(૨) સૌથી મોટું ફૂટબોલની રમતનું મેદાન બ્રાઝિલમાં રિયો-ડી-જાનેરોમાં આવેલું મારાકાના સ્ટેડિયમ છે. તેમાં ૧,૫૫,૦૦૦ (એક લાખ પંચાવન હજાર) પ્રેક્ષકોને બેસવાની વ્યવસ્થા છે. બીજા ૫૦,૦૦૦ (પચાસ હજાર)નો સમાવેશ પણ સરળતાથી થઇ શકે છે.

(૩) ભારતમાં કોલકાતા સ્થિત ઇડન ગાર્ડન ક્રિકેટ સ્ટેડિયમ વિશ્વનું સૌથી મોટું અને દેશનું સૌથી જૂનું સ્ટેડિયમ છે. ૧૮૭૧માં અંગ્રેજોના સમયકાળ વખતે આ સ્ટેડિયમ બંધાયું. એ પહેલાં ત્યાં ઘણી મેચ રમાતી. સ્ટેડિયમમાં (એક લાખ) ૧,૦૦,૦૦૦ પ્રેક્ષકોની બેઠક વ્યવસ્થા છે. પહેલી વાર ૧૯૩૪માં આ ગ્રાઉન્ડ પર ભારત-ઇંગ્લેન્ડ વચ્ચે પહેલી ટેસ્ટ મેચ રમાઇ હતી.

(૪) છાપરાવાળા રમતના મેદાનમાં મેક્સિકો સિટીનું એઝટેકા સૌથી મોટું રમતનું મેદાન છે. તે ૧૯૬૮માં બંધાયેલું છે.

(૫) ફ્રાંસનું આર્લેસનું રમતનું મેદાન બે હજાર (૨૦૦૦) વર્ષ પૂર્વે ચૂના વિના કેવળ પથ્થરના ટુકડા ગોઠવીને બાંધેલું, તે આજે પણ અડીખમ છે.

(૬) યુવા ભારતી ક્રિડાંગણ :- ભારતમાં ઘણાં જાણીતા સ્ટેડિયમ છે, પરંતુ સૌથી મોટું સ્ટેડિયમ કોલકાતાની નજીક વિધાનનગરમાં આવેલું યુવાભારતી ક્રીડાંગણ છે. તેને સોલ્ટ લેક સ્ટેડિયમ પણ કહે છે. ફૂટબોલની મેચ માટે બાંધવામાં આવેલું આ સ્ટેડિયમ ૩,૦૯,૨૦૦ ચોરસ મીટરમાં પથરાયેલું છે. તેના સીન્થેટિક ટ્રેક અને ઇલેક્ટ્રોનિક સ્કોર બોર્ડ જાણીતાં છે. વિશ્વનું આ બીજા નંબરનું મોટું સ્ટેડિયમ છે. તમામ પ્રકારની રમતો માટે પ્રેક્ટિસની અલગ વ્યવસ્થા છે. ૬૨૪ બલ્બથી આખું સ્ટેડિયમ રાત્રે પણ ઝળહળી ઊઠે છે. ઇલેક્ટ્રોનિક સ્કોર બોર્ડમાં ૩૬,૦૦૦ બલ્બ છે. સ્ટેડિયમમાં માત્ર રમત ગમત જ નહીં, પરંતુ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાય છે.

(૭) આપણા શરીરના વજનમાં મગજનો હિસ્સો બે એક ટકા જેટલો હોય છે પરંતુ આપણે જે ઓક્સિજન લઇએ છીએ એના વીસેક ટકા પ્રાણવાયુ આપણું મગજ જ ઓહિયાં કરી જાય છે.

(૮) એક જીવનકાળમાં માનવહૃદય લગભગ ત્રીસ હજાર લાખ વખત ધબકે છે અને ૪૮૦ લાખ ગેલન રક્ત પમ્પિંગ કરે છે. આપણી એક ચોરસ ઇંચ ત્વચામાં ૬ મીટર રક્તવાહિનીઓ રહેલ છે. આખા દિવસમાં શરીરમાં લોહી ૯૬,૫૦૦ કિલોમીટર ભ્રમણ કરે છે.

(૯) માનવીના મસ્તકમાં ૧૦૦ અબજ જેટલી શિરાઓ હોય છે. આપણી ત્વચામાં ફેલાયેલ શિરાઓને જો સીધી ગોઠવવામાં આવે તો ૭૨ કિલોમીટર લાંબી લાઇન બની જશે. શિરાઓમાંથી મસ્તક સુધી કોઇપણ સંદેશ દર કલાકે ૨૭૪ કિલોમીટરની ઝડપે દોડે છે. ■

## તમારો પોતાનો અભિપ્રાય

*તમારી જાતનું મૂલ્યાંકન લોકોના તમારા વિશેના અભિપ્રાય ઉપરથી કદી ન કરો. તમારા વિશેનો તમારો પોતાનો અભિપ્રાય હોવો જ જોઈએ અને ઉત્તરોત્તર એ વધારે સારો બને એ દિશામાં ગતિ કરો.*

## શબ્દ રમત-૬૫નો ઉકેલ

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગા | ગ | ર | માં | સા | ગ | ર | | મે | ળો | | બા | | કા | ળ |
| જ | ન | તા | | ધ | | | ઊ | ન | | આ | ધા | શી | શી | |
| વી | | શ | હે | ન | શા | હ | | કા | ચ | બો | | ત | | શ્રી |
| જ | પ | | તુ | | | જ | ગ | | | હ | | લ | ચો | |
| | લા | ત | | રા | ખ | | રી | ત | રિ | વા | જ | | | પ |
| જ | ય | જ | ય | કા | ર | | બ | જે | ટ | | ગ | ર | મ | ર |
| મા | ન | વી | | | ગ | ર્વ | | લ | | | દં | | ઢી | લો |
| ન | | જ | રા | સં | ધ | | ન | | બા | દ | બા | કી | | ક |
| ત | લ | | મ | તા | | ભા | વ | ન | ગ | ર | | નો | | |
| | ખા | દી | | ન | ગ | | ભા | | વા | દ | ળ | | સા | પ |
| અ | ણ | વ | ર | | | | ર | ત | ન | | | આ | ગ | ળ |
| ણ | | | | ક | મા | વ | ત | ર | | અ | લ | ગા | રી | |
| ન | મ | ક | હ | લા | લ | | | કા | ગ | ડો | | ખા | ત | મો |
| મ | દ | | મા | | દા | દા | ગી | રી | | અ | મ | ન | | સ |
| | ન | ર | મ | ગ | ર | મ | | | પ | ડ | દી | | વા | મ |


**ડિસેમ્બર-૨૦૧૧ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૬૫ ના ઉકેલ મોકલાવનારના નામ**

| | | | |
|---|---|---|---|
| ૧. | અરવિંદ જે. ભટ્ટ | અમદાવાદ | બધા સાચા |
| ૨. | ચંદ્રા મહેન્દ્ર શાહ | સેટેલાઈટ, અમદાવાદ | બધા સાચા |
| ૩. | ચંદ્રા મહેન્દ્ર શાહ | ભદ્રા, અમદાવાદ | બધા સાચા |
| ૪. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | વલસાડ | બધા સાચા |
| ૫. | પ્રતાપ નારાણજી દંડ | અમદાવાદ | બધા સાચા |
| ૬. | ધનવંતી રતિલાલ છેડા | તીથલ (વલસાડ) | બધા સાચા |
| ૭. | સરોજ અનુપ ચંદુરા | સુરત | બધા સાચા |
| ૮. | રશ્મિકાંત એમ. સાવલા | ભુજ | ૨ ભૂલ |

*આદર્શ સમાજ એટલે માત્ર કલ્પનામાં ભજવાતું નાટક.*

## શબ્દ રમત-૬૬

*સંકલન : સૂરજલાલ મહેતા*



શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૧-૨૦૧૨*

### આડી ચાવીઓ

૧. વાંધો, હરકત, શંકા કરવાપણું (૪)
૪. વર્તણૂક, વર્તન (૪)
૮. એક વત્તા પા (૨)
૧૦. ----- ઓબામા, અમેરિકન પ્રમુખ (૩)
૧૧. ખૂન, ઝટકો (૨)
૧૨. ગોળગોળ ફરવું, એક બાલરમત (૬)
૧૩. કોલાહલ, ઘોંઘાટ (૫)
૧૬. ઘોષ, ધ્વનિ (૨)
૧૮. અથડામણ (૪)
૨૨. કચ્છનું શ્વેત ---, વગડો (૨)
૨૩. કમર તોડી નાંખે તેવું અઘરું (૫)
૨૫. ઉછેરીને મોટા કરનાર તાત (૫)
૨૭. રાજકુમાર (અં.) (૨)
૨૮. માલ, જાત (૨)
૨૯. આછો ઘોંઘાટ (૪)
૩૦. જીત, ફતેહ (૨)
૩૧. વર કે વહુના પિતા (૩)
૩૩. હરફ, બોલ (૩)
૩૫. સાર, સત્ત્વ, કસ (૪)
૩૭. વાલના ત્રીજા ભાગનું વજન, લાલફળ (૩)
૪૧. સરસ્વતી (૩)
૪૨. ભયંકર સ્વરૂપવાળી દુર્ગા (૪)
૪૩. આવડત, વ્યાયામ (૪)
૪૫. લખવાના કામની ઉપયોગી વસ્તુ (૩)
૪૬એ. લીન, આસક્ત (૨)
૪૮. સ્ત્રીજાતિ (૨)
૪૯. રમવાનાં પાનાંનો જથ્થો (૩)
૫૦. ઓચિંતુ, એકાએક (૪)
૫૨. ગુનો, દોષ (૪)
૫૩. એક અપ્સરા, શકુંતલાની માતા (૩)
૫૫. દાણાદાર ખાંડ (૩)
૫૭. વનમાં એની મેળે સળગતો અગ્નિ (૪)
૫૮. પૃથ્વી, દેશ, મુલક (૫)
૬૦. વાયદો (૩)
૬૨. નિવાસ સ્થાન (૩)
૬૩. ફોગટ, નિષ્ફળ (૨)
૬૫. દુઃખ, શોક (૨)
૬૬. આફ્રિકા ખંડમાં આવેલો એક દેશ (૩)
૬૭. --- લાગી રે મને તારા નામની, રઢ (૨)
૬૮. કાગળ ઉપર લખતાં નીચે મુકાતું જાડું પૂઠું, લખતી વખતે નીચે મુકાતો ટેકો (૪)
૬૯. આવક, --- ઉધારેલી રકમ (૩)

### ઊભી ચાવીઓ

૧. કૃષ્ણની ભક્ત (૨)
૨. પ્રદેશનો માપસર આલેખ (૩)
૩. નઠારું, ગંદું (૩)
૪. ઘી-તેલ રાઈને દાળમાં છમકારવું (૩)
૫. પ્રીતિ, સ્નેહ (૨)
૬. ફનાફાતિયા, અસ્તવ્યસ્ત (૪)
૭. આનંદ પામેલું, ખીલેલું (૩)
૮. સુંદર, ઉત્તમ (૩)
૯. બાગ, બગીચો (૨)
૧૦. ખરાબ, હીન (૨)
૧૪. રખવાળી કરનાર (૩)
૧૫. તાંબું અને પિત્તળ મળીને બનતી એક ધાતુ (૬)
૧૬. રગ (૨)
૧૭. જીવ સમાન વહાલું (૪)
૧૮. આડાઈ, અડવું (૨)
૧૯. પોસ્ટ, ડાક (૩)
૨૦. દ્રોણાચાર્યનો પરોક્ષ શિષ્ય (૪)
૨૧. ઝડપ, તાકીદ, ત્વરા (૪)
૨૪. મિજાજ, અહંકાર (૨)
૨૬. લાળ, હોઠ (૨)
૨૯. સુંવાળી વસ્તુ સંકોચાવાથી પડતી રેખા (૪)
૩૨. માનવાચક શીખ આગેવાન (૫)
૩૩. નિરાધાર, એકલું (૪)
૩૪. મોટું, વિસ્તીર્ણ (૩)
૩૬. ઓછું, ખરાબ (૨)
૩૮. બરોબર, વ્યવસ્થિત (૪)
૩૯. ઉશ્કેરાટ, જુસ્સો (૬)
૪૦. હોડી, જહાજ (૨)
૪૪. ત્યારે, તે વખતે (૨)
૪૬. મહાદેવના નાના પુત્ર માનાર્થે (૬)
૪૭. વિભાગ, જથ્થો (૨)
૪૯. એક ખનિજ પદાર્થ (૩)
૫૦. અકાળે થતો વરસાદ, માવઠું (૫)
૫૧. પાસ નહીં થયેલું (૩)
૫૩. ચોર-લૂંટારાના વસવાટવાળો પ્રદેશ (૩)
૫૪. ખ્રિસ્તી સાધવી (અં.) (૨)
૫૫. આનંદ, સુખચેન (૪)
૫૬. તડકો કે લૂ લાગવી (અં.) (૪)
૫૭. દવ, વનમાં જાતે સળગતો અગ્નિ (૩)
૫૯. ધાબળો, બનૂસ (અં.) (૨)
૬૦. ધન, દોલત (૨)
૬૧. કરીશ (અં.), કહ્યું એટલે થઈ જશે (૨)
૬૨. ટેવ, હરિતાલ (૨)
૬૪. છેતરપિંડી, ધાપ (૨)

*આપણે બધા એક જ આકાશ હેઠળ રહીએ છીએ, પણ સૌની ક્ષિતિજ જુદી જુદી છે.*

### ડિસેમ્બર-૨૦૧૧ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૨૨નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
૨. જ્યોતિબહેન લક્ષ્મીચંદ શાહ - અમદાવાદ
૩. સુરેન્દ્રકુમાર બી. જૈની - અમદાવાદ
૪. દેવલ ચંદ્રકાંત મૈશેરી - અમદાવાદ
૫. દીપ નરેશભાઈ વોરા - અમદાવાદ
૬. નીના અશોક ગોરજી - અમદાવાદ
૭. મીના પુંકેશ નાગડા - વડોદરા
૮. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૯. જૈનેશ કે. ફોફલિયા - કોઈમ્બતુર
૧૦. અવની મહેતા - અમદાવાદ
૧૧. સ્નેહા પી. છેડા - અમદાવાદ
૧૨. રોનકબહેન શેખ (સ્ટાફ) - અમદાવાદ
૧૩. અવંતી દેવેશ દંડ - અમદાવાદ
૧૪. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૧૫. અર્પણ અશોક મહેતા - અમદાવાદ
૧૬. યોગિની ચેતન શાહ - અમદાવાદ
૧૭. જિતેન્દ્ર ચંદુલાલ શાહ - અમદાવાદ
૧૮. ઊર્મિલા મહેશ શાહ - કોચીન
૧૯. ધનવંતી રતિલાલ છેડા - તીથલ (વલસાડ)
૨૦. એમ. એમ. ગોર - મુંબઈ
૨૧. સરોજ અનુપ ચંદુરા - સુરત
૨૨. દિનેશ મોહનલાલ વોરા - અમદાવાદ
૨૩. ચંદ્રિકા અશોક શાહ - રાઉરકેલા
૨૪. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૨૫. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ

### ફૂલ

*ફૂલ ખીલે વનમાં, ખૂલે મનમાં*
*પતંગિયાની પાંખે ઝૂલી*
*ફોરમ ફોરે કુંજ કુંજ મધુવનમાં,*
*ઝાકળ ઝીલી મટુકી ભરાયે*
*ગોપીના ચિત્તવનમાં.*

# સુડોકુ

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૨૩ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૨-૧-૨૦૧૨ સુધીમાં મોકલી આપવા વિનંતી. સાચા જવાબો મોકલનારના નામ ફેબ્રુઆરી-૨૦૧૨ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

**શરતો :** ૧. **૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.**
૨. **૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.**

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

**ક્રમાંક - ૧૦૨૩**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | | | | ૫ | ૩ | ૧ |
| ૮ | | ૫ | ૩ | | | | | |
| | | ૩ | ૫ | ૧ | ૯ | | | |
| | ૭ | | | ૯ | | | ૧ | ૨ |
| | ૩ | | ૧ | | ૭ | | ૪ | |
| ૧ | ૪ | | | ૮ | | | ૫ | |
| | | | ૯ | ૫ | ૪ | ૮ | | |
| | | | | | ૧ | ૪ | | ૯ |
| ૯ | ૮ | ૪ | | | | ૧ | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨ | ૯ | | | | | |
| | | | ૩ | ૫ | | | ૨ | |
| ૭ | | ૪ | | | | | ૩ | |
| ૯ | ૧ | | ૨ | | | ૭ | | |
| | | ૬ | ૭ | | ૮ | ૯ | | |
| | | ૭ | | | ૪ | | ૮ | ૧ |
| | ૭ | | | | | ૮ | | ૪ |
| | ૮ | | | ૭ | ૬ | | | |
| | | | | | ૯ | ૨ | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | | | | ૧ | | | |
| | | | | | ૭ | ૩ | | ૬ |
| ૩ | | ૮ | ૬ | | | | | |
| | | | | ૫ | | | ૪ | |
| | ૩ | | ૨ | | ૬ | | ૮ | |
| | ૬ | | | ૧ | | | | |
| | | | | | ૫ | ૯ | | ૭ |
| ૯ | | ૪ | ૧ | | | | | |
| | | | ૯ | | | | ૨ | ૪ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | | | ૭ | | ૮ | ૨ | |
| | | ૩ | | | ૪ | | | |
| | ૪ | ૮ | ૫ | | | | | |
| ૮ | ૫ | | ૯ | | | | ૬ | |
| | | | | ૫ | | | | |
| | ૩ | | | | ૭ | | ૯ | ૧ |
| | | | | | ૮ | ૨ | ૧ | |
| | | | ૬ | | | ૭ | | |
| | ૮ | ૭ | | ૧ | | | | ૩ |

**ઉકેલ : ક્રમાંક - ૧૦૨૨**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | ૯ | ૧ | ૩ | ૪ | ૮ | ૫ | ૬ |
| ૫ | ૪ | ૧ | ૮ | ૯ | ૬ | ૭ | ૨ | ૩ |
| ૩ | ૮ | ૬ | ૨ | ૭ | ૫ | ૧ | ૪ | ૯ |
| ૮ | ૫ | ૪ | ૬ | ૨ | ૯ | ૩ | ૭ | ૧ |
| ૯ | ૨ | ૩ | ૭ | ૪ | ૧ | ૬ | ૮ | ૫ |
| ૧ | ૬ | ૭ | ૫ | ૮ | ૩ | ૪ | ૯ | ૨ |
| ૭ | ૩ | ૫ | ૪ | ૧ | ૨ | ૯ | ૬ | ૮ |
| ૪ | ૯ | ૨ | ૩ | ૬ | ૮ | ૫ | ૧ | ૭ |
| ૬ | ૧ | ૮ | ૯ | ૫ | ૭ | ૨ | ૩ | ૪ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૪ | ૨ | ૯ | ૬ | ૧ | ૭ | ૩ | ૮ |
| ૮ | ૭ | ૬ | ૩ | ૪ | ૨ | ૧ | ૯ | ૫ |
| ૧ | ૩ | ૯ | ૮ | ૭ | ૫ | ૬ | ૨ | ૪ |
| ૩ | ૫ | ૪ | ૭ | ૨ | ૯ | ૮ | ૧ | ૬ |
| ૯ | ૬ | ૭ | ૧ | ૮ | ૪ | ૨ | ૫ | ૩ |
| ૨ | ૮ | ૧ | ૬ | ૫ | ૩ | ૯ | ૪ | ૭ |
| ૬ | ૧ | ૩ | ૪ | ૯ | ૭ | ૫ | ૮ | ૨ |
| ૪ | ૨ | ૮ | ૫ | ૧ | ૬ | ૩ | ૭ | ૯ |
| ૭ | ૯ | ૫ | ૨ | ૩ | ૮ | ૪ | ૬ | ૧ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૭ | ૫ | ૧ | ૬ | ૩ | ૮ | ૨ | ૯ |
| ૨ | ૧ | ૩ | ૯ | ૮ | ૭ | ૫ | ૪ | ૬ |
| ૬ | ૯ | ૮ | ૪ | ૨ | ૫ | ૭ | ૩ | ૧ |
| ૯ | ૨ | ૪ | ૭ | ૫ | ૧ | ૩ | ૬ | ૮ |
| ૧ | ૮ | ૭ | ૩ | ૪ | ૬ | ૨ | ૯ | ૫ |
| ૫ | ૩ | ૬ | ૨ | ૯ | ૮ | ૧ | ૭ | ૪ |
| ૭ | ૫ | ૨ | ૬ | ૧ | ૪ | ૯ | ૮ | ૩ |
| ૮ | ૬ | ૯ | ૫ | ૩ | ૨ | ૪ | ૧ | ૭ |
| ૩ | ૪ | ૧ | ૮ | ૭ | ૯ | ૬ | ૫ | ૨ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૪ | ૮ | ૧ | ૯ | ૫ | ૭ | ૨ | ૩ |
| ૫ | ૭ | ૧ | ૬ | ૨ | ૩ | ૪ | ૯ | ૮ |
| ૩ | ૨ | ૯ | ૮ | ૪ | ૭ | ૧ | ૬ | ૫ |
| ૯ | ૮ | ૨ | ૫ | ૬ | ૧ | ૩ | ૭ | ૪ |
| ૪ | ૫ | ૩ | ૭ | ૮ | ૨ | ૬ | ૧ | ૯ |
| ૧ | ૬ | ૭ | ૪ | ૩ | ૯ | ૫ | ૮ | ૨ |
| ૭ | ૩ | ૫ | ૯ | ૧ | ૮ | ૨ | ૪ | ૬ |
| ૮ | ૧ | ૬ | ૨ | ૫ | ૪ | ૯ | ૩ | ૭ |
| ૨ | ૯ | ૪ | ૩ | ૭ | ૬ | ૮ | ૫ | ૧ |

*દુશ્મન હોય જ નહીં તો જીવન જીવવા જેવું ન રહે.*

# માબાપની શોધમાં

દેખાવે આધુનિક પણ લજ્જાશીલ એવી એક યુવતી ધીમા પગલે વૃદ્ધાશ્રમના કાર્યાલયમાં પ્રવેશી. એણે વિનંતીભર્યા સ્વરે મને કહ્યું : 'સર, મારે આપના આશ્રમમાં વડીલોને ભેટ આપવી છે. એમની પાસે એમના ખંડોમાં જઇ શકું?'

મેં કહ્યું : "ભેટ તમે અહીં નોંધાવી દો. પહોંચ મળી જશે. અમે ભેટ વૃદ્ધોને આપી દઇશું. આ સિવાય કોઇ ખાસ પ્રયોજન હોય તો કહો."

યુવતી : "સર, મારે વડીલોનાં શુભાશિષ લેવાં છે. આજે મારો જન્મદિન છે." યુવતીની વાત તો મને ગમી. પણ આદત મુજબ મારાથી પૂછાઇ ગયું. "ઘેર માબાપના આશીર્વાદ તો મેળવ્યા હશે ને?"

આશ્રમના કાર્યાલયના બોર્ડ પર સરસ રંગીન અક્ષરોમાં એક પંક્તિ ચિતરાવેલી છે. પંક્તિ છે : "પહેલું વંદન માતાપિતાને!" હાથનો ઇશારો કરીને એક પંક્તિ તરફ યુવતીનું ધ્યાન દોર્યું. એણે પંક્તિઓ વાંચી... પણ ક્ષણવારમાં તો જાણે પંક્તિના શબ્દોએ એના ચહેરા પર વ્યથાની પીંછી ફેરવી દીધી! આંખોમાં ઝળઝળિયાં સાથે મને કહે, "સર, મારાં માતાપિતા તો સ્વર્ગવાસી છે. એટલે તો આ વડીલોમાં મારાં માતાપિતાનું સ્વરૂપ શોધું છું. એમનાં દર્શન એટલે મારાં માતાપિતાનાં દર્શન. એવી ભાવના સાથે તો અહીં આવી છું." મેં થોડી ભોંઠપ અનુભવી અને દિલગિરી વ્યક્ત કરી. મેં કહ્યું : "બહેન, માફ કરજે પણ મને સમજાતું નથી કે આ ઉંમરે તે મા અને બાપ બંને ગુમાવ્યાં છે. કુદરત તારા માટે સાચે જ ક્રૂર સાબિત થઇ છે."

મેં વૃદ્ધાશ્રમના વડીલો પાસે જવાની એને છૂટ આપી. એની સાથે જઇને મેં વૃદ્ધોને કહ્યું : "આ દીકરીનાં માબાપ તમે જ છો એમ સમજો અને એને અંતરના આશિષ આપો." તમામ બુઝુર્ગોએ એને આશીર્વાદ આપ્યા. ૯૦ વર્ષનાં બાએ તો એને ચૂમી લીધી. યુવતી એમનાં ચરણોમાં ઝુકી પડી. વડીલ માએ એને ઊભી કરીને કહ્યું : "બેટા, સો વર્ષની થા! સુખી થા! અમારા અંતરના આશિષ છે. બેટા, આશિષ આપવા સિવાય અમારી પાસે બીજું છે પણ શું?"

યુવતી કહે, "મા, તમે સૌ માતાપિતા છો. માતાપિતા ગમે તે સ્વરૂપે હોય પણ એમના આશિષથી વધુ કિંમતી, આ વિશ્વમાં બીજું કાંઇ છે ખરું? મેં નાની ઉંમરે માબાપ ગુમાવ્યાં છે. મારી વ્યથા હું જ જાણું છું!" યુવતીએ જે વેદનાથી આ શબ્દો કહ્યા એનાથી એકેએક વૃદ્ધજનની આંખો ભીની થઇ. દરેક વડીલને વંદન કરી, એમને પુસ્તકોની ભેટ આપી એ યુવતી ઓફિસમાં મારો આભાર માનવા રોકાઇ.

મારાથી કહ્યા વિના ન રહેવાયું. મેં કહ્યું : "જેણે પોતાનાં માબાપ નાની ઉંમરે ગુમાવ્યાં હોય છે એમને માબાપના પ્રેમની મોટી કદર હોય છે. તમારી માતાપિતા તેમજ વડીલો પ્રત્યેના આદરની હું કદર કરૂં છું."

મને કહે, "સર, મેં હમણાં જ મેડિકલના (M.B.B.S.) છેલ્લા વર્ષની પરીક્ષા આપી છે. બે દિવસ પછી મારો ભાઇ યુ.એસ.એ.થી આવશે. એણે ત્યાં એન્જિનિયરીંગમાં ડિગ્રી મેળવી છે. એના આગમન બાદ મારા લગ્નનો પ્રસંગ આવશે. અમે બંને ભાઇબહેન જે કાંઇ પામ્યાં છીએ એ માબાપની કૃપા અને કુરબાનીથી જ પામ્યાં છીએ. દુનિયાનાં બધાં માબાપની કક્ષા સરખી જ હોય છે એમ સમજી આ માબાપોની આશિષ માટે આવી હતી. મારા પિતાજી ગવર્નમેન્ટ સર્વન્ટ હતા. એમને રોડ એક્સિડન્ટમાં ગંભીર ઇજા થઇ હતી. હોસ્પિટલોમાં એમને દાખલ કર્યા ત્યારે એમના જીવવાની આશા ન હતી. પણ થોડા દિવસમાં એમની તબીયત સુધરી અને હવે બચી જશે એવી આશા બંધાઇ પણ... એ દિવસે એમને એકાએક હાર્ટએટેક આવ્યો અને..."

એમના મૃત્યુ પછી એમની પથારી નીચેથી એક ચિઠ્ઠી મળી. જે મારી મમ્મીને સંબોધાઇને લખાયેલી હતી. એમણે લખ્યું હતું:

"સુનીતા, મને જીવનનો ભરોસો લાગતો નથી. મને કે તને ગમે કે ન ગમે, પણ બે બાળકોની જવાબદારી તારે ઉઠાવવાની થશે એવું લાગે છે. કુદરત શું કરશે શી ખબર? મારા પી.એફ. અને વીમાના પૈસા આવે એનો એવો વહીવટ કરજે કે આપણાં બાળકોને સારામાં સારી કેળવણી મળે. તું પોતે ભણેલી છે. મહેનત કરજે. પણ બાળકોનું ભાવિ ઉજ્જવળ બનાવજે. આ મારી ખ્વાહીશ છે. ભગવાનના ભરોસે... જે થાય તે."

*- તમારા સૌનો મુકુલ*

"સર, તમે માનશો? મારી માતાએ પિતાના શબ્દે શબ્દનું પાલન કર્યું. એણે અમારા પરિવારનું ગુજરાન ચલાવવા ગૃહ ઉદ્યોગ શરૂ કર્યો. ખાખરા, વડી, પાપડ, અથાણાં આ બધું તૈયાર કરે... જાતે મહેનત કરે, વેચે અને જે થોડું ઘણું કમાય એમાંથી ઘર ચલાવે... પણ મારા પિતાની બચત એણે અમારા અભ્યાસ માટે અનામત રાખી અને એમને સારી રીતે ભણાવ્યાં. મારા ભાઇને પરદેશ ભણવાની ખ્વાહીશ હતી એ પણ પૂરી કરી અને અમારી કારકિર્દી બનાવવામાં એના જીવનની દોરી ટૂંકાઇ ગઇ."

મારા પિતાને મરતી વખતે એમના પોતાનો કોઇ વિચાર નહોતો આવ્યો. એમને ચિંતા હતી એમનાં સંતાનોની! અને મારી માએ ક્યારેય એના પોતાનાં સુખ-સગવડનો વિચાર નહોતો કર્યો.

ખરેખર માબાપની કુરબાનીથી મોટી કુરબાની સંતાનો માટે કોઇની હોતી નથી. માબાપ પોતાનાં સંતાનો માટે માત્ર ધન નહિ, તન અને મન પણ લૂંટાવી દે છે! આપે મને જે પંક્તિ વંચાવી એ તો મને મારા બાળપણથી યાદ છે. મારા તન-મનનો એકે એક કણ પોકારતો હોય છે : "પહેલું વંદન માતા પિતાને!"

એ યુવતી તો વિદાય લઇને ગઇ... પણ મારું મન પોકારતું હતું કે એકેએક સંતાન જ્યારે "પહેલું વંદન માતપિતાને" એ પંક્તિનું હાર્દ સમજશે ત્યારે આવા વૃદ્ધાશ્રમની જરૂર નહિં રહે!

***સાભાર : "સુવિચાર"***

*મનુષ્ય એક માત્ર એવું જાનવર છે જેને હસવાની શક્તિ મળેલી છે.*

★ **તુણા અને કંડલા બંદરનો વિકાસ :** લાંબા સમયથી જેની રાહ જોવાની હતી તેવા રૂ. ૧૮૬૦ કરોડના જંગી ખર્ચે વાર્ષિક એક કરોડ ૪૦ લાખ ટનની ક્ષમતાવાળું ડ્રાય બલ્ક ટર્મિનલ વિકસાવીને તુણા બંદર અને તેવી રીતે કંડલા પોર્ટની ક્ષમતા વધારવા માટેની રૂા. ૧૮૪૭ કરોડની ચાર મહત્ત્વાકાંક્ષી યોજનાઓ અમલી કરવાની દિશામાં કેન્દ્ર સરકાર વિચારી રહી છે, તેમ કેન્દ્રીય શિપિંગ પ્રધાન જી.કે. વાસને તાજેતરમાં વડોદરા ખાતે જણાવ્યું હતું.

★ **લાકડાં ખાખ :** તુણા બંદરે પ્લાન્ટમાં રાખેલા આયાતી લાકડામાં કોઇ કારણોસર તાજેતરમાં ભયંકર આગ ભભૂકી ઊઠી હતી. જેનાં પરિણામે રૂા. ૫૮ લાખની કિંમતનો જથ્થો સળગીને ખાખ થઇ ગયો હતો. આ બનાવ સંદર્ભે કંડલા પોલીસે ઘટનાસ્થળની વીડિયોગ્રાફી કરાવેલ હતી અને એફએસએલ દ્વારા નમૂના પણ લેવામાં આવ્યા હતા.

★ **શરદ પવાર :** ભારતના કૃષિમંત્રી શરદ પવાર પર થયેલા હુમલા સંદર્ભે રાપર વિભાગના ધારાસભ્ય બાબુભાઇ મેઘજી શાહે તાજેતરમાં ખેદ વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે દરેકે તેના પરથી આત્મખોજ કરવી પડશે. શ્રી શાહે કૃષિમંત્રીના મુંબઇ સ્થિત કચ્છીઓ સાથેના સંબંધો અંતર્ગત તેમને સહૃદયી નેતા લેખાવ્યા હતા.



સંકલન : રજનીકાંત ધરમશી પારેખ
દિનેશ આર. મહેતા

★ **ખેલાડીઓ ઝળક્યા :** કર્ણાટકના ઉડુપી ખાતે તાજેતરમાં યોજાયેલી ૨૯મી ઓલ ઇન્ડિયા બુડોકાન કરાટે ચેમ્પિયન ૨૦૧૧માં કચ્છના ખેલાડીઓએ સારો દેખાવ કરીને જિલ્લાના ૧૩ છાત્રાએ ૧૦ ચંદ્રક કબજે કર્યા હતા.

★ **મેજર થેલેસેમિયા :** કચ્છ મિત્ર અને ફૂલછાબ માનવસેવા ટ્રસ્ટ દ્વારા અધ્યાત્મદીપ ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી થેલેસેમિયાગ્રસ્ત બાળકોને નવું જીવન આપવાના એક પ્રોજેક્ટને તાજેતરમાં અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. ૧૩ ભૂલકાં પૈકી ત્રણને શસ્ત્રક્રિયા અર્થે અમદાવાદ સ્થિત ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

★ **ભુજ-ગાંધીનગર બસ :** ભુજ અને ગાંધીનગર વચ્ચે એસ.ટી. બસ સેવા તાજેતરમાં શરૂ થતાં યાત્રીઓમાં આનંદની લાગણી ફેલાઇ છે. આ બસમાં સ્લિપિંગ કોચ સાથે એક ટિકિટના અઢીસો રૂપિયાનો દર રખાયો છે. શરૂ થયેલી બસ ગાંધીનગરથી તેમજ ભુજથી રાત્રે આઠ વાગ્યાના સમયે ઉપડશે.

★ **વિકલાંગ રમતોત્સવ :** કચ્છમાં વિકલાંગો માટે કાર્યરત કચ્છ વિકાસ ટ્રસ્ટ દ્વારા અંધ-અપંગો વગેરે માટે તાજેતરમાં રાયધણજર (તા. ભુજ) ખાતે યોજાયેલા ૨૪મા રમતોત્સવમાં કચ્છભરમાંથી લગભગ ૨૫૦ વિકલાંગોએ ઉત્સાહભેર ભાગ લઇ પોતાની શક્તિઓનો પરિચય આપ્યો હતો.

★ **શબાના આઝમી :** તાજેતરમાં કચ્છની મુલાકાતે આવેલ બોલીવુડની અભિનેત્રી શબાના આઝમીએ ભુજોડીની મુલાકાત લીધી હતી. ત્યાંના વણાટ કારીગરો પાસેથી કચ્છી કળા અંગે માહિતી મેળવી હતી અને ગ્રામીણ મહિલાઓ સાથે શેરીઓમાં લટાર મારી હતી. તે ઉપરાંત, જિલ્લાના એક અખબારને આપેલી મુલાકાતમાં રાજ્યસભાના સદસ્યા શ્રીમતી આઝમીએ કહ્યું હતું કે "કચ્છ કે બારે મેં જો સુના થા ઉસસે કહીં જ્યાદા ખૂબસૂરત, સુંદર હૈ"

★ **ખારેક :** કચ્છમાં થતી ખારેક વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ છે અને આ જિલ્લા જેટલી ખારેકની જાતો વિશ્વમાં અન્ય દેશો પાસે નથી, તેમ મુંદ્રાના વૈજ્ઞાનિક ડૉ. મુરલીધરને તાજેતરમાં અલ્જીરિયામાં ખજૂરની ખેતી કરતા ૨૦ જેટલા દેશોની એક કોન્ફરન્સમાં જણાવ્યું હતું.

★ **બેમિસાલ પંખી મેળો :** કચ્છના ખડીરના રણ વિસ્તારમાં લાખોની સંખ્યામાં સુરખાબ ઉપરાંત પેણ, સીગલ, બગલા, ઘોમડા, ચિત્તાળા હજારોની સંખ્યામાં તાજેતરમાં ઊમટેલા છે. પંદર-વીસ વર્ષો બાદ પંખીઓનો એક ભવ્ય નજારો ત્યાં જોવા મળ્યો હતો.

★ **ભુજમાં કાર્નિવલ :** મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ તા. ૯મી ડિસેમ્બરે ભુજમાં કચ્છ કાર્નિવલનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તેમણે રણોત્સવમાં સૂર્યોદય અને ચાંદની રાતના સફેદ રણમાં પ્રત્યેક પર્યટકને આધ્યાત્મિક અનુભૂતિનો લહાવો લેવા જણાવ્યું હતું. આ પ્રસંગે ભુજમાં ઐતિહાસિક હમીરસર તળાવના કાંઠે સહેલાણીઓને આકર્ષતા ૩૫ જેટલાં ગ્રૂપોએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. આમ ભુજ શહેર કાર્નિવલમય બની ગયું હતું અને દેશ-વિદેશના સહેલાણીઓએ કચ્છની ભાતીગળ સંસ્કૃતિને જાણી-માણી હતી. છઠ્ઠા રણોત્સવનો પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ઔદ્યોગિક વિકાસને પગલે અહીં દેશના તમામ પ્રાંતના લોકો વસતા થયા છે અને કચ્છ હવે લઘુ ભારત બન્યું છે. આવી વિશેષતા ધરાવતો, દેશનો કદાચ આ એકમાત્ર જિલ્લો હશે.

★ **ભુજ એરબેઝ :** ૧૯૭૧નો ૯ ડિસેમ્બરનો દિવસ અને રાતના

*ચેર (ખુરશી)ની ચળ એ વૈશ્વિક મહારોગ છે.*

૧૦ વાગ્યાનો સમય.... સ્થળ હતું ભારતીય વાયુસેનાનું ભુજ એરબેઝ... ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ શરૂ થઇ ચૂક્યુ હતું. પાકિસ્તાને તે વખતે ભુજના એરબેઝને ટાર્ગેટ બનાવીને ૬ કલાકમાં ૬૫ બોમ્બ ઝીંક્યા હતા. એરબેઝનો ત્રણ કિલોમીટર લાંબો રનવે ખેદાન મેદાન થઇ ગયો હતો. તે સમયે એરબેઝના રક્ષણ માટે તેમજ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવા ભારતીય વાયુસેના ઓપરેશનમાં વ્યસ્ત હતું. આમ છતાં, પાકિસ્તાનના બોમ્બિંગથી ભુજ શહેરમાં કોલાહલ મચી ગયો હતો. તે વખતના સ્થાનિક અધિકારીઓ અને પોલીસની લાખ કોશિશો પછી પણ ૫૦ ટકા ભુજ સવાર સુધીમાં ખાલી થઇ ગયું હતું. જેમાં એરબેઝના સમારકામ માટે અગાઉથી તૈયાર રખાયેલા કોન્ટ્રાક્ટર્સ અને શ્રમજીવીઓનો પણ સમાવેશ થતો હતો. તે સમયે એરફોર્સના ઇસ્ટર્ન કમાન્ડના નેજા હેઠળની સુખોઇ-૭ લડાકુ વિમાનોની સ્ક્વોડ્રનને ભુજ એરબેઝ પર તૈનાત કરવાનું નક્કી કરાયું હતું. પરંતુ તે વિમાનોને રનવે પર ઉતારી શકાય તેવી સ્થિતિ ન હતી. સમારકામ કરતી અને અન્ય મોરચા પર તૈનાત સેનાની પાયોનિયર કંપનીને આવતા બીજા પાંચેક દિવસ નીકળી જાય તેમ હતા. તેવા સંજોગોમાં રન-વેની મરામત કરવા માટે માધાપર ગામની ૨૫૦ મહિલાઓ તૈયાર થઇ હતી અને ત્રણ દિવસમાં રન-વે તૈયાર કરી આપ્યો હતો. વિશ્વમાં જેટલા પણ યુદ્ધ થયા છે તેની તવારીખમાં આ એકજ કિસ્સો એવો છે જેમાં મહિલાઓએ રન-વે તૈયાર કર્યો હોય.... આ વિરલ ઘટનાને ૪૦ વર્ષ પૂરા થયા છે... તે વખતના ભુજ એરબેઝ પરના આક્રમણનો બહાદુરીપૂર્વક સામનો કરનારા વીંગ કમાન્ડર વિજય કર્ણિકે તાજેતરમાં વડોદરા ખાતે પહેલાની દરેક ક્ષણ યાદ કરતાં ઉપર મુજબ જણાવ્યું હતું. બાદમાં ભુજની અને એરબેઝની મુલાકાત લેનારા તત્કાલીન વડાપ્રધાન ઇંદિરા ગાંધીએ માધાપરની મહિલાઓને ઝાંસીની રાણી કહીને નવાજી હતી..... આજે તે એરબેઝ તમામ પ્રકારની સુવિધા સાથે વાયુસેનાનું મહત્ત્વનું અંગ બની ચુક્યું છે.... જેના બીજ રોપવામાં કચ્છી મહિલાઓએ આપેલો ફાળો ક્યારેય નહીં વિસરાય.

★ **ફ્લેમિંગોનો નઝારો :** છેલ્લા દાયકામાં મેઘરાજાની મહેરના કારણે કચ્છમાં સર્વત્ર વન્ય જીવન મહેકી ઊઠ્યું છે. કચ્છના રણમાં પ્રજનન માટે તાજેતરમાં એકઠા થયેલા ફ્લેમિંગો અને બીજા પક્ષીઓનો જમાવડો એટલો મોટો થયો છે કે જાણે 'મહાકુંભ' યોજાયેલ હોય તેવો નઝારો જોવા મળ્યો છે. ખડીર જતા માર્ગ પર 'શીરાની વાંઢ'થી અપરાપરના રસ્તે ૧૧ કિ.મી.ના પાણી ભર્યા રણમાં લગભગ દોઢ લાખ જેટલા નાના સુરખાબ (ફ્લેમિંગો) અને ૫૦ હજાર જેટલા મોટા સુરખાબ ઉપરાંત હજારોની સંખ્યામાં ગુલાબી ધોજાડા, પેણ, ગજપાંઉ અને અન્ય પક્ષીઓ હાલે રણને ગજવી રહ્યા છે. એક સમયે આવા પક્ષીઓ લાખોની સંખ્યામાં નળ સરોવરમાં આવતા હતાં પરંતુ તે સમગ્ર વિસ્તાર ઑટો હબ થઇ જતાં આ ખૂબસૂરત પક્ષીઓ હવે કચ્છના રણમાં ઊમટી પડ્યા હોય તેવું જણાય છે.

★ **રાપરના ગામોમાં ટ્રેન સ્ટોપ :** રાપર તાલુકાના ચિત્રોડ, કીડિયાનગર ઉપરાંત લાકડિયામાં ભુજ-બરેલી અને દાદર-ભુજ એક્સપ્રેસ ટ્રેનોને સ્ટોપ આપવા કચ્છના એકમાત્ર વિપક્ષી ધારાસભ્ય બાબુભાઇ મેઘજી શાહે તાજેતરમાં દિલ્હી ખાતે રેલવે મંત્રી સમક્ષ રૂબરૂ રજૂઆત કરી હતી.

★ **વિકલાંગના પ્રેરકબળ :** વિકલાંગ વ્યક્તિના હિતાર્થે કાર્યરત સર્વશ્રેષ્ઠ વ્યક્તિ માટે રાષ્ટ્રીય પુરસ્કાર માધાપરના નવચેતન અંધજન મંડળના મહામંત્રી પ્રજ્ઞાચક્ષુ લાલજીભાઇ એમ. પ્રજાપતિને તા. ૩-૧૨-૨૦૧૧ના રાષ્ટ્રપતિ વતી કેન્દ્રીય મંત્રીએ અર્પણ કર્યો હતો. નવચેતન અંધજન મંડળ મલ્ટીમીડિયા એજ્યુકેશનનો પ્રારંભ કરનાર ગુજરાતની પ્રથમ સંસ્થા છે.

★ **માંડવીમાં જળ જીવસૃષ્ટિ સંગ્રહાલય :** માંડવીના દરિયા કિનારે વ્હેલ માછલી સહિતના દરિયાઇ જીવોના સંવર્ધન અર્થેની લોકજાગૃતિ કેળવવા લગભગ એક હેક્ટરના વિસ્તારમાં વન વિભાગ દ્વારા રૂપિયા ૧ કરોડ ૫૦ લાખના ખર્ચે જળ જીવ સૃષ્ટિ સંગ્રહાલય ખડું કરાશે. તાજેતરમાં વિશ્વ બેંકના ઉચ્ચ અધિકારીઓ સહિત ૪૦ જેટલા અમલદારોએ સૂચિત પ્રકલ્પની 'ફીઝીબિલિટી' તપાસી હતી.

★ **મેનેજમેન્ટ સેમિનાર :** શિક્ષણ નગરી આદિપુરના તોલાણી ઇન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ (ટીમ્સ) કૉલેજ ખાતે કચ્છમાં સૌપ્રથમ વખત 'વ્યવસ્થાપનમાં સંશોધન ભારત માટે શીખ' એ વિષય પર બે દિવસનું આંતરરાષ્ટ્રીય સેમિનારનું આયોજન તા. ૧૦ અને ૧૧ જાન્યુઆરીના કરવામાં આવ્યું છે.

ભારતના ઉદ્યોગોને વૈશ્વિક સ્પર્ધાત્મક યુગમાં આવનારા પરિવર્તનમાં પડકારોનો કઇ રીતે સામનો કરવો અને તેને પહોંચી વળવા કઇ રીતે પોતાને સુસજ્જ કરવા તે અંગેનું મનોમંથન કરવાની તક આ આંતરરાષ્ટ્રીય પરિષદમાં મળશે. આ કાર્યક્રમમાં વિવિધ રાષ્ટ્રો તરફથી કુલ ૬૪ સંશોધન પત્રો રજૂ થશે.

★ **કિંજલબહેન દીક્ષા :** મુંદ્રા ખાતે આઠ કોટી નાની પક્ષ જૈન સંઘના કિંજલબહેને આચાર્ય સૂરજીસ્વામી, પદવીધર મહાસતી નીનાબાઇ સ્વામી, મૂલચંદજી સ્વામીની હાજરીમાં તા. ૬-૧૨-૨૦૧૧ના રોજ જૈન ભાગવતી દીક્ષા અંગીકાર કરી હતી. મૂળ મુંદ્રાના અને હાલે મુંબઇના બી.કોમ. થયેલાં કિંજલબહેનના પિતાનું નામ જીનેશભાઇ અને માતાનું નામ નયનાબહેન છે.

છ દાયકા બાદ મુંદરામાં યોજાયેલ દીક્ષા પ્રસંગે મહાસંઘના પ્રમુખ દામજીભાઇ એન્કરવાલા, ઉપપ્રમુખ હરખચંદ સાવલા, કુંવરજીભાઇ કેનિયા, ભૂપેન્દ્ર મહેતા, નીતિન શાહ, લાલચંદ ગોગરી સહિત સમસ્ત જૈન સંઘ તેમજ ઇતર જ્ઞાતિના ભાઇ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

*એક એક ડગલું ચાલતા રહીએ તો લાંબો પંથ પણ પૂરો થાય.*

આ પ્રસંગે મૂલચંદજી સ્વામીએ જણાવ્યું હતું કે, જીવનમાં મનુષ્યની નજર શારીરિક પ્રક્રિયા છે અને દૃષ્ટિ આત્મિક પ્રક્રિયા છે. તમે દીક્ષાર્થી ન બની શકો તો કંઇ નહીં, પરંતુ તેમના જીવનનો એક સદગુણ અપનાવી શકો છો!

★ **'હેલ્લો.....સખી'** : કચ્છ જિલ્લામાં મહિલાઓની સમસ્યાઓ અને મહિલા સશક્તીકરણ સાથે મૂળથી સંકળાયેલ કચ્છ મહિલા વિકાસ સંગઠને દોઢ વર્ષ અગાઉ જ મોબાઇલને મહિલા હેલ્પલાઇન તરીકે ઉપયોગમાં લેવાનો અખતરો કર્યો હતો અને તે સમય દરમિયાન ૬૭૦ મહિલાઓએ મોબાઇલ દ્વારા મદદ મેળવીને તેની ઉપયોગિતા સિદ્ધ કરી હતી. આ કારણે સંગઠનને વુમન ઇનોવેશન ફોર મોબાઇલ એવૉર્ડ ૨૦૧૧નો તાજેતરમાં નવી દિલ્હી ખાતે એનાયત થયો હતો. આ રીતે કચ્છ વધુ એક વખત રાષ્ટ્રીય મંચ પર ઝળક્યું હતું.

★ **હિન્દી ફિલ્મનું શુટિંગ** : કચ્છમાં બોલીવુડની મોટા બજેટની ફિલ્મોનું શુટિંગ થયા બાદ તાજેતરમાં ફરી એક ફિલ્મ 'તારા એક બંજારન'ના યુનિટે કાળા ડુંગર વિસ્તારમાં શુટિંગ માટે કચ્છમાં પડાવ નાખ્યો હતો.

★ **ક.વી.ઓ. આરોગ્ય સંકુલ** : ભુજ ખાતે ક.વી.ઓ. મહાજન સંચાલિત મેડિકલ ચેકઅપ સેન્ટરમાં તાજેતરમાં ચક્ષુ રોગ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. દર શનિવારે સાંજે ૪ થી ૬ આ વિભાગ કાર્યરત રહેશે.

★ **કિડનીમાં ૬૧ પથરી** : મોટા કપાયાના ૨૩ વર્ષીય એક મહિલાને એકાદ વર્ષથી કમરના પડખાના ભાગમાં અવારનવાર દુઃખાવો થયા કરતો હતો. તેમના નિદાન બાદ તાજેતરમાં કિડનીમાંથી શસ્ત્રક્રિયા દ્વારા ૬૧ પથરી નીકળી હતી. તબીબી ક્ષેત્રની આ ઘટનાને લિમ્કા બુક અને ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકર્ડમાં સ્થાન મળે તે માટે તજવીજ હાથ ધરાઇ છે.

★ **કચ્છ - માયાળુ મૂલક** : કચ્છનો માનવી નિખાલસ, સરળ, ભાવુક અને પરગજુ છે. અહીંની આતિથ્ય ભાવના મહેમાનને પોતાના કરે તેવી અદ્‌ભુત છે. અહીંના લોકજીવનમાં રણકતો મીઠો રણકો મુલાકાતીઓ, સહેલાણીઓને અનેરી ખુશીનો અહેસાસ કરાવી આપે છે. આવી લાગણી ફિલ્મ, નાટક અને ટીવી સિરિયલો મારફતે આગવી પ્રતિભા ઊભી કરનારી અભિનેત્રી રાગિણી શાહની છે. ભુજના વર્તમાનપત્રને તાજેતરમાં આપેલી એક મુલાકાતમાં ઉપર મુજબ તેમણે જણાવ્યું હતું.

★ **વીજ લેણી રકમ ૭૦ કરોડ** : કચ્છની નગરપાલિકા હસ્તકના વીજ જોડાણોની રકમ ભરપાઇ નહીં થતાં દિવસો-દિવસ રકમ વધતી જાય છે હવે આ આંક રૂપિયા ૭૦ કરોડ સુધી પહોંચી જતાં વીજ તંત્ર કડક બન્યું છે. આ તમામ સુધરાઇઓ દ્વારા અગર લેણી રકમ તાત્કાલિક ભરપાઇ નહીં થાય તો તેમના વીજ જોડાણો કાપી દેવાશે તેવી ચેતવણી પણ આપી દીધી છે. ભુજ ઉપરાંત અંજાર, રાપર, ભચાઉ, માંડવી અને આદિપુર સુધરાઇ તરફથી આ લેણી રકમ ભરપાઇ કરવાની બાકી છે.

★ **કરાટેની સ્પર્ધા** : વડોદરા ખાતે તાજેતરમાં યોજાયેલી ઓલ ગુજરાત કરાટે ચેમ્પિયનશિપ-૨૦૧૧માં ગાંધીધામના આયુશ પંકજ જૈને ઉત્કૃષ્ટ દેખાવ કરી બે ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. ફાટા અને કુમીતે નામની કરાટે સ્પર્ધામાં ૨૦૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો.

★ **ક્રાંતિતીર્થ** : માંડવીના વિશાળ દરિયા કિનારે કચ્છના સપૂત શ્યામજી કૃષ્ણવર્માની સ્મૃતિમાં તૈયાર કરાયેલ ક્રાંતિતીર્થની પ્રથમ વર્ષ દરમિયાન ૩ લાખ ૩૬ હજાર મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી.

★ **કચ્છના સાંસદ** : દેશભરના દલિતોના હિતોની રક્ષા માટેના એસ.સી. અને એસ.ટી. સંસદીય ફોરમના મહામંત્રી પદે કચ્છના સાંસદની સર્વસંમતિથી તાજેતરમાં વરણી કરાઇ છે.

★ **કચ્છ-સિંધ ભૂમિ માર્ગ** : તાજેતરમાં ગુજરાતની મુલાકાતે આવેલા પાકિસ્તાની ઉદ્યોગપતિઓ અને મુખ્યમંત્રીની સદ્‌ભાવના મુલાકાતના ફળ કચ્છને મળે એવો તખ્તો તૈયાર થઇ રહ્યો છે. કાશ્મીરની જેમ કચ્છના પાકિસ્તાન સાથેના ભૂમિ માર્ગો ખુલ્લા કરવાનો વિચાર નક્કર સ્વરૂપ પકડી રહ્યો છે, જે એક ઉજળી બાજુ દર્શાવે છે.

★ **૧.૨૧ લાખની લૂંટ** : કચ્છ-અંજાર તાલુકાના માથક ગામ નજીક તાજેતરમાં એક કારની પાછળ બાઇકથી આવેલા અજાણ્યા ત્રણ લૂંટારૂ શખ્શોએ કારમાં બેઠેલ મહિલાની ગનથી ફાયરિંગ દ્વારા હત્યા કરી અને તેના પતિને ઇજાઓ પહોંચાડી રૂપિયા ૧.૨૧ લાખની માલમતાની લૂંટ કરીને ભાગી ગયા હતા. આ બનાવથી સમગ્ર જિલ્લામાં ચકચાર મચી જવા પામી હતી.

★ **પાનધ્રો વીજ મથક** : સરકાર હસ્તકના વીજ મથકો ખાનગી કંપનીઓને સોંપવાની હિલચાલમાં કચ્છમાં પાનધ્રો વીજ મથક ખોટનું કારણ બતાવી ખાનગી કંપનીને સોંપવા માટે કન્સલ્ટન્ટની નિમણૂક કરવા માટેના ટેન્ડરો તાજેતરમાં બહાર પડી ગયા છે. અગર આ પ્રકારનો નિર્ણય લેવામાં આવશે તો પ્રજા, કર્મચારી તથા તમામ વીજ યુનિયનો દ્વારા તેનો સખ્ત વિરોધ કરવામાં આવશે તેવી હિલચાલ પણ ચાલી રહી છે.

★ **રણોત્સવ માટે ઊંટગાડીઓ** : કચ્છના સફેદ રણમાં તાજેતરમાં યોજાયેલ રણોત્સવ માટે રાજ્યના પ્રવાસ નિગમ દ્વારા ૧૧૦ ઊંટગાડીઓ ભાડેથી રાખીને દેશ-વિદેશના પર્યટકોને રણની સફર કરાવવામાં આવી હતી. દરમ્યાન કાર્નિવલ પર્વ નિમિત્તે ભુજમાં હમીરસર તળાવની મધ્યમાં એક તરતો ફુવારો પણ મુકવામાં આવ્યો હતો. ■

*તમે જ્યારે બોલો છો ત્યારે જે જાણો છો એનું પુનરાવર્તન કરો છો, પણ જ્યારે કંઇ સાંભળો છો ત્યારે કદાચ નવું શીખો છો.*



# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | |
|---|---|---|---|
| |  |  |  |
| (૧) ઉમેદવારનું નામ : | **શીતલ** | **વીરેશ** | **નીતિન** |
| (૨) પિતાશ્રીનું નામ : | મહેન્દ્રભાઈ | લક્ષ્મીચંદ | શાંતિલાલ |
| (3) માતાશ્રીનું નામ : | રેખાબહેન | કુસુમબહેન | શીલાબહેન |
| (૪) અટક : | શાહ | કેનિયા | દંડ |
| (૫) જ્ઞાતિ : | દશા શ્રીમાળી | | ક.વી.ઓ. |
| (૬) સંપ્રદાય : | દેરાવાસી | | |
| (૭) મૂળ વતન : | | બારોઈ | સંડાવ |
| (૮) જન્મ તારીખ : | ૧૭-૩-૧૯૭૮ | ૧૪-૦૯-૧૯૮૭ | ૧૦-૧૦-૧૯૮૩ |
| (૯) ઉંમર વર્ષ : | ૩૩ | ૨૪ | ૨૮ |
| (૧૦) ઊંચાઈ : | ૫'૫" | ૫'૭" | ૫'૮" |
| (૧૧) વજન : | ૫૦ કિ.ગ્રા. | | ૭૦ કિ.ગ્રા. |
| (૧૨) દેખાવ : | ઘઉંવર્ણો | | ઘઉંવર્ણ |
| (૧૩) અભ્યાસ : | F.Y.B.A. | M.Com. | M.Com.<br>સ્વતંત્ર ધંધો |
| (૧૪) નોકરી ધંધો (પોતાનો) : | | | |
| (૧૫) ઉમેદવારની વાર્ષિક આવક : | | | |
| (૧૬) નોકરી ધંધો (પિતાજીનો) : | નિવૃત્ત | ટ્રાન્સપોર્ટ | |
| (૧૭) સરનામું : | ૯૫, પૃથ્વી કોમ્પ્લેક્સ,<br>આઝાદ હલવાઈ સામે, આશ્રમ રોડ, ઉસ્માનપુરા, અમદાવાદ.<br>**ડાયવોર્સી છે** | ૫, શિવ ટેરેસ, જૈન નગર,<br>જલગાંવ. | ૩૦૭, નવનીત ભવન,<br>બહેરામપુરા,<br>અમદાવાદ. |
| (૧૮) ફોન નંબર : | ૨૭૫૬૧૦૪૮ | ૦૨૫૭-૨૨૩૫૭૩૩ | |
| (૧૯) મોબાઈલ નંબર : | | ૦૯૮૨૩૦૯૧૨૨૨ | ૮૬૯૦૮૦૧૭૨૨ |
| (૨૦) ભાઈ – બહેન : | ૧ – ૦ | ૦ – ૧ | ૧ – ૦ |
| (૨૧) કુંડળીમાં માનો છો? : | હા. | | |

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | | |
|---|---|---|---|---|
| |  |  |  |  |
| **(૧)** | **કિરણ** | **સમીર** | **અમિત** | **વિરલ** |
| **(૨)** | પોપટલાલ | ખીમજીભાઈ | ટોકરશી | મણિલાલ |
| **(3)** | ભાગ્યવતી | | દમયંતી | પ્રફુલ્લ |
| **(૪)** | શાહ | દેઢિયા | ગડા | છેડા |
| **(૫)** | શ્વેતાંબર, દેરાવાસી | કચ્છી વીસા ઓસવાળ | કચ્છી વીસા ઓસવાળ | કચ્છી વીસા ઓસવાળ |
| **(૬)** | | | | |
| **(૭)** | | કોડાય | સાંભરાઈ | ગોધરા |
| **(૮)** | ૨૯-૧૧-૧૯૬૬ | ૨૪-૪-૧૯૭૬ | ૧૮-૧૨-૧૯૮૦ | ૪-૧-૧૯૮૫ |
| **(૯)** | ૪૫ | ૩૫ | ૩૧ | ૩૧ |
| **(૧૦)** | ૫'૬" | ૫'૬" | ૫'૭" | ૫'૮" |
| **(૧૧)** | ૬૫ કિ.ગ્રા. | ૬૫ કિ.ગ્રા. | | |
| **(૧૨)** | ઘઉંવર્ણ | | ગોરો | |
| **(૧૩)** | B.E.<br>સિવિલ કન્સલ્ટિંગ એન્જિનિયર | H.S.C. | B.Com. | H.S.C.<br>નોકરી |
| **(૧૪)** | | સ્વતંત્ર ધંધો | કટલરીનો વ્યવસાય | |
| **(૧૫)** | | | | |
| **(૧૬)** | | નોકરી | કટલરીનો વેપાર | |
| **(૧૭)** | ૧૦૮૮, મીનાક્ષી નગર<br>થડાગામ રોડ,<br>કોઈમ્બતુર.<br>**ડાયવોર્સી છે (૧ બાળક છે.)** | બી/૬, ગોકુલ એપાર્ટમેન્ટ,<br>કેડિલા બ્રિજ પાસે,<br>અમદાવાદ. | ૪૨/૧૦૪, વિક્રાંત સોસાયટી,<br>મનીષા નગર,<br>કલવા, થાણા. | બી-૩૦૫, નવ રાધેશ્યામ સોસાયટી,<br>ડૉ.આર.પી. રોડ,<br>રામનગર, ડોંબીવલી. |
| **(૧૮)** | ૦૪૨૨-૨૪૭૬૦૬૨ | | ૦૯૭૬૯૨ ૭૪૪૨૭ | ૪૦૫૮૩૩૪૪ |
| **(૧૯)** | | | | |
| **(૨૦)** | | | ૧ – ૧ | |
| **(૨૧)** | | | | |

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | |
|---|---|---|---|
| |  |  |  |
| (૧) ઉમેદવારનું નામ : | **રાજેશ** | **અમિત** | **પૂર્વી** |
| (૨) પિતાશ્રીનું નામ : | નાથાલાલ | મણિલાલ | સુરેન્દ્રભાઈ |
| (૩) માતાશ્રીનું નામ : | ઝવેરબહેન | મંજુલાબહેન | સરલાબહેન |
| (૪) અટક : | સાવલા | વીરા | વીરા |
| (૫) જ્ઞાતિ : | કચ્છી વીસા ઓસવાળ | કચ્છી વીસા ઓસવાળ | કચ્છી વીસા ઓસવાળ |
| (૬) સંપ્રદાય : | | | સ્થાનકવાસી |
| (૭) મૂળ વતન : | વડાલા | વડાલા | વડાલા |
| (૮) જન્મ તારીખ : | ૨૪-૦૪-૧૯૭૫ | ૨૯-૧૨-૧૯૭૯ | ૩૧-૧૦-૧૯૮૬ |
| (૯) ઉંમર વર્ષ : | ૩૬ | ૩૨ | ૨૫ |
| (૧૦) ઊંચાઈ : | ૫'૩" | ૬'૦" | ૫'૭" |
| (૧૧) વજન : | | | |
| (૧૨) દેખાવ : | | | ગોરો |
| (૧૩) અભ્યાસ : | S.S.C. | S.S.C. | M.Com. |
| (૧૪) નોકરી ધંધો (પોતાનો) : | સ્વતંત્ર વ્યવસાય (કાપડના વેપારી) | ટ્રાન્સપોર્ટ | |
| (૧૫) ઉમેદવારની વાર્ષિક આવક : | | | |
| (૧૬) નોકરી ધંધો (પિતાજીનો) : | | | ટ્રાન્સપોર્ટ |
| (૧૭) સરનામું : | સુવાલાલ ચોક,<br>કલામ રોડ,<br>યવતમાલ (મહારાષ્ટ્ર) | ૭, વિદ્યા નગર ટ્વીન બંગલો,<br>નીલકંઠ મહાદેવ નગર,<br>નાગલપુર મહેસાણા. | ૨૨, કલ્યાણ પાર્ક સોસાયટી,<br>રાજકમલ પેટ્રોલ પંપ સામે,<br>મહેસાણા. |
| (૧૮) ફોન નંબર : | | ૦૨૭૬૨-૨૫૬૦૭૪ | ૦૨૭૬૨-૨૫૪૨૮૩ |
| (૧૯) મોબાઈલ નંબર : | | | ૯૦૩૩૭ ૭૨૩૩૦ |
| (૨૦) ભાઈ – બહેન : | | ૩ – ૧ | ૨ – ૦ |
| (૨૧) કુંડળીમાં માનો છો? : | | | |

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | | |
|---|---|---|---|---|
| | |  |  | |
| (૧) ઉમેદવારનું નામ | : | **ધીરલ** | **મેઘના** | **દર્શના** |
| (૨) પિતાશ્રીનું નામ | : | કાંતિલાલ | સુબોધચંદ્ર | દિલીપ |
| (3) માતાશ્રીનું નામ | : | હેમાબહેન | ભાનુબહેન | કલ્પનાબહેન |
| (૪) અટક | : | દેઢિયા | શાહ | શાહ |
| (૫) જ્ઞાતિ | : | કચ્છી વીસા ઓસવાળ | વીસા શ્રીમાળી | |
| (૬) સંપ્રદાય | : | | શ્વેતાંબર | જૈન દેરાવાસી |
| (૭) મૂળ વતન | : | ટુંડા (મુંદ્રા) | | માંડવી |
| (૮) જન્મ તારીખ | : | ૬-૧-૧૯૮૧ | ૨૫-૪-૧૯૮૦ | ૨૪-૬-૧૯૮૧ |
| (૯) ઉંમર વર્ષ | : | ૩૦ | ૩૧ | ૩૦ |
| (૧૦) ઊંચાઈ | : | ૫'૩" | ૫'૭" | ૫'૪" |
| (૧૧) વજન | : | | ૫૫ કિ.ગ્રા. | ૪૫ કિ.ગ્રા. |
| (૧૨) દેખાવ | : | | | |
| (૧૩) અભ્યાસ | : | B.A. | B.Com. | B.A. (Psychology)<br>M.A. (English) |
| (૧૪) નોકરી ધંધો (પોતાનો) | : | | ઈન્સ્યુરન્સ એજન્ટ | Infosys Tech. - Bangalore |
| (૧૫) ઉમેદવારની વાર્ષિક આવક | : | | | |
| (૧૬) નોકરી ધંધો (પિતાજીનો) | : | વ્યવસાય | | |
| (૧૭) સરનામું | : | ૨૬/૨૩૯, સત્ય નગર-૨,<br>ઉધના,<br>સુરત. | ૨૧, અક્ષરધામ સોસાયટી,<br>જૂના અમદાવાદ રોડ,<br>બારેજા. | ૬૧૯/૨૦, રાજાજી નગર<br>બેંગ્લોર-૧૦. |
| (૧૮) ફોન નંબર | : | ૦૨૬૧-૬૪૫૩૫૧૧ | ૦૨૭૧૮-૨૩૩૫૩૪ | ૦૮૦-૨૩૧૦૩૪૩૮ |
| (૧૯) મોબાઈલ નંબર | : | ૯૨૨૮૩ ૭૭૮૦૯ | ૯૯૨૫૩ ૯૨૯૯૧ | ૦૯૮૪૫૧૧૯૪૭૭ |
| (૨૦) ભાઈ - બહેન | : | | | |
| (૨૧) કુંડળીમાં માનો છો? | : | | | |

# ધૂમ મચાવે દાદાજી

૭૫ વર્ષના દાદાજીએ એ દિવસે ધૂમ મચાવી દીધી. બુલેટ બાઇક પર સવાર થઇને બિનદાસ્ત શાળાના પ્રાંગણમાં આવ્યા! માઇક પરથી જાહેરાત થઇ : ''આજના વડીલ વંદનાના કાર્યક્રમના આપણા મહેમાન વડીલશ્રી આવી ગયા છે!'' વિદ્યાર્થીઓ એ વડીલને જોતાં જ રહી ગયાં! ન હાથમાં લાકડી, ન વળેલી કમર, ન આંખે ચશ્માં, માથાના વાળ પણ શ્યામ-શ્વેત! રતૂમડો-ઝગારા મારતો ચહેરો...

વિદ્યાર્થીઓને કહેવામાં આવ્યું હતું કે ૭૫ વર્ષના વડીલ સાથે પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ છે! પણ આવનાર અતિથિ તો એમને પપ્પાની ઉંમરના લાગતા હતા! કોઇનો પણ ટેકો લીધા વિના સડસડાટ સ્ટેજનાં પગથિયાં ચઢીને મહેમાન સામી છાતીએ સ્ટેજ પર આવી ગયા. મહેમાનની સ્વાગતવિધિ થઇ. એમનું ફૂલહારથી સન્માન થયું અને તરત જ શરૂ થયો પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ અને અપેક્ષા મુજબ પહેલો જ પ્રશ્ન એમને પૂછવામાં આવ્યો.

એક વિદ્યાર્થી : તમારી ખરેખર ઉંમર ૭૫ વર્ષ છે? જો ખરેખર એમ હોય તો તમો આ ઉંમરે આટલા ચુસ્ત અને સ્ફૂર્તિલા કેવી રીતે રહી શક્યા? તમારી ફૂલ-ગુલાબી તબિયતનું કોઇ રહસ્ય?

જવાબ આપવા માટે વડીલશ્રી ઊભા થયા. એમને બેસીને જવાબ આપવા વિનંતી કરાઇ. પણ એ તો માઇક પાસે આવીને સામી છાતીએ ઊભા થઇ ગયા. એમણે એક પુસ્તક જેવી ડાયરી ખોલી અને એક પાનું ખોલી એ ડાયરીમાંના કોઇ ચિત્ર કે મંત્ર સામે માથું ઝુકાવ્યું અને વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપવાનું શરૂ કર્યું! એમણે કહ્યું કે મારી તંદુરસ્તીનું રહસ્ય છે મારી માએ આપેલું શિક્ષણ! મારી મા ત્રણ ચોપડી (ત્રણ ધોરણ) સુધી જ ભણી હતી પણ ગણેલી ખૂબ હતી! એણે શિખવેલું કે, ''બેટા, મનને મજબૂત રાખજે. મનની મજબૂતીથી જ તન મજબૂત રહેશે. સ્વસ્થ મન હશે તો જ સ્વસ્થ તન હશે.''

બીજા એક વિદ્યાર્થીનો પ્રશ્ન હતો : ''તમે અંધશ્રદ્ધાળુ લાગો છો! જવાબ આપવાની શરૂઆત કરતાં પહેલાં તમે ડાયરીમાં કોઇ દેવદેવીને માથું નમાવ્યું! તમે દેવ-દેવીમાં આટલી અંધશ્રદ્ધા રાખો છો તો તમારું મન સ્વસ્થ કહેવાય?'' દાદાજીએ જવાબમાં એમની ડાયરીનું પાનું ખોલી નાખીને વિદ્યાર્થીઓને બતાવ્યું. ડાયરીના પાના પર એક સ્ત્રીનો ફોટો હતો.

નીચે એ જાણીતી પંક્તિઓ સુંદર અક્ષરોમાં લખી હતી. ''પહેલું વંદન માતાપિતાને! બીજું વંદન ગુરૂજી તમને! વંદન કરીએ શ્રી પ્રભુ તમને!''

દાદાજી થોડા ગંભીર થઇ ગયા. એમણે કહ્યું : ''મારાં વહાલાં બાળકો, આ તસવીર મારી માની છે. એ મારી મા હતી... બાપ હતી અને ગુરૂ પણ હતી.''

'મા' તો હોય, એ પિતા અને ગુરૂ કેવી રીતે? એક નાની છોકરીનો પ્રશ્ન રજૂ થયો.

દાદાજી કહે : બેટા, મારા પિતા મને ત્રણ વર્ષનો મૂકીને અવસાન પામ્યા હતા. એ વખતે મારી માની ઉંમર માત્ર બત્રીસ વર્ષ! મારી માએ ખેતમજૂરી કરી, કાલાં ફોલ્યાં, પારકાં પોતાના કામ કર્યાં, ઘંટીએ દળણાં દળ્યાં... ન જાણે કેટકેટલી મજૂરી કરી પણ મને પૂરેપૂરો ભણાવ્યો. પોષણ કર્યું... રક્ષણ કર્યું... એણે મારા પિતાની ખોટ મને સાલવા ન દીધી... આમ એ માત્ર મારી 'મા' જ નહિ, 'પિતા' પણ હતી અને હું શાળામાં-કૉલેજમાં-યુનિવર્સિટીમાં ભણ્યો, દેશ-વિદેશમાં ફર્યો. મારી માએ મને જીવન જીવવાનું જે શિક્ષણ આપ્યું છે એવું શિક્ષણ મને વિશ્વમાં ક્યાંય મળ્યું નથી! એટલું યાદ રાખજો કે એક આદર્શ મા-બાપ જેવો વિશ્વમાં કોઇ શિક્ષક હોતો નથી. એટલા માટે કે એમનું શિક્ષણ સ્નેહ અને સ્વાર્પણમાંથી ઉદ્‌ભવે છે.

સ્નેહ અને સ્વાર્પણભર્યા માના શિક્ષણનાં એમણે ઉદાહરણ આપ્યાં.

''અમે ગરીબ હતાં. પિતાના મરણ પછીની પહેલી દિવાળીએ ઘરમાં ઘી કે ખાંડ પણ નહોતાં! અમારા ગામમાં અંબાજીના મંદિરે ગરીબોને-અપંગોને મફત મીઠાઇ અપાતી. મેં માને કહ્યું : મા! હું મીઠાઇ લેવા જાઉં?'' માનો જવાબ હતો : ''બેટા, ભીખની મીઠાઇ કરતાં જાતકમાઇનો રોટલો વધુ સારો! જાતકમાઇનું ખાઇએ તો એમાંથી ખુમારી જન્મે. એમાંથી સાચી તાકાત મળે.'' અને મારી માએ તેલ-ગોળ અને બાજરીના લોટની કુલેર બનાવી અને એને મીઠાઇ ગણીને અમે ખુમારીથી દિવાળી ઉજવી.

હું થીંગડાંવાળાં કપડાં પહેરીને શાળામાં જતો. પણ ક્યારેય હીનતાભાવ અનુભવતો નહિ. કારણ કે મારી માએ શિખવ્યું હતું કે તન-મન ગંદા હોય તો શરમાવું પડે, હરામનું ખાતાં હોઇએ તો શરમાવું પડે, બીજાનું છીનવી લઇએ તો શરમાવું પડે, ગંદાં કામ કરીએ તો શરમાવું પડે, પણ થીંગડાંવાળાં કપડાં પહેરવાથી શરમાવાનું ન હોય.

દાદાજીએ એક ત્રીજું સ્મરણ કર્યું. એ કહે....

''શિયાળામાં અમે બાર માસ ચાલે એટલું ઈંધણ (બાળવાનાં લાકડાં) ખરીદતા. એમાં મોટાં લાકડાં આવે. મારી મા મને કુહાડી આપીને લાકડાં ફડાવતી અને કહેતી કે, ''બેટા, મહેનત કરવામાં પાછો ન પડીશ. જીવન એક સંઘર્ષ છે. એ સતત ઉદ્યમી રહીને જ જીતી શકાય. જે દિવસે આળસુ બનીશ એ દિવસે ઓશિયાળો બનીશ. સાવ ખુમારી વિનાનો માગણ બની જઇશ.''

દાદાજીએ આછું સ્મિત ફરકાવીને પૂછ્યું : ''બાળકો, મને કહો કે જેમણે મને જીવતાં શિખવ્યું એ મારી મા મારો મહાન ગુરૂ ન કહેવાય?'' અને વિદ્યાર્થીઓએ હોંશભેર દાદાજીની વાત સ્વીકારી લીધી.

કાર્યક્રમના સમાપનની ઘડીએ શાળાના આચાર્યે દાદાજીને એક વિનંતી કરી. ''આજના આ વિશ્વ-વડીલ-દિને તમો આ વિદ્યાર્થીઓને કોઇ વિશેષ સંદેશ આપશો?'' દાદાજી અત્યંત ગંભીર થઇ ગયા. એમણે કહ્યું : ''માબાપને ભૂલશો નહિ એટલે માબાપના સ્નેહ અને સ્વાર્પણ આશીર્વાદ ભૂલશો નહિ. વિશ્વમાં કોઇ માબાપ એવાં નથી હોતાં કે જેમણે પોતાનાં સંતાન માટે કોઇપણ ભોગ આપ્યો ન હોય, પોતાનાં સંતાનોને ઉછેરવામાં, એમની કારકિર્દીના ઘડતર માટે માબાપ કેટકેટલું વેઠે છે? જો સંતાનો માટે માબાપને પ્રેમ ન હોય તો એ બલિદાન કેવી રીતે આપી શકે? પણ સંતાનો મોટાં થાય ત્યારે માબાપના બલિદાનને ભૂલી જાય તો?''

''બનવા જોગ છે કે માબાપને દગો દેનાર સંતાનોને માબાપ મુખેથી શાપ ન આપે પણ એમનું હૈયું તો વલોવાતું હોય ને! એ મૂંગાં રહીને નિઃસાસા તો નાખે જ ને! અને માબાપની આ મૂંગી હાય સંતાનોને એક યા બીજી રીતે દુઃખી કરે છે જ. કુદરતનો નિયમ છે કે, ''હાય લેનાર કોઇ સુખી થતો નથી!''

છેલ્લે એમણે એમની માતાના અપૂર્વ બલિદાનની વાત કરી.

''મારી મા બત્રીસ વર્ષની ઉંમરે વિધવા બની હતી. એ ગૌરવર્ણ અને રૂપવાન હતી. ગામના એક અત્યંત ધનવાન વિધુરે મારી માતાને પુનઃલગ્ન કરવા કહેણ મોકલ્યું. એ વિધુરનું કહેવું હતું કે લગ્ન કરીને તું પણ સુખી થઇશ હું પણ અને તારો પુત્ર પણ!''


મારી માનો જવાબ હતો. ''હું મારા પતિ સાથે દગો નહિ કરું. મારો પુત્ર એની અનામત છે. એ અનામતને હું પારકી કેવી રીતે થવા દઉં? મારો પુત્ર મારી હયાતિમાં સાવકો પુત્ર બને? એ ઓશિયાળો બનીને ખુમારી વિનાના પૂતળાની જેમ જીવે?'' અને મારી માએ મૂંગા મોંએ વૈધવ્ય વેઠ્યું. વૈધવ્ય એના માટે તપશ્ચર્યા હતી અને એનું તપ મને આજે ફળ્યું છે... જે તમે જોઇ શકો છો! યાદ રાખજો : ધન-સંપત્તિ-સગવડો-નામ-કીર્તિ... આ બધું ભલે નસીબથી મળે પણ તન મનનું સાચું સુખ તો સારાં કામ કરવાથી જ મળે. માબાપ અને ગુરૂના આશીર્વાદથી જ મળે, સંતપુરુષોના સત્સંગથી જ મળે.

અને છેલ્લે એમની ડાયરી ખોલી એમની માતાને એમણે પ્રણામ કર્યા ત્યારે કેટલાંય વિદ્યાર્થીઓની આંખો ભીની હતી.

તાળીઓના ગડગડાટ સાથે વિદ્યાર્થી સમુદાયે દાદાજીને વધાવી લીધા.

***સાભાર : ''સુવિચાર''***

***પતનથી બચવા ગુસ્સાને કાબૂમાં રાખીને ધીરજથી કામ લો.***




## સરનામા ફેરફાર

- **ભાવિક ધીરજલાલ સંઘવી**
  એ/૪૦૩, દેવ અર્ચન, બોની ટ્રાવેલ્સની બાજુમાં,
  કોચરબ આશ્રમ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  ફોન : ૨૬૫૮૨૧૮૮
- **હેમેન્દ્ર કાનજી શાહ**
  એફ/૦૧૪, તક્ષશિલા એપાર્ટમેન્ટ્સ,
  નાલંદા કોમ્પ્લેક્સ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **અમૃતલાલ મોણશી ગાલા**
  એ/૬૦૨, સત્ત્વ, પીપીસીસી ગ્રાઉન્ડ, પ્લોટ નં.-૬૦,
  ટી.પી. નં.-૦૬, શાંતિવન બસ સ્ટોપ પાસે, પાલડી,
  અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **અમિત કે. શાહ**
  એ/૬૦૩, સત્ત્વ, પીપીસીસી ગ્રાઉન્ડ, પ્લોટ નં.-૬૦,
  ટી.પી. નં.-૦૬, શાંતિવન બસ સ્ટોપ પાસે, પાલડી,
  અમદાવાદ-૩૮૦ ૦૦૭.

## ટેલિફોન નંબરમાં ફેરફાર

- **અશ્વિન ભવાનજી સોની**
  ફોન : (ઘર) ૨૫૬૨૬૬૫૪, (ઓ.) ૨૫૬૨૧૮૮૪
  મોબાઈલ : ૯૨૭૪૫ ૩૦૨૪૮

## શરણાઈ

- **રવિવાર, તા. ૨૭-૧૧-૨૦૧૧**
  **ચિરાગ લહેરચંદ પુનશી મૈશેરી (માંડવી) અમદાવાદ**
  **અવની ગુલાબચંદ મણિલાલ લોડાયા (નલિયા) યવતમાલ, મહારાષ્ટ્ર**

## અવસાન નોંધ

- **હિતેશ બાબુલાલ ગોપાલજી ત્રેવાડિયા** (સણવા) અમદાવાદ સોમવાર, તા. ૧૯-૧૨-૨૦૧૧ના રોજ અરિહંત શરણ થયા છે.
- **મણિલાલ નેણશી મૈશેરી** (લાલા) અમદાવાદ બુધવાર, તા. ૧૪-૧૨-૨૦૧૧ના રોજ અરિહંત શરણ થયા છે.

*સદ્ગતોના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ : વસતિ પત્રક-૨૦૧૨

## અગત્યની સૂચના

અગાઉ આપેલ માહિતી મુજબ સમાજ તેનાં સભ્ય પરિવારજનોની સુધારા-વધારા સહિતની વિગત સાથેનું નવું વસતિ પત્રક-૨૦૧૨ તૈયાર કરી રહ્યું છે.

સમાજના દરેક સભ્યોને પોતાની સંપૂર્ણ વિગત નક્કી કરેલા પત્રકમાં લખીને સમાજ કાર્યાલયમાં તાત્કાલિક મોકલાવી આપવા ફરીને વિનંતી કરવામાં આવે છે.

વસતિ પત્રકના ફોર્મમાં પરિવારજનોની માહિતી ઉપરાંત વ્યવસાય અથવા નોકરી અર્થેની માહિતી તેની સાથેના અલગ પત્રકમાં આપવાની રહે છે. તે માટેની સૂચના વાંચીને વિગત સંપૂર્ણપણે જણાવવા વિનંતી છે.

લગભગ ૮૦૦ પરિવારજનોમાંથી અત્યાર સુધી લગભગ ૫૦ ટકા પરિવારોની માહિતીવાળા પત્રકો મળી ગયા છે. આ બાબતે જાગૃતિ દર્શાવીને તાત્કાલિક પત્રકો મોકલાવવા બદલ તે સૌ પરિવારજનો પ્રત્યે આભાર વ્યક્ત કરીએ છીએ.

જ્યારે બાકી રહેનાર સૌ પરિવારજનોને ખાસ વિનંતી કે તેઓ પણ પોતાની વિગત ચાલુ સપ્તાહ દરમિયાન અચૂક મોકલાવી આપે.

'મંગલ મંદિર' માસ સપ્ટેમ્બર-૨૦૧૧ના અંકમાં વિગત સંબંધિત પત્રક તેમજ જાહેરાતના દર આપેલા છે.

વસતિ પત્રકમાં આપેલ જાહેરાત લાંબા સમય સુધી દરેકના વંચાણમાં રહેશે. તેથી સૂચિત વસતિપત્રકમાં જાહેરાત આપીને સહકાર આપવા દરેક સભ્યોને નમ્ર અપીલ છે.

**સૂરજલાલ મહેતા**
**કન્વીનર વસતિપત્રક સમિતિ, શ્રી ક.જૈ.સે.સ.-અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્‌મંત્રી, શ્રી ક.જૈ.સે.સ.-અમદાવાદ**

## સંગીત સાધક



અમદાવાદ ખાતે તાજેતરમાં યોજાયેલા એક યુથ મહોત્સવમાં ગુજરાત રાજ્યમાંથી મૂળ ડુમરા-માંડવીના કુ. સ્તુતિ ઉદય કારાણીએ સુગમ સંગીત અને ગીતની શ્રેણીમાં પ્રથમ સ્થાન અને શાસ્ત્રીય સંગીતમાં બીજા ક્રમાંકનું સ્થાન મેળવ્યું હતું.

અમદાવાદની એચ.એલ. કોમર્સ કૉલેજમાં પ્રથમ વર્ષના અભ્યાસી અને સંગીત ઉપાસક કુ. સ્તુતિ હવે રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લેશે, જે કચ્છ જિલ્લા માટે ગૌરવપ્રદ છે.

## સ્ટાફ સભ્યોની પિકનિક

શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદના ત્રણ ભવન અને તબીબી કેન્દ્રના કર્મચારીગણની એક દિવસની પિકનિકનું બસ દ્વારા આયોજન અમદાવાદથી ૨૫૦ કિ.મી. દૂર કેવડિયા કોલોની મધ્યે કરવામાં આવ્યું હતું. અમદાવાદથી પ્રસ્થાન કર્યા બાદ ડભોઇ મુકામે આવેલ જૈન તીર્થમાં સવારે ૮.૪૫ કલાકે પહોંચીને દર્શન કરવાનો ભવ્ય લાભ સૌએ લીધો હતો. ત્યાંથી બે કલાકના અંતરે કેવડિયા કોલોની પહોંચ્યા હતા.

ગાંધીનગર સરદાર સરોવર નિગમમાંથી જરૂરી પરવાનગી મેળવીને ત્યાંની આજુબાજુના વિસ્તારમાં નર્મદા ડેમ, કેનાલ, પર્યટન પોઇન્ટસ અને ૪ તળાવોના રમણીય સ્થળે ફરીને, ત્યાં થયેલ પ્રગતિથી વાકેફ થયા હતા. ત્યાંના ઇલેક્ટ્રિક થર્મલ સ્ટેશનની મુલાકાત લઇને પેદા કરવામાં આવતી વીજળીના તમામ યુનિટો રસમય રીતે જોવા મળ્યા હતા. થર્મલ સ્ટેશનની ટેક્નિકલ માહિતી અદ્‌ભુત હતી. ડેમની નીચે ૧૫૩ ફૂટ ભૂગર્ભમાં આ થર્મલ સ્ટેશન ઊભું કરવામાં આવ્યું છે અને ત્યાં પેદા થતી વીજળી રાજસ્થાન, મધ્ય પ્રદેશ તેમજ ગુજરાત રાજ્યમાં પહોંચાડવામાં આવે છે, તેવી માહિતી સ્થાનિક અધિકારીશ્રીઓએ આપી હતી. આ સમગ્ર યુનિટમાં બે કલાકના નિરીક્ષણ અને તેની કામગીરીથી સૌ આશ્ચર્યચકિત થયા હતા.

ત્યારબાદ કોલોનીમાં સ્વાદિષ્ટ ભોજન લીધા બાદ વડોદરા ખાતેના આજવા ગાર્ડનની મુલાકાતે ગયા હતા. ત્યાં પણ મ્યુઝિકલ ફુવારા વગેરે જોવાની મજા માણી હતી.

પર્યટનમાં આનંદ-મસ્તીથી વિભોર થઇને સૌ રાત્રિના અમદાવાદ પરત ફર્યા હતા. સ્ટાફગણની વિનંતીને માન આપીને સમાજે આ પર્યટન માટે જરૂરી આર્થિક સહાય પૂરી પાડી હતી. જેના કારણે આ પર્યટનનો કાર્યક્રમ સફળ થયો હતો.

સમગ્ર પર્યટનની કામગીરી મેનેજર પરાશરભાઇ વ્યાસ, ડૉ. દક્ષાબહેન રાણાવત, કિરણભાઇ શાહ, કિશોરભાઇ ઠક્કર, કિન્નરીબહેન તેમજ અન્ય સ્ટાફ સભ્યોએ સુંદર રીતે બજાવી હતી. ■

## અકસ્માતનાં વીમા અંગે

સમાજ દ્વારા તેનાં દરેક નોંધાયેલ સભ્યનો આકસ્મિત બાબતનો રૂા. ૨,૫૦,૦૦૦/-નો વીમો લેવામાં આવે છે.

કંપનીના નવા નિયમો અનુસાર આ પ્રકારનાં વીમામાં હવેથી મૃત્યુ સિવાય **અકસ્માતથી આવેલ કાયમી ખોડ માટે** પણ વળતર મળી શકે છે. જેની વિગત ટૂંકમાં નીચે મુજબ છે.

૧. અકસ્માતમાં **તાત્કાલિક મૃત્યુ થવું જરૂરી નથી.** એ અકસ્માતનાં જ કારણે ૧ વર્ષ દરમિયાન મૃત્યુ થાય તો પણ વળતર મળવાપાત્ર ગણાશે.

૨. અન્ય જગ્યાએ થયેલ આકસ્મિક મૃત્યુ બાદ **બોડીને પોતાની જગ્યાએ લાવવાના ખર્ચ પેટે** વીમાની રકમના બે ટકા જેટલી રકમ રૂા. ૨૫૦૦/-ની મહત્તમ મર્યાદામાં મળવાપાત્ર છે.

૩. ઉપરની કલમ-૧ મુજબ એક વર્ષ દરમ્યાન અગર વ્યક્તિને કાયમી ખોડ આવી ગઈ હોય, તો તેનું પણ વળતર મળવાપાત્ર ગણાશે.

૪. **કાયમી ખોડમાં એક અથવા બે હાથ-પગ તથા આંખની કાયમી ક્ષતિ થાય તો** કંપનીના નિયમો મુજબ રૂા. ૫૦,૦૦૦/-થી ૧,૦૦,૦૦૦/- સુધીનું વળતર મળી શકશે.

આ સિવાય, અકસ્માત વીમાના બધા જ સામાન્ય નિયમો કાયમી ખોડમાં પણ લાગુ પડશે.

*મગનલાલ સંઘવી*
*કન્વીનર, સમાજ સુરક્ષા સમિતિ*

## ગૃહ ઉદ્યોગ-કામગીરી

આથી ગૃહ ઉદ્યોગ કરનાર વ્યક્તિઓને જણાવવાનું કે, ગૃહ ઉદ્યોગ સમિતિ તરફથી જૈન ધર્મને અનુરૂપ નૈવેદ્ય (સાકર)ની થેલીઓ, રક્ષા પોટલી, પ્રભાવનાના બટવા વગેરે બનાવવા માટે આયોજન કરવામાં આવેલ છે. ગૃહ ઉદ્યોગ તરીકે કામગીરી કરનાર ઇચ્છુકોએ નીચે જણાવેલ વ્યક્તિનો સંપર્ક સાધવા વિનંતી છે.

*રજનીકાંત પારેખ - ૯૮૯૮૦૫૩૫૨૧*

*ભાવેશ ગડા - ૭૬૦૦૮૩૨૨૮૧*

## ગૃહ ઉદ્યોગ માટે લોન

સમિતિ તરફથી ગૃહ ઉદ્યોગ-ચલાવવા માટે સહાયની જરૂરિયાત હોય તેવી જરૂરતમંદ વ્યક્તિને સરકાર તરફથી મળતી આર્થિક સહાય મેળવી આપવા સમિતિ દ્વારા જરૂરી મદદ કરવામાં આવશે. જરૂરિયાત વાળાઓએ રજનીભાઇ પારેખનો, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સવારે ૧૦ થી ૧૨ના સમય દરમિયાન સંપર્ક સાધવા વિનંતી છે.

*રજનીકાન્ત પારેખ, કન્વીનર - ગૃહ ઉદ્યોગ સમિતિ*

## શિક્ષણ તથા ઇતર ડેવલોપમેન્ટ સમિતિ

### (૧) બેઠકની કાર્યવાહી

શ્રી કચ્છી જૈન ભવન પાલડી ખાતે સમિતિની બેઠક તા. ૧૪-૧૨-૨૦૧૧ મળેલ હતી. જેમાં હીરેન શાહ, વિમેષ શાહ, કિરીટ નંદુ અને હાસ્યલતા મહેતા હાજર રહ્યા હતા.

આ બેઠકમાં તા. ૧૮-૧૨-૨૦૧૧ના આયોજિત બાળકોના એપ્ટિટ્યુડ ટેસ્ટ માટે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. તા. ૨૫-૧૨-૨૦૧૧ ના રોજ બાળકો અને તેમના માતા-પિતાને બોલાવીને થયેલ ટેસ્ટ સંબંધિત ચર્ચા કરીને જરૂરી માર્ગદર્શન આપવાનું અને તે સમયે ટેસ્ટનું પરિણામ આપવાનું નક્કી થયું હતું.

આ ઉપરાંત પ્રત્યેક માસના બીજા બુધવારે રાત્રિના ૮.૩૦ વાગે સમિતિની નિયમિત રીતે બેઠક પાલડી ભવન ખાતે રાખવાની અને સમાજના સભ્યોમાંથી ૫૦ કાર્યકરોને સાથે રાખીને સમિતિ દ્વારા આયોજિત કાર્યક્રમો, વર્કશોપ, સેમિનાર વગેરેમાં મોટી સંખ્યામાં લોકો ભાગ લેતા થાય તેવા પ્રયત્નો કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

### (૨) એપ્ટિટ્યુડ ટેસ્ટ સંપન્ન

સામાન્ય રીતે અન્ય સ્થળે જે ટેસ્ટનો ચાર્જ રૂપિયા એકથી બે હજાર જેટલો થાય છે તે નિઃશુલ્ક ધોરણે સમાજ પરિવારના ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતા યુવા વર્ગના ૨૬ સભ્યોની એપ્ટિટ્યુડ ટેસ્ટનું આયોજન સમિતિ દ્વારા તા. ૧૮-૧૨-૨૦૧૧ના શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે કરવામાં આવ્યું હતું. આ ટેસ્ટ કેવી છે, તેની ઉપયોગિતા અને બાળકોના અભ્યાસ અને જીવન ઘડતર માટે તે કેટલી લાભદાયક છે તે પરત્વે વિગતવાર માહિતી અને માર્ગદર્શન 'ટેન્ગ્રામ' સંસ્થાના ડૉ. નિમ્રત સિંઘ દ્વારા આપવામાં આવ્યું હતું. ત્યારબાદ હાજર રહેનાર યુવા વર્ગના સભ્યોની ખાસ પ્રકારની એપ્ટિટ્યુડ ટેસ્ટ લેવામાં આવી હતી.

પોતાની પ્રતિભા વિકસાવવા આ પ્રકારની ટેસ્ટમાં સમાજ પરિવારનો તમામ યુવા વર્ગ સામેલ થાય તેવી આયોજક સમિતિની અપેક્ષા છે. બાળકોના માતા-પિતા, વાલીઓને આ પરત્વે ખાસ ધ્યાન આપવા આગ્રહભરી વિનંતી છે.

### (3) પેરેન્ટલ કેર વર્કશોપનું આયોજન

સમિતિ દ્વારા તા. ૨૨-૧-૨૦૧૨ના બપોરે ૨.૩૦ થી ૫.૩૦ દરમિયાન સમાજના સભ્ય પરિવારજનોના ૨½ વર્ષથી ૯ વર્ષના બાળકોના માતા-પિતા માટે ખાસ પેરેન્ટલ કેર વર્કશોપનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે કરવામાં આવ્યું છે. જેમાં સાયકોલોજિસ્ટ શ્રી નંદક પંડ્યા દ્વારા યોગ્ય રીતે સંભાળ સંબંધિત જરૂરી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવશે.

આ પ્રકારના વર્કશોપનું આયોજન અગાઉ બે વખત થયું હતું અને તેની ફળશ્રુતિ સ્વરૂપે બાળકોના માતા-પિતા, વાલીઓ અને બાળકોએ વર્કશોપની ઉપયોગિતા સમજીને આયોજનની સરાહના કરી હતી.

ઉપરોક્ત વિગત ધ્યાનમાં લઇને જણાવેલ સમાજ પરિવારજનોના સભ્યો ખૂબ મોટી સંખ્યામાં વર્કશોપનો લાભ લેશે તેવી અપેક્ષા છે.

વર્કશોપમાં ભાગ લેવા માટે સમાજની ઓફિસમાં ફોન નંબર ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક કરવા વિનંતી છે. રજિસ્ટ્રેશન ફી રૂા. ૨૦ છે.

*હીરેન કે. શાહ - કન્વીનર*

## તબીબી સેવા સમિતિ મેડિકલ સેન્ટર

તારીખ ૧૧-૧૨-૨૦૧૧ના સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદ સંચાલિત નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેકઅપ સેન્ટરના ઉપક્રમે દાંત, કાન-નાક-ગળાની તકલીફ અને બહેરાશની તપાસ માટે ઓડિયોગ્રામનો નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજવામાં આવેલ હતો. જેમાં સ્પેશિયાલિસ્ટ ડૉ. રાજીવ ઝા, ડૉ. તેજલ શાહ, ડૉ. હાર્દિક શેઠ, ડૉ. ટીના જૈન અને ડૉ. મોનીષ કોહલીએ જુદા-જુદા વિભાગના દર્દીઓને સમગ્ર રીતે તપાસીને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

મેડિકલ સમિતિના કન્વીનર શ્રી કાંતિભાઇ સાવલાની હાજરીમાં કેમ્પની શરૂઆત થઇ હતી જ્યારે શ્રી દિનેશભાઇ મહેતા અને શ્રી અશ્વિનભાઇ સાવલાએ કેમ્પનું સુપરવિઝન કર્યું હતું અને સમગ્ર કેમ્પના સંચાલનની જવાબદારી ડૉ. દક્ષાબહેન રાણાવતે સંભાળી હતી.

કેમ્પમાં જુદા જુદા વિભાગોમાં નીચે પ્રમાણે દર્દીઓએ લાભ લીધો હતો.

| *વિભાગ* | *વિગત* | *દર્દીઓની સંખ્યા* |
|---|---|---|
| દાંત | દાંતની જુદા જુદા પ્રકારની નાની-મોટી તકલીફ, સડો વગેરે | ૨૬ |
| ઓર્થોડોન્ટિસ્ટ | વાંકાચૂકા દાંત માટે | ૦૪ |
| ઓરલ (ડેન્ટલ) | સંબંધિત સામાન્ય તકલીફ | ૦૨ |
| કાન-નાક-ગળા | સાયનસ, કાનમાં રસી, કાનનો દુઃખાવો, નાક-ગળાની સામાન્ય તકલીફ વગેરે | ૨૭ |
| કાન-નાક-ગળા | કાન માટે ઓડિયોગ્રામ (૫૦ ટકાના રાહતથી કરી આપવામાં આવ્યા હતા) | ૦૮ |

મેડિકલ સેન્ટર દ્વારા ગાયનેક તથા પીડિયાટ્રિક સંબંધિત અન્ય કેમ્પનું આયોજન **તા. ૨૨-૧-૨૦૧૨**ના રોજ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે કરવામાં આવેલ છે.

કેમ્પનો લાભ લેનાર ઇચ્છુક વ્યક્તિઓએ પોતાનાં નામ મેડિકલ સેન્ટરમાં તાત્કાલિક લખાવી દેવા વિનંતી છે.

*- દિનેશ મહેતા*

# વયસ્ક સમિતિ

## આગામી કાર્યક્રમ

સમિતિ તરફથી તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૧૨ના રોજ એક સંગીત હાઉઝી-અંતાક્ષરી અને વિવિધ રમતોનો કાર્યક્રમ સાંજે ૪.૦૦ વાગ્યે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજવામાં આવેલ છે. તો સર્વે વડીલોને સમયસર ઉપસ્થિત રહીને કાર્યક્રમમાં ભાગ લેવા વિનંતી છે.

આ કાર્યક્રમમાં શ્રી બલસાણા તીર્થ યાત્રા પ્રવાસની વિગતવાર માહિતી આપવામાં આવશે.

આ ઉપરાંત આવતું વર્ષ સુવર્ણ જયંતી વર્ષ છે તે દરમ્યાન વયસ્ક સમિતિ દ્વારા યોજવામાં આવનાર કાર્યક્રમની ચર્ચા વિચારણા કરવામાં આવશે.

કાર્યક્રમના અંતે સૌ સાથે ભોજન લઇશું.

## શ્રી બલસાણા તીર્થ યાત્રા પ્રવાસ

તા. ૨૨-૨-૨૦૧૨ના રોજ અમદાવાદથી રાત્રે ૧૦.૦૦ વાગ્યે ૨ x ૨ બસ દ્વારા અમદાવાદ-બલસાણા નેર-અમલનેર-ધુલિયા-પારોલા-નાસિક-દેવલાલી-ધર્મચક્ર-સાપુતારા અમદાવાદ યોજવાનું નક્કી કરેલ છે.

આ ચાર દિવસની યાત્રાનો નકરો રૂ. ૧૫૦૦/- (રૂપિયા પંદરસો) રાખેલ છે. યાત્રામાં ભાગ લેનારે પોતાના નામ, રકમ સહિત કાઉન્ટર પર નોંધાવવા વિનંતી છે.

***રજનીકાંત પારેખ - કન્વીનર, વયસ્ક સમિતિ***

## સફળતાનો પરિવાર

*મહેનત સફળતાનો જનક છે.*
*મહત્ત્વાકાંક્ષા એ સફળતાની માતા છે.*
*સૂઝ એ સૌથી મોટો પુત્ર છે.*
*સ્થિરતા અને ખંત એ અન્ય પુત્રો છે.*
*ઉલ્લાસ, વફાદારી, સંભાળ, વિવેક, કરકસર,*
*પ્રામાણિકતા અને સંવાદિતા*
*એ અન્ય પુત્રો છે.*
*તક એ સૌથી નાનું બાળક છે.*
*પિતાને બરાબર ઓળખો એટલે*
*આપોઆપ પરિવારના સભ્યોનો પરિચય થઈ જશે.*

***સાભાર : જીવન લક્ષ***
***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)***

# શ્રીમતી પ્રભાબહેન શાંતિલાલ મુલજી સાવલા જનરલ નોલેજ હરીફાઇ (ક્વીઝ કોન્ટેસ્ટ)

રવિવાર તા. ૨૯-૧-૨૦૧૨ ના સવારે ૯.૩૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન પાલડી ખાતે સમાજના સભ્ય પરિવારના ૧૫થી ૫૫ વર્ષ સુધીના સભ્યો માટે સામાન્ય જ્ઞાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

આ સ્પર્ધામાં નામ લખાવવાની અંતિમ તારીખ ૨૫-૧-૨૦૧૨ છે. સંપર્ક : ૨૬૫૭૮૮૯૨ - ૨૬૫૮૧૫૦૧

જરૂરી નિયમો સ્પર્ધા સમયે જણાવવામાં આવશે.

ઉપરોક્ત સ્પર્ધાના તારીખ, સમય, સ્થળ અંગે જરૂરી ફેરફાર યુવા વિકાસ સમિતિ કરી શકશે.

**(૨) નોટબુક-ફૂલસ્કેપ ચોપડા વિતરણ...**

સમિતિ દ્વારા આગામી શૈક્ષણિક વર્ષ માટે નોટબુક-ચોપડાનું વિતરણ કરવામાં આવશે. આ યોજનાના સૌજન્યદાતાશ્રી બનવાની ઇચ્છા ધરાવનારે યુવા વિકાસ સમિતિના કન્વીનરશ્રીનો સંપર્ક કરવા વિનંતી છે. નોટબુક તથા ચોપડા પર જાહેરાત પણ લેવાની છે. તે સંબંધિત વધુ વિગત માટે કાર્યકર્તાઓનો સંપર્ક કરી શકો છો.

***નવીન જે. લાલકા (૯૩૭૭૭૪૨૪૨૧) - કન્વીનર***

**(3)** ડિસેમ્બર-૨૦૧૧ના અંકમાં શરદોત્સવ વિજેતાઓના નામમાં નીચે મુજબનો સુધારો.

યાદીમાં 'મંગલ મંદિર' માસ ડિસેમ્બર, ૨૦૧૧ના અંકમાં શરદોત્સવ વિજેતાઓની ૨૬થી ૫૦ (સ્ત્રી વિભાગ) ગ્રૂપમાં ખરું નામ નીચે મુજબ છે.

જશ્માબહેન એચ. મોમાયા

***નવીન લાલકા, કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

# શ્રી કચ્છી મહિલા સમાજ

ઉપરોક્ત સંસ્થાના નેજા હેઠળ તા. ૨૧-૧૨-૨૦૧૧નાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે અંતાક્ષરીનો કાર્યક્રમ યોજાઇ ગયો.

અંતાક્ષરી નિષ્ણાત શ્રીમતી રૂપમ ઠક્કરે ગ્રૂપ પાડીને જુદા જુદા વિષય અને વસ્તુ સ્થિતિ પ્રમાણે અંતાક્ષરીના ૧૦ રાઉન્ડ રમાડ્યા હતા. ઉંમરનો બાધ રાખ્યા વિના દરેક બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વર્ષ ૧૯૬૦થી માંડીને અત્યાર સુધીના જૂના-નવા ગીતો ગાવાનો આનંદ લૂંટ્યો હતો.

અંતમાં વિજેતા ગ્રૂપોને ઇનામો અપાયા હતા.

સંસ્થાનો આગામી કાર્યક્રમ જાન્યુઆરી-૨૦૧૨ માસની આખરમાં યોજાશે.

***પ્રમુખ/મંત્રી : શ્રી કચ્છી મહિલા સમાજ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## નવેમ્બર / ડિસેમ્બર - ૨૦૧૧

● **તા. ૨૧-૧૧-૨૦૧૧**

☆ શ્રી કચ્છી જૈન ભવન પર મેડિકલ સેન્ટર માટે ફીઝિશિયન, જનરલ સર્જન તથા ઇ.એન.ટી. ડોક્ટરોના ઇન્ટરવ્યૂ લેવામાં આવેલ હતા. શ્રી કાંતિભાઇ સાવલા, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી અશ્વિન સાવલા તથા શ્રીમતી દક્ષાબહેન રાણાવત ઉપસ્થિત રહેલ હતા.

● **તા. ૨૩-૧૧-૨૦૧૧**

☆ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઇ સાવલા તથા શ્રી કે.આર. શાહ ગુલબાઇ ટેકરાની એક ગર્લ્સ હોસ્ટેલ અને તેના મકાનનું નિરીક્ષણ કરવા ગયેલ હતા.

● **તા. ૨૪-૧૧-૨૦૧૧**

☆ શ્રી હરખચંદભાઇ સાવલાએ ગાંધીનગર ખાતેના પોતાના નિવાસસ્થાનના ગ્રાઉન્ડ ફ્લોર પરના સંપૂર્ણ ભાગને સિનિયર સિટીઝન હોમમાં ફેરવવાની અને તેનું સંચાલન શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ કરે તેવી ઇચ્છા વ્યક્ત કરેલ હોવાથી તે મકાનનું નિરીક્ષણ કરવા અને શ્રી હરખચંદભાઇ સાવલા સાથે રૂબરૂમાં ચર્ચા કરવા શ્રી અશોકભાઇ મહેતા, શ્રી કાંતિભાઇ સાવલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી શાંતિલાલ મૂળજી સાવલા ગાંધીનગર ગયેલ હતા અને તે મકાનના નિરીક્ષણ બાદ શ્રી હરખચંદભાઇ સાવલા સાથે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી.

● **તા. ૨૫-૧૧-૨૦૧૧**

☆ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઇ સાવલા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા એકત્રિત થયેલ હતા અને લગભગ ૩ કલાક સુધી સમાજના સુવર્ણ જયંતી મહોત્સવના દરેક કાર્યક્રમ અંગે વિગતે ચર્ચા કરી, જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

● **તા. ૨૬-૧૧-૨૦૧૧**

☆ શ્રી કચ્છી જૈન ભવન પર દરેક સમિતિના કન્વીનર અને દરેક સમિતિના સભ્યોની એક મિટિંગ ગોઠવવામાં આવેલ હતી કે જેમાં ૩૦થી વધુની સંખ્યાના સભ્યો ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગ દરમ્યાન વિવિધ સમિતિઓ દ્વારા અમલમાં મૂકવામાં આવતી વિવિધ હરીફાઇઓ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી અને જે હરીફાઇઓમાં સમાજના સભ્યો તરફથી ઓછો પ્રતિસાદ આવે, તેવી હરીફાઇઓ બંધ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. આ સભામાં ઉપસ્થિત સભ્યોને સમાજની સુવર્ણ જયંતી વર્ષના વિવિધ કાર્યક્રમોની રૂપરેખા આપી, તે કાર્યોની જાણકારી આપવામાં આવેલ હતી.

● **તા. ૨-૧૨-૨૦૧૧**

☆ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઇ સાવલા, શ્રી પ્રતાપભાઇ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી શાંતિલાલ મૂળજી સાવલા એસ.જી. હાઇવે પરના હીરા-મોતી જીવન સંધ્યા આવાસની મુલાકાતે ગયેલ હતા. અહીં હીરા-મોતી સંસ્થાના પ્રેરક શ્રી નરહરિભાઇ અમીન મળ્યા હતા. તેમની સૂચનાથી શ્રી ભગવતીભાઇએ જીવન સંધ્યા આવાસની મુલાકાત લેવડાવી તેની ઝીણવટભરી સમજ આપેલ હતી. ૧૫૦ની કેપેસિટીવાળા આ આવાસમાં હાલે એન.આર.આઇ. સહિત અંદાજિત ૧૦૦ વ્યક્તિ રહે છે. દરેક પાસેથી રૂા. ૧૫૦૦/- માસિક લેવામાં આવે છે કે જે સામે રૂા. ૨૫૦૦/- માસિક વ્યક્તિ દીઠ ખર્ચ આવે છે. વ્યવસ્થા ઉત્તમ પ્રકારની છે. રહેનાર દરેક વ્યક્તિ સંતોષપૂર્વક રહે છે.

● **તા. ૩-૧૨-૨૦૧૧**

☆ સંકલ્પના હોદ્દેદારો શ્રી પંકજ શાહ, શ્રી પીયૂષ સાવલા, શ્રી નીતિન ભોગીલાલ શાહ તથા શ્રીમતી અમી નીતિન શાહ સંસ્થાના પ્રમુખ શ્રી અશોક મહેતાને રૂબરૂ મળેલ હતા. સંકલ્પના હવે પછીના કાર્યક્રમોની તેઓએ રજૂઆત કરેલ હતી. સંકલ્પના હિસાબો ઘણા સમયથી બતાવવાના તથા લખાવવાના બાકી રહે છે તે તેઓને જણાવવામાં આવેલ હતું. આ કાર્ય તરતમાં પૂરું કરાવવામાં આવશે તેમ તેઓએ જણાવેલ હતું.

☆ શ્રી લવજીભાઇ સ્વરૂપચંદ મહેતા આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર આવી, શ્રી અશોક મહેતાને મળેલ હતા. તેઓએ સુવર્ણ જયંતી વર્ષના નૂતન વર્ષ મિલન સમારંભના નકરાના રૂા. ૫૧૦૦૦/- નોંધાવેલ હતા. તેઓશ્રીને ધન્યવાદ.

☆ વયસ્ક સમિતિના સભ્યોની એક મિટિંગ મળી હતી. જેમાં સમાજની સુવર્ણ જયંતી વર્ષના વિવિધ પ્રોગ્રામો નક્કી કરવામાં આવ્યા હતા આ ઉપરાંત તા. ૧૨ જાન્યુ.ના ભવન ઉપર અને ફેબ્રુ. માસના અંતમાં રાજસ્થાન મધ્યે એક તીર્થયાત્રાના કાર્યક્રમ અંગે વિચારણા કરવામાં આવી હતી.

● **તા. ૪-૧૨-૨૦૧૧**

☆ નારાણપુરા ખાતેનું "જીવન સંધ્યા - ઘરડા ઘર"ની મુલાકાતે શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઇ સાવલા, શ્રી પ્રતાપભાઇ દંડ તથા શ્રી શાંતિલાલભાઇ સાવલા ગયેલ હતા. સંસ્થાના ટ્રસ્ટીશ્રીએ આ ઘરડાઘરના દરેક વિભાગમાં ફેરવી તેની દરેક વિગતની સમજ આપેલ હતી.

ગૃહઉદ્યોગ તરીકે અહીં હાથશાળ પર કાપડનું વણાટકામ ચાલે છે. ૨૦૦ની કેપેસિટીવાળું આ આવાસ હંમેશાં પૂરેપૂરું ભરાયેલું રહે છે. અહીં રહેનાર પાસેથી માસિક રૂા. ૨૫૦/- લેવામાં આવે છે. જ્યારે તેમનો વ્યક્તિદીઠ માસિક ખર્ચ રૂા. ૩૨૦૦/- આવે છે. અહીં રહેનાર દરેક વ્યક્તિ સંતુષ્ટપણે રહે છે.

☆ યુવા કાર્યકરો શ્રી હીરેન કે. શાહ, શ્રી નવીનભાઇ લાલકા તથા શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ સાથે શ્રી અશોક મહેતાએ મિટિંગ યોજેલ હતી અને સુવર્ણ જયંતી મહોત્સવના કાર્યક્રમોની વિગતવાર ચર્ચા કરેલ હતી.

• **તા. ૬-૧૨-૨૦૧૧**

☆ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી રજનીભાઇ પારેખ, શ્રી મહેન્દ્રભાઇ વી. શાહ તથા શ્રીમતી ચંદ્રાબહેન શાહ મળેલ હતા અને મંગલ મંદિરના પ્રશ્નોત્તરી વિભાગ માટે વિગતવાર ચર્ચા કરી, જરૂરી નિર્ણયો લીધેલ હતા.

☆ શ્રી કાંતિભાઇ સાવલા, શ્રી ગૌતમ લબ્ધિ જૈન ઉપકરણ કેન્દ્રવાળા શ્રી નરેન્દ્રભાઇને લઇને શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા. તેઓ સાથેની ચર્ચામાં શ્રી અશોક મહેતા, શ્રી રજનીભાઇ પારેખ તથા શ્રી ભાવેશ ગડા જોડાયેલ હતા. શ્રી નરેન્દ્રભાઇ જૈન ઉપકરણની લગભગ ૧૯૦ આઇટમોનું માર્કેટિંગ કરે છે કે જેમાંની અનેક આઇટમો આપણે ત્યાં ચાલતા ગૃહ ઉદ્યોગમાં બનાવી શકાય. આ આઇટમો માટે આગળ વધવાનું નક્કી કરવામાં આવેલ હતું.

☆ કચ્છના આશાપુરા ઇન્ડસ્ટ્રીઝના શ્રી તુષારભાઇ દેઢિયાના કહેવાથી શ્રી હર્ષલ ગોહિલ (નિરમા યુનિવર્સિટીના M.B.A.) આજે ભવન પર પધારેલ હતા અને તેઓએ શ્રી અશોક મહેતા સાથે ચર્ચા કરેલ હતી. તેઓશ્રી 'લર્નિંગ ડિલાઇટ'ના કર્તા છે અને તેઓશ્રીએ 'ડિજિટલ લર્નિંગ'નો પ્રોજેક્ટ હાથ પર લીધેલ છે. રૂરલ એરિયાની શાળાઓ માટે તેઓશ્રીએ આ પ્રોજેક્ટ બનાવેલ છે અને કોમ્પ્યુટર, પ્રોજેક્ટર તથા સ્ક્રીન દ્વારા ગામડાંઓની શળામાં આ પ્રોજેક્ટ દાખલ કરવામાં આવે તો બાળકો વધુ સારી રીતે સમજી શકે તેવું તેમણે જણાવેલ હતું. કચ્છના ગામડાંઓની શાળામાં આ પ્રોજેક્ટ શરૂ કરાવવા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો સહકાર માંગેલ હતો.

☆ સાંજના ડૉ. ચંદ્રકાંત દેઢિયાને ત્યાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઇ સાવલા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા એકત્રિત થયેલ હતા અને શ્રી કચ્છી જૈન ભવનના મેડિકલ સેન્ટર અંગે એડમિનિસ્ટ્રેટર, એટેન્ડન્ટ, બ્રાંડેડ જનરિક દવાઓ તથા મેડિકલ સેન્ટરના ડેવલપમેન્ટ જેવી વિવિધ બાબતે ચર્ચા કરેલ હતી. ગાંધીનગર ખાતેના સૂચિત 'સિનિયર સિટીઝન હોમ' અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

• **તા. ૮-૧૨-૨૦૧૧**

☆ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઇ દંડ તથા શ્રી કે.આર. શાહ મળેલ હતા અને મ્યુઝિયમના અનુસંધાને કરવામાં આવેલ કચ્છની ટૂર અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. સાથે સાથે સુવર્ણ જયંતી મહોત્સવના કાર્યક્રમો અંગે વિવિધ કાર્યકર્તાઓની જવાબદારી અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ શૈક્ષણિક સહાય સમિતિની એક મિટિંગમાં આવતા વર્ષથી શૈક્ષણિક સહાય અને જરૂરિયાતમંદ લોકો માટે લોનની ઉપલબ્ધિ કેવી રીતે કરાવી શકાય તે અંગે વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

☆ સભ્યપદ સમિતિની એક મિટિંગમાં નવા આવેલા સભ્યોની અરજીઓની ચકાસણી કરી ટ્રસ્ટ મંડળને મંજૂરી માટે મોકલાવી આપવામાં આવી હતી.

☆ બાળ કલ્યાણ સમિતિની એક મિટિંગ મળી હતી. જેમાં આગામી વર્ષ દરમ્યાન બાળકો માટેના કાર્યક્રમની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

☆ સામાજિક સુરક્ષા સમિતિની મિટિંગમાં મેડીક્લેઈમ માટે આવેલ ત્રણ ફાઈલમાંથી એક ફાઈલનો નિકાલ કરવામાં આવ્યો હતો. જ્યારે અન્ય બે ફાઈલો માટે ખૂટતી વિગતો મંગાવવામાં આવી હતી. વળી આવતા વર્ષથી 'સામાજિક સુરક્ષા સમિતિ'ની વિવિધ કામગીરીની છણાવટ કરવામાં આવી હતી અને તેના અંતર્ગત જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

☆ ભવન સમિતિ દ્વારા સમાજના અતિથિ ગૃહોના બાથરૂમના પાટલા અને પાણીના ગ્લાસ માટે ઓર્ડર આપવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

• **તા. ૧૦-૧૨-૨૦૧૧**

☆ શ્રી અશોક મહેતા દ્વારા "મંગલ મંદિર" શ્રેષ્ઠ લેખ અને સાથે શ્રેષ્ઠ આંજો કાગરની વર્ષ ૨૦૧૧-૨૦૧૨ની નિર્ણાયક સમિતિના સભ્યો શ્રી ધીરજભાઇ સોમપુરા તથા ડૉ. મોહન પટેલની સાથે મુલાકાત લેવામાં આવેલ હતી અને મંગલ મંદિર તથા તેઓશ્રીની કામગીરી અંગે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

• **તા. ૧૧-૧૨-૨૦૧૧**

☆ સવારમાં ૯.૩૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર ટ્રસ્ટ મંડળની મિટિંગ મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઇ સાવલા, શ્રી હસમુખભાઇ ખાંડવાલા, શ્રી આણંદજી વેલજી વીરા, શ્રી અશ્વિનભાઇ સાવલા, શ્રી નરેન્દ્રભાઇ છ. શાહ, શ્રી હસમુખભાઇ ગઢેચા વગેરે ઉપસ્થિત રહેલ હતા. આમંત્રિત તરીકે શ્રી હીરેન કે. શાહ, શ્રી વિમેશભાઇ શાહ, શ્રીમતી હાસ્યલતાબહેન મહેતા તથા શ્રી દેવાંગભાઇ છેડા ઉપસ્થિત રહેલ હતા.

વિઝન-૨૦૨૦ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. એ સમિતિએ સૂચિત કરેલ કાર્યક્રમો અંગે આગળ વધવા નિર્ણય લેવામાં આવેલ હતા. વિઝન ૨૦૨૦ ના કાર્યક્રમો સાથે ટ્રસ્ટ મંડળ નક્કી કરે તે કાર્યક્રમો પણ ચાલુ રાખવા નક્કી કરવામાં આવેલ હતું. વિઝન ૨૦૨૦ સમિતિના કન્વીનરની ઈચ્છા અનુસાર એ સમિતિમાં અન્ય ૪ સિનિયર ટ્રસ્ટીશ્રીઓની નિમણૂક કરવામાં આવેલ હતી. ભદ્રેશ્વર પ્રોજેક્ટની જમીન અગાઉ શ્રી નરેન્દ્રભાઈ શાહે આ સંસ્થાને ડોનેશન સ્વરૂપે આપેલ હતી. શ્રી નરેન્દ્રભાઈની ઈચ્છા અનુસાર આ જમીન તેમને પરત સોંપવાનું નક્કી કરવામાં આવેલ હતું. સમાજના સુવર્ણ જયંતી મહોત્સવના કાર્યક્રમો અંગે ચર્ચા કરી, જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા. મુંબઈમાં શ્રી ક.વી.ઓ. સમાજ ચલાવે છે તેવી ખબર પત્રિકા કચ્છીઓના અંદાજિત ૫૦૦૦ ઘરના અનુસંધાને અમદાવાદમાં શરૂ કરવા અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવેલ હતી. 'સંકલ્પ'ના આવેલ પત્ર અંગે જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

- **તા. ૧૨-૧૨-૨૦૧૧**

☆ મંગલ મંદિરના પ્રૂફ રીડિંગ અંગે જેઓશ્રીએ જવાબદારી સ્વીકારવાની ઈચ્છા વ્યક્ત કરેલ છે તેવા શ્રીમતી પ્રતિમાબહેન શાહ સાથે શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી સૂરજલાલ મહેતા તથા શ્રી દિનેશ મહેતાએ રૂબરૂમાં ચર્ચા કરેલ હતી અને તેમને પ્રૂફ રીડિંગની વિગતો સમજાવવામાં આવેલ હતી.

☆ શ્રીમતી ચંદ્રાબહેન શાહ સાથે સમાજના સુવર્ણ જયંતી વર્ષના કાર્યક્રમોના અનુસંધાને મંગલ મંદિરના પ્રશ્નોત્તરી વિભાગના કાર્યક્રમો અંગે ચર્ચા કરી, જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

☆ આજરોજ વસતિપત્રક માટે એક મિટિંગ મળી હતી. જેમાં આવેલા ફોર્મની ચકાસણી કરવામાં આવી હતી અને ખૂટતી વિગતોની ફોન દ્વારા માહિતી મેળવવામાં આવી હતી.

☆ મેડિકલ સમિતિની એક મિટિંગ કન્વીનર શ્રી કાંતિભાઈ સાવલાના પ્રમુખસ્થાને મળી હતી. જેમાં મેડિકલ સેન્ટર સંબંધિત સાધન સામગ્રી વગેરે અર્થે સ્ટોર વિભાગને કોમ્પ્યુટર દ્વારા સાંકળવા અને સમાજની સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન ઓછામાં ઓછા ૧૨ મેડિકલ કેમ્પ કરવા વગેરે બાબતની ચર્ચા વિચારણા થઈ હતી.

- **તા. ૧૪-૧૨-૨૦૧૧**

☆ કેન્ટીન સમિતિની એક મિટિંગમાં સમાજનાં અતિથિગૃહોમાં ચાલતી કેન્ટીનના આવતા એપ્રિલ માસથી ત્રણ વર્ષના કોન્ટ્રાક્ટ આપવા અર્થે મંગલ મંદિરમાં જાહેરાત આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

- **તા. ૧૫-૧૨-૨૦૧૧**

☆ શ્રી અશોક મહેતા તથા શ્રી હરખચંદભાઈ સાવલા, સ્વામિનારાયણ મંદિર-શાહીબાગના કિચનમાં રોટલી બનાવવાના મશીનનું નિરીક્ષણ કરવા ગયેલ હતા. ગૃહ ઉદ્યોગના અનુસંધાને આ મુલાકાતનું આયોજન ગોઠવવામાં આવેલ હતું.

☆ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હરખચંદભાઈ સાવલા વગેરેએ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર ચાલતા "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"ના કાર્યોનું નિરીક્ષણ કરેલ હતું અને તેમાં બાકી રહેલી આઈટમો અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ આજ રોજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર આચાર્ય મહારાજશ્રી કલાપ્રભસૂરીજી પધારેલ હતા.

☆ સામાજિક સુરક્ષા સમિતિની મિટિંગ મળી હતી. મેડિક્લેઈમ માટે આવેલી ચાર ફાઈલો સંબંધી યોગ્ય કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઉપરાંત આ વર્ષે રિન્યુ કરવામાં આવતી મેડિક્લેઈમની પોલિસી અંગે સંબંધિત એજન્ટ સાથે જરૂરી વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

- **તા. ૧૬-૧૨-૨૦૧૧**

☆ શૈક્ષણિક સહાય સમિતિની મિટિંગ મળી હતી. જેમાં સમાજનાં સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સહાયરૂપ થવા માટેની એક દરખાસ્ત ટ્રસ્ટ મંડળની મંજૂરી અર્થે મોકલવાનું નક્કી થયું હતું.

- **તા. ૧૭-૧૨-૨૦૧૧**

☆ વયસ્ક સમિતિની એક મિટિંગમાં વયસ્ક સભ્યોને ફેબ્રુઆરીની તા. ૨૨થી ૨૬ દરમ્યાન શ્રી બલસાણા તીર્થની યાત્રાએ લઈ જવા અંગે ચર્ચા થઈ હતી. તેના અંતર્ગત પાર્શ્વનાથ ટ્રાવેલ્સ સાથે જરૂરી વાતચીત કરી હતી.

- **તા. ૧૮-૧૨-૨૦૧૧**

☆ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિના ઉપક્રમે સમાજના અંદાજિત ૨૫ જેટલા બાળકોનો એપ્ટીટ્યુડ ટેસ્ટ લેવામાં આવેલ હતો.

- **તા. ૧૯-૧૨-૨૦૧૧**

☆ ગુજરાત ટૂરિઝમના એક સિનિયર ઓફિસર શ્રી હેમંત પ્રધાનને શાહીબાગ ખાતે ચાલતા "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"ની કામગીરી બતાવવામાં આવી હતી. શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડ ઉપસ્થિત રહેલ હતા. 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ' સાથે ગુજરાત ટૂરિઝમ કચ્છના કાર્યોને સાંકળવા અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવેલ હતી.

☆ બાળ કલ્યાણ સમિતિની એક મિટિંગમાં બાળકો માટે આવેલા ગ્રોથ ફંડના ફોર્મની ચકાસણી કરીને યોગ્ય કાર્યવાહી કરી હતી.

- **તા. ૨૦-૧૨-૨૦૧૧**

☆ 'વસતિ પત્રક' કામગીરીના સભ્યોએ

સમાજના પ્રમુખશ્રી સાથે ચર્ચા કરીને વસતિ પત્રકને કેવી રીતે માહિતીપૂર્ણ બનાવી શકાય તે અંગે જરૂરી નિર્ણય લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત બાકી રહેતા ફોર્મ સમાજના સભ્યો પાસેથી મેળવવા માટે પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહીની જાણ આજની બેઠકમાં કરવામાં આવી હતી.

- **તા. ૨૧-૧૨-૨૦૧૧**

☆ ગૃહ ઉદ્યોગ સમિતિના સભ્યોએ શ્રી નવીનભાઈ સાથે વાતચીત કરીને સાકર (નૈવેદ્ય)ના કામ માટે એક નવો ઓર્ડર આપ્યો હતો.

- **તા. ૨૨-૧૨-૨૦૧૧**

☆ શ્રી પ્રતાપભાઈ દંડ અને શ્રી રજનીભાઈ પારેખે 'મ્યુઝિયમ' માટે જરૂરી ખરીદી કરી હતી તેમજ ગૃહ ઉદ્યોગ માટે એક 'હાટડી' ખરીદવા અંગેનો ઓર્ડર આપ્યો હતો. ■

## હૃદયની બંધ રક્તવાહિનીઓ ખોલવાનો અક્સીર નુસખો

થોભો... એન્જિયોગ્રાફી કે બાયપાસ કરાવતા પહેલાં નુસખો જરૂરથી અજમાવો. ઈશ્વર તમને જરૂરથી સફળતા આપશે.

એક મુસલમાન ભાઇને અચાનક હૃદયનો હળવો દુઃખાવો થયો અને પછી ઘણીવાર સુધી ગભરામણ અને બોજાનો અનુભવ ચાલુ રહ્યો. તેથી તેમણે દવાખાને જઇ તપાસ કરાવી. ત્યાં તેમની એન્જિયોગ્રાફી કરાવવામાં આવી. ત્યાર બાદ ડોક્ટરે બાયપાસ કરાવવાની સલાહ આપી. તેમણે એક મહિના પછી બાયપાસ કરાવવાનું નક્કી કર્યું. આ સમય દરમ્યાન તેમને એક હકીમ સાહેબ મળ્યા. તેમણે નીચે મુજબનો નુસખો કરવા જણાવ્યું. અને તેમણે તે પ્રયોગ ચાલુ કર્યો. નિશ્ચિત તારીખે કાર્ડિયોલોજી સેન્ટરમાં રૂા. બે લાખ જમા કરાવ્યા. ડોક્ટરોએ તપાસ કરી. બધા ટેસ્ટો ફરી કરાવ્યા. બાયપાસના આગલા દિવસે ત્રણ ડોક્ટરોનું બોર્ડ બેઠું. તેમણે એક મહિના અગાઉના અને મહિના પછીના રિપોર્ટ જોયા. તે જોયા બાદ પેલા મુસલમાન ભાઈને પૂછવામાં આવ્યું કે એન્જિયોગ્રાફી પછી તેમણે કઇ દવા લીધી હતી? પેલા ભાઈએ તેમને હકીમ સાહેબે બતાવેલો નુસખો જણાવ્યો. ત્યારબાદ ડોક્ટરએ જણાવ્યું કે તમારે ત્રણ નળીઓ બ્લોક હતી તેમાંથી બે નળીઓનું બ્લોકેજ ખુલી ગયું છે. જેથી આ પ્રયોગ તમો ચાલુ રાખો. કદાચ બાકીની એક નળીનું બ્લોકેજ પણ ખુલી જશે. હાલમાં તમારે બાયપાસ કરાવવાની બિલકુલ જરૂર નથી. આથી પેલા ભાઈએ બાયપાસ કરાવી નથી.

**નુસખો :**

(૧) લીંબુનો રસ એક વાટકી, (૨) આદુનો રસ એક વાટકી,
(૩) લસણનો રસ એક વાટકી, (૪)સફરજનનો રસ એક વાટકી.

***રીત :*** આ ચારે વસ્તુને ભેગી કરી ધીમા તાપે અડધા કલાક સુધી ઉકાળો. જ્યારે તેમાંથી એક વાટકી જેટલો રસ બળી જાય ત્યારે ચૂલા પરથી ઉતારી તેમાં ત્રણ વાટકી મધ મેળવો. એ બધાને સારી રીતે એકરસ કરી બોટલમાં ભરી લો. દરરોજ સવારે નરણાં કોઠે (ભૂખ્યા પેટે) ત્રણ ચમચી રસ પીવો. આનાથી હૃદય તરફ જતી બંધ એવી તમામ રક્તવાહિનીઓ ખુલી જશે. આ પ્રયોગ અનુભવ સિદ્ધ છે.

***- ઇન્દુભાઇ પરીખ***

***પ્રેષક : માવજી ભીમશી છેડા (પુનડી - ઘાટકોપર)***

## એન્ટિબાયોટિક્‌ની રામાયણ!

હમણાં ૩-૪-૫ ઓક્ટોબરે નવી દિલ્હીમાં ઉચ્ચ કક્ષાના નિષ્ણાતોની એક પરિષદ મળી ગઇ. 'ગ્લોબલ એન્ટિબાયોટિક રેઝિસ્ટન્સ પાર્ટનરશિપ' (GARP)ની સ્થાપના ત્રણ વરસ પહેલાં થઇ છે. તેના તરફથી આ પરિષદ યોજાયેલી. તેમાં ૪૦ દેશોના નિષ્ણાતોએ ભાગ લીધો. તેમની ચિંતાનો અને ચર્ચાનો મુખ્ય વિષય એ હતો કે રોગાણુઓને મારી નાખીને નેસ્તનાબૂદ કરવા આપણે વરસોથી જાતજાતની એન્ટિબાયોટિક દવાઓ બનાવતા આવ્યા છીએ. પણ તેમ થઇ શક્યું નથી. એક દવા શોધાઇ અને વપરાઇ. શરૂમાં ઘણી સફળ પણ થઇ. પરંતુ થોડાં વરસોમાં જ એમ જોવા મળ્યું કે રોગાણુઓએ તેની સામે પોતાનું રક્ષણ કરવાની પ્રતિકાર શક્તિ કેળવી લીધી છે, જેથી તે દવા હવે અસરકારક રહી નથી. એટલે વળી તેનાથી વધુ તીવ્ર એન્ટિબાયોટિક દવા શોધાઇ. પણ થોડાં વરસોમાં તેનુંયે તેવું જ થયું. ૧૯૪૦થી લઇને આવું જ થતું આવ્યું છે. આ ૭૦ વરસમાં એન્ટિબાયોટિક દવાઓની લગભગ છ-સાત પેઢી થઇ ગઇ. મુખ્ય મુખ્ય કહીએ તો ૧૧ દવા શોધાઇ અને વપરાઇ. પરંતુ આજે તે અગિયારેય અગિયાર દવાઓ બિન-અસરકારક બની ગઇ છે, કેમ કે રોગાણુઓએ તેની સામે પોતાની પ્રતિકાર-શક્તિ મેળવી ને કેળવી લીધી છે!

આવું દુષ્ટચક્ર ક્યાં સુધી ચાલ્યા કરશે? આ વિશે ધરમૂળથી કાંઇક નવું વિચારવું પડશે. આજે એન્ટિબાયોટિક દવાઓનું ઉત્પાદન અને વેચાણ તો કૂદકે ને ભૂસકે વધતું રહે છે. ભારતમાં હજી ૨૦૦૫માં ૩,૭૬૩ કરોડ રૂપિયાનું તેનું વેચાણ હતું, તે ૨૦૦૯માં રૂ. ૬,૪૧૪ કરોડે પહોંચ્યું છે! પરંતુ સાથે જ રોગો પણ વધતા જાય છે અને તેની સામે આ દવાઓ અસરકારક રહી નથી. ત્યારે કરવું શું? આ એક ભયાનક મોટો સવાલ આપણી સામે ઘૂરકિયાં કરી રહ્યો છે.

ચર્ચા દરમ્યાન મુખ્ય સૂર એ હતો કે એન્ટિબાયોટિક દવાઓનો આજે આડેધડ જે બેફામ ઉપયોગ થઇ રહ્યો છે, તે તત્કાળ બંધ કરવો જોઇએ. માણસે એ ભૂલવું ન જોઇએ કે કીટકો, જીવાણુ વગેરે આ પૃથ્વી ઉપર ૪ કરોડ વરસથી અસ્તિત્વ ધરાવે છે, જ્યારે માણસ માંડ ૪૦ લાખ વરસથી પૃથ્વી પર આવ્યો છે. જીવાણુઓ માણસો કરતાં વધુ ચપળ ને હોંશિયાર છે. એમને પોતાનું અસ્તિત્વ કેમ ટકાવી રાખવું, એ સારી રીતે આવડે છે. ઊલટું, માણસે આ બાબતમાં તેમની પાસેથી થોડું શીખવાનું છે. તેણે એન્ટિબાયોટિકનો આશરો લેવાને બદલે પોતાની પ્રતિકારશક્તિ કેમ વધે, તેની તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. આ સૂક્ષ્મ જીવો એમ જ કરીને તો માણસને હંફાવે છે! બાકી, બીજાં બધાં વ્યર્થ ફાંફાં છે.

***('ડાઉન ટુ અર્થ'ના આધારે) કાંતિ શાહ, સાભાર : 'ભૂમિપુત્ર'***

***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***